श्री

विष्णुतत्त्व प्रकाश.

४९०४ मूळ संस्कृतमां

कोटि कन्यादान श्री श्रीनिवास ताताचार्य

स्वामीजी महाराजे करेल

तेनुं गुजरातीमां

भाषान्तर

करनार एक श्री वैष्णव.

जय जय श्रीनिवास शैल वंशाधि राज

जय जय हरिभक्त लोकना शिरताज ॥

जय जय गुरु वर्य भाष्य कारान्य रूप

जय जय हरि भक्ति जे प्रयंती स्वरूप ॥१॥

अमदावाद.

पानकोरने नाके घांचीनी वाडीमां अंग्रेजी वर्नाक्युलर

प्रींटिंग प्रेसमां

नथुभाइ रतनचंद मारफतीयाए छाप्युं.

संवत १९४८. कारतग सुदि १६.

किमत एक रुपीयो.

४९०४

श्री

विष्णु तत्व प्रकाश.

मूळ संस्कृतमां

कोटि कन्यादान श्री श्रीनिवास ताताचार्य

स्वामीजी महाराजे करेल

तेनुं गुजरातीमां

भाषान्तर

करनार एक श्री वैष्णव.

जय जय श्री निवासा शैल वंशाधि राज
जय जय हरिभक्त लोकना शीर ताज ॥
जय जय गुरु वर्या भाष्य कारान्य रूप
जय जय हरि भक्ति वै जयंती स्वरूप ॥१॥

अमदावाद.

पानकोरने नाके वांचीनी वाडीमां ऐंग्लो वर्नाक्युलर
प्रीन्टिंग प्रेसमां

नथुभाइ रतनचंद मारफतीयाए छाप्युं.

संवत १९४८. कारतग सुदि १५.

किमत एक रूपीयो.

ઉપોદ્ઘાત.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર સંસારમાં સુખના મુખ્ય સાધનરૂપે કહેલા પુરૂષાર્થોમાં ધર્મ અને મોક્ષનોજ સમન્વય સાંપ્રતકાળમાં પ્રત્યક્ષ મનાય છે. વાસ્તવિક રીતે ધર્મ એ બીજા ત્રણે પુરૂષાર્થોનું સાધન છે અને તે અનેક પ્રકારનો છે. તેમજ સર્વથા તેની અતિ આવશ્યકતા છે. આપણા હિંદુ લોકો વેદ અને તેનાં અંગ સ્મૃત્યાદિકો મળી જે "શાસ્ત્ર" કહેવાય છે તેમાં વિવરણ કરેલા અર્થ અને તેના અનુષ્ટાનને ધર્મ કહે છે.

વેદાદિ ધર્મ શાસ્ત્ર ઉપરથી આપણા વ્યાસાદિ પૂર્વાચાર્યોએ લોકોપયોગી સુગમ ગ્રંથો કરેલા છે અને તે પછી થએલા આર્યજનોએ તે ઉપર પોતાના અભિપ્રાય પ્રમાણે જુદા જુદા નિબંધો રચેલા છે. વેદવ્યાસ પછીના કેટલાક આચાર્યોના ગ્રંથો સિદ્ધાંત અને તાત્પર્યમાં એક બીજાથી ભિન્ન ભિન્ન છે. અને તે દરેક સિદ્ધાંતને અનુસરનારા સાંપ્રતકાળમાં અસંખ્ય લોકો છે. પ્રત્યેક સિદ્ધાંત એક બીજાથી વિલક્ષણ છેજ પણ તેને, અનુસરનારા આધુનિક લોકોએ તે વિલક્ષણતા એટલે સુધી બઢાવી દીધી છે કે ઈતર સિદ્ધાંતવાળાને પોતાના પરમ પ્રતિસ્પર્ધિમાંની તેમની સાથે નિષ્કારણ રાગ બાંધી બેસે છે. અને તે બાબત સત્પુરૂષોને ફક્ત તેઓની શાસ્ત્ર શૂન્યતા યા દુરાગ્રહ કારણરૂપે જણાઈ આવેથી છેવટે ઉપેક્ષાજ કરવી પડે છે. તોપણ સ્વાભાવિક રીતે દુર્જનના પરિહાર તથા સજ્જનના આનંદ અને જગતનાં કલ્યાણને અર્થે તેઓ કાંઈ પણ ઉપકારી કૃત્ય કરે છે ખરા.

વેદશાસ્ત્રને મૂળ આધારરૂપ માનનારા શ્રીરામાનુજ, મધ્વ, શંકર નિંબારક વિગેરે સંપ્રદાયો છે પણ તેમાં શંકર સંપ્રદાય વધારે બખેડાખોર હશે એમ જણાય છે કારણ કેઃ—

સવંત ૧૯૨૦ ની સાલમાં જેપુરના રાજા રામસિંહના આશરા તળે રહેલા લક્ષ્મણગીરી નામના એક સન્યાસીએ શ્રી રામાનુજ, મધ્વ, વલ્લભજી, અને નિંબારક, એ વૈષ્ણવ સંપ્રદાયોની સાથે તકરાર ઉઠાવી હતી. પણ વૈષ્ણવ સંપ્રદાયોના તે આચાર્યો સ્વસિદ્ધાંતની નિર્દોષ પ્રબલતાથી

તે પાપંડી લક્ષ્મણગીરીનો નિરાસ કરવાને સારી રીતે શક્તિમાન્ થયા હતા. તે સમયે અનેક ગ્રંથો રચાઈ બાહાર પડયા હતા તેમાં શ્રી રામાનુજ સંપ્રદાયના આચાર્ય **श्रीश्री १०८ श्री कोटि कन्यादान श्रीश्री निवास ताताचार्य** સ્વામીજી માહારાજે **श्री विष्णु तत्वप्रकाश** નામનો ગ્રંથ રચી બાહાર પાડયો હતો જેથી તે સંપ્રદાય વિષે કેટલાક લોકોના અજ્ઞાનતા યા વ્યામોહથી થયેલા ખોટા વિચાર દૂર થયા હતા.

વળી સંવત ૧૯૪૫ ની સાલમાં સિદ્ધપુરપાટણમાં શ્રી દ્વારકા ગદ્દીના આચાર્ય કહેવાતા શંકરાશ્રમ સ્વામી આવ્યા હતા તે સમયે કેટલાક જનોએ શ્રી રામાનુજ સંપ્રદાય **श्री विशिष्टाद्वैत सिद्धान्त** વિષે અપલાપ કરવાથી શ્રીવેંકટાદ્રિ શ્રી મદનંત પુરૂષાચાર્ય સિંહાસનાધીશ **श्रीश्री १०८ श्री रंगाचार्य** સ્વામીજી માહારાજે **श्री मद्भगवद्धर्मदर्पण** ગ્રંથમાં પુષ્કળ વિધિ પ્રમાણોથી તે પ્રસંગના વિવાદ વિષય **तप्तचक्रादि मुद्रा** ધારણનું સારી પેઠે નિરૂપણ કરેલું છે તેથી પ્રતિવાદીઓનો તે બાબતમાં નિરાસ કરવાને તે ગ્રંથ સંતોષકારક રીતે સમર્થ થઈ પડયો છે-તોપણ સાંપ્રદાયિક શ્રી વૈષ્ણવોની કેટલાક વિશેષ જ્ઞાનની અભિલાષાથી તથા તે વિષે તેમની વારંવાર આકાંક્ષા ભરેલી માગણી ઉપરથી સર્વ રીતે શંકાનું સમાધાન કરી સ્વસંપ્રદાયનું શ્રેષ્ઠપણું તથા બલવત્તરપણું અને વૈદિકપણું સ્પષ્ટ કરી બતાવે તેવા એક ગ્રંથની ખાસ જરૂર જણાયે ઉપર કહેલ **श्री विष्णु तत्वप्रकाश** નામના ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રિયબંધુ શ્રીવૈષ્ણવોની ચાહના મુજબ સંપ્રદાય સેવા બજાવવાના હેતુથી તે પ્રકટ કર્યું છે.

સંસ્કૃત ભાષાનો સંપૂર્ણ પરિચય મને નહી હોવાથી સંસ્કૃત વિદ્વાન્ તથા શ્રી સંપ્રદાયના તત્વાર્થવેત્તા શ્રી વૈષ્ણવ રા. રાજેશ્રી જસવંતરાય ગોપાળરાય મજમુદાર, એઓની સહાયતાથી તૈયાર કરી આ ભાષાંતર પ્રિય બંધુ શ્રી વૈષ્ણવોની સેવામાં સવિનય નિવેદન કરૂં છું સુજ્ઞ વાચકો ભુલ ચુક દરગુજર કરી સંપ્રદાય સંબંધી કાર્યમાં નિત્ય ઉત્સાહ રાખી તત્પર રહેશો અજ વિનંતિ.

લી. સેવક ભાષાંતર કર્ત્તા.

અનુક્રમણિકા.

પ્રકરણ ૪ થુ.

પ્રકરણ ૫ સું.

પ્રકરણ ૬ ઠું.

પ્રકરણ ૭ મું.

પ્રકરણ ૮ મું.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦ મું.

श्री मतेरामानुजायनमः

अथ श्री वीश्नुतत्व प्रकाश संस्कृत उपरथी गुजराती भाषांतर.

मंगळाचरण.

यत्पादाब्जप्रपदनमृतेदुस्तरायस्य ॥
माया धर्मो यस्यप्रसदनमृतेकल्पते ॥
नोफलाय योभक्तानामवनाविधये ॥
लब्ध नानावतारः सोयंभव्यांदिशतु
जगता मेकराजोरमेशः ॥ १ ॥

જેના ચરણારવીંદે શરણુ થયા વીના જેની માયા દુસ્તરછે (વર્ણાશ્રમ) ધર્મ જેને અરપણુ કર્‌યા વીના ફળીભુત થતો નથી.

અને ભક્તોના રક્ષણુ માટે જેણે અનેક અવતાર ધારણ કરેલા છે એહેવા એક રાજા લક્ષ્મી પતી જગતનું મંગલ કરો. ॥૧॥

प्रस्तावना.

લક્ષ્મણગીરી અને હરીશ્ચંદ્ર નામના પંડીતે વૈષ્ણવોના દ્વેશથી જે પ્રશ્નો કર્યા હતા તેના ઉત્તરમાં સકળશાસ્ત્રમાં પારંગત અને શ્રીરામાનુજ સીદ્ધાંતનું સ્થાપન કરવાને ઉત્સુક એવા ઉત્તમોત્તમ શ્રીવૃંદાવનવાસી શ્રીમાન્ રંગાચાર્ય સ્વામી એમણે-રીમાવાસી શ્રીમાન્ રંગાચાર્ય સ્વામીએ અનુમોદીત કરેલી એવી ઉત્તરાવલી લખીછે જેનુ શ્રેષ્ટપણું અનેક આસ્તીકોત્તમ કાશીના પંડીતોએ પોતાના હસ્તાક્ષરોની સહીઓથી પ્રગટ કરેલુછે.

એવો પ્રશ્નોત્તરમય પ્રસીદ્ધ થએલો એક ગ્રંથ (દુરીજન કરી પંચાનન) શ્રીશૈલપૂર્ણવંશ રૂપી સમુદ્રના કૌસ્તુભ શ્રીયુક્ત શ્રીરંગતાતાચાર્ય સ્વા-

મીના પુત્ર શ્રીરંગપુરવાસી શ્રીનીવાસતાતાચાર્ય સ્વામીને બ્રહ્મલક્ષ્મીથી શોભાયમાન એવા ગુજરાત પાટણના રહીસ મહેતા ગોપાળરાયે પત્ર સાથે મોકલ્યો અને જણાવ્યું કે આ પ્રતીવાદીયોએ કરેલા પ્રશ્નોના ઉત્તર શ્રીયુકત શ્રીરંગાચાર્ય સ્વામી તરફથી અપાઈ ગયેલાછે પરંતુ તેમણે આપેલા ઉત્તરની રીતી કરતાં બીજી રીતીના ઉત્તર આપ લખો—

એ પત્રના અનુસારે -હૃદયને બહુ ગમે એવો રમણીય પ્રબંધરૂપ અને પ્રશ્નોત્તરથી ગુથાએલો એવો આ ગ્રંથ શ્રીનીવાસ તાતાચાર્ય સ્વામીએ રચ્યો અને જોધપુર નામના સહેરમાં શ્રીવૈષ્ણવ વિજયમલ્લ મેહેતાની પ્રાર્થનાથી તે વીસ્તારને પાંમ્યો.

श्री स्वामिजिनि प्रस्तावना.

अपारः शास्त्राब्धिर्निरवधिरनंतस्य महिमा। तथा तद्भक्तानांविधिशिवमुखानामपिपुनः॥ परोक्षानर्थान्मे प्रभवति विवेक्तु नधिषणा क्षमध्वंचापल्यंत दिदमथमेतैस्सहबुधाः ॥ १ ॥

જેમ શાસ્ત્ર સમુદ્રનો પાર નથી તેમ અનંત (ભગવાન)ના મહિમાનો પણ અને વળી બ્રહ્મા શીવ આદી તેમના ભકતોના મહીમાનો પણ પાર નથી. શાસ્ત્રના પરોક્ષ (ગંભીર) અર્થોનું વિવેચન કરવાને જો કે. મારી બુદ્ધી પોહોચતી નથી તોપણ આ મહારૂ ચપળપણું ભગવાન તથા ભાગવત લોકોએ અને તેમજ બીજા બુદ્ધિવાનોએ ક્ષમા કરવું જોઈએ ॥૧॥

रम्यं प्राकृतमन्यथाकतिपयेजानंत्यरम्यंतथाकेचिन्नेदामिदंवास्त्विह परहेयंनहेयंद्विधा ॥ इत्थंयेकलहानपास्यनिखिलं नित्यनुकूलंहरेः ॥ शेषत्वात्प्रतिजानतेनहिमतंतेषामवज्ञाकाचित् ॥ २ ॥

કેટલાએક પ્રાકૃતભોગ (સંસાર) નેજ શ્રેષ્ટ માને છે (ચારવાક); કેટલાક આલોકને નહી પરલોક (સ્વર્ગાદી) ને શ્રેષ્ટ માને છે (મીમાંસકાદી); કેટલાક જગત છેજ નહી એમ માંનેછે— (બોદ્ધ શુન્યવાદી); કેટલાક જગત છે

એવુ માનેછે (સાંખ્ય યોગ કાણાદ આદી); કેટલાક જગતછે ને નથી હેવુ માનેછે (જૈન); કેટલાક વળી નીર્વીશેષ ચિન્માત્ર એજ વસ્તુછે બીજુ કંઈજ નથી એમ કહેછે. (પ્રચ્છંન બૌદ્ધ); અને કેટલાએકજડરૂપ પણ બ્રહ્મજ થઈ ગયોછે એમ કહેછે (ભેદાભેદ-વાદી). આ બધા ઝઘડા છોડીને નિત્ય સર્વેને અનુકુળ એવુ જે હરિનુ શેષત્વ જેમના મતમાં પ્રતિજ્ઞાપૂર્વક સિદ્ધ કરેલછે તેમના મતની ક્યાંહી પણ અવિજ્ઞા થઈ શકિત નથી. ॥ ૨ ॥

भक्तानांप्रवरोहरेःसभगवान्बालेन्दुचूडामणि॥ स्तस्योत्कर्षकथाभिरेवसहरिर्भक्तप्रियस्तुष्यति ॥ तुष्यत्येवहरःस्वनाथमहिमप्रख्यापनैस्तद्द्वयो ॥ भक्तोयेनशिवःसतुष्यतिहरेर्भूमैववर्ण्यःसनः ॥ ३ ॥

ભકતોને વિશે શ્રેષ્ટ એવા ભગવાન બાલેન્દુ ચુડામણી (મહાદેવજી) ની ઉત્કર્ષ કથાએ કરીને ભકત પ્રીય એવા ભગવાન (લક્ષ્મીપતી) પ્રસન્ન થાયછે તેમ પોતાના સ્વામીનો મહીમા પ્રખ્યાપન કરવાથી મહાદેવજી પ્રસન થાયછે માટે તે બેઉમાં જેણે કરીને ભગવાનના ભકત મહાદેવજી પ્રસંન થાય એજ ભૂમી અમારે વરણવ કરવાનીછે. ॥ ૩ ॥

निःश्वासोयस्यवेदाइतिनिगमगिरामुन्नतिः कापिदृष्टाकाप्यन्यायस्यरूपप्रगुणगुणमुखैरुच्यमानैःप्रतीता ॥ स्वोपासामाश्रितानांस्वयमभिमुखयन्पचरात्रेणसाक्षान्मोक्षादावार्थवर्गेप्रभवतिजगतांयस्तमारा

એક વાંણી જેના નીશ્વાસભૂતવેદ સ્વરૂપે અતીશય ઉન્નતિ ગણાઈછે અને બીજી વાંણી જેનારૂપ અને ગુણ પ્રકર્ષની પ્રશંસાપૂર્વક તેના પોતાના આશ્રિત જગતને મોક્ષાદી અર્થની સિદ્ધી માટે જેના શ્રીમૂખથી કહેલી સાક્ષાત

भायामः ॥ ४ ॥

પંચરાત્ર સ્વરૂપે જણાઇછે તે દેવનુ અમે આરાધન કરીએ છીએ ॥ ૪ ॥

संचरदागममौलौवंचनदूरेविभावितंमनसि ॥किंचनमह्नोस्तुभूत्यैमंचमुपारूढमुरगराजमयं ॥ ५ ॥

વેદના શીરોભાગ ઉપનીપદોમાં સંચાર કરી રહેલા તથા નીશકપટ મનમાં ભાવીત થએલા એટલે નીરમળ અંતઃકરણવાલા યોગીયોના મનમાં નીવાસકરી રહેલા અને જે શેષ શય્યા ઉપર બીરાજમાંનછે એવા વીલક્ષણ તેજસ (ભગવાંન) સહુના કલ્યાંણ કારીહો. ॥ ૫ ॥

मुक्त्वाग्रहंपणवुधामनसाविमृशंतुविश्वतमाध्यस्थाः॥कतरःश्रेयान्पंथाइतिरूढामभिमतिंत्यक्त्वा ॥ ६ ॥

દેશ અને દુરાગ્રહ છોડીને મધ્યસ્થપણુ ધારણ કરનારા બુદ્ધીમાંન લોકો વીચાર કરો કે કલ્યાંણનો માર્ગ કયો છે. ॥ ૬ ॥

यःशब्दैःकथितःप्रजापतिशिवप्राणेश्वरेत्यादिभिर्यस्यैवाखिलदेवताश्चतनवःपत्युःश्रियस्तस्यचेत्॥भक्तस्यादभिधानवास्यचननुनिंदेतानिंदातया॥तत्वोक्तिःपरदूषणोध्रतिकृतेसाचामुनाक्षम्यतां ॥ ७ ॥

જેને વેદમાં પ્રજાપતી, શીવ, પ્રાંણ, ઇશ્વર ઈત્યાદી શબ્દોએ કરીને કહેલો છે અને અખીલ દેવતાઓ જેનાં શરીરછે તે લક્ષ્મીપતીનો જે ભક્ત કહેવાયછે તે શુ તેના શરીરને નીંદે શીવ, બ્રહ્માદી તેનાંજ શરીરછે પણ પ્રતીવાદીએ આપેલાં દુષણોનો ઉદ્ધાર કરવાને માટે કંઈ વાસ્તવીક કહેવુ પડે (તેને પણ જો નીંદાગણતા હો તો) તેને માટે આવડે કરીને અમને ક્ષમા આપજો. ॥ ૭ ॥

यद्वैकिंचमनुर्जगादतादिदंमाहश्रु

શ્રુતિ કહેછે કે જે કાંઈ મનુ બોલે

ति भेषजं।मन्वर्थप्रतिरोधिनीस्मृतिर पित्याज्येतिहिस्मर्यते।ब्रूतेसौननुकार णंहिजगतांनारायणं प्रक्रमे।वक्त्यंते खिलनामवाच्य मितरस्तस्मान्नतत्वं परं ॥ ८ ॥

તે ઔષધરૂપછે તથા મનુના અર્થથી જે ઉલટી સ્મૃતિછે તે ત્યાજ્યછે—એમ સ્મૃતિ કહેછે અને મનુતો પોતાની સ્મૃતિના આરંભમાં જગતનુ કારણ ॥ નારાયણછે॥ એમ બોલે છે અને, છેલ્લે સમાપ્તી માંતો સ્પષ્ટરીતે કહેછે કે સર્વ નામનો વાચ્ય ॥ નારાયણછે ॥ એ-ટલાજ માટે તેથી બીજુ પરતત્વ નથી. ॥ ८ ॥

यच्चेहास्तितदन्यत्रवांग्मयगतंयन्नेहना न्यत्रतन्त्स्यादित्याहचभारतंनिज तनुंनारायणीयांकथां॥प्रारंभेथसमा पनेचनिगमेरामायणेभारते । सर्वत्रैव चगीयतेहरिरितिश्रीशान्नतत्वपरं ॥ ९ ॥

જેટલુ વાંણીમયછે તેટલુ આંહીછે ને જેટલુ આહી નથી તે બીજે ક્યાંહી નથી એમ ભારત બોલેછે અને તે ભારથ પોતાના આરંભમાં "મારૂ આ-ખુ શરીર નારાયણની કથાથીજ ભ-રેલુંછે તથા વેદને વીશે રામાયણ અને ભારતને વીશે સર્વત્ર આદી મધ્ય અને અંતમાં હરીનુજ ગાયન કરેલુછે" એરીતે પ્રતીપાદન કરેછે માટે લ-ક્ષ્મીપતીથી.બીજુ પરતત્વ નથી ॥૯॥

जायंतेपतयोनृणांचजगतांयस्याः कटाक्षान्वयाद्यत्पादांबुज संस्मृतिं व्यभिचरंत्यन्याश्चनैवाशिषः॥सापि श्रीर्यदुरस्थलीं क्षणमपित्यक्तुंनचेष्टे तमांतद्भक्तावतिशांकिनः खलुनरांल्ल क्ष्मीःकथंनत्यजेत् ॥ १० ॥

જેની કટાક્ષના લેશ સંબધે કરીને જગતને વીશે જગતના અને નરના પતીઓ થાયછે અને જેના ચરણા રવિંદની સ્મૃતિથી. બીજી કામનાઓ-પણ અવલે રસ્તે નથી જતી એવી લક્ષ્મી તે પણ જેના વક્ષસ્થલને ક્ષણ પણ છોડવાને નથી ઇચ્છતી એવા ભ-ગવાનની ભકતીને વીશે અતી શંક

करनारा लोकोनो ते लक्ष्मी केम त्याग न करे. ॥१०॥

काणादंचाक्षपादंकपिलमुनिमतंजैमिनीयंचशास्त्रंयोगानांदर्शनंतद्यदपिपशुपतेःपंचरात्रंचसर्वं॥स्पष्टवक्त्यात्मभेदंकथयतिचिदचिद्भेदबुद्धिंविमुक्त्यैतस्मादद्वैतवादोविलसतिनितरां भूयसांन्यायकोपात् ॥ ११ ॥

काणादनुं न्यायशास्त्र-अने गौतमनुं वैशेषीक शास्त्र; कपील मुनीनुं सांख्य शास्त्र ने जैमुनीनुं पूर्वमीमांशा शास्त्र; पतंजलीनु योगशास्त्र अने जो-के पाशुपत तंत्रछे तोपण ते अने पाञ्चरात्र शास्त्र ए बधां जीवात्मा. परमात्मामां स्पष्ट भेदछे एम कहेछे एटलुंज नही पण जड चैतन्यना भेद ज्ञानथीज मोक्ष थायछे एम जणावेछे एटला माटे मीमांसाना भुयसांस्यात्बलियस्त्वं (बहुमत बलवां नछे) ए न्यायना कोपनुं पात्र अद्वैत मत थायछे (सारांश) आ मुख्य बाबतमां तेमनाथी बधा वीरुध पडेछे माटे घणाने जुठा कहेवा करतां तेनेज जुठा कहेवा व्याजबीछे. ॥११॥

प्रकरण पेहेलु ॥१॥

॥ अवतरणीका. ॥

१ आ जगतमां बधा शीष्ट लोको सर्व प्रमेय वस्तुनी सीधी प्रमाणुने आधीन मानेछे अने ते प्रमाणोमां अलौकीक अर्थ प्रतीपादक अने (ठगाइ; भ्रम, प्रमाद, तथा ईद्रीयोनी वीकलता जे मनुष्य के देवथी पण
१ २ ३ ४
थया वीना रहेज नही तेवा) चारे दोष वीनानो सर्वकाळमां प्रसिद्ध एवो

વેદ એ મુખ્યછે પણ તે વીસ્તાર પામેલી અનેક શાખાઓ વાળો હોવાથી. તે શાખાઓના અવલોકન કરનારા પુરૂષ વીશેશ (મહાંનૂરૂષોયો) ની વાંણીની સાહતાવીના જેમણે તેની બહુ શાખાનુ અવલોકન નથી કર્યું એવા મંદમતી પૂરૂષોને તેનો (વેદનો) યથાર્થ બોધ થઈ શકતો નથી એવા મહાન્ ઋષિયોની વાંણીમાં સર્વસમ્મત એવા પંચમવેદ (ભારત) નુ ઉત્કૃષ્ટપણુ સર્વને સંમતછે અને તેમાં પુરૂષાર્થ ચતુષ્ટનુ સાધન અને તેના અધીકારાદીકને પ્રતીપાદન કરનાર એવો સાક્ષાત્ " મોક્ષધર્મ " નામનો ભાગ અત્યંત ઉપાદેયછે એ પણ સર્વને સંમતછે અને તેમાં પણ. વળી (તેનો પણ સારભૂત) જે નારાયણીય " મહાન્ ભભકા પૂર્વક ઘોષ કરી રહેલછે તેજ નારાયણીમાં વેદ અને સાંખ્ય–યોગના સમન્વયવાલું એવુ જે પંચરાત્ર શાસ્ત્ર શાક્ષાત્ નારાયણનુજ કહેલુ હોવાથી તેને પ્રમાણીક પ્રતીપાદન કરેછે. અને તે પંચરાત્ર શાસ્ત્રથી નારાયણની પરમ ઉત્કૃષ્ટતા તેની ઉપાસના, તેનો અધીકાર–દીક્ષા ઇત્યાદીક અર્થો નીસ્સંશય સીદ્ધ થાયછે. કેટલાક માનેછે કે પંચરાત્ર અને વેદમાં વીરોધ પડેતો શ્રુતિનુ પ્રબલપણુછે અને તેના પ્રમાણમાં " વીરોધને વીશે શ્રુતિ. એ પ્રબળછે " એવું જૈમુનીસુત્ર બતાવેછે પણ એમાં તેમ નથી કારણકે તે જૈમુનીના પણ આચાર્ય મહાભારતના કર્તા વેદ વ્યાસ પોતે એ બેમાં વીરોધજ નથી એમ પોતાના અભીપ્રાય સાથે ઉપદેશ કરેછે જેમકે માહાભારત મોક્ષ ધર્મના નારાયણીય આખ્યાનમાં કહેલુછે કે—

सग्यजुःसामभिर्जुष्टमथर्वांगिरसैस्तथाइदंमहोपनिषदंचतुर्वेदसमन्वितंसांख्ययोगकृतांतेनपंच रात्रानुशब्दितं ॥ १ ॥

ઋગ્–યજુ. શામ અને અથર્વ એ ચાર વેદથી મલતુ એવું આ મહાન્ ઉપનીષદ સાંખ્ય અને યોગનો નીરણય કરવા વડે પંચરાત્ર એવું જેનું નામછે. ॥૧॥

सांख्यंयोगंपंचरात्रंवेरदाण्यकेमयचपरस्यरांगान्येतानिपंचरात्रंच कथ्यते ॥ २ ॥

સાંખ્ય, યોગ, પંચરાત્ર,વેદ (મંત્ર ભાગ) અને ઉપનીષદ ભાગ એ બધાં અંગો પરસ્પર મળ્યાં તેનું નામ પંચરાત્ર છે. ॥૨॥

सर्वेषुचनृपश्रेष्टज्ञानेष्वेतेषुदृश्यतेय थागमंयथान्यायंनिष्टा नारायणः प्रभुः ॥ ३ ॥

હે નૃપઃ શ્રેષ્ટ એ સઘળાં જ્ઞાનને વીશે એવુંજ જણાયછે કે યથા પ્રમાણ, યથા ન્યાય તે બધાં નારાયણનેજ પ્રભુ પ્રતી પાદન કરેછે. ॥ ૩ ॥

તેમના એટલે વેદ વ્યાસના પણ પીતા પરાશર મુની પોતાની સ્મૃતિમાં કહેછે કે.—

वैदिकंतुजपेन्मंत्रंपोराणंपंचरात्रकं योवेदस्तानिचैतानियानिचैतानिसा श्रुतिः ॥ ४ ॥

વૈદીક મંત્રનો વા પૌરાંણીક મંત્રનો વા પંચરાત્ર મંત્રનો જપ કરવો. જે વેદ છે તેજ એઓછે અને જે એઓછે તેજ શ્રુતીછે. ॥ ૪ ॥

पतिःपशूनातत्तंत्रेपुरुषःसांख्ययो गयोः अग्न्यादिर्ब्रह्मचाम्नायेसात्व तोक्तोहरिस्मृतः ॥ ५ ॥

જેને પાશુપત તંત્રને વીશે "પશુપતી" કરીને અને સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રને વીષે "પુરૂષ" કરીને અને વેદને વીષે અગ્ની આદીક બ્રહ્મ કરીને વરણુન કરેલછે તે સાત્વત (પંચરાત્ર) માં કહેલો "હરી" જછે. ॥ ૫ ॥

એ રીતે વેદવ્યાસ તથા તેમના પીતા પરાશર મુનીના વચનોથી વેદ અને પંચરાત્રમાં કશો પણ વીરોધ છેજ નહી કેમકે જે પુરૂષ (નારાયણ) ના નીશ્વાસરૂપ વેદછે તેજ પુરૂષની વાણીમય પંચરાત્રછે એટલે એ બંનેમાં પરસ્પર વીરોધનો સંભવજ નથી વળી અમે કહીએ છીએ કે—

वेदार्थानपरोक्षितान्मुनिवरास्मृत्यात्मनाकल्पयन् ॥
दौर्बल्यंनिगमादुपैतितदियंमूलात्तरोर्मूलिनी ॥
श्रुत्यर्थेक्षणनैरपेक्ष्यतइदंनोसात्वतंदुर्बलं ॥
वक्तातस्ययनःस्वयंहरिरितिब्रूतेमहाभारतं ॥ १ ॥

अर्थ–વેદાર્થ સાક્ષાત્ કરનારા મુની લોકોએ પોતાની સ્મૃતીયો રૂપે

તે વેદના અર્થો કહેલાછે અને તેટલા માટે સ્મૃતિઓ વેદના આગળ દુર્બળતાને પામેછે કેમકે આ મુનીઓને તો શ્રુતીયોના અર્થ જોવાની અપેક્ષા છે અને આ (પંચરાત્ર)ના વકતાતો હરી પોતેજ છે (તેમને કાંઈ શ્રુત્યર્થ જોવાની અપેક્ષા નથી) એમ મહાભારત કહેછે. માટે પંચરાત્ર, વેદ કરતાં દુર્બલ કહી શકાતું નથી આ પ્રકારે મોક્ષ ધર્મમાં પંચરાત્ર અને તેના ધર્મ વિષયિક વર્ણનમાં કહેલું છે વળી તેજ પ્રકરણમાં—

नारदेनतुसंप्राप्तःसरहस्यससंग्रहः
एषधर्मोजगन्नाथात्साक्षान्नारायणा
न्नृप ॥ ६ ॥

હે રાજા આ ધર્મ સાક્ષાત્ નારાયણ જગન્નાથથી તેના રહસ્યના સંગ્રહ પૂર્વક નારદજીએ મેળવેલો છે. ॥ ૬ ॥

ત્યાંથી આરંભીને વૈશંપાયન જન્મેજય રાજાને કહેછે કે—

एवमेषमहाधर्मःसतेपूर्वंनृपोत्तम॥
कथितोहरिगीतासुसमासाविधिक
ल्पितः ॥ ७ ॥

હે નૃપોત્તમ એજ મહાધર્મ પૂર્વે મે તને હરીગીતા (ભગવદ્ગીતા)માં સંક્ષીપ્ત કહેલછે. ॥૭॥

એ રીતે પંચરાત્ર ધર્મનું ગીતાને વિષે સંક્ષેપ કથન કરેલુંછે એમ પ્રતીપાદન કરેલું છે——અને ત્યાંજ.

केनैषधर्मःकथितोदेवेनऋषिणापि
वा ॥ ८ ॥

આ ધર્મ કયા દેવ અથવા રૂષીનો કહેલોછે. ॥૮॥

એ પ્રશ્નના ઉત્તરમાં—

समुपोढेष्वनीकेषुकुरुपांडवयोर्मृधे॥
अर्जुनेविमनस्केचगीताभगवतास्व॥
यंगहनोह्येषधर्मोवैदुर्विज्ञेयोऽकृता
त्मभिः ॥ ९ ॥

કુરૂ પાંડવના યુદ્ધ સમયે એકઠી થએલી સેનાઓના વચમાં ખીન્ન થએલા અરજુનને ભગવાન શ્રી કૃશ્ને પોતે ગીતા રૂપે કહેલ છે? અને તે ગહન છે માટે દુષ્કૃતિવાળા લોકોના જાણવામાં આવે તેવો નથી. ॥૯॥

એરીતે પંચરાત્ર ધર્મ ગીતામાં કહેલછે પણ તે ગહનછે માટે દુષ્કૃતીવાળા લોકોના જાણવામાં આવે તેવો નથી એમ વર્ણન કરેલછે.

પંચરાત્ર ધર્મ ગીતામાં કહેલો હોવાથી ને તે ભારતથી પ્રતિપાદિત છે

એટલા માટે કાંઈ પણ વેદ બાહાર નહી થવાનું અભિમાન રાખનારા તો તેનું વેદ વિરૂદ્ધપણું સ્થાપન કરી સકે તેમ નથી. વળી ગીતાના અર્થનું અને પંચરાત્ર ધર્મનું એકપણું તેજ ગીતા અને નારાયણીયનાં વચનો સરખાવતાં માલુમ પડેછે તે એવી રીતે કે—

શ્રી ગીતાજીમાં

लोकेस्मिनद्विविधानिष्टापुराप्रोक्ता मयानघ॥ज्ञानयोगेन सांख्यानांकर्म योगेनयोगिनाम् ॥ १० ॥

હે અનઘ આ લોકને વીષે મેં પૂર્વે બે નીષ્ટાઓ કહી છે જ્ઞાનયોગે કરીને સાંખ્યનીઅને કર્મ યોગે કરીને યોગીઓની ॥૧૦॥ અહીંથી આરંભીને

मयिसर्वाणिकर्माणिसंन्यस्याध्या त्मचेतसानिराशी॥निर्ममोभूत्वायुद्ध स्वविगतज्वरः ॥ ११ ॥

અધ્યાત્મ બુદ્ધીવડે સર્વ કર્મ મારે વીશે સમર્પણ કરીને આશા અને મમતા રહીત થકો સંતાપ વીના યુદ્ધ કર. ॥૧૧॥

એ રીતે ભગવાનને વીશે સર્વ કર્મ અર્પણ કરવારૂપ જે પંચરાત્ર ધર્મ તેજ સંક્ષેપથી કહેલ છે વળી—

येमेमतमिदंनित्यंमनुतिष्टंतिमान वाः॥श्रद्धावंतोनसूयंतोमुच्यंतेतेपि कर्मभिः ॥ १२ ॥

જે મનુષ્યો આ મહારા મત પ્રમાણે અનુષ્ટાન કરે છે જે શ્રદ્ધા રાખે છે અથવા જે દ્વેશ નથી રાખતા તે પણ કર્મથી મુક્ત થાય છે.॥૧૨॥

એમ શ્રી ગીતાજીમાં કહેલુ છે અને તે માટે.

નારાયણીમાં—

नूनमेकांतधर्मोयंश्रेष्टोनारायणप्रि यः ॥ १३ ॥

નીશ્ચય કરીને આ શ્રેષ્ટ એવો એકાંત ધર્મ નારાયણને પ્રીય છે. ॥૧૩॥

भविष्यतिप्रमाणंवैएतन्मदनुशास नं ॥ १४ ॥

મારી આજ્ઞારૂપ એવું આ શાસ્ત્ર પ્રમાણુજ થશે. ॥૧૪॥

पंचरात्रस्यकृत्स्नस्यवक्तानाराय णस्वयं ॥ १५ ॥

સમગ્ર પંચરાત્રના વક્તા નારાયણ પોતેજ છે. ॥૧૫॥

એ રીતે કહેલું છે.

વળી ગીતાજીમાં—

इमंविवस्वतेयोगंप्रोक्तवानहमव्ययं॥विवस्वान्मनवेप्राहमनुरिक्ष्वाकवेब्रवीत् ॥ १६ ॥	અવ્યય એવો આ યોગ મેં વીવસ્વત (સૂર્ય)ને કહેલો અને તેમણે પોતાના પુત્ર મનુને કહ્યો ને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. ॥૧૬॥
एवंपरंपराप्राप्तमिमंराजर्षयोविदुः ॥ १७ ॥	એ રીતે પરંપરાથી પ્રાપ્ત થએલો આ યોગરાજ ઋષીઓએ જાણ્યો. ॥૧૬॥

આ રીતે કહેલ છે.

તેને માટે નારાયણીયમાં—

तत्रैषधर्मःकथितःस्वयंनारायणेन हि॰॥ १८ ॥	તે ઠેકાણે આ ધર્મ નારાયણે પોતેજ આ લોકમાં કહેલ છે. ॥૧૮॥
त्रेतायुगादौचततोविवस्वान्मनवेददौ॥मनुश्चलोकभूत्यर्थंसुतायेक्ष्वाकवेददौ ॥ १९ ॥	ત્રેતાયુગના આરંભમાં પછી વીવસ્વતે મનુને આપ્યો અને મનુએ લોકના કલ્યાણને માટે પોતાના દીકરા ઈશ્વાકુને આપ્યો. ॥૧૯॥
इक्ष्वाकुणाचकथितोव्याप्यलोकानवस्थितः ॥ २० ॥	અને ઈક્ષ્વાકુએ કહેલો આ લોકમાં વ્યાપ્ત થઈને રહ્યો. ॥૨૦॥

એ રીતે કહ્યુ છે.

વલી ગીતાજીમાં.

योमामजमनादिंचवेत्तिलोकमहेश्वरं ॥ २१ ॥	જેમને અજ તથા અનાદી અને લોકનો મહેશ્વર જાણે છે ॥૨૧॥ અહીંથી આરંભીને.................
महर्षयःसप्तपूर्वेचत्वारोमनवस्तथा॥मद्भावामानसाजातायेषांलोकइमाः	પૂર્વે નાસાત મહર્ષીઓ અને તેજ રીતે ચાર મનુઓ મારા માનસીક

प्रजाः ॥ २२ ॥

સંકલ્પથી થએલા છે આ લોક જેગની પ્રજા છે ઇત્યાદી. ॥૨૨॥

એ રીતે કહેલ છે.

તે માટે નારાયણીમાં.

एतेतेऋषयःख्याताःसप्ताचित्राशी खंडिनः ॥ तैरेकमतिभिर्भूत्वायत्प्रोक्तंशास्त्रमुत्तमम् ॥ २३ ॥

આ જગતના હીતને માટે સાત ચિત્ર શીખંડી (સપ્તઋષી) એવા જે પ્રસીદ્ધ છે તેમણે એક વિચાર થઈને જે ઉત્તમ શાસ્ત્ર કહેલું છે. ॥૨૩॥

सप्तप्रकृतयोह्येतास्तथास्वायंभुवोष्टमः॥एताभिर्धार्यतेलोकस्ताभ्यशास्त्रंविनिःसृतां॥ २४ ॥

એ સાત પ્રકર્તિયો અને આઠમા સ્વાયંભૂમનું એમણે ગુણીને આ બદ્ધા લોક ધારણ કરેલા છે ને તેમનાથી શાસ્ત્ર પ્રવર્ત્ત થયું છે. ॥૨૪॥

इदंश्रेयइदंब्रह्मइदंहितमनुत्तमं॥धर्मप्रतिष्टाहेतोश्चमनुस्वारोचिषंततः अध्यापयामास—इत्यादि ॥ २५ ॥

તેજ શ્રેય, તેજ વેદ, તેજ ઉત્તમહીત એવું એ શાસ્ત્ર પછી તેમણે ધર્મની પ્રતિષ્ટાને માટે સ્વારોચીશ મનુને ભણાવ્યું. ॥૨૫॥

ઈત્યાદી કહેલુ છે.

શંકા—અદ્વૈતીયોએ પંચરાત્ર શાસ્ત્રને દુશીત કરેલુ છે છતાં તે શી રીતે પ્રમાણ થઈ શકે ?

સમાધાન—અદ્વૈતના (બુદના) જ અપ્રમાણીકપણાથી તે માંહેના પુરૂષોએ દુષણ આપવાથી અપ્રમાણપણાની શંકા કરી સકાતી નથી કેમકે જીવાત્મા પરમાત્માનું અભેદજ્ઞાન મુક્તી આપે છે એવો તેમનો મત કોઈ પણ બીજા મતમાં જણાતો નથી. કારણ કે સત્પૂરૂષો તો સર્વ પદાર્થ સત્ય છે એવી જે સત્ખ્યાતી તેજ જ્ઞાન અને મોક્ષનો હેતુ કહે છે સાંખ્ય અને યોગ વાલા. સર્વથા ધર્મ પુંજ તથા યોગાભ્યાસ એ બેના ફલ ભૂત જે ॥ विवेकख्याति ॥ તેને મોક્ષનું સાધન કહે છે.

પાશુપત તંત્રવાલા પશુ (જીવ) પાશ (માયા) અને (તેમના) પતી એ ત્રણ્યેના જ્ઞાનથી મોક્ષ થાય છે એમ કહે છે—

કર્મ[1] અને બ્રહ્મને[2] પ્રતીપાદન કરનારા એવા વેદના બે ભાગ છે તેમાં પહેલાથી અધીકાર—ક્રીયા—કરતા. ફલ ઈત્યાદી ભેદ (જ્ઞાન) અને બીજાથી ઉપાસના કર્મ અને તેના ગુણાદીક ભેદ એજ જણાય છે એટલે તમારા મત જેવું જ્ઞાન ક્યાંહી પણ નથી જણાતું વળી—

द्वासुपर्णासयुजासखायासमानंवृक्षंपरिषस्वजाते. ॥ १ ॥

સંગ રહેવાવાળાં—સ્નેહ ભાવવાળાં-જ્ઞાન નામની ઉતમ પાંખોવાળાં બે પક્ષી (જીવાત્મા—પરમાત્મા) એક વૃક્ષમાં અડીને બેઠાં છે. ॥ ૧ ॥

अजामेकांलोहितशुक्लकृष्णांबह्वींप्रजांसृजमानांस्वरूपांअजोह्येकोजुषमाणोनुशेतेजहात्येनांभुक्तभोगामजोऽन्यः ॥ २ ॥

એક અજા છે (જેનો જન્મ નથી એવી) રાતી (રજ) શ્વેત (સત્વ) અને કાળી (તમ) (તે) પોતાના જેવી બહુ પ્રજાને સરજનારી છે (જેનો જન્મ નથી એવો) એકજ લંપટ પણાથી ભોગવતો થકો તેમાં (અજ્ઞ થઈને) સુઈ રહેલો છે (જીવ) અને બીજો જન્મ રહીત (અજ) છે તે—તે ભોગવેલીને છોડે છે (ઈશ્વર) ॥ ૨ ॥

ज्ञाज्ञौद्वावजावीशानीशौ ॥३॥

જ્ઞાની અને અજ્ઞાની બેઉ જન્મ રહીત છે એક ઈશ છે અને બીજો અનીશ છે.

नित्योनित्यानांचेतनश्चेतनानामेकोबहूनांयोविदधातिकामान्पृथगात्मानंप्रेरितारंचमत्वा ॥ ४ ॥

નીત્ય (એવો એક ચેતન) બહુ એવા નીત્ય ચેતનો (જીવાત્માઓ)ની કામનાઓ પુર્ણ કરે છે—

આત્મા અને પેરણા કરનારને જૂદા જાણીને (એ ભેદ જ્ઞાનથી પરમાત્માની પ્રીતી મેળવીને મોક્ષ પામે છે) ॥ ૪ ॥

ઈત્યાદી શ્રુતીઓ ભેદ પ્રતીપાદન કરે છે–તેવીજ રીતે બીજી શ્રુતીઓ જેમકે.

तत्त्वमसि	તે તું છે.
अयमात्माब्रह्म	આ આત્મા બ્રહ્મ છે.
सर्वंखल्विदंब्रह्म	આ સર્વે નીશ્ચય કરીને બ્રહ્મ છે.

ઈત્યાદી ॥ અભેદ ॥ પ્રતીપાદન કરે છે.

આવી રીતે ॥ ભેદ ॥ અને ॥અભેદ॥ શ્રુતીયોથી પ્રતીપાદીત છે. તેમાં ॥ ભેદ ॥ પ્રતીપાદક જેટલો ભાગ છે તે બાધીત છે (મીથ્યા) વીશય છે અને ॥ અભેદ ॥ પ્રતીપાદક જેટલો ભાગ છે તે અબાધિત (સત્ય) વીશય છે. આવી રીતનું વીવેચન કરવું એ તટસ્થ બુદ્ધિએ કરીને પણ નીરૂપણમાં તો સહન થઈ શકે તેવું નથી કેમકે પરમ પ્રમાણ ભૂત જે ઉપનીષદ તેને વીશે કંઈક અંશ મીથ્યા વીષય અને કંઈક અંશ અબાધીત વીશય હોય એવો પક્ષપાત સંભવતો નથી એટલુંજ નહીં પણ એક ભાગ જ્યારે મીથ્યાભૂત થસે ત્યારે બીજો ભાગ પણ તેવીજ રીતે થઈને આખા વેદ ઉપર અશ્રદ્ધા આવી પડશે. ॥ કહ્યું છે કે ॥ એક શ્રુતીની બીજી શ્રુતી કાંઈ દાસી નથી કે જેને માટે તેણીઓને ઉપદ્રવ કરીયે ॥

જો કે ॥ ભેદ ॥ અભેદ ॥ બેઉ પક્ષને વીશે હજારો પ્રમાણો અને તદનુસાર યુક્તીયો દેખાય છે તેથી તે ઠેકાણે અદ્યાપી પર્યંત વાદ કરનારાઓના વાદ વીરામ પામ્યા નથી તોપણ બે પક્ષમાંથી એકનો નીરણય કરવા માટે બેઉને લાભ કારક જણાતાં પ્રમાણોવડે પ્રશ્ન પૂર્વક જો એક પક્ષનો નીશ્ચય પ્રતીપાદીત થયેલો હોય તો પછી તેનોજ સ્વીકાર કરવો એ વાત સીદ્ધ કહેવાય. બીજાનો નહીંજ અને તે પ્રમાણેજ પછી બીજાબધાં પ્રમાણોને લેવાં જોઈએ—માટે તેવા નીશ્ચય સારૂ મોક્ષધર્મ ગ્રંથાનુસાર કહેલા બેઉ પક્ષનાં પ્રમાણો લગાડવાં જોઇએ આત્મા બહુ છે કે એક છે ॥ ? એ વીશેના સંદેહ સબંધી પ્રશ્ન ઉઠાવીને ભગવાન બાદ નારાયણ વેદવ્યાસેજ ॥ બહુ પુરૂષ છે ॥ એવું ઠરાવેલું છે તે એવી રીતે કે—

बहवःपुरुषाब्रह्मन्नुताहोएकएव वा ॥ कोह्यत्रपुरुषःश्रेष्ठः कोवायोनिरिहोच्यते ॥ २६ ॥	હે બ્રહ્મન્ પુરૂષ ઘણા છે કે એક જ છે? અને તેમાં કયો પુરૂષ શ્રેષ્ઠ છે? અને તેનુ (શ્રેષ્ઠપણાનું) શું કારણ કહેલું છે?

એ રીતના પ્રશ્નોની સાથે ઉત્તરમાં કહ્યું છે કે—

बहवः पुरुषालोकेसांख्ययोगविचारणे ॥ नैतदिच्छंतिपुरुषमेकंकुरुकुलोद्वह ॥ २७ ॥

હે કુરૂકુળને વહન કરનારા (જન્મેજય) સાંખ્ય અને યોગનો વીચાર કરતાં જણાય છે કે પુરૂષ તોં બહુ છે પણ તેઓ આ એક પુરૂષને નથી ઈચ્છતા (એટલે કે સાંખ્યવાળા) ॥૨૭॥

એ રીતે એકાત્મવાદનો તીરસ્કાર કરવાની સાથે ઘણા પુરૂષો છે એમ કહીને આગળ એક પ્રશ્નનો ઉત્તર આપી બીજા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે—

बहूनांपुरुषाणांचयथैकायोनिरुच्यतेतथातंपुरुषंविश्वमाख्यास्यामि गुणाधिकं ॥ २८ ॥

ઘણા પુરૂષમાં જે એક પુરૂષ જે કે તેમનું કારણ કહેવાય છે. તેમજ જે ગુણેકરીને અધીક છે એવા વીશ્વ પુરૂષ વીશે હું તને કહુ છું. ॥૨૮॥

એવી રીતે બહુ પુરૂષોમાં (શ્રેષ્ટ વિષે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં) સર્વેનું કારણ અનંત ગુણવાળો પરમાત્મા છે એવો આરંભ આ જગોએ કરેલ છે (એટલે તેમાં શ્રેષ્ટપણાનુ કારણ અનંત ગુણપણું બતાવેલું છે અને એવો ટુંકો ઉત્તર દેઈને આગળ વીશેષ કહેવાનો પોતે આરંભ કરેલો છે) આવી રીતે સ્પષ્ટ હોવા છતાં વ્યાસજીએ કોઈ ઠેકાણે એક પુરૂષ વાદ કેમ કરેલ છે? કોઈ એવી શંકા કરે તો તેનું સમાધાન એ છે કે વ્યાસજીએ કહેલો એક પુરૂષ વાદ માત્ર સંક્ષેપના અભિપ્રાયથી છે કારણ કે જો તેમ ન હોય તો—

समासतस्तुयद्व्यासःपुरुषैकत्वमुक्तवान् ॥ २९ ॥

વ્યાસજી એ તો સમાસે કરીને એક પુરૂષ કહેલો છે. ॥૨૯॥

એવું જે વૈશંપાયને કહેલું છે તેમાં ॥ समासतः એ પદનું વ્યર્થ પણું થાય અને વળી વ્યાસજીનો અભિપ્રાય એમજ છે એ વાતને તેજ ગ્રંથનો ઉત્તર ભાગ એવી રીતે પુષ્ટિ આપે છે કે—

एवंहिपरमात्मानंकेचिदिच्छंतिपंडिताः॥ एकात्मानंतथात्मानमपरेज्ञानचिंतकः ॥ ३० ॥

એ પ્રકારે કેટલાક પંડીતો પરમાત્મા એક છે (પણ જીવાત્મા અનેક છે) એમ ઈચ્છે છે તેમ બીજા

જ્ઞાન સ્વરૂપનું ચીંતવન કરનારા આત્માજ એક છે એમ કહે છે.॥૩૦॥

આ ઠેકાણે ॥ અપર ॥ શબ્દ વાપરીને બીજાનો પક્ષ બતાતાવાની સાથે કહે છે કે—

सहिनारायणोज्ञेयःसर्वात्मापुरुषो हिसः ॥ नलिप्यतेफलैश्चापिपद्म पत्रमिवांभसा ॥ ३१ ॥

તેનેજ નારાયણ જાણવો તે સર્વનો આત્મા અને પુરૂષ પણ તેજ છે કમલનું પાંદડું જલથી નથી લેપાતું તેમ કર્મથી તે લેપાતો નથી. ॥૩૧॥

એમ કહીને પછી.

कर्मात्मात्वपरोयोसौमोक्षबंधैःस युज्यते ॥ ससप्तदशकेनापिराशि नाचसयुज्यते ॥ ३२ ॥

બીજો આ કર્માત્મા તે સંસારથી બંધમુક્ત થવામાં જોડાએલો છે તે સતર વર્ગ (પ્રકૃતીના વીકાર) થી પણ જોડાય છે. ॥ ૩૨ ॥

એ રીતે આત્માઓમાં પરમાત્મા તે સર્વનો અંતરયાંમી નારાયણ છે એમ બતાવીને પરમાત્મા કરતાં જીવાત્માને બંધ મોક્ષના સંબંધે કરીને ॥બીજો॥ એ શબ્દવડે છેક સ્પષ્ટ ભેદ પ્રતીપાદન કરતા થકા.—

एवंबहुविधःप्रोक्तःपुरुषस्तेयथाक्रमम् ॥ ३३ ॥

એ પ્રકારે તે ઘણા પ્રકારનો પુરૂષ યથાક્રમ તને મ્હેં કહ્યો ॥ ૩૩ ॥

એમ પુરૂષના બહુ પણાથીજ ઉપસંહાર કેરેલો છે.

શ્રી ગીતાજીમાં પણ.

क्षरःसर्वाणिभूतानिकूटस्थोऽक्षर उच्यतेउतमःपुरुषस्त्वन्यःपरमात्मे त्युदाहृतः ॥ ३४ ॥

योलोकत्रयमाविश्याबिभर्त्यव्यय इश्वरः यस्मात्क्षरमतीतोहमक्षराद पिचोत्तमः ॥ ३५ ॥

સર્વભૂત (સંસારી ચેતન)ને ॥ક્ષર॥ કહે છે ને કુટસ્થ (મુક્ત) ને ॥અક્ષર॥ કહે છે એ બંનેથી અન્ય ઉત્તમ પુરૂષને ॥ પરમાત્મા ॥ કહેલો છે જે લોકત્રય (અચેતન–તેમાં જોડાએલા ચેતન અને મુક્ત) ને વીશે અંતરયાંમી પણે પ્રવેશ કરીને ધારણ

करे छे एवो अव्यरूप ईश्वर छे माटे "क्षर" थकी पण हुं वीलक्षण छुं अने "अक्षर" थकी पण उत्तम छुं.

अतोस्मिलोकेवेदेचप्रथित:पुरुषोत्तमः ॥ ३६ ॥

अने तेटलाज माटे श्रुती स्मृतीने वीशे पुरुषोत्तम नामथी प्रसीद्ध छुं. ॥३४॥ ॥३५॥ ॥३६॥

नत्वंवाहंजातुनासम्नत्वंनेमेजनाधिपाः॥नचैवनभविष्यामःसर्वेवयमतःपरं ॥ ३७ ॥

हुं तुं अने आ राजाओ आगल नोहोता एम नही (हताज) हालमां तो छीएज अने आगल पण नही होईए एम नही (हईशुज). ॥ ३७ ॥

इदंज्ञानमुपाश्रित्यममसाधर्म्यमागताः ॥ सर्गेपिनोपजायंतेप्रलयेनव्यथंतिच ॥ ३८ ॥

आ ज्ञाननो आश्रय करीने मारा समान धर्मने पामेला (ते) सृष्टी कालमां पण उत्पन्न नथी थताने प्रलयमां व्यथा पांमता नथी. ॥३८॥

ए रीते आत्मानुं बहुपणुंज कहेलुं छे.

शंका—आ ठेकाणे आत्मा बहु छे के एक छे ए वीशेना प्रश्न समंधी प्रकरणमां—उपाधीए करीने पुरुषनुं बहुपणुं छतां स्वाभावीक जे पुरुषनुं बहुपणुं कहे छे ते निरीश्वर सांख्यादीक तो भ्रांत छे, ए रीते नीलकंठ व्याख्यान करे छे, तेथी पुरुषनुं बहुपणु, केहेवामां वीरोध आवे छे.

समाधान—तेम नथी; केमके ते ठेकाणे बहुपणु, "उपाधीए करीने छे एवुं प्रतीपादन करनारो कोइ पण शब्द नथी "अने तेम छतां नीलकंठे आवु वरणन कर्युं छे तेथी तेनुंज भ्रांतपणुं ठरे छे कारण के तेज प्रकरणमां आगळ ब्रह्मा माहादेवजीने कहे छे—

एतत्तेकथितंपुत्रयथावदनुपूर्वशः ॥ सांख्यज्ञानेतथायोगेयथावदनुवर्णितं ॥ ३९ ॥

हे पुत्र सांख्यना ज्ञान अने योगने वीशे जेवुं छे तेवुं (वास्तवीक) कहेलुं छे अने में पण तने जेवुं तेमा कहेलुं छे तेवुंज अनुक्रमे व-

રાબર વરણુન કરેલું છે. ॥૩૯॥

એ રીતે ઉપસંહાર કરનાર બ્રહ્માએ સાંખ્ય—યોગ મતનોજ ઉપસંહાર કહેલ—અને તે સાંખ્ય અને યોગને વીશે પુરૂષનું બહુપણુંજ સીદ્ધ છે તેથી ઉપર કહેલા વ્યાખ્યાનતું અવીશ્વસનીયપણું સાબીત થાય છે. વળી વધાર ॥ सांख्यंच योगश्चसनातनेद्वे ॥ એ શ્લોકની વ્યાખ્યામાં નીલકંઠે "સનાતન"શબ્દનું એવું વ્યાખ્યાન કરેલું છે કે "તે શ્રુતી પ્રતીપાદીત છે,તેટલા માટે બેઉ (સાંખ્ય[1] અને યોગ[2]) આદી અંત શૂન્ય છે" અર્થાત નીત્ય છે અહીં આમ કહેવા છતાં તેના તે નીલકંઠે તેના તે સાંખ્ય—યોગને "ભ્રાંત છે" એવું બીજે ઠેકાણે એટલે ઉપરના ભાગમાં કહેવાથી પોતાના વ્યાખ્યાનનું પોતેજ અવીશ્વસનીયપણું દ્દઢ કરી બતાવ્યું છે. કારણ કે શ્રુતી પ્રતીપાદીત મતવાલા જે છે તેને વીશે ભ્રાંતપણું સંભવતું નથી.

વલી આ શ્લોકના વ્યાખ્યાન વખત "શ્રુતિ પ્રતીપાદીત હોવાથી બેઉ આદી અંત શ્રન્ય છે" એટલા શબ્દો છે તે ઉપરાંત પોતે લખે છે કે "તેણેકરીને પંચરાત્ર પુરૂષે બનાવેલું અને વેદથી વીરૂદ્ધ છે એમ સુચીત થાય છે" આવું કહેનારા નીલકંઠે—

पंचरात्रस्यकृत्स्नस्यवक्तानाराय णःस्वयं	આ સમગ્ર પંચરાત્રના વકતા નારાયણ પોતેજ છે.
एवमेकंसांख्ययोगंवेदारण्यकमेवच॥परस्परांगान्येतानीपचरात्रंच कथ्यते	સાંખ્ય, ગોગ, વેદ, ઉપનીષદ એટલાં પરસ્પર અંગ મળીને એકપંચરાત્ર કહેવાય છે.
एवमेषमहान्धर्मआद्योराजन्सनातनः ॥ ४० ॥	એ પ્રકારે આ મહાન્, આદ્ય અને સનાતન એવો ધર્મ છે. ॥૪૦॥

આવી રીતે નારાયણે પોતે કહેલું એટલે પંચરાત્રનું પરમ ઉત્કૃષ્ટપણું અને તેનું વેદની સાથે ઐકયપણું—અનાદીપણું—તેજ પ્રકરણમાં જણાઈ આવેલું છે તે સહન ન થઈ શકવાથી પોતાનું દુરાગ્રહપણું ઉઘાડું પાડયું છે. આ પ્રકારથી પણ તેની વ્યાખ્યાનું તટસ્થ લોકોએ અવીશ્વસનીયપણું જાણવું જોઈએ.

કદી ઉપરની શંકાનું કોઈ એવી રીતે સમાધાન આપે કે સેશ્વર-

સાંખ્યને માટે સનાતનપણું કહેલું છે ને નીરીશ્વર–સાંખ્યને માટે ભ્રાંતપણું કહેલું છે, તો તેમ સમાધાન થઈ શકતુ નથી કારણ સેશ્વર સાંખ્ય મત જે પ્રસીદ્ધ નથી તેમ છતાં યોગ મતને તે માનીએ તો પછી સાંખ્ય અને યોગ એ બે જુદાં જુદાં બતાવેલાં છે તે સંભવે નહી જેમકે મોક્ષ ધર્મમાં કહ્યું છે કે—

सांख्ययोगेचमेतातविशेषंवक्तुमर्हसि

હે તાત સાંખ્ય અને યોગનું મને વીશેશપણું કહો (તેના ભેદ કહો)

એવું યુધિષ્ટિરે પ્રશ્ન કર્યા પછી ઉત્તરમાં ભીષ્મ પીતામહે કહ્યું છે કે—

अनीश्वरःकथंमुच्येदित्येवंशत्रुकर्शन॥ वदंतिकरणंश्रेष्ठंयोगाःसम्यङ्मनीषिणः ॥ ४१ ॥

હે શત્રુકર્શન એ પ્રકારે ઈશ્વર વીના શી રીતે છુટે? માટે સમ્યક્ બુદ્ધી વાળા યોગશાસ્ત્રમાં નીપુણ લોકો શ્રેષ્ટ એવું કારણ મોક્ષદાતા ઇશ્વર છે એમ કહે છે. ॥૪૧॥

वदंतिकरणंचेदंसांख्याःसम्यग्द्विजातयः॥ ऊर्ध्वंसंदेहमुत्यक्तंविमुच्येदितिनान्यथा ॥ ४२ ॥

અને એજ કારણ સાંખ્યવાળા રૂડા બ્રાહ્મણો પણ કહે છે કે—આ લોકમાં સર્વ ગતી જાણીને જે વીષયથી વીરક્ત થાય છે તેનો આ દેહથી આગળ સ્પષ્ટ રીતે મોક્ષ થાય છે એમાં અન્યથા નથી. ॥૪૨॥

ઉપર કહેલા યુધીષ્ટરે કરેલા પ્રશ્નોના ઉત્તર સમંધી શ્લોકોની વ્યાખ્યામાં "મોક્ષને આપનારો ઈશ્વર પણ અવશ્ય છે એમ જાણવું એ પ્રકારની યોગ મતની ઉક્તી છે" એમ કહીને તે પછી વલી નીલકંઠે પોતાની ઉક્તીથી સાંખ્ય મતનું નીરીશ્વરપણું સ્પષ્ટ કરેલું છે (અર્થાત્ સેશ્વર સાંખ્ય છે એમ તે માનતોજ નહોતો.)

ब्रह्मसूत्रમાં તો એકાત્માનુંજ પ્રતીપાદન કરેલું છે એમ પણ કહેવાય તેવું નથી; કારણ ત્યાં પણ આત્માનું બહુપણુંજ પ્રતીપાદન કરેલું છે અને અદ્વૈત વગરનાં બીજા સરવેનાં તેજ પ્રકારનાં ॥भाष्यो॥ છે વળી થોડા અક્ષરે ઘણા અર્થનું વરણન કરવાની યોગ્યતાવાળાં સૂત્રોનો અ-

તી વીસ્તાર પૂર્વક સ્પષ્ટ અર્થ બતાવવાવાલા એવા મોક્ષ ધર્મ અને ગીતા-
ના અર્થથી ઉલટો અર્થ કરવો એ અત્યંત અયોગ્ય છે. સારાંશ કે અ-
દ્વૈતીયોને પણ પોતાના મતની રીતી પ્રમાણે ઉપાસનાના અનુષ્ટાનથીજ
અંતઃકરણ પરીશુદ્ધ થાય અને પરીસુદ્ધ અંતઃકરણવાલાનેજ ॥तत्वमस्यादि॥
વાક્યથી અસંભાવના વિપરીત સંભાવનાદી રહીત જ્ઞાન ઉત્પન્ન થાય છે
એવું તેમણે સ્વીકારેલું છે એટલે જ્ઞાનની ઉત્પતીનું કારણ ઊપાસના હો-
વાથી તે તો તેઓ કરવાનાજ. પરંતુ એ કરવાના સમયે એટલે ઊપાસન
દશામાં ઊપાસ્ય (જે દેવની ઊપાસના કરવી તે) દેવ તેના ગુણ અને ખુદ
એ ઊપાસના ઈત્યાદી દ્વૈત વીષયજ મિથ્યા છે એમ જાણ્યા છતાં પણ કર-
વાના, એટલે પછી એવું અશ્રદ્ધાવાલુજ તેમનું એ ઊપાસન હોવાથી તે
અનુષ્ટાંન કર્યાં જેવું (અફલ) અથવા ઊલટું કર્યા જેવું (તેની મશ્કરી
કર્યા જેવું) નીવડે, તેના કરતાં તો (તેમનાજ મતને માંનીયે તોપણ તેવું
જ્ઞાન મેલવવાને ઊત્તમ રસ્તો અમારોજ છે કે ઊપાસન દશામાં ઊપાસ્ય
દેવ તેના ગુણ ઈત્યાદી વીષયમાં સત્યત્વનો નીશ્ચય રાખીનેજ અનુષ્ટાંન ક-
રવું જોઈએ જેથી પછી ઊપાસનાનો પરીપાક થાય એટલે કે ઊપાસના ફ-
લે; ને તેમ થશે એટલે પછી વીશ્વનુ મિથ્યાપણું ગૃહણ કરનારૂં જ્ઞાન પોતાની
મેલે ઊત્પન થશે એ વાત તેઓએ સ્વીકારવીજ પડસે અને ત્યારે તો ઊ-
ત્તમ માર્ગ એજ ઠર્યો કે "ઊપાસ્ય દેવતા અને તેના ગુણાદીકને વિષે સ-
ત્યત્વ બુદ્ધી પૂર્વક ઊપાસના કરવી" પછી (તમે કહો છો તેમ) તે કહેલું જ્ઞાન
ઉત્પન્ન કરીને તે દ્વારામુક્તી આપશે અથવા (અમે કહીએ છીએ તેમ)
"સ્વયમેવ જ્ઞાન" એવા શબ્દથી ઓળખાતું ઉપાસન સાક્ષાત્ મુક્તી આપશે.
બેઉ પ્રકારે પણ વીષયવાદી દ્વૈતનું સત્યત્વ ગૃહણ કરવાની સાથે ઉપાસનાનું
અનુષ્ટાંન કરવું એ વાત સીદ્ધ થાય છે એટલા માટે દ્વૈતવાલાને તો બેઉ
રીતે પાંસરૂ છે. ઘણો વીસ્તાર કરવાનું પ્રયોજન નથી. હવે વૈષ્ણવને પ્રત્યે
મલીન અંતઃકરણવાળાઓએ આ પ્રશ્ન ઉઠાવેલાં હોય તો પોતે આસ્તીક
પણામાં રહીને આનો વિચાર કરો કે.

एषांसमाश्रयःकृष्णोनामयैरुच्य	જેમને કૃષ્ણનો રૂડો આશ્રય છે
तेहरे॥ःकृष्णश्चपूजितोयैस्तुयेकृष्णा	જેઓ ષણનું નામ રટે છે જેઓ
र्थमुपोषिताः ॥ ४२ ॥	કૃષ્ણની શેવા કરે છે અને જેઓ

यैश्चनित्यंस्मृतःकृष्णोनतमद्विषयो पगाः ॥ ४४ ॥

કૃષ્ણને અર્થે ઉપવાસ કરે છે તથા નીત્ય કૃષ્ણનું સ્મરણ કરે છે તેઓ માહારા (યમરાજાના) તાબામાં આવવાવાળા નથી. ॥૪૩॥ ॥૪૪॥

नमःकृष्णाच्युतानंतवासुदेवेत्युदीरितं॥यैर्भावभावितंविप्रानतेमद्विषयो पगाः ॥ ४५ ॥

જેઓ હે કૃષ્ણ, અચ્યુત હે અનંત વાસુદેવ, તમને નમસ્કાર છે, એ રીતે ભાવથી ઉચ્ચારણ કરે છે તેઓ હે બ્રાહ્મણો મારા તાબામાં આવનારા નથી. ॥૪૫॥

विष्णोर्देवाधिदेवस्यजगद्धातुःप्रजापतेः॥प्रणामंयेप्रकुर्वंतितेषामपिनमोनमः ॥ ४६ ॥

વિષ્ણુ દેવાધી દેવ જગદ્ધાતા પ્રજાપતિને જેઓ પ્રણામ કરે છે તેમને પણ નમસ્કાર છે નમસ્કાર છે. ॥૪૬॥

ઇત્યાદી भविष्योत्तरपुराणના વચને કરીને વૈષ્ણવોનું પોતાની પાસે આવવું નથી થતું એમ કહીને વારંવાર તેમના ઉદ્દેશથી પ્રણામ કરીને ધર્મ રાજાએ તેમને વિશે મહાન ભક્તિ દેખાડેલી છે તો પછી બીજાઓને તો તેમની ભક્તિની આવશ્યકતા ॥ कैमुत्तन्याये (ગંગાના પવનથી મુક્તિ થાય તો પછી નાહાવાથી તો કહેવુંજ શું? એ ન્યાયે)કરીને જણાયછે. તેમજ-

मद्भक्ताःक्षत्रियावैश्याःस्त्रियःशूद्रास्तथान्त्यजाः॥प्राप्नुवंतिपरांसिद्धिंकिंपुनस्त्वंद्विजोत्तम ॥ ४७ ॥

માહારા ભક્ત ક્ષત્રીયો વૈશ્યો શૂદ્રો અને અંત્યજો મોક્ષને પ્રાપ્ત થાય છે તો પછી હે દ્વિજોત્તમ તને મોક્ષ થાય તેમાં તો કહેવુંજ શું ?॥૪૭॥

श्वपाकोपिचमद्भक्तःसम्यक्श्रद्धासमन्वितः॥प्राप्नोत्यभिमतांसिद्धिमन्येषांतत्रकाकथा. ॥ ४८ ॥

ચંડાળ પણ જો શ્રદ્ધાપૂર્વક મહારો ભક્ત હોય તો પોતાની મન વાંછીત સીદ્ધીને પામે છે તો પછી બીજાઓનું તો કહેવુંજ શું? ॥ ૪૮ ॥

એ પ્રકારનાં બ્રહ્મપુરાણનાં ભગવત વચનોએ કરીને તથા—

धन्यास्तेपुरुषालोकेयेऽर्चयंतिहरिंसदा ॥ ४९ ॥

લોકને વીષે તે પુરૂશોને ધન્ય છે કે જેઓ નીરંતર હરીનું અર્ચન કરે છે. ॥૪૯॥

ब्राह्मणाःक्षत्रियावैश्याःस्त्रियःशूद्रास्तथांत्यजाः॥संपूज्यंतेसुरवरंप्राप्नुवंतिपरांगातिम् ॥ ५० ॥

બ્રાહ્મણો, ક્ષત્રીયો, વૈશ્યો, શુદ્રો સ્ત્રીયો અને અન્યજો જેઓ દેવ શ્રેષ્ટનું રૂડી રીતે પુજન કરે છે તેઓ પરમ ગતીને પામે છે. ॥૫૦॥

ઈત્યાદી ત્યાંનાંજ બીજા વચનોએ કરીને બ્રાહ્મણથી માંડીને અંત્યજ પર્યંતના ભગવત્ ભક્તોને માટે મુક્તીની પ્રતીજ્ઞા કરીને તેમને વીષે પરમ આદર દર્શાવતા થકા—

येचभागवताःशुद्रास्तेनूनंममर्त्तयः॥तान्विप्रान्येनमस्यंतितेमामेवनमंतिवै॥ ५१ ॥

જેઓ શુદ્ર ભાગવતો છે તેઓ નીશ્ચય કરીને મારી મૂર્તિયો છે તેઓને જે બ્રાહ્મણો નમન કરે છે તેઓ મનેજ નમે છે. ॥૫૧॥

शुद्राभागवताःपूज्याद्रष्टव्याश्चसदान्टभिः॥विशेषेणकलौब्रह्मन्द्विजरूपोह्यवस्थितः ॥ ५२ ॥

નરોએ સર્વ કાળમાં શુદ્ર ભાગવતોને પુજવા અને તેમનું દર્શન કરવું. વિશેષે કરીને કલીયુગમાં તો હું બ્રાહ્મણરૂપેજ રહેલો છું. ॥૫૨॥

એ પ્રમાણે ભગવત વચનોએ કરીને ભાગવત બ્રાહ્મણોને પ્રણામ કરનારાઓ પોતાને પ્રણામ કરનારા છે એમ બતાવવાની સાથે તેમની સાથે તેમની પુજા અને તેમનું દર્શન એ પોતનીજ પુજા ને પોતાનુંજ દરશન છે એ રીતના પ્રતિપાદન પૂર્વક સ્થાપન કરેલું છે વળી—

अपिचेत्सुदुराचारोभजतेमामनन्यभाक्॥साधुरेवसमंतव्यःसम्यग्व्यवसितोहिसः ॥ ५३ ॥

જો કે બહુ દુરાચારી હોય તોપણ મારૂ અનન્યભાવે ભજન કરે છે તો તેને સાધુજ માનવો કેમકે તેનો (મારા ભજનરૂપી) વ્યવસાય બહુ સારો છે. ॥૫૩॥

कौंतेयप्रतिजानीहिनमेभक्तःप्रणश्यति ॥ ५४ ॥

માટે હે કૌંતેય (કુંતીપુત્ર)તુ નક્કી પણે જાણ કે માહારો (શ્રી કૃષ્ણનો) ભક્ત નાશ પામતો નથી. ॥૫૪॥

मामूहिपार्थव्यपाश्रित्ययेपिस्युःपापयोनयः॥ स्त्रियःशूद्रास्तथावैश्यास्तेपियांतिपरांगतिम् ॥ ५५ ॥

માહારેજ આશ્રે રહેલા જો કે પાપયોની એવા સ્ત્રી શુદ્ર અને વૈશ્ય હોય છે તોપણ તેઓ પરમ ગતીને પામે છે. ॥૫૫॥

ઈત્યાદી ગીતાજીનાં વચનોવડે દુરાચારી એવા પણ ભગવત ભક્તનું સાધુપણું અને તેનો અપ્રણાશ તથા પાપ યોનીયોમાંના પણ ભગવત ભક્તોનો મોક્ષ પ્રતીપાદન કરેલો છે તેમજ.

त्वद्भक्तियुक्तोयोलोकेजीवन्मुक्तःससंततः॥त्वद्भक्तिहीनोमूर्खश्चजीवन्नपिमृतोहिसः ॥ ५६ ॥

લોકને વીશે જે તમારી ભક્તીવાળો છે તે નિરંતર જીવન મુક્ત છે ને તમારી ભક્તિથકી હીન છે તે મુર્ખ જીવતો થકો પણ મરેલો છે ॥૫૬॥

किंतज्जपेनतपसायजनैःपजनेनवा॥ व्रतेनवोपवासेनपुण्यतीर्थनिषेवया॥ (कृष्णभक्तिविहीनस्यवृथामुर्खस्य जिवनं) ॥ ५७ ॥

તે જપ તપ અને પુજને કરીને શું ? અથવા વ્રત ઉપવાસ અને પુણ્ય તીર્થની સેવાએ કરીને પણ શું ? જો કૃષ્ણ ભક્તિથી હીન છે તો તે મૂર્ખનું જીવવું પણ વૃથા છે. ॥૫૭॥

એ પ્રકારનાં વરાહ પુરાણનાં વચનોએ કરીને તથા—

कृष्णंकमलपत्राक्षंनार्चयिष्यंतियेःनराः॥जीवन्मृतास्तुतेज्ञेयानसंभाष्याकदाचन ॥ ५८ ॥

કમળપત્રાક્ષ એવા ભગવાન કૃષ્ણનું જે જનો અરચન નથી કરતા તેમને જીવતા થકા મુવેલા જાંણવા તેમનાથી કદી ભાષણ ન કરવું.॥૫૮॥

એવાં સભાપરવનાં વચને કરીને ભગવત ભક્તનુંજ જીવનમુક્તપણું અને ભગવાનના અભક્તનું જીવતા મુવાપણું તથા તેની સાથે ન બોળવા પણું અને તેના કરેલા જપ યજન આદીકનું અને છેલ્લે જીવવાનું પણ

થાપણું જણાવેલું છે—

येविश्नुभक्तिविमुखाननमंतियेचना रायणायशरणागतपालनाय॥ विष्णवालयंचनहियांतिनरास्तुमूर्खास्तानानयध्वमसतोकृताविश्नुकृत्यान् ॥ ॥ ५९ ॥

જે વિષ્ણુ ભક્તિથી વિમુખ છે અને જેઓ શરણાગતનું પાલણ કરનારા એવા નારાયણને નમતા નથી અને વિષ્ણુ મંદિર પ્રતિ જતા નથી અને જેમણે વિષ્ણુ સંબંધી કાર્ય કર્યાં નથી એવા અસત્ અને મૂર્ખ જે નરો છે તેમને તમે (યમદુતો) લાવજો. ॥૫૯॥

चंडालोपिद्विजश्रेष्टाविण्णुभक्तोद्विजाधिक॥ःविण्णुभक्तिविहीनश्चद्विजोपिश्वपचाधमः ॥ ६० ॥

હે દ્વીજ શ્રેષ્ટ ચંડાલ પણ જો વિષ્ણુ ભક્ત છે તો તે દ્વિજ કરતાં અધીક છે ને વિષ્ણુ ભક્તિહીન જો બ્રાહ્મણ છે તો તે ચંડાલથી પણ અધમ છે. ॥૬૦॥

એ રીતે બ્રહ્નારદીય પુરાણના વચને કરીને જે ભગવત ભક્તિથી વિમુખ, ભગવાનને પ્રણામ ન કરનારો અને તેમના મંદીરમાંનહી જનારો તે દંડ પામવાને યોગ્ય છે એવી નીંદાપૂર્વક ચંડાલ પણ જો ભગવત ભક્ત છે તો તેનું બ્રાહ્મણ કરતાં પણ અધીકપણું ને બ્રાહ્મણ અભક્ત હોય તો તેનું ચંડાલથી પણ નીકૃષ્ટપણું કેહેવાની સાથે—

येनिंदंतिरुषीकेशंतन्मंत्रोपासकं तथा॥पवित्राणांपवित्रंचब्रह्महत्यांव्रजंतिते ॥ ६१ ॥

ઋષીકેશ તથા પવિત્રમાં પવિત્ર એવા તેમના મંત્રના ઉપાસકની જે નિંદા કરે છે તેને બ્રહ્મહત્યા લાગે છે. ॥ ૬૧ ॥

આ રીતના વરાહ પુરાણના વચને કરીને વૈષ્ણવોનું પરમ પવિત્રપણું પ્રતિપાદન કરવાની સાથે તેમની નિંદા કરનારને બ્રહ્મહત્યા રૂપ દોષ સંભળાવવાથી વૈષ્ણવોની તથા ભગવાનની તો ભક્તિજ કરવાનું અને તેમની નીંદા મનમાં પણ ન કરવાનું કહેલું જણાય છે તેથી પ્રમાણને પરતંત્ર

એવા લોકો તો નીશ્ચય કરીને ઈર્ષાથી પણ નિંદામાં પ્રવત થતા નથી છતાં તેમાં જો કોઇ પ્રવર્ત થાય તો તેઓને કહેલા પ્રત્યવાય વીના બીજુ ફળ નથી.

જો બોધ થવાની ઈચ્છાથી આ પ્રશ્નો સારી રીતે ઉઠાવેલાં છે તો કરેલાં પ્રશ્નોનાં સમાધાનોના પ્રકાર જેવા છે તેવા (આ ઉત્તરો) તૈયાર છે.

॥ प्रकर्ण २ जु ॥

संप्रदाय शब्दनो अर्थ ने तेना भेद.

तेनुं प्रयोजन तथा अधिकारिनो निर्णय इत्यादि.

१ प्रश्न ॥संप्रदायशब्दस्यकोर्थः સંપ્રદાય શબ્દનો શો અર્થ છે.

उत्तर—સંપ્રદાય એટલે ગુરૂ પરંપરાગત ઉપદેશ. અમર કોશમાં પણ તેજ અર્થ બતાવેલછે. ॥ आप्रछन्नमथाम्नायःसंप्रदायक्षयोक्षिये ॥ તેની વ્યાખ્યા અમરવીવેકમાં પણ "આમ્નાય" અને "સંપ્રદાય" એ બે ગુરૂ પરંપરાથી આવેલા ઉપદેશને કહે છે એમ વ્યાખ્યાન કરેલું છે.

येतुदग्धेन्धनालोकेपुण्यपापविवर्जिताः॥तेषात्वयाभिनिर्दिष्टापारंपर्यागतागतिःचतुर्थीचैवतेगत्यांगच्छंतिपुरुषोत्तमं ॥ १ ॥

બલી ગએલાં લાકડાંની નીરધુમ અગ્નિ જેવા જેઓ પુણ્ય પાપથી રહિત થએલા છે તેઓની પરંપરાથી પ્રાપ્ત થએલી ગતી તમે દેખાડી અને તે લોકો ચતુર્થી ગતીમાંજ પુરૂષોત્તમને પ્રાપ્ત થાય છે. ॥૧॥

આવી રીતના (પંચ રાત્ર સમંધી) નારાયણીયના વચનનું નીલકંઠે પણ "पारंपर्यागता" પરંપરાથી પ્રાપ્ત થએલી "गुरुपरंपरा" તેનો પાઠો "संप्रदायागता" સંપ્રદાયથી પ્રાપ્ત થએલી એવો પર્યાય બતાવીને સંપ્રદાયથી આવેલી "ગતી" એટલે સંપ્રદાયથી આવેલું જ્ઞાન અને ચતુર્થ એટલે "અનીરૂદ્ધ" પ્રદ્યુમ્ન "તથા શંકર્ષણ" એ ત્રણેને છોડીને ચતુર્થ "વાસુદેવ" ગતીને પામે છે એ રીતે વાખ્યાન કરેલું છે.

જે નીલકંઠને તમે આગળ "ભારત ભાગવતના ટીકાકાર" એમ કહીને તમારા પૂર્વાચાર્ય તરીકે સ્વીકારેલ છે, તેમની ઉક્તિથી વીશેષ કરીને અમારા પંચરાત્ર જ્ઞાન જનક જે ગુરૂ પરંપરા છે તેના ઉપદેશને સંપ્રદાય પણું ખુલ્લું કહેલું છે.

(જુઓ નારાયણીયમાં ઉપર કહેલા શ્લોકનો આગળ પાછળનો પ્રસંગ) આ ઠેકાણે કદી એમ કહેવામાં આવે કે અમરકોષ અને તેના વાખ્યાન પ્રમાણે "સંપ્રદાય" શબ્દનો "ગુરૂ પરંપરાથી આવેલો ઉપદેશ" એમ અર્થ કરીએ તો "ગુરૂ પરંપરા" "સંપ્રદાયાગતા" એ રીતના નીલકંઠના વાખ્યાનમાં "ગુરૂ પરંપરા" એ શબ્દ વ્યર્થ થસે અથવા નીલકંઠની વ્યાખ્યા પ્રમાણે "સંપ્રદાય" શબ્દનો ઉપદેશ" એટલોજ માત્ર અર્થ થાય છે આમ જો કહીએતો તેમ નથી કેમકે.

કોશ તો શબ્દ શક્તિનો ગ્રાહક હોવાથી તે પ્રમાણે આંહી પણ સંપ્રદાય શબ્દનોગુરૂ પરંપરાથી આવેલો ઉપદેશ એવો અર્થ સિદ્ધ થઈને તેવી પરંપરાનું ઉત્કૃષ્ટપણું સમજાવવા માટે "ગુરૂપરંપરા" એટલે "સંપ્રદાય" એવો અર્થ બંદ બેસે છે. તેમજ આચાર્ય વામન એમણે પણ કાવ્યાલંકારવૃત્તિમાં "જો વીશેષ ન હોય તો એકાર્થ (એકજ અર્થ)વાળા બે શબ્દ) દુષ્ટ છે અને વીશેષ પ્રતિપાદન કરવાનું છે તો એકાર્થ દુષ્ટ નથી" અહીથી આરંભીને (પુષ્પ માલા એ શબ્દમાં) "પુષ્પ શબ્દ ઉત્કર્ષ જણાવનાર છે" એ રીતે વાખ્યાન આપ્યું છે. વળી તે વાખ્યાનના વાખ્યાનમાં પણ તે કહે છે કે "(માલા) શબ્દથી મતલબતો કહી ચુક્યા છતાં "પુષ્પ" પદ કહેવાનુ પ્રયોજન તેની ઉત્કર્ષતા દેખાડવા માટે છે. જેમકે પુષ્પ માળાની પેઠે આ કન્યા કોને નહી લોભાવે આવા પ્રયોગ બહુ ઠેકાણે કરેલા છે તેમ આહી પણ સમજવું."

વળી ॥ सिद्धंसत्संप्रदायेस्थिहधियमनघं ॥ઈત્યાદીમાં સંપ્રદાય શબ્દ ઉપદેશાર્થપર છે અને ॥ सांप्रदायिकत्वंअस्यार्थस्य ॥ એ રીતે श्रुतप्रकाशिका વીગેરે ગ્રંથોમાં ઉપદેશપર લગાડેલ છે તેથી ॥ शब्दार्थौकान्यं ॥ એ રીતે શબ્દ, અર્થને જ્ઞાન એ ત્રણેમાં પણ સંપ્રદાય શબ્દ મુખ્ય છે તેથી ત્યાં (નીલકંઠના વ્યાખ્યાનમાં) સંપ્રદાય શબ્દમાં સાંપ્રદાયિક વિષય એવો પ્રયોગ બની શકે છે.

२ प्र० कतिभेदा? — સંપ્રદાયના કેટલા ભેદ છે.

ઉ૦ દેશ કાલ અને પુરૂષના ભેદે કરીને થઈ ગએલા, હાલ ચાલે છે તથા હવે થવાના એ બધા સંપ્રદાયની સંખ્યા કરવી પણ અશક્ય એવા તેના બહુ ભેદ છે.

३ प्र० कस्मैप्रयोजनाय? — તેમનું પ્રયોજન શું છે?

ઉત્તર—મુક્તિરૂપ પ્રયોજન માટે તે છે એટલે જે સંપ્રદાયનું મુક્તિરૂપી પ્રયોજનમાં પર્યવસાંન થાય છે તેમાં સંપ્રદાય શબ્દ મુખ્ય છે અને બીજાતો સંપ્રદાય જેવા આભાસ માત્ર સંપ્રદાય છે એમ ગણીને ઉપચારિક સંપ્રદાય (કહેવા માત્ર સંપ્રદાય) જાણવા.

४ प्र० केनकेनवैलक्षण्येनसंमता? — સંપ્રદાયના ભેદ કઈ કઈ વીલક્ષણતાથી મનાય છે?

ઉત્તર—જેમ સંપ્રદાય અસંખ્ય છે તેમજ તેમનાં (પરસ્પર) વિલક્ષણપણાં પણ અસંખ્ય છે તેથી (તે કહેતાં પાર ન આવે માટે) તે કહેવું અશક્ય છે.

५ प्र० भेदेषुभवत्संमतिर्नवा? — એ ભેદ તમને (સંમત) કબુલ છે કે નહી?

ઉત્તર—ઉપર કહ્યા પ્રમાણે જે સંપ્રદાય મુક્તિ પર્યવસાઈ છે તેમના ભેદ માત્રમાં અમારી સંમતિ છે બીજામાં નથી (જેથી મુક્તિ મળે તેમ નથી તે અમારે કબુલ નથી.)

६ प्र० संमातिश्चेत्तदाचरणंकुतोन? — સંમતી છે તો તેનું આચરણ કેમ કરતા નથી?

असंमातिश्चेत्कुतोअंगीक्रियते? — સંમતી નથી તો અંગીકાર કેમ કરો છો?

ઉત્તર—સંમતી હોય તો પણ અનેકમાં એકનુંજ અનુષ્ઠાન થાય છે. એક પુરૂષથી સર્વેનું અનુષ્ઠાન થઈ શકતું નથી માટે યથારૂચી તે તે સંપ્રદાયનો પરિગ્રહ કરવાનો છે અને ખરેખરૂંજ બોલાવો તો તો પંચરાત્ર પ્રક્રિયાથી શ્રી વૈષ્ણવ દીક્ષા પૂર્વક સાંગ ભક્તિ પ્રપત્તિરૂપ સુંદર ઉપાય સબંધથી શીઘ્ર મોક્ષરૂપ પુરૂષાર્થનો હેતુ એવો श्रीरामानुजसंप्रदाय સકલ

સંપ્રદાયમાં शिरोमणी છે માટે બુદ્ધિવાન લોકોએ તો તેનોજ આશ્રય લેવો જોઈએ જેમકે—

पुरूषःसपरःपार्थभक्त्यालभ्यस्त्वनन्यया ॥ २ ॥	હે અરજુન તે પરમ પુરૂષ તો અનન્યભક્તિથીજ પ્રાપ્ત થાય છે.॥૨॥

એમ કહેલું છે વળી लक्ष्मीतंत्रमांपणकहुछेके.

मत्कर्मनिरताश्शुद्धाः सांख्ययोगविदस्तथा॥नार्हंतिशरणस्थस्यकलां कोटितमीमपि ॥ ३ ॥	મારા કર્મમાં સદા આસક્ત, શુદ્ધ અને સાંખ્ય યોગ જાણવાવાળા પણ શરણાગતી ધર્મવાળાની કરોડમી કળાને પણ યોગ્ય નથી. ॥ ૩ ॥

માટે ભક્તિ પ્રપત્તિ એ ભગવત પ્રાપ્તીનો ઉપાય છે તેમાં વળી પ્રપત્તિ તો અત્યંત શીઘ્ર ફળ આપનારી હોવાથી તેનું પરમ શ્રેષ્ટપણું સીદ્ધ થાય છે.

૭ प्र० किंवर्णनिष्ट	સંપ્રદાય કયા વર્ણનીષ્ટ છે (કયા, વર્ણને માટે છે.

ઉત્તર—યથાધીકાર સર્વ વર્ણ નીષ્ટ છે.

८ प्र० वर्णनिष्टश्चेत्संप्रदायपूर्वकोवर्णःवर्णपुर्वकःसंप्रदायोवा?	પ્રશ્ન. જો વર્ણનીષ્ટ હોય તો સંપ્રદાય પુર્વક વર્ણ કે વર્ણ પૂર્વક સંપ્રદાય છે?
आश्रमपूर्वकश्चेतदासंप्रदायपूर्वकआश्रमःआश्रमपूर्वकःसंप्रदायोवा?	આશ્રમ પૂર્વક હોય તો સંપ્રદાય પૂર્વક આશ્રમ કે આશ્રમ પૂર્વક સંપ્રદાય છે?

(આ બે પ્રશ્નોનો અર્થ આ પ્રમાણે થાય છે કે વૈષ્ણવ દીક્ષા અને ભગવત ઉપાસનાદી જે સંપ્રદાય તેનું વર્ણાશ્રમ અને તેના આચારથી યુક્ત પણું છે કે તેનાથી વીપરીતપણું છે?)

ઉત્તર—વર્ણાશ્રમ અને તેના આચાર એ તદ્યુક્તજ સંપ્રદાય છે જેમ-વીષ્ણું પુરાણમાં કહ્યું છે કે.

वर्णाश्रमाचारवतापुरुषेणपरःपु	વર્ણાશ્રમના આચારવાળા પુરૂષોથી

मान्॥विश्नुराराध्यतेपंथानान्यत्ततो वकारकः ॥ ४ ॥

જ પરપુરૂષ વીષ્ણુનું આરાધન થાય છે અને તે "વિષ્ણુ" ને સંતોષકારક બીજો માર્ગ નથી. ॥ ૪ ॥

મતલબકે વર્ણાશ્રમના આચારરહીત પુરૂષો તેમને પસંદ પડતા નથી.

प्रकरण त्रीजु.

संप्रदाय समंधि प्रमाण-काल-कारण-आचार्य.

(तेनि जात देश) नो निर्णय ईत्यादि.

१ प्रश्नः ॥ कियत्कालात्प्रव्रतः॥तत्रबहुकालात्प्रवृत्तश्चेन्मन्वादिग्रंथेश्वद्रष्टत्वात्तद्विलक्षणत्वाच्चकथंप्रमाणं ॥

પ્ર૦ (તમારો સંપ્રદાય) ક્યારથી ચાલ્યો છે? જો બહુ કાળથી ચાલેલો હોય તો મનુસ્મૃત્તિ આદી ગ્રંથોમાં તે નહી જણાવાથી અને તે કરતાં વળી વીલક્ષણ હોવાથી તે શી રીતે પ્રમાણ કેહેવાય?

ઉત્તર—અહી એટલુંજ કહીયે છીએ કે.

इदंमहोपनिषदंचतुर्वेदसमन्वितं॥सांख्ययोगकृतांतेनपंचरात्रानुशब्दितं ॥ ५ ॥

આ મહાન્ ઉપનીષદ ચાર વેદની સમાન, સાંખ્ય અને યોગના પર્યવસાન યુક્ત પંચરાત્ર એવા નામવાળું. ॥ ૫ ॥

અહીંથી આરંભીને.

एवमेषमहान्धर्मआद्योराजन्सनातनः ॥ ६ ॥

હે રાજન એ પ્રકારનો આ ધર્મ આધ અને સનાતન છે. ॥ ૬ ॥

धर्मंचमत्तोगृह्णिष्व सात्वतंनांमनांमतः ॥ ७ ॥

સાત્વત જેનું નામ છે તે "પંચરાત્ર" ધર્મ તું મહારાથી ગૃહણ કર.॥૭॥

भविष्यतिप्रमाणंवैएतन्मदनुशास

મારી આગ્નારૂપ આ શાસ્ત્ર પ્રગા-

न ॥ ८ ॥ — ણુજ થશે. ॥ ૮ ॥

અહીં સુધીના માહાભારતના વાક્યોમાં કહ્યા પ્રમાણે તેનું સનાતન અને પ્રમાણિકપણું સિદ્ધ છે.

અને જો મનુસ્મૃતિ આદી ગ્રંથમાં નહી જણાવાથી અમારા સંપ્રદાયનું અપ્રમાણિકપણું ઉભુ કરતા હો તો પછી તમારી કહેલી પંચદેવની પુજા, પાર્થીવ પુજન કર્યા વીના ભોજન ન લેવું (પંચાક્ષરી દીક્ષા), ભસ્મ રૂદ્રાક્ષનું ધારણ કરવું ઇત્યાદીક ધર્મો શી રીતે પ્રમાણ થશે કેમકે તે પણ મનુ આદીક સ્મૃતિમાં નથી.

ખરી રીતે તો "નારાયણ એજ જગત કારણ છે અને શ્રુતિ સ્મૃતિમાં કહેલા સર્વે વર્ણાશ્રમ ધર્મો તેના આરાધન રૂપ છે અને કર્મ કાંન્ડમાં અગ્નિ, ઇંદ્ર ઈત્યાદી શબ્દો જે તેમના પોત પોતાના મંત્રોમાં લગાવેલા છે તે સાક્ષાત્ નારાયણના વાચક છે તે ભગવાન સર્વના અંતરયામી છે અને "મનુએ" કહેલાં કર્મરૂપ આરાધનનું મોક્ષરૂપ પરમ પ્રયોજનમાં પર્યવસાન છે" ઈત્યાદી અમારા સંપ્રદાયના અર્થો છે તે માનવ શાસ્ત્ર (મનુસ્મૃતિ)માં જણાય છે છતાં તેણે (મનુએ) અમારો સંપ્રદાય નથી જોગો એમ શી રીતે કહેવાય કેમકે મનુ સ્મૃતિના આરંભમાંજ.

आपोनाराइतिप्रोक्ताआपोवैनरसूनवः॥तायदस्यायनंपूर्वंतेननाराय णस्मृतः ॥ ९ ॥

આપ (જલ) નરથી ઉત્પન્ન થયું છે માટે તેને "નારા" કહે છે (આપ એટલે સર્વ પ્રકારનું બીજ) તે તેનું પ્રથમ ઘર છે (પુર્વ સૃષ્ટિમાં તેમાં પોતે અંતરયામી થઇને સુઈ રહેલા) માટે નારાયણ કહે છે. ॥ ૯ ॥

ઈત્યાદી શ્લોકથી નારાયણનું જગત કારણત્વ પ્રતીપાદન કરીને સમાપ્તીમાં વળી.

प्रशासितारंसर्वेषामणीयांसमणोरपि॥रुक्माभंस्वप्नधीगम्यंविद्यात्तंपुरुषंपरम् ॥ १० ॥

સર્વેનો નીયંતા અણુથી પણ અણુ સુવર્ણના જેવી કાંતીવાળો અને સ્વપ્ન જેવી બુદ્ધિથી જાણવામાં આવે એવો જે પુરૂષ છે તેને પરમ

પુરૂષ જાણવો. ॥ ૧૦ ॥

એ રીતે સર્વનો નિયંતા, સર્વનો અંતરયામી વિગૃહવાન બતાવીને.

भगवानितिशब्दोयंतथापुरुषइत्यपि॥निरूपाधौचवर्ततेवासुदेवेसनातने॥ ११ ॥	આ ભગવાન એ શબ્દ તથા પુરૂષ એ શબ્દ પણ ઉપાધીરહીત સનાતન એવા ભગવાન વાસુદેવને લાગુ થાય છે. ॥ ૧૧ ॥
यथापुरुषशब्दोयंवासुदेवेव्यवस्थित ॥ १२ ॥	જેવો આ પુરૂષ શબ્દ વાસુદેવને લાગુ પડે છે (ઈત્યાદી) ॥ ૧૨ ॥

એ રીતે પહેલા વિષ્ણુ પુરાણના અને બીજા સ્કંદ પુરાણના વચનોથી જે મળી આવે છે એવા એક નારાયણનાજ પરત્વ વડે સમાપ્તીમાં આવેલા "પુરૂષ" શબ્દથી અને આરંભમાં આવેલા. "નારાયણ" શબ્દથી દેવતા વિશેષ (જગત કારણ અમુક દેવતા) નો [મનુએ] નિર્ણય કરેલો છે તેમજ.

एतमेकेवदंत्यग्निमनुमन्येप्रजापति॥इंद्रमेकेपरेप्राणमपरेब्रह्मशाश्वतम् ॥ १३ ॥	એને કોઈ અગ્નિ કહે છે, કોઈ મનુ, કોઈ પ્રજાપતી—કોઈ ઈંદ્ર, કોઈ પ્રાણ અને વળી કોઈ શાશ્વત બ્રહ્મ—એ રીતે કહે છે. ॥ ૧૩ ॥

એ રીતના તેને કર્મ સબંધી અગ્નિ ઈંદ્ર ઈત્યાદી શબ્દો સાક્ષાત કારણભૂત નારાયણનાજ વાચક છે, એમ બતાવીને તથા

एषसर्वाणिभूतानिपंचभिर्व्याप्यमूर्तिभिः॥जन्मवृद्धिक्षयैर्नित्यंसंसारयतिदेहिनम् ॥ १४ ॥	એ સર્વ ભૂતને વીશે પાંચ મહાભૂત રૂપે વ્યાપક થઈને જીવને નિત્ય જન્મવૃદ્ધિ અને ક્ષયદ્વારા સંસારી કરે છે. ॥ ૧૪ ॥

એ રીતે સૃષ્ટિનુ આદી કારણ કહીને.

नैश्रेयसमिदंकर्मयथोदितमशेषतः ॥ १५ ॥	કહેલું આ સઘળું કર્મ કલ્યાણને આપનારૂં છે. ॥ ૧૫ ॥
एवंयःसर्वभूतेषुपश्यत्यात्मानमा	એ પ્રમાણે જે સર્વ ભૂતોને વીશે

त्मना॥सर्वसमतामित्यब्रह्माभ्येतिप रंपदं ॥ १६ ॥ — મનવડે આત્માને જુવે છે તે સર્વની સમતાને પ્રાપ્ત થઇને બ્રહ્મના પરમ પદને પામે છે. ॥ ૧૬ ॥

એ રીતે કર્મગાંના આરાધ્ય દેવતાઓના અંતરયામી રૂપે કરીને આત્માને વીષે પરમાત્માના દર્શનનું પર્યવસાન મોક્ષ ફળની પ્રાપ્તી કરાવનારૂં થાય છે અને કર્મએ મોક્ષનાં પ્રયોજક છે એરીતે સ્થાપન કરીને વચમાના ઉચિત વર્ણાશ્રમ ધર્મોમાં તે તે દેવતાનું આરાધન એ નારાયણના આરાધન રૂપ છે એવું (મનુસ્મૃતિમાં) બતાવેલું છે.

शंका—તમારા સંપ્રદાયના (ઊપર પ્રમાણે) કેટલાક અર્થો તેમાં દેખાય છે પણ વૈષ્ણુવ દીક્ષા આદિ અર્થ ત્યાં જણાતા નથી એમ શંકા હોય તો તેથી શું? એમ પુછવાથી કહેશો કે તેના બહુ કાળથી પ્રવૃત થવાપણામાં હાંની આવે છે તો તેનો જવાબ એવો છે કે બીલકુલ હાંની નથી આવતી કારણ કે મનુસ્મૃતિમાં તે ન જણાવાથી તે કાળમાં તેનું ન હોવાપણું સિદ્ધ થઇ શકતું નથી કેમકે તેવીજ રીતે બીજી સ્મૃતિઓમાં પ્રસિદ્ધ છે એવા કેટલાક ધર્મો તેમાં નથી માટે એવો સવાલ કરો કે મનુમાં નહી કહેલા સઘળા ધર્મ શી રીતે ધર્મ કહેવાય? તો ઉતર એવો છે કે

यंशिष्टाब्राह्मणाब्रुयुःसधर्मःस्याद शंकितः ॥ १७ ॥ — શીષ્ટ બ્રાહ્મણો જે કહે તે નિઃસંશય ધર્મ છે. ॥ ૧૭ ॥

એ રીતે મનુએ બીજા શીષ્ટના કહેલા ધર્મોનું ધર્મપણું પ્રતીપાદન કરેલું અને.

पंचरात्रविधानेनस्थंडिलेवापिपू जयेत् ॥ १८ ॥ — પંચરાત્રની વીધી પ્રમાણે સ્થંડીલમાં પણ પુજા કરવી. ॥ ૧૮ ॥

એ રીતે પરાશર સ્મૃતિમાં કહેલા પંચરાત્ર ધર્મનુ મનુ સાથે અનુકુળપણું સિદ્ધ થાય છે.

અને ઉઘાડુ બોલાવો તો.

अस्मात्प्रवक्ष्यतेधर्मान्मनुस्वायंभु वःस्वयम् ॥ १९ ॥ — એનાથી સ્વાયંભૂમનું પોતે ધર્મો કહેશે. ॥ ૧૯ ॥

એ રીતના માહાભારતના વચનથી " મનુસ્મૃતિનું મુળજ " પંચરાત્ર છે

એટલે તેમાં (પંચરાત્રમાં) જણાવેલા ધર્મ મનુસ્મૃતિમાં જણાવેલા સિદ્ધ થાય છે.

શંકા—એ રીતે મનુએ ન કહેલા એવા ભસ્મ રૂદ્રાક્ષાદી ધર્મો પણ મનુના અભીપ્રેત કેમ ન થાય? જો એમ કહો તો તે પણ બની શકે તેવું નથી; કારણકે જેવુ ભારતમાં મનુસ્મૃતિનુ મૂળ પંચરાત્ર છે એમ કહેલું છે તેવું ભસ્માદી ધર્મનુ પ્રતીપાદન કરનારો જે શૈવાગમ (પાશુપતતંત્ર) તેનુ સ્મૃતિનું મુલ છે એવું પ્રતીપાદન કરેલું નથી એટલુંજ નહી પણ,

भवव्रत्तधरायेचयेचतान्समनुव्रताः॥पाषंडिनस्तेभवंतुसच्छास्त्रपरिपंथिनः ॥ २० ॥	શૈવ વૃત્ત ધારણ કરનારા અને બીજા તેમને અનુસરનારા તે સર્વે પાખંડી થઈને સત્ શાસ્ત્રના વીરોધી થાય. ॥ ૨૦ ॥

એ રીતે શ્રીમદ્ભાગવતના વચન પ્રમાણે શૈવલોક અને તેમના લાગુતા વલગતા સમંધી સુદ્ધાંતને માટે આ શાપ આપનારા ભૃગુએજ મનુસ્મૃતિ કહેલી હોવાથી શૈવ ધર્મોનું તેના કહેલા શાસ્ત્રમાં અભીપ્રેતપણું સંભવતું નથી. વળી શૈવ પાશુપતાદીકનુ અગ્રાહ્યપણું પ્રતિપાદન કરનારાં.

श्रृणुदेविप्रवक्ष्यामितामसानियथाक्रमं॥येषांश्रवणमात्रेणपातित्यंज्ञानिनामपि ॥ २१ ॥	હે દેવી જેના શ્રવણ માત્રથીજ જ્ઞાની પણ પતીત થઈ જાય છે તેવું તામસ શાસ્ત્ર યથાક્રમ હું તને કહુછું તે તું સાંભળ. ॥૨૧॥
प्रथमंहिमयैवोक्तंशैवंपाशुपतादिकम् ॥ २२ ॥	શૈવ અને પાશુપત, આદી શાસ્ત્ર પ્રથમ મેંજ કહેલાં છે. ॥૨૨॥

ઈત્યાદી સાંખ્ય ભાષ્યમાં ઉદાહરણરૂપે બતાવેલાં (પદ્મ પુરાણનાં) વચનોથી શૈવ પાશુપતાદી ધર્મોનું અગ્રાહ્યપણું જણાય છોં જો કે મોક્ષ ધર્મનાં

सांख्यंयोगंपंचरात्रंवेदाःपाशुपतंतथा॥ज्ञानान्येतानिराजर्षेलोकेषुप्रचरंतिहि ॥ २३ ॥	"સાંખ્ય, યોગ, પંચરાત્ર, વેદ અને પાશુપત આટલાં જ્ઞાન હે રાજર્ષી લોકોમાં પ્રસરેલાં છે. ॥ ૨૩ ॥

सर्वेषुचनृपश्रेष्टज्ञानेष्वतेषुद्रश्यते॥ यथागमंयथान्यायंनिष्टानारायणः प्रभुः ॥ २४ ॥

પણ તે સર્વ જ્ઞાનોને વીષે યથા શાસ્ત્ર યથા ન્યાય સર્વેનું પર્યવસાન નારાયણ પ્રભુને વીષે છે." ॥૨૪॥

આ વાક્યોમાં પાશુપતતંત્રને માટે પણ લખેલું છે. પરંતુ જ્ઞાન શબ્દનો વ્યાકરણની રીતે " अनेनज्ञायतेइतिज्ञानं " એણે કરીને જણાય એટલે તે જ્ઞાન કહેવાય છે. એ રીતે કરણ વ્યુત્પત્તીથી તે જ્ઞાનનુ સાધન છે માટે ज्ञान એવો व्यपदेश કરેલો છે. અર્થાત્ જ્ઞાનનું સાધન નારાયણ પર છતાં પણ.

सांख्यंयोगपंचरात्रंवेदारण्यकमेवच॥परस्परांगान्येतानिपंचरात्रंच कथ्यते ॥ २५॥

"સાંખ્ય,યોગ, પંચરાત્ર, વેદ (પુર્વ ભાગ સંહિતા), અરણ્યક (ઉપનીષદ ભાગ) એ બધાં પરસ્પર અંગો મળીને પંચરાત્ર કહેવાય છે. ॥૨૫॥

इदंमहोपनिषदंचतुर्वेदसमन्वितं ॥ २६ ॥

આ મહોપનિષદ (પંચરાત્ર) ચારે વેદથી યુક્ત. ॥૨૬॥

ऋग्यजुःसामभिर्जुष्टमथर्वाङ्गिरसस्तथा ॥ २७ ॥

ઋગ્, યજુ, સાંમ, અથર્વ, એ વડે કરીને જોડાયલું. ॥૨૭॥

ઇત્યાદી વચનોથી પંચરાત્ર અને વેદ જેવાં પરસ્પર અંગ અંગીભાવે કરીને એક બીજાનાં ઉપકારી છે તથા વેદની સાથે પંચરાત્રની જેવી રીતે બરાબરી પ્રતીપાદન કરેલી છે તેવી પાશુપત તંત્રને માટે નથી; એટલુંજ નહી પણ તે (પાશુપાત તંત્ર) વેદ વિરૂદ્ધછે એવો ભાવાર્થ જણાય છે. જો એમ ન હોય તો "વેદ અને પંચરાત્ર એક બીજાનાં અંગ છે" એ વચનમાં પાશુપત તંત્રને કેમ ગૃહણ નથી કર્યું ?

વળી મોક્ષ ધર્મના ૧૦૯ મા અધ્યાયમાં તો સ્પષ્ટ કહેલ છે કે.

वर्णाश्रमगतैर्धर्मैर्विपरीतंक्वचित्समं॥कृतांतैरव्यवासितमत्याश्रममिदं व्रजं॥मयापाशुपतंदक्षसुखामित्तुदि

હે દક્ષ! થોડીક સમાનતા શીવાય ઘણે ભાગે વર્ણાશ્રમોને અનુકૂલ ધર્મ કરતાં વીપરીત એવું છેલી પંક્તિવાળાએ

तंपुरा ॥ २८ ॥ નીશ્ચય કરેલું, આશ્રમની હદપાર ગએલું એવું અનાયાસ પાશુપત વ્રત પૂર્વે મેં ઉત્પન્ન કરેલ છે. ॥૨૮॥

એ રીતે પાશુપત ધર્મ વર્ણાશ્રમ કરતાં વીપરીત આશ્રમની હદપાર ગએલાને માટે છે એમ પ્રતીપાદન કરવાથી તેનું વેદ વિરૂદ્ધપણુ સ્પષ્ટ જણાઈ આવે છે જેથી ચારે વેદની બરાબર પોકારીને કહેલાં પંચરાત્રની સાથે તેના (પાશુપત તંત્રના) સમાનપણાની શંકા પણ કરવી બનતી નથી.

શંકા—પાશુપત તંત્ર તથા પંચરાત્રની સમાનતા વીશેના ચાલતા પ્રકરણમાં કોઇ આ પાશુપત તંત્ર પ્રતીપાદક (ઉપર બતાવ્યું તે) વચન શિવસહસ્રનામના પ્રકરણમાં હોવાથી તેનો લાભ લઈ જેમ વીષ્ણુસહસ્રનામ માહાભારતમાં કહેલ છે તેમજ શીવસહસ્રનામ પણ તેમાંજ કહેલ છે એટલા માટે તે એની બરાબરી થઈ શકે છે એમ શંકા કરે તો સમાધાનમાં તેને માટે અમારૂ કહેવું એવું છે કે.

धर्मार्थीप्राप्नुयाद्धर्मम् ॥२९॥ ધર્મની કામનાવાળાને ધર્મની પ્રાપ્તી થાય છે. ॥૨૯॥

ઈત્યાદી વીષ્ણુસહસ્ર નામમાં કહેલા ફળની પેઠે શીવસહસ્ર નામમાં પણ.

यशोराज्यसुखैश्वर्यकामार्थसुखकांक्षिभिश्श्रोतव्यं ॥ ३० ॥ યશ, રાજ, સુખ ઐશ્વર્ય ઈત્યાદી સુખની આકાંક્ષાવાળાએ તે સાંભળવું. ॥૩૦॥

અહીથી લઇને.

मृतश्चस्वर्गमाप्नोतीतिर्यक्षुचनजायते ॥ ३१ ॥ મુવા પછી સ્વર્ગ મળે ને તીર્યગ્ યોનીમાં જન્મ ન પામે. ॥૩૧॥

અહી સુધીનાં વચનોથી સાધારણ રીતે મોક્ષ વગરનાં નાના પ્રકારના ફળ કહેલાં છે. ને વિષ્ણુસહસ્ર નામમાં તો એવાં બધાં ફળ અંતરભુત ગણાવીને મોક્ષનુંજ મુખ્ય ફળ બતાવેલું છે એવું પ્રશ્નોત્તરાત્મક ઉપક્રમોપસંહારથી માલુમ પડે છે; એટલે કે શીવ સહસ્ર નામ કરતાં વિષ્ણુ સહસ્ર નામમાં ઘણોજ મોહોટો તફાવત છે તે આવી રીતે કે—

किंजपन्मुच्यतेजंतुर्जन्मसंसारबं જંતુ જન્મરૂપી સંસારના બં-

धनात् ॥ ३२ ॥

ધનથી શું જપવાથી મુક્ત થાય છે. ॥૩૨॥

એ રીતે મોક્ષને માટેજ ઉપયોગી પ્રશ્નનો.

नाशुभंप्राप्नुयार्त्किचित्सोऽमुत्रेह चमानवः ॥ ३३ ॥

માણસ આ લોક કે પરલોકમાં કયાંહી પણ અશુભ પામતો નથી. ॥ ૩૩ ॥

श्रेयःप्रान्पोत्यनुत्तमं ॥ ३४ ॥

અને ઉત્તમો ઉત્તમ એવું તેનું કલ્યાણ થાય છે. ॥૩૪॥

એમ કહેવાની શાથે.

वासुदेवाश्रयोमर्त्योवासुदेवपरायणः॥सर्वपापविशुद्धात्मायातिब्रह्मसनातनं ॥ ३५ ॥

વાસુદેવને શરણે જઈ તેના આશ્રયે રેહેનારો પુરૂષ સર્વ પાપથી મુક્ત થઈને સનાતન એવા બ્રહ્મને પામે છે. ॥૩૫॥

એ રીતે બ્રહ્મ પ્રાપ્તીરૂપ મોક્ષ એજ ફલ મલે છે એવો તેનો ઉત્તર આપેલો જણાય છે; પણ શીવસહસ્ત્ર નામમાં આ રીતનું મોક્ષ ફળ તો સાંભળવામાં નથીજ આવતું. અને મુવેલાને સ્વર્ગની પ્રાપ્રી અને ફરીને તે પશુ યોનીમાં ન જન્મે એટલુંજ પ્રતીપાદન કરેલું છે; એટલે તેની સમાનતા થઈ શકતીજ નથી.

१० प्रश्न० स्वल्पकालाच्चेद्धर्मादिनिर्णयस्तद्विधिस्तत्फलानिचसर्वत्रोपलभ्यमानत्वात् कथं प्रवृत्तः ॥ १ ॥

૧૦ પ્રશ્ન. (આ તમારો સંપ્રદાય) જો સ્વલ્પકાળથી પ્રવૃત્ત થયો હોય તો ધર્માદીકના નીર્ણય, તેની વિધિ, અને તેનાં ફળ એ બધું સર્વત્ર મળી આવે છે છતાં શા માટે ચલાવવો પડયો ?

ઉત્તર—ચીરકાલથી ચાલેલો છે એવું ઉપરના ભાગમાં પ્રતીપાદન થવાથી તેનો ઉત્તર અપાએલોજ છે.

અમારા આચાર્યોના ગ્રંથોની પ્રવૃત્તિ વીશે જો પુછતા હોતો બીજાઓના નીબંધોની પેઠે અમારા આચાર્યોને માટે પણ ગણી લેવું જોઇએ.

પરંતુ અદ્વૈત મતનું નવીનપણુ તો સાંખ્યભાષ્યમાં પ્રતીપાદન કરેલું જણાય છે. અમારૂતો નહી પણ તમારૂતો નવીનપણુ છે એટલે એ સવાલ તમારા ઉપરજ રહે છે. તે ગ્રંથમાં આ પ્રમાણે લખ્યું છે.

यदपिकेचिन्नवीनवेदांतिब्रुवाआहुः एकस्यैवात्मनःकार्यकारणोपाधिषुप्रतिबिंबानिजीवेश्वराः प्रतिबिंबानांचान्योऽन्यभेदाज्जन्मोद्यखिलव्यवस्थोपतातिरितितदसादित्यादि ॥ ३६ ॥

જો કે અમે વેદાંતી છીએ. એમ બોલનારા કોઇક નવીન વેદાંતિ લોકો કહે છે કે "એકજ આત્માના કાર્ય અને કારણ રૂપ ઉપાધિમાં પ્રતિબિંબ પડવાથી જીવ, ઈશ્વર એવા પ્રતિબિંબોના પરસ્પર ભેદથી જન્માદીક અખીલ વ્યવસ્થા બને છે. તે ખોટુ છે. ઈત્યાદી"; ॥ ૩૬ ॥

આવું લખીને પછી તેણે તેના ઉદાહરણમાં (ટિકામાં) જે પદ્મપુરાણનાં વચનો ટાંકેલાં છે તે ઉપરથી અદ્વૈત મત કલીયુગમાં પ્રવર્ત થએલો હોવાથી સાત્વીક લોકો માટે સ્પષ્ટ રીતે અગ્રાહ્ય છે એમ જણાય છે તે વચનો આ પ્રમાણે છે.

"श्रृणुदेविप्रवक्ष्यामितामसानियथाक्रमं॥ येषांश्रवणमात्रेणपातित्यंज्ञानिनामपि ॥ ३७ ॥

હે દેવી જેના શ્રવણ માત્રથીજ જ્ઞાની પણ પતીત થઇ જાય છે. તેવુ તામસ શાસ્ત્ર યથાક્રમ હું તને કહું છું તે તું સાંભળ॥ ૩૭ ॥

ત્યાંથી લેઈ.

मायावादमसच्छास्त्रंप्रछन्नंबौद्धमुच्यते॥ मयैवकथितंदेविकलौब्राह्मणरूपिणा ॥ ३८ ॥

કલીયુગમાં બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને માયાવાદ જેને પ્રચ્છંન બૌદ્ધ કહે છે એવું અસત્ શાસ્ત્ર હુંજ કહીશ. ॥ ૩૮ ॥

अपार्थंश्रुतिवाक्यानांदर्शल्लोकगर्हितं ॥ कर्मस्वरूपत्याज्यत्वमत्र

લોકને વિશે નિંદીત એવા ઉધા અર્થ હું તે શાસ્ત્રમાં દેખાડીશ ને કર્મ-

वैप्रतिपाद्यते ॥ ३९ ॥	ને સ્વરૂપે કરીને છોડી દેવાં એવું તેમાં બતાવીશ. ॥ ૩૯ ॥
सर्वकर्मपरिभ्रंशान्नैष्कर्म्यंतत्रचोच्यते ॥ परात्मजीवयोरैक्यंमयात्र प्रतिपाद्यते ॥ ४० ॥	સર્વ કર્મથી ભ્રષ્ટ થવું એનુંજ નામ નિષ્કર્મપણું કહીશ. પરમાત્મા અને જીવનું એક પણું પ્રતીપાદન કરીશ. ॥ ૪૦ ॥
ब्रह्मणोऽत्रपरंरूपंनिर्गुणदर्शितं मया॥ सर्वस्यजगतोह्यत्रनाशनार्थं कलौयुगे ॥ ४१ ॥	કલીયુગમાં સર્વ જગતના નાશને (અકલ્યાણને) માટે બ્રહ્મનું પરસ્વરૂપ નિર્ગુણ છે એમ મેંજ બતાવેલું છે.
वेदार्थवन्महाशास्त्रंमायावादमवैदिकं ॥ मयैवकथितंदेवीजगतांनाशकारणात् ॥ ४२ ॥	જગતનો નાશ કરવા માટે, હે દેવી! વેદ વિરૂદ્ધ શાસ્ત્ર મેંજ કહેલાછે. ॥ ૪૧-૪૨ ॥

આવી રીતનાં પદ્મપુરાણનાં વચનો લખીને વધારે એમ લખ્યું છે કે.

अधिकंतुब्रह्ममीमांसाभाष्येप्रपंचितमस्माभिः ॥ ४३ ॥	આ વિશે વધારે તો બ્રહ્મમીમાંસાના ભાષ્યમાં અમે વીવેચન કરેલછે.

એ રીતે સાંખ્ય ભાષ્યમાં (લાહીત મતવાળા વિજ્ઞાન ભિક્ષુક મહા સમર્થ પંડીતે લખેલું છે.

११ प्रश्न० वेदपुराणेतिहासादिषुप्रचुरतयाधर्मनिर्णयस्तत्फलनिर्णयश्च वर्ततएव-पुनर्नवीनरीत्याऽशास्त्रीययाकिंमयोजनमितिवक्तव्यम्	પ્રશ્ન ૧૧. વેદ-પુરાણ-ઇતિહાસ આદીમાં ધર્મનો તથા તેના ફળનો પુષ્કળ નિર્ણય છેજ તો પછી અશાસ્ત્રીય નવીન રીતે તમારો સંપ્રદાય ચલાવવાનું શું પ્રયોજન છે? તે કહો.

ઉત્તર—"અશાસ્ત્રીય નવીન રીતે" એટલા ભાગનો ઉત્તરતો અમે ઉપરજ આપેલો છે, અને એતો તમારા પક્ષનેજ ધક્કો લગાડે છે. અને બતાવેલાં

તથા હવે પછી બતાવવામાં આવવાનાં વચનોથી અમારી રીતીનુંજ શાસ્ત્રીયપણું તમે સમજશો—

પછી "શું પ્રયોજન છે" એટલા ભાગનો ઉત્તર રહ્યો તે પણ પ્રથમ એવોજ પ્રશ્ન છે તેમાં આપેલો છે.

૧૨ प्रश्न. आचार्यश्चकः ૧૨ પ્રશ્ન—આચાર્ય કોને કહેવાય?

ઉત્તર—એક સંપ્રદાયને લેઈને તે સમંધી ન પુછવાથી અને તેનો પ્રતી સબંધી નહી જણાવવાથી સર્વ આચાર્ય સંબંધી એ પ્રશ્ન ઠરે છે.

૧ સર્વને માટે અને સર્વ વિષયમાં તો ઈશ્વર વગર કોઈ પણ આચાર્ય થઈ શકતો નથી. એટલે એવા આચાર્ય તો તેજ (ઈશ્વર)છે. એમ પતંજલ સ્મૃતી કહે છે.

सूत्रं—सपूर्वेषामपिगुरुःकालानव छेदात् ॥४४॥	કાલે કરીને જેનો છેડો નથી. તે પૂર્વજોનો પણ ગુરૂ છે (૪૪) વળી.
आचार्यमांविजानीयात् ॥४९॥	અને આચાર્ય જાણવો. ॥ ૪૫॥

એવું ભગવાનેજ કહ્યું છે.

૨ બાબત અને સંબંધ કાંઈ દેખાડયો નથી તોપણ પ્રશ્નનું તાત્પર્ય તેજ છે એમ જો કહો તો શાસ્ત્રના ઉપદેશના ભેદે કરીને આચાર્યનો ભેદ અનુભવ પ્રમાણે જોઈ લ્યો.

૩ મોક્ષ સંબંધી આચાર્ય વિશેનું પ્રશ્ન હોય તો સાંગોપાંગ યથાવસ્થીત ભગવત ઉપાસના અને ભગવત શરણાગતીના ઉપદેષ્ટા એજ આચાર્ય છે એમ કહીએ છીએ.

૪ અને "સુ-હદભાવથી પુછીએ છીએ કે—કેવા લક્ષણવાળો આચાર્ય કહેવાય" એમ પુછતા હો તો અમે પણ સુ-હદ ભાવથીજ કહીએ છીએ કે લક્ષ્મી તંત્રના ૨૧ મા અધ્યાયમાં.

आचार्यःकीदृशोदेविशिष्यस्तस्य चकीदृशः ॥ ४६ ॥	હે દેવી આચાર્ય કેવો જોઇએ અને તેનો શીષ્ય કેવો જોઇએ. ॥૪૬॥

એવાં ઇંદ્રનાં પ્રશ્નોના ઉત્તરમાં કહ્યું છે કે.

सर्वलक्षणसंयुक्तोब्राह्मणोवेदपारगः॥ षट्कर्मनिरतःशांतःपंचकालरतःशुचिः ॥ ४७ ॥	સર્વ લક્ષણવાન બ્રાહ્મણ, વેદનો પાર પામેલો, ષટ્ કર્મને વિષે નિરત, શાંત, પંચકાળ પરાયણ અને પવીત્ર ॥૪૭॥

पंचरात्रार्थविन्मौनीमंत्राक्षरकृतश्रमः॥नस्थूलोनकृशोह्रस्वोनकाणोनैवरोगवान् ॥ ४८ ॥

પંચરાત્રના અર્થ જાણનારો, મંત્રાક્ષરનો શ્રમ કરેલો અને જાડો–દુબળો ઠીંગણો કાંણો કે રોગી નહી. ॥ ૪૮ ॥

नान्धोनबधिरोमूढोनखल्वाटोनपंगुकः॥नहीनांगोतिरिक्तांगोनश्वित्रीनचदांभिकः ॥ ४९ ॥

આંધળો, બહેરો, મૂર્ખ, ટાળવાળો કે પાંગળો હીનઅંગી, વધારે અંગવાળો મસાવાળો કે દાંભીક નહીં. ॥ ૪૯ ॥

क्रोधनोनैवदुश्चर्मालोभोपहतचेतनः ॥ ५० ॥

ક્રોધી–બગડેલી ચામડીવાલો કે લોભથી ભ્રષ્ટ થએલી બુદ્ધિવાળો નહી.૫૦॥

આ રીતનો આરંભ કરીને છેવટ.

अकुलीनंदुराचारंशठंजिह्मंचवर्जयेत्॥दयादमशमोपेतंद्दढभक्तिक्रियापरं ॥ ५१ ॥

અકુલીન, દુરાચારી, શઠ ને કપટી એમને વર્જ કરવા. દયા, દમ, શમ, દ્રઢભક્તિ તથા ક્રીયામાં કુશળ. ॥૫૧॥

कुर्याल्लक्षणसपन्नमाचार्यंचारुहासिनं॥एवंगुणगणाकीर्णगुरुंविद्यात्तुवैश्नवम् ॥ ५२ ॥

એવાં લક્ષણોયુક્ત હસતા મુખવાળો એવા ગણવાન વૈષ્ણવને ગુરૂ કરવો યોગ્ય જાણવો. ॥ ૫૨ ॥

એવી રીતે લક્ષ્મીજીએજ ઉત્તર આપેલ છે કે આવા દોષ રહીત એવો બ્રાહ્મણ, વેદ અને તેના અર્થ જાણનારો, ષટ્ કર્મનો અનુષ્ટાતા, પંચરાત્રના અર્થ જાણનારો અને તેના અનુષ્ટાનરૂપ પંચકાલ પરાયણ ઇત્યાદી ગુણ વિશીષ્ટ એવા વૈષ્ણવને આચાર્ય જાણવો.

१३ प्रश्न ॥ तत्रवर्णानिर्देशोदेशनिर्देशोवंशपरंपरानिर्देशश्चवक्तव्यः ॥

પ્રશ્ન ૧૩–તેની જાતી, દેશ અને વંશની પરંપરા કહો.

ઉત્તર—કઈ જાતી એ વાત હવે પછીના પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ બતાવીશું. કયો દેશ એ વીશેના પ્રશ્નમાં બે વીભાગ પડે છે. દેશ તે ઉત્પત્તીનો કે સ્થિતીનો?

તીનો દેશ પુછતા હો તો સાત્વીક દેશ અને સ્થિતિને માટે પુછતા હો તો શાસ્ત્ર જે દેશને માટે ના કહે છે તે વીનાના વંશને માટે, જે વંશમાં આચાર્યો ઉત્પન્ન થાય છે તેજ વંશ પરંપરા. સારાંશ કે.

व्यापकंयत्परंब्रह्मलक्ष्मीनारायणं महत्॥अहंतापरमातस्यशक्तिर्नारायणीह्यहम् ॥ ५३ ॥

જે વ્યાપક છે તે પરબ્રહ્મ નારાયણ છે ને તેની અહંતારૂપ પરમ શક્તિ એવી નારાયણી "લક્ષ્મી" તે હું ॥ ૫૩ ॥

अनुग्रहायलोकानांस्वयमाचार्यतांगता ॥ संकर्षणस्वरूपेणशास्त्रंप्रद्योतयाम्यहम् ॥ ५४ ॥

લોકોના અનુગ્રહ માટે આચાર્યરૂપે થઈ છું અને શકર્ષણ { શેષ રામાનુજ } (સ્વરૂપે) શાસ્ત્રનો પ્રકાશ હું કરાવું છું ॥ ૫૪ ॥

એ રીતનાં લક્ષ્મી તંત્રનાં વચનથી સંકર્ષણ પ્રકાશીત પંચરાત્ર રૂપ શાસ્ત્રમાં કહેલાં આચાર્યનાં લક્ષણોથી જણાએલી એવી જે ગુરૂ પરંપરા તે અમારા સંપ્રદાયની અનુબંધીની લક્ષ્મીથી જોડાએલી હોવાથી તેજ આચાર્યના વંશની આમારી ગુરૂ પરંપરા છે અને દેશ પણ—

कलौखलुभविष्यन्तिनारायणपरायणाः॥क्वचित्क्वचिन्महाराजद्राविडेषुचभूरिपः ॥ ५५ ॥

હે રાજન! કલયુગમાં નારાયણ પરાયણ લોકો ખચીત થશે; તે બીજે તો કોઈ કોઈ પણ દ્રાવીડ દેશમાં તો જથાબંદ (ટોલે ટોલાં) થશે. ॥ ૫૫ ॥

ताम्रपर्णीनदीयत्रकृतमालापयस्विनी॥कावेरीचमहापुण्या॥५६॥

(તે કયે• કયે ઠેકાણે કે) જ્યાં તાગ્રપર્ણી, કૃતમાલા, મહા પુણ્યા એવી કાવેરી અને પ્રતીચી ઈત્યાદી નદીયો છે તે તે સ્થલે. ॥ ૫૬ ॥

અહીથી આરંભીને.

देवर्षिभूताप्तनृणापितृणांनाकिंकरोनायमृणीचराजन्॥सर्वात्मनायःशरणंशरण्यंगतोमुकुंदंपरिहृत्यकृ

બીજા સર્વ કૃત્યનો ત્યાગ કરીને શરણ પામવાને યોગ્ય એવા ભગવાન મુકુંદને સર્વ પ્રકારે જે શરણ થયેલો

ત્યમ્॥ ૫૭ ॥

છે તે, હે રાજન! દેવરૂષી-મનુષ્ય કે પિત્રિયો કોઈનો ચાકર કે દેવાદાર નથી. ॥ ૫૭ ॥

તહીં સુધીનાં વચનોએ કરીને ઉપર કહેલી નદીઓ વાળો દ્રવીડ દેશ એજ શ્રી મદ્ભાગવતમાં કહેલો જાણુવો; ત્યાં બીજા સંપ્રદાયનો સંભવ છે છતાં પણુ શ્રી રામાનુજ સંપ્રદાયવાળાની પેઠે—ભૂરિશ (ટાળે ટાળાં) એ શબ્દમાં કહ્યા પ્રમાણે તેમનો જથો નથી; તેમજ તેમનું ઘણું કરીને **॥ शरणंशरण्यम् ॥** એ રીતની શરણાગતિ નિષ્ટપણું પણ નથી. બહુધા દ્રવીડ દેશમાંની ભગવત શરણાગતિની નિષ્ટાવાળા આચાર્યની પરંપરા એતો અમારા આચાર્યોનીજ પરંપરા છે.

૧૪ પ્રશ્ન. किंचब्राह्मणादृते ऽन्यैवर्णोपिस्वस्या चार्यत्वंकर्तुंशक्नोति नवा ॥

પ્રશ્ન. ૧૪ બ્રાહ્મણ વગર બીજા વર્ણવાળો પણ પોતે આચાર્યપણું કરી શકેછે કે નહી?

ઉત્તર: આ પ્રશ્નનો ઉત્તર.

જેઓ જન્માત્તરના તપ વિશેષના અનુષ્ટાનથી પૂર્વ જન્મના સ્મરણુ ગ્નાનાદીવાળા, અને કોઈ બાકી રહેલાં દુષ્કૃતના ભોગ માટે ત્રિવર્ણ વગરની બીજી જાતિમાં જન્મેલા હોય તેમનેજ ઉપદેષ્ટાપણું સંભવે છે; બીજાને નહીં. એ રીતે પ્રથમ કહેલાં પ્રમાણોથી જણાય છે.

આવી રીતે અન્વારૂઢ[1] વાદે કરીને સિદ્ધાંતી (શ્રી મદંગાચાર્ય સ્વામી) એ ઉત્તર આપેલો છે ને " वेदवित् " એ વડે કરીને વર્ણ પ્રમાણે ઉભય કુળ શુદ્ધિ યુક્ત ને તે પ્રમાણે આચાર નિષ્ટ ત્રિવર્ણ બહિર્ભુતની વ્યાવૃત્તિ ને ત્રિવર્ણમાં પણ ક્ષત્રીય અને વૈશ્યને આચાર્યપણું નથી કેમકે તેમને વિશે ભણુવા ભણાવવાના આચાર્યના કૃત્યનો અસંભવ છે; ઈત્યાદી આ પ્રશ્ન સંબંધી ઉત્તરના ગ્રંથે કરીને તેનું "અન્વારૂઢ વાદપણું" તેમણેજ સ્પષ્ટ કરેલું છે. સારાંશ કે—

---

૧ (સામવાળાનું બોલવું દલીલની ખાતર કબુલ રાખી ને તેથી પણુ પોતાનેજ ફાયદો થાય છે એવુ દેખાડવું તેને અન્વારૂઢ વાદ કેહે છે.

૨ અમારા સંપ્રદાય પ્રમાણે તો એવો ઉત્તર નથી થઈ શકતો કેમકે શાસ્ત્ર શબ્દ વાચક જે વેદ તેના અર્થનુ અનુષ્ઠાન કરવું કરાવવું ઈત્યાદી, તેતો.

आचिनोतिहिशास्त्रार्थनाचरेस्था पयत्यपि॥स्वयमाचरतेयस्मात्तस्मा दाचार्यनामवान् ॥ ५८ ॥	શાસ્ત્રના અર્થોનો વિચાર કરીને આચરણ કરે છે અને કરાવે પણ છે માટે તે આચાર્ય નામવાળો થાય છે ॥ ૫૮ ॥

આ મનુ સ્મૃતિનાવચન પ્રમાણે તેમને વિષે સંભવતું નથી વળી.

उपनीयतुयःशिष्यंवेदमध्यापये द्विजः॥सकल्पंसरहस्यंचतमाचार्यं प्रचक्षते ॥ ५९ ॥	શિષ્યને યજ્ઞોપવીત આપી ને કલ્પ અને રહસ્ય સુદ્ધાં જે બ્રાહ્મણ વેદ ભણાવે છે તેને આચાર્ય કહે છે.

એ રીતે બીજા વચનમાં કહ્યા પ્રમાણે તેનાથી આચાર્યપણું બની શકતુ નથી.

श्रुतिः—तंत्वौपनिषदंपुरूषंवेत्थ श्रोतव्यःश्रुतिवाक्येभ्यः॥नावेदवि न्मनुतेतंबृहन्तम् ॥ ६० ॥	તમે તે ઉપનીષદ ગમ્ય એવા પુરૂષને જાણોછો શ્રુતિવાક્યોથી સાંભળવો. વેદ નહી જાણનારો તે મોટા (પ્રભુ) ને નથી જાણતો.

ઈત્યાદી પ્રમાણોમાં કહેલા જ્ઞાનની ઉત્પતિમાં ઉપનિષદના અન્વય-વ્યતિરેકનું (ઉપનિષદથી બ્રહ્મ જ્ઞાન તે નહી તો બ્રહ્મ જ્ઞાન પણ ન થાય એ રીતે) વિધાન કરેલુ જણાય છે; એટલે જ્ઞાનને માટે ઉપનિષદના ઉપદેશે કરીને આચાર્યપણું કરવાનુ બીજાનુ સામર્થ્ય નથી. જો એમ ન કહીએ તો આ બાબતમાં શુદ્રને અધીકાર નથી એમ સ્થાપન કરનારા શારીરક સૂત્ર "अपशूद्राधिकरण" નો વિરોધ આવે છે; એવી રીતે કે "शुगस्य" ઈત્યાદી સૂત્રથી સામર્થ્ય નથી માટે શુદ્રને અધીકાર સંભવતો નથી અહી-થી આરંભિને સામર્થ્ય તો વેદનુ અધ્યયન નથી માટે, નથી; અને વિધિ સિદ્ધ અધ્યયનથી મળેલું બ્રહ્મ જ્ઞાનજ બ્રહ્મોપાસનાનો ઉપાય છે માટે શુદ્રને બ્રહ્મોપાસનાનું સામર્થ્ય સંભવતું નથી એ રીતે શ્રીભાષ્યમાં કહેલું છે.

વિદુર આદીને તો તેમની ઉપાસનામાં પ્રથમ પ્રવૃત્તી શુદ્ર જન્મમાં

નથી; પણ તે તો પૂર્વ જન્મ સિદ્ધ છે અને પાછલા જન્મમાં માત્ર પ્રથમનું જ્ઞાન ભુલાઈ ન જવાથી ન છોડી શકાય એવી ઉપાસનાની આવૃત્તિ માત્રછે; એ રીતે શ્રીભાષ્યની "વ્યાખ્યા શ્રુતપ્રકાશિકા" ગ્રંથમાં પણ જણાયછે.

વળી ભારતમાં ધૃતરાષ્ટ્ર પ્રત્યે પોતાને બ્રહ્મ જ્ઞાનના ઉપદેશ માટે;

शूद्रयोनावहंजातोनातोऽन्यद्वक्तुमुत्सहे ॥ ६१ ॥	હું શૂદ્ર યોનીમાં જન્મેલો છુ તેથી બીજું કહી શકતો નથી. ॥૬૧॥

એવી રીતે અનધિકાર બતાવનારૂં માંડવ્ય ઋષિના શાપથી પ્રજાને શાસન કરનાર ભગવાન યમ ભુજીષ્યારૂપી ભાઈના ક્ષેત્રમાં સત્યવતી સુત (વ્યાસજી) થી જન્મ પ્રામેલ છે. ॥ ૬૨ ॥

माण्डव्यशापाद्भगवान्प्रजासंयमनोयमः ॥ भ्रातुःक्षेत्रेभुजिष्यायां जातसत्यवतीसुतात् ॥ ६२ ॥	

એ રીતનાં ભાગવતના વચનથી જણાએલા સર્વજ્ઞ અને પૂર્વ જન્મના સ્મરણવાળા ધર્મના અવતાર વિદુરનુ વાક્ય જણાય છે તેમજ.

नारुंतुदस्यान्ननृशंसवादीनातःपरमभ्यादददीत॥ ६३ ॥	હૃદયને છેદે એવું તથા જુઠું ન બોલવું અને હીન પુરૂષથી પર ધર્મ નહી ગ્રહણ કરવો. ॥ ૬૩ ॥

આ મોક્ષ ધર્મના વચને કરીને હીન વર્ણથી શાસ્ત્રનું રહસ્ય ગ્રહણ કરવાનો નિષેધ જણાય છે.

શંકા. પૂર્વ જન્મથી ઉત્પન્ન થએલા જ્ઞાનવાળા જાતી સ્મરણને આચાર્યપણાના સંભવે કરીને તે અપશૂદ્રાધિકરણનો વિષય થતો નથી; કેમકે બ્રહ્મ વિદ્યાના ઉપાદંભૂત જ્ઞાન અથવા જ્ઞાનરૂપ બ્રહ્મવિદ્યામાં ન ઉત્પન્ન થએલા જ્ઞાનવાળા શૂદ્રનો અધિકાર નથી, એવું તો તે પ્રતીપાદન કરે છે; પણ ઉત્પન્ન થએલા જ્ઞાનવાળાને નહી. કેમકે બ્રહ્મ જ્ઞાનરૂપી અગ્નિવડે જેના સઘળા અધિકાર બળી ગયા છે એવો શ્રોતના ઉપર વટચાલનારો મુનિ વિધિનિષેધનો ચાકર નથી એ રીતના શિષ્ટના વચને કરીને તેને વિધિનિષેધનું પરાધીનપણું નથી. અને જ્ઞાન ઉત્પન્ન થયા પછી તો અધિકારની અપેક્ષા પણ જણાતી નથી.

સમાધાન—તેને અંગીકારની અપેક્ષા ભલે ન હોય પણ તે અધીક

રણુના નિયમ પ્રમાણે તેનુ ઉપદેશકપણું સંભવતુ નથી. શૂદ્રને બ્રહ્મ વિદ્યાના અનધિકારમાં વેદાંત અધ્યયનનો અભાવ અને તેતે અધ્યયનમાં તે અધ્યયનના ઉપયોગી એવા ત્રિવર્ણપણાનો અભાવ છે. જેમકે તમારા અદ્વૈત ભાષ્યમાં કહેલું છે કે—

नशूद्रस्याधिकारोवेदाध्ययनाजा वात्॥नशूद्रस्यवेदाध्ययनमस्तिउप नयनपूर्वकत्वाद्वेदाध्ययनस्यउपन यनस्यचत्रर्णाश्रमविषयत्वात् ६४	શૂદ્રને વેદાધ્યયન નથી માટે તેને (બ્રહ્મજ્ઞાનનો) અધિકાર નથી અને ઉપનયન પુર્વક વેદાધ્યયન છે. માટે શુદ્રને વેદાધ્યયન નથી. ને ઉપનયન ત્રણ વર્ણને માટે છે. ॥૬૪॥

એટલે ત્રણ વર્ણની બાહારનો શૂદ્ર હોવાથી વ્યાપક ઉપનયન જવાથી વ્યાપ્ય અધ્યયન જાય છે તેથી કરીને જ્ઞાનને માટે વેદાંત વાક્યનું ઉપદેશાત્મક આચાર્યપણું શૂદ્રને નથી સંભવતુ.

૨. તેના સઘળા અધીકાર બળી ગએલા છે ઈત્યાદી તમારૂ કહેવું તો શ્રદ્ધા આણુવા જેવું નથી. એ તમારૂ વચન કાંતો સમાધિ દશા સંભારીને અથવા જ્ઞાનના વખાણ માટે નીકળેલું છે એમ લગાડવુ જોઈએ; નહી તો "नाविरतोदुश्चरिता" દુરાચરણથી નિવૃત્તિવિના: ઈત્યાદી શ્રુતિના ભાષ્યનો વિરોધ આવે છે; એટલે (ન કરવાનુ કરવાનો અને કરવાનુ ન કરવાનો પ્રસંગ આવે) અને તેથી પછી સર્વ શાસ્ત્રની વ્યાકુલતાએ કરીને વર્ણસંકરપણું થઈ જાય.

૩ ક્ષત્રિ અને વૈશ્યને વેદાંતનું અધ્યયનછે, પણ જેવી રીતે પ્રતિગ્રહ, (દાન લેવુ) અને યાજન (યજ્ઞ કરાવવાનો) તેમને વીશેનથી તેમજ અધ્યયન (ભણાવવાપણુ) પણ તેમનેવીશેનથી, માટે તેઓ પણ આચાર્યપણું કરવાને નાલાયક છે.

शंका—श्रद्दधानःशुभांविद्यामाद दीतावरादपि॥अंत्यादपिपरंधर्मंस्त्री	શ્રદ્ધા રાખીને અવરથી શુભ વિદ્યા, અંત્યજથી પરમ ધર્મ અને દુ-

रत्नंदुष्कुलादपि ॥६५॥ — ષ્કુલમાંથી સ્ત્રીરૂપી રત્ન પણ લે·વું. ॥ ૬૫ ॥

એ રીતે મનુના વચને કરીને ચંડાલાદીને પણ બ્રહ્મવિદ્યાનું ઉપદેશકપણું જણાય છે; એ વાતનુ મુક્તાવળીમાં કલ્લુકભટ્ટે વ્યાખ્યાન કરેલું છે કે "अंत्यः" એટલે કરેલા યોગના મહાત્મ્યથી પૂર્વ જન્મના સ્મરણુવાળા अवर (ત્રિજાતિ અવર) બાકી રહેલાં પાપ ભોગવાવા માટે ચંડાલ યોનિને પ્રાપ્ત થએલા એવાની પાસેથી પણુ (પરમ ધર્મ) મોક્ષના ઉપાયરૂપ જે જ્ઞાન તે લેવું. એ રીતે લખેલુ છે તેથી શૂદ્રને પણ આચાર્યપણું ઉચિત છે એમ જણાય છે.

"समाधान—सर्वेब्रह्मवदिष्यंतिसंप्राप्तेतुकलौयुगेः"

એ રીતે શૂદ્રોનું પણુ બ્રહ્મ વાદીપણું કલિયુગના કાર્યરૂપે કરીને विष्नुपुराणમાં પ્રતીપાદન કરેલું છે માટે તથા ઉપર કહેલાં વિદુરનાં વચને કરીને પણ તેમના અવિરોધ સારૂ આ વાક્યના બીજા અર્થ કરવા ઉચિત છે. તે એવી રીતે કે "અવર" શબ્દમાં વયમાં અવર (પોતાથી નાનો) હોય તેનાથી પણુ શુભવિદ્યા (બ્રહ્મવિદ્યા) એટલે મોક્ષપદ વિદ્યા ગ્રહણુ કરો. કેમકે શુભપણું બ્રહ્મવિદ્યાનુંજ છે માટે ગારૂડાદિક (વિષનિવારક મંત્રની) વિદ્યાનું શુભપણુ બનતુ નથી. તેજ રીતનુ વિષ્ણુ પુરાણુમાં પ્રલ્હાદનું વચન છે કે—

तदेभिरलमत्यर्थंदुष्टारंभोक्तिविस्तरै ॥ अविद्यान्तर्गतैर्यत्नःकर्तव्यस्तातशोभने ॥ ६६ ॥ — સંસાર પ્રયોજનની અભિવૃદ્ધિ કરનારા ઉપાયના વાક્ય વિસ્તારથી બહુ થયુ. માયામાં ડુબેલા ચેતનો એ શોભન વિષયનો યત્ન કરવો જોઈએ.

આ જગ્યાએ "શોભન" શબ્દ મુક્તિમાં પ્રયુક્ત છે એજ કારણુથી ઉપરના મનુસ્મૃતિવાળા વાક્યમાં "શ્રદ્ધા રાખીને" એ કર્તાનું વિશેષણુ છે. ગારૂડાદિક વિદ્યામાં શ્રદ્ધાની અપેક્ષા નથી ને બ્રહ્મ વિદ્યાને તો "श्रद्धस्वसौम्य" હે સોમ્ય શ્રદ્ધા રાખ" એ રીતની શ્રુતિએ કરીને શ્રદ્ધાની અપેક્ષા છે.

अंत्य જે ચંડાલાદીક તેમનાથી "परधर्म" अहिंसापरमोधर्मः એ પ્રમાણે સિદ્ધ ગ્રહણ કરવો એટલે કે ધર્મ શબ્દનુ અહિંસામાંજ સ્વારસ્ય છે ને "विद्या" અને "धर्म" શબ્દો લોક અને વેદ પ્રસિદ્ધ "ज्ञान" અને "कर्म" ના પ્રતીપાદક હોવાથી તેમનો ઉલટો અર્થ બોલવો અને अंत्य શબ્દને "બાકી રહેલાં પાપનાં ફળ ભોગવવાને જન્મેલા" એ વીગેરે વિશેષણ આપવું એ મૂળ શ્લોકમાં ન હોવાથી ઘટતુ પણ નથી. અથવા (બીજી રીતે વળી) "अवरात्वर्णावरात्" એટલે કનીષ્ટ જાતીવાળાથી પુરાણાદી અર્થના ગ્નાનરૂપ શુભ વિદ્યા એવો અર્થ કરવો. "શ્રદ્ધા રાખીને" એ પ્રકારના વચનનો ઉપર પ્રમાણે અર્થ કલ્લુકભટ્ટ (ત્રાહિત) ના નિબંધથી વિરૂદ્ધ છે માટે શી રીતે વિશ્વાસને પાત્ર થાય? એમ નહી બોલવુ. કેમકે તેણેજ તેના બારમા અધ્યાયમાં.

पितृदेवमनुष्याणांवेदश्चक्षुःसनातनम् ॥ ६७ ॥	પિતૃ, દેવ અને મનુષ્યોનું વેદ એ સનાતન ચક્ષુ છે. ॥ ૬૭ ॥

એ વચને કરીને વેદથીજ બ્રહ્મ જાણવો એ રીતનુ વ્યાખ્યાન કરનાર પોતે બ્રહ્મ ગ્નાન વેદથીજ પ્રાપ્ત થાય છે એવું પ્રતીપાદન કરીને તેના ઉદાહરણમાં "શૂદ્રાદીક વેદનુ ઉચ્ચારણ કરે તો તેની જીભ કાપવી." એ રીતે પોતેજ નિષેધ કરે છે. માટે વેદથીજ થવાના બ્રહ્મ ગ્નાનનો ઉપદેશ પૂર્વાપર વિરોધે કરીને શૂદ્રાદિકને બનતો નથી અને વળી માધવી વ્યાખ્યાનના વિરોધથી પણ આ પ્રકરણમાં તેનો ગ્રંથ અવિશ્વાસને પાત્ર થાય છે. તે એવી રીતે કે. માધવી વ્યાખ્યાનમાં એવી રીતે કહ્યું છે કે.

ब्रह्मवेदमधीत्यार्थंचावगत्ययेऽनुतिष्ठन्तितेमुख्याब्राह्मणाः ॥६८॥	બ્રહ્મ એટલે વેદ ભણીને અને તેનો અર્થ જાણીને તે પ્રમાણે જે અનુષ્ટાન કરે છે તે મુખ્ય બ્રાહ્મણ છે ॥ ૬૮ ॥

વળી અંગીરા ઋષિ કહે છે કે—

जन्मशारीरविद्याभिराचारेणश्रुतेनच ॥ धर्मेणचयथोक्तेनब्राह्मणत्वंविधीयते ॥ ६९ ॥	જન્મ, શરીરવિદ્યા, આચરણ શ્રુત અને શાસ્ત્રમાં કહેલો ધર્મ એટલા પ્રકારથી બ્રાહ્મણપણું થાય છે. ॥૬૯॥

પરાશર ઋષિ કહે છે કે—

दुःशीलोपिद्विजःपूज्योनतुशूद्रा जितेन्द्रियः॥ कःपरित्यज्यगांदुष्टां दुहेच्छीलवतींखरीम् ॥ ७० ॥

ખોટા સ્વભાવવાળો પણ બ્રાહ્મણ પૂજ્ય છે પરંતુ જીતેંદ્રિય શૂદ્ર પૂજ્ય નથી. મારકણી પણ ગાયનો ત્યાગ કરીને ગરીબ ગધેડીને કોણ દુહે ?. ॥ ૭૦ ॥

આ ઠેકાણે "ત્યાગ કરીને" એ સઘળુ દ્રષ્ટાંત જાતિ અને સ્વભાવમાં જાતીનું ઉત્કૃષ્ટપણું મુખ્યત્વે કરીને શીલના સંભવ કરતાં ગ્રહણ કરવા યોગ્ય છે એમ જણાવવા માટે આપેલું છે. અને એજ કારણથી ચતુર્વિંશતિમતમાં શૂદ્રના ઉપદેશનું અગ્રાહ્યપણું વર્ણવેલુ છે. જેમકે—

श्वचर्मणियथाक्षीरमपेयंब्राह्मणादिभिः ॥ तद्वच्छूद्रमुखाद्वाक्यंन श्रोतव्यंकथंचन ॥ ७१ ॥

કુતરાના ચામડામાંનું દુધ જેમ બ્રાહ્મણાદીકે ન પીવું તેમ શૂદ્રના મુખનું વાકય તેમણે કદી પણ સંભળવું નહી. ॥ ૭૧ ॥

पंडितस्यापिशूद्रस्यशास्त्रज्ञानरतस्यच ॥ वचनंतस्यनश्राव्यंशुनोच्छिष्टंहविर्यथा ॥ ७२ ॥

શાસ્ત્રના જ્ઞાનવાળો પંડીત શુદ્ર હોય તોપણ, કુતરાના એોટેલા યજ્ઞશેષની પેઠે તેનુ વચન નહી સાંભળવું. ॥ ૭૨ ॥

વળી ઉપરના "श्रद्धधानःशुभां" આ વચનની વ્યાખ્યામાં કલ્લુકભટ્ટ કહે છે કે મેધાતિથીતો શ્રુતિ સ્મૃતિની અપેક્ષાએ કરીને ધર્મ શબ્દની વ્યવસ્થામાં પરધર્મ એટલે "લૌકિક ધર્મ" એમ લાગાવે છે અને કહેછે કે જો ચંડાળ પણ આ દેશમાં તમે ઘણા કાળ સુધી ન રહેશો, આ જળમાં સ્નાન કરશો નહી અથવા આ જળમાં સ્નાન કરો એમ કહેતો તેના કહેવા પ્રમાણે ચાલવું આ રીતે હઠીલાપણાથી લૌકિક ધર્મને "परधर्म" એમ કહે છે છતાં મેધાતિથિ સર્વત્ર સત્પુરૂષોમાં વખણાય છે એ આશ્ચર્ય છે ઈત્યાદીવડે કરીને પોતાની ઉત્પ્રેક્ષાથી વિલક્ષણ મેધાતિથિની વ્યાખ્યા છે એમ લખીને. "परधर्म" નો "લૌકિક" અર્થ કર્યો છે જેથી સકળ શાસ્ત્રનો વિરોધ આવે છે છતાં પોતાને અજ્ઞ સમજતો નથી એ પણ

આશ્ચર્યંજ છે. કારણુ તેમાં ચંડાલાદિકને પણુ નમસ્કાર કરવાની ફરજ પડે છે કેમકે—

लौकिकंवैदिकंवापितथाध्यात्मिकमेवच ॥ आददीतयतोज्ञानंतंपूर्वमभिवादयेत् ॥ ७३ ॥

લૌકિક કીંવા વૈદિક અથવા આધ્યાત્મિક જ્ઞાન જેનાથી આપણે ગ્રહણુ કરીએ તેને પ્રથમ નમસ્કાર કરવો. ॥ ૭૩ ॥

એ રીતે મનુનું વચન છે. વળી.

प्राप्यज्ञानंब्राह्मणात्क्षत्रियाद्वावैश्याच्छूद्रा दपिनीचादभीक्ष्णंश्रद्धातव्यंश्रद्दधानेननित्यम् ॥७४॥

બ્રાહ્મણુ, ક્ષત્રીય, વૈશ્ય અથવા શૂદ્ર કે નીચથી પણુ શ્રદ્ધાવાળાએ જ્ઞાન મેળવીને નિત્ય તેને વિશે શ્રદ્ધા રાખવી. ॥ ૭૪ ॥

એ વચનમાં તો જ્ઞાન શબ્દ પ્રથમ કહ્યા પ્રમાણે અહિં સાદિક જ્ઞાનનો અર્થ બતાવનારો છે એમ જણુાય છે.

કેમકે જ્ઞાન મેળવીને શ્રદ્ધા રાખવી એટલે જ્ઞાનને મેળવ્યા પછી પણુ જે શ્રદ્ધા રાખવાનું કહ્યું છે તે "જ્ઞાન" શબ્દનો મૂળ અર્થ લઇએ તો તો જ્ઞાન પ્રાપ્ત થયા પછી શ્રદ્ધા લાવવાપણું નથી પરંતુ તેની જરૂરાત તો પ્રથમ છે અને જ્ઞાન શબ્દનો અહિં સાદિક અર્થ કરીએતો તો પછીજ જરૂરાત છે અને બ્રહ્મવિદ્યા માટે તો પહેલીજ શ્રદ્ધા રાખવી એમ ઘટે છે.

શંકા.

सत्यंदानंक्षमाशीलमानृशंस्यंतपोघृणा ॥ दृश्यंतेयत्रराजेंद्रसब्राह्मणइतिस्मृतः ॥ ७५ ॥

"સત્ય" દાન, ક્ષમા. શીલ ભલમનસાઇ તપ અને દયા એટલાં લક્ષણુવાળાને હે રાજેન્દ્ર. બ્રાહ્મણુ કહેલો છે. ॥૭૫॥

आर्जवेवर्तमानस्यब्राह्मण्यमभिजायते ॥ ७६ ॥

આર્જવમાં રહેનારાને બ્રાહ્મણુ પણું આવે છે (માહાભારત મોક્ષ પર્વમાં અજગરોપાખ્યાનના)

ઇત્યાદી વચનોએ કરીને શૂદ્રમાં પણુ બ્રાહ્મણુપણુાની ઉત્પતિનો સંભવ છે પછી તેનું ઉપદેશકપણું કેમ નહીં ?

સમાધાન—આ ઠેકાણે બ્રાહ્મણ શબ્દનો બ્રાહ્મણ જેવો એમ અર્થ થાય છે કેમકે જાતિ તો જન્મની સાથે છે તે શરીર પર્યંત રહેવાની છે તેની વચમાં શી રીતે નિવૃત્તિ સંભવે ? ને બ્રાહ્મણની સાથે સદ્રશતા તો સત્યાદીક બ્રાહ્મણના ધર્મ શૂદ્રને પણ ઉચીત છે એટલે બને. પણ તેથી કાંઇ તેનું ઉપદેશકપણું બનતું નથી અને તેજ કારણથી સત્યદાન ઇત્યાદી વચનોમાં જણાવેલા પુષ્કળ બ્રાહ્મણ ધર્મવાળા વિદુરના શૂદ્ર યોનિમાં હું જન્મો છું ઇત્યાદી તેમના વચનોએ કરીને ઉપદેશકપણાનો અભાવ જણાય છે અને તેમ છે તો શૂદ્રને વિશે બ્રાહ્મણપણું અને બ્રાહ્મણને વિશે શૂદ્રપણું ઉપરનાં વચનોમાં જે જણાયેલું છે તે તેની સદશતા બતાવનારૂં છે એમ સમજવું જોઇએ કેમકે ત્યાંજ બીજાં વચનો છે કે—

ब्राह्मणःपतनीयेषुवर्तमानोविकर्मसु ॥ दांभिकोदुष्कृतःप्रज्ञःशूद्रेणसदृशोभवेत् ॥ ७६ ॥

પતીત થવા જેવાં દુષ્કર્મોને વિશે પ્રવર્ત થયેલો બ્રાહ્મણ દાંભીક અને દુર્બુદ્ધિવાળો એવો શુદ્ર સમાન થાય છે. ॥ ૭૬ ॥

એવું ત્યાંનાજ વચનથી જણાય છે વળી

यस्तुशूद्रोदमेसत्येधर्मेचसततोत्थितः ॥ तंब्राह्मणमहंमन्येवृत्तेनहिभवेद्द्विजः ॥ ७७ ॥

જે શુદ્રદમ સત્ય અને ધર્મને વિશે નિરંતર સ્થિર છે તેને હું બ્રાહ્મણ માનું છું વર્તનથીજ બ્રાહ્મણ થાય છે. ॥ ૭૭ ॥

આ ઠેકાણે "માનુ છું" એ શબ્દથી બ્રાહ્મણત્વની ઉત્પ્રેક્ષા કરી છે કેમકે ત્યાંજ વળી—

शूद्रेतुयद्भवेल्लक्ष्मद्विजेतच्चनविद्यते ॥ नवैशूद्रोभवेच्छूद्रोब्राह्मणोनचब्राह्मणः ॥ ७८ ॥

જે લક્ષણ શુદ્રને વિશે છે ને તે બ્રાહ્મણને વિશે નથી તો તે શૂદ્ર શૂદ્ર નથી અને બ્રાહ્મણ બ્રાહ્મણ નથી. ॥ ૭૮ ॥

આ વચનમાં કહેલા શૂદ્રત્વાદીકના અભાવનું વિધાન ઉલટાવાથી બ્રાહ્મણાદીકનું શૂદ્રાદીકમાં સદ્રશપણુંજ અભિપ્રેત કરેલું જણાય છે તેની આગળ વળી—

यत्रैतन्नभवेत्सर्पतंशूद्रइतिनिर्दिशेत् ॥ ७९ ॥	" હે સર્પ " એટલાં [લક્ષણ] જે નામાં નથી તેને શૂદ્ર કહેવો. ॥૭૯॥

આ રીતનું વચન તો એક વ્યવહાર એટલે તેનું સમજવાપણું માત્ર જણાવે છે. ૨ તેજ રીતે વનપર્વમાં કૌશિક અને વ્યાધના વૃત્તાંતમાં વ્યાધનું વચન છે કે—

नमस्कृत्वाब्राह्मणेभ्योब्राह्मींविद्यांनिबोधमे ॥ ८० ॥	બ્રાહ્મણોને નમસ્કાર કરીને બ્રહ્મ સબંધી વિદ્યા મારાથી જાણ. ॥૮૦॥

આમાં પણ કૌશીક પ્રત્યે વ્યાધનું બોધકપણું ઘટાવવું યોગ્ય નથી કેમકે જો કૌશીકનું આવવું બ્રહ્મ વિદ્યાને માટેજ થયું હતું તોતે વખતનું.

अभिवादयेत्वाभगवन्स्वागतंतेद्विजोत्तमः ॥ अहंव्याधोहिभद्रंतेकिंकरामिप्रशाधिमाम् ॥ ८१ ॥	હે ભગવન્ હું તમને પગે લાગું-છું હે દ્વિજોત્તમ આપ ભલે પધાર્યા આપનું કલ્યાણ થાઓ હું વ્યાધછું હું શું કરૂં તે આપ મને આજ્ઞા કરો. ॥ ૮૧ ॥
एकपत्न्यायदुक्तोसिगच्छत्वंमिथिलामिति ॥ जानाम्येतादिदंसर्वं यदर्थंत्वमुपागतः ॥ ८२ ॥	આપને પેલી પતિવ્રતાએ કહ્યું કે તું મિથિલામાં જાતે અને જે માટે તમે અહીઆં આવ્યાછો તે સરવે હું જાણુંછું. ॥ ૮૨

એ વચનોથી જણાએલું કૌશિકના આગમન પ્રયોજનનું જ્ઞાન અને તેનું પગે લાગવું એ બે વિરૂદ્ધ પડે છે કેમકે બ્રહ્મવિદ્યાનો ઉપદેશક ઉપદેશ લેનારને પગે લાગવા યોગ્ય થતો નથી એટલે (બીજો) ધર્મ જાણવાને માટે તેનું આવવું થયેલું હતું એમ જણાય છે વળી—

इन्द्रियाणिचयान्याहुःकानितानियतव्रत ॥ निग्रहश्चकथंकार्योनिग्रहस्यचकिंफलम् ॥ ८३ ॥	હે યતવ્રત જેને ઇંદ્રિયો કહે છે તે કઈ અને તેનો નિગ્રહ શી રીતે કરવો ? ને નિગ્રહનું ફળ શું? ॥૮૩॥
एतदिच्छामितत्वेनधर्मंधर्मभृतांवरशिष्टाचारंकथमहंविद्यामीतिन	હે ધર્મધારીને વિશે શ્રેષ્ટ એ વિ-ષેનો યથાર્થ ધર્મ અને શિષ્ટોનો આ-

रोत्तम ॥ ८४ ॥

ચાર, હે નરોત્તમ, કેવી રીતનો છે તે હું જાણુવાને ઈચ્છુંછું. ॥ ૮૪॥

એ રીતે કરેલા પ્રશ્નના ઉત્તરમાં તે ધર્મ વ્યાધ કહે છે કે—

यज्ञोदानंतपोवेदःसत्यंचद्विजसत्तम ॥ पंचैतानिपवित्राणिशिष्टाचारेषुनित्यदा ॥ ८५ ॥

હે દ્વિજસત્તમ, યજ્ઞ દાન તપ વેદ અને સત્ય એ પાંચે પવિત્ર શિષ્ટોના આચારમાં નિત્ય હોય છે. ॥ ૮૫ ॥

धर्मंधर्मेणपश्यंतःस्वर्गंयांतिमनिषिणः॥ऽअहिंसासत्यवचनमानृशंस्यमथार्जवम् ॥८६॥

વર્ણાશ્રમ ધર્મની સાથે અહિંસા, સત્ય વચન ભળાઈ સરલપણું. ॥ ૮૬ ॥

अद्रोहोनाभिमानश्चह्रीस्तितिक्षादमःशमः ॥ ८७ ॥

અદ્રોહ, નિરાભિમાન લજ્જા સહન શક્તિ દમ અને શમ એ પ્રકારના ધર્મનું સ્વધર્મે કરીને આચરણ કરનાર બુદ્ધિમાન લોકો સ્વર્ગને પામે છે. ॥ ૮૭ ॥

ઈત્યાદી પ્રશ્નોત્તરનાં વચનોએ કરીને તેમજ—

वाक्यंतुशृणुमेविप्रयत्तेवक्ष्येहितंद्विज ॥ मातापित्रोःसकाशंहिगत्वात्वंद्विजसत्तम ॥ ८८ ॥

હે વિપ્ર હું તારા હિતનું એક વાક્ય કહુંછું તે સાંભળ હે દ્વિજ સત્તમ માતા પીતા પાસે જઇને પ્રમાદ રહિત શીઘ્ર તેમનું પૂજન કર. ॥ ૮૮ ॥

अतन्द्रितःकुरुक्षिप्रंमातापित्रोर्हिपूजनम् ॥ अतःपरमहंधर्मंनान्यंपश्यामिकंचन ॥ ८९ ॥

એના કરતાં બીજો કોઇ ઉત્કૃષ્ટ ધર્મ મારી નજરે આવતો નથી. ॥ ૮૯ ॥

આ રીતે વ્યાધનું વિશેષ ધર્મ સંબંધી કહેવું અને તે વિષેમાં પાછું.

ईदृशादुर्लभालोकेनराधर्मप्रदर्शकाः ॥ मातापितृभ्यांशुश्रूषांकरि

લોકોને વિષે આવા ધર્મના દેખાડનારા પુરૂષો દુર્લભ છે તારા વચન-

ष्येवचनात्तव ॥ ९० ॥	થી હું માતાપિતાની સેવા કરીશ. ॥ ૯૦ ॥

એ રીતે વ્યાધનું ધર્મ પ્રદર્શકપણું બતાવવાની સાથે કહેલો ધર્મ પોતે સ્વીકારવાનું તથા—

पतमानोहिनरकेऽवतास्मिसमुद्धृतः ॥ ९१ ॥	આપે મને નરકમાં પડતો બચાવ્યો ॥ ૯૧ ॥

એ રીતનું કૌશિકનું કહેવું થએલું છે એટલે તેથી તેમાં નરકની નિવૃત્તિનું ફળ બતાવેલું જણાય છે પણ જો બ્રહ્મવિદ્યા ગ્રહણ કરવાને સારૂ તેનું આવવું થયું હત તો પ્રશ્નમાંજ તેવી પ્રકારનું મંડાણ અને તેના સ્વીકારમાં તથા તેના ફળમાં પણ તેવું જણાત તેમજ વળી સમાપ્તિમાં.

आपृच्छेत्वांस्वस्तितेस्तुधर्मस्त्वां पारिरक्षतुअप्रमादस्तुकर्तव्यधर्मेधर्मभृतांवर ॥ ९२ ॥	હું જાઉછું તારૂં કલ્યાણ થાઓ; ધર્મ તારૂ રક્ષણ કરો હે ધર્મધારીને વિષે શ્રેષ્ટ, ધર્મમાં તો અપ્રમાદજ રાખવો. ॥ ૯૨ ॥

એ રીતે કૌશિકના કહેવાથી—

बाढमित्येवतंव्याधःकृतांजलिरुवाचह ॥ ९३ ॥	વ્યાધે હાથ જોડીને કહ્યું કે બહું સારૂ. ॥ ૯૩ ॥

એ રીતનાં પ્રશ્નોત્તરના વચનથી ધર્મનોજ એ વિષય જણાય છે જો બ્રહ્મવિદ્યાના ઉપદેશનો પ્રસંગ હોય તો કૌશિકે કરેલી આજ્ઞા અને તેનું આશિર્વચન તેમજ વ્યાધે કરેલો નમસ્કાર અને તેમની આજ્ઞાનો સ્વીકાર એ બનેજ નહી એટલે આ પ્રકરણના આરંભમાં "બ્રહ્મવિદ્યા" એવો શબ્દ આવ્યો છે ત્યાં તે શબ્દ એ વિદ્યાના એક અંગને લાગુ પડે છે અને તેનું પ્રશસ્તપણું જણાવવા માટે બહુ ઠેકાણે અંગને વિષે અંગિનો વ્યપદેશ કરવામાં આવે છે જેમકે યોગ દર્શનમાં યોગના, અંગભૂત, સબીજ, સમાધિને, યોગ એ શબ્દ લગાડેલો છે; એ સબીજ સમાધિથી યોગ સિદ્ધ થાય છે તેમ છતાં તે સબીજ સમાધિનેજ યોગ કહે છે તેમજ.

શ્રીમદ્ભાગવતનું વચન છે કે—

तएकदातुमुनयःप्रातर्हुतहुताग्न	એક વખતે તે મુનિ લોકો પ્રાતઃકા

नाः ॥ सत्कृतंसूतमासीनंपप्रच्छुरिदमादरात् ॥ ९४ ॥

ષોનો હવન કરી સત્કાર પામીને બેઠેલા સૂતને આદરથી પુછવા લાગ્યા કે. ॥ ૯૪ ॥

त्वंनःसंदर्शितोधात्राद्दुस्तरंनिस्तितीर्षतां ॥ कलिंसत्वहरंपुंसांकर्णधारइवार्णवे ॥ ९५ ॥

પુરૂષોની બુદ્ધિને હરણ કરનારો તથા દુસ્તર એવા કલિયુગને તરવાની ઈચ્છા રાખવાવાળા અમને બ્રહ્માએ સમુદ્રના સુકાની જેવા તમને બતાવ્યા છે. ॥ ૯૫ ॥

આ ઠેકાણે કલીથી તરી જવાની ઇચ્છાવાળાઓને તે તરી જવાના ઉપાયરૂપ પુરાણમાં આખ્યેયોનોનું વર્ણન કરનારનું આચાર્યપણું જણાતું નથી. સૂતની પૌરાણીકપણાથીજ પ્રસિદ્ધિ છે ઉપનિષદના ઉપદેશકપણાએ કરીને નથી; અટલે સર્વથા બ્રાહ્મણ વગર બીજા કોઈ પણ વર્ણને ઉપર કહ્યા પ્રમાણે આચાર્યપણાનો અધીકાર નથી.

સારાંશ કે અમારા સંપ્રદાયના શ્રીશ શ્રી શઠજીત નાથમુની પુંડરીકાક્ષ રામમિશ્ર યા મુનાચાર્ય અને શ્રી ભાષ્યાકરે (શ્રી રામાનુંજ સ્વામી) આદી. આચાર્યોની આજ સુધીની ચાલુ રહેલી. પરંપરામાં વર્ણાન્તરપણાના ગંધનો સ્પર્શ પણ નથી એટલે સર્વ પતી ગયું.

પાછળથી રીશીષ્ટ.

શંકા—ઉપર ગણાવેલા તમાર આચાર્યોમાંજ "શઠજીત" જેમને તમે શઠકોપસ્વામી અથવા બીજુ નમ પરાંકુશમુની એ રીતે કહી તમારી ગુરૂપરંપરાના આધ આચાર્ય કહો છો. તેતો શુદ્રજાતી હતા એવું તમારાજ ગ્રંથો ઉપરથી જણાય છે. છતાં ઉપરનું તમારૂં બોલવું શી રીતે બણી શકે છે?

સમાધાન—જે ગ્રંથો ઉપરથી તમને તેમ જણાયું હોય તેજ ગ્રંથોથી ફરી તમે જાણી લ્યો કે શ્રી વૈકુંઠનાથની સદા સેવામાં રહેનારા નિત્ય મુક્ત લોકો માંહેના શ્રી શઠકોપ સ્વામી એમણે સર્વથા સ્વાશ્રિત એવા જગતના રક્ષણ માટે સર્વદાવ્રતધારી વાછલ્ય સાગર ભગવાન શ્રીપતી શ્રી મન્નારાયણની આજ્ઞાથી આ કલીયુગના આરંભમા ભરતખંડના ભૂતળમાં તાંમ્રવર્ણી નદિતીરે અવતાર લઈ યથાસ્તીત ભગવત સ્વરૂપ ગુણ વીભૂતી અને ઐશ્વર્યાદીકના અખંડ અનુભવ સાથે જોઆળી રૂષિવત, ગર્ભ-

વાસથીજ સાક્ષાત્ કરેલો વેદાર્થ પોતાના અનુભવથિ દ્રાવિડ દિવ્ય પ્રબંધરૂપે ગાયન કરી બતરીસ વર્ષના વયમાંજ તે શરીરનો ત્યાગ કરી વૈકુંઠલોકમાં પધારી ગયા. અને તે પછી સાડાત્રણ હજાર વર્ષે યોગીવર્ય. એવા શ્રીનાથમુનીસ્વામી પ્રગટ થયા. તેમણે યોગ દશામાં તે મુક્ત થયેલા શ્રી શઠકોપસ્વામીની ઉપાસના કરવાથી તેમને પ્રત્યક્ષ થઇ પ્રાકૃત નામ રૂપથી રહીત હેવા મુક્ત રૂપે શ્રી શઠકોપસ્વામીએ દ્રાવિડ શ્રી દિવ્ય પ્રબંધ જે કે સાક્ષાત્ શ્રી વેદાર્થ તેનો ઉપદેશ કર્યો અને શ્રીનાથમુનીસ્વામીએ પોતાના શીષ્ય શ્રી પુડરીકાક્ષ સ્વામીને તેજ ઉપદેશ આપ્યો એ રીતે પરંપરા ચાલી છે માટે આવી રીતે અમારી ગુરૂપરંપરામાં વર્ણાન્તર સંબંધી ગંધનો સ્પર્શ પણ નથી એ પ્રકારનું અમારૂં બોલવું નીરવેધપણે બણી શકે છે એમ તમે સમજો. અને વળી આ વીશેનો વધારે ખુલાસો જો સમજવો હોય તો શ્રી ગોવર્ધન વૃંદાવનસ્થ આચાર્ય પીઠાધીપતી શ્રી ૧૦૮ શ્રી સર્વતંત્ર સ્વતંત્ર શ્રી રંગાચાર્યસ્વામી એમણે દુર્જનમુખ ભંગ ચપેટીકા નામના ગ્રંથમાં વીસ્તારથી લખેલો છે તેનાથી સમજી લ્યો.

શંકા—ક્યાં નાથમુની અને ક્યાં શઠકોપસ્વામીની મુક્તાવસ્થા! અરે મુક્ત થયા પછી એટલે કે સાયુજ્ય મુક્તિ પામ્યા પછી તો નામરૂપનો અભાવ શાસ્ત્ર પ્રતિપાદન કરે છે અને તે વેદનું પ્રમાણ અંગીકાર કરનારા સરવે મતવાળાને અંગીકાર છે તમે પણ તે વાત કબુલ રાખોછો છતાં તેવા શઠકોપસ્વામી પ્રત્યક્ષ શી રીતે થયા? કેમકે,

अनावृत्तिश्शब्दादनावृत्तिश्शब्दात् ॥	[મુક્ત થયા પછી] પાછા સંસારમાં નથી આવતા નથી આવતા.

એ રીતે શારીરક સૂત્ર પ્રતીપાદન કરે છે અર્થાત વેદાન્તશાસ્ત્રનુ એ સિદ્ધાન્ત છે માટે કહો કે શઠકોપસ્વામી સાયુજ્ય મુક્તીને નથી પામ્યા ને કદાપી સાયુજ્ય મુક્તિને પામ્યા છે એમ કહેશો તો તમોએ ઉપર પ્રમાણે જે કહેલું છે તે સંભવતુ નથી.

સમાધાન ક્યાં પ્રકૃત્તિ સંબંધવાળા અગસ્તી આદિ રૂષિ અને ક્યાં પ્રકૃતિથી પર એવા ભગવાન વાસુદેવ પરંતુ ઉપાસનાથી તેમને તથા બીજા પણ કેટલાક ભક્તોને ભગવાન પોતે પ્રત્યક્ષ થયા છે એ વાત શાસ્ત્ર પ્રસિદ્ધ સર્વ સમ્મત છે સગુણ બ્રહ્મ તથા તેમના પાર્ષદાદીકનું

પ્રત્યક્ષ થવાપણું તો તમે પણ માનો છો પછી શંકા ઉઠાવવાપણું ર- હેતું નથી તેમજ સાયુજ્ય મુક્તિને પામેલા મુક્ત લોકોના નામ રૂપનો અભાવ છે એ પણ શાસ્ત્ર સમ્મત અમને કબુલ છે પણ પ્રાકૃત નામ રૂપનો અપ્રાકૃત તેમનાં નામ તથા રૂપ તો શાસ્ત્રજ પ્રતિપાદન કરેછે જેમકે

शारीरकसूत्र " भावंबादरिराह " અહીંથી આરંભીને.	"મુક્ત લોકોને શરીર છે એમ બા- દરી આચાર્ય કહે છે."
"भावेजाग्रत्वदुपपद्यते"	"મુક્ત લોકોને શરીર છે તેથીજ બ્રહ્મનો અનુભવ જાગ્રત દશાની પે- ઠે કરે છે."
प्रदीपवदावेशस्तथाहिदर्शयति ॥	(તે મુક્ત લોકો) એક દીવામાં- થી જેમ અનેક દીવા થાય છે તેમ અનેક શરીર ધારણ કરીને બ્રહ્મનો અનુભવ કરે છે તેમજ છાંદોગ્ય ઉ- પનિષદ ઈત્યાદીમાં. सएकधाभवति द्विधाभवतित्रिधाभवति (ઈત્યાદિ) શ્રુતિ પણ દરસાવે છે.

એ રીતે ભગવાન બાદરાયણ (વેદ વ્યાસજી) એમણેજ વેદાન્ત શાસ્ત્રનાં સૂત્રોમાં સિદ્ધાન્ત સ્થાપન કરેલું છે વળી થોડા અક્ષરોમાં ઘ- ણા અર્થના સમાસવાળાં સૂત્રોનો અર્થ યથાર્થ સમજાવવા માટે પુરાણાંદી ગ્રંથો વ્યાસજીએજ રચેલા છે તેમાંના શ્રી મદ્ભાગવત દ્વીતીય સ્કંધના ન- વમા અધ્યાયમાં શ્રી વૈકુંઠ લોક તથા તેમાં રહેનારાપર બ્રહ્મ ભગવાન શ્રી પતી પુરૂષોત્તમ તથા તેમના પાર્ષદાદીક મુક્ત લોકો એ સઘળાનાં અપ્રાકૃત એવાં નામ તથા રૂપ ઈત્યાદિ પ્રતિપાદન કરેલાં છે; તેમજ શ્રી વારાહ આદી બીજા પુરાણોમાં તથા શ્રી માહાભારતમાં પણ વરણન કરેલું છે અને શ્રી પંચરાત્ર શાસ્ત્ર પુકારીને કહે છેજ માટે તે જોઈ લ્યો અને તમારી શંકા ટાળો. કદી કહેશો કે નીર્ગુણ બ્રહ્મના ઉપાસક સા- યુજ્ય મુકિત પામે છે તેમને દેશ વીશેષ (વૈકુંઠ લોક) માં જવું ઈત્યાદિ ગતિનો તથા તેમનાં નામ રૂપ ઈત્યાદિકનો અભાવ છે અને જેમ તે-

જમાં તેજ આકાશમાં આકાશ ભળી ગયું તેમ બ્રહ્મમાં ભળી જાય છે.

એવી રીતે ઘટાકાશ મહાકાશનાં ઈત્યાદિ દ્રષ્ટાંતોની સાથે કેટલાક લોક કહે છે તે શું તદન ખોટું છે? આ પ્રમાણનો ઉત્તર હા એજ છે કેમકે તે લોક કહે છે એવા નીર્ગુણ બ્રહ્મની ઉપાસનાજ બણી શક્તિ નથી એટલુંજ નહી પણ કોઈ પ્રકારે એવા બ્રહ્મની સિદ્ધિજ થઈ શકિત નથી કીંબહુના તે કોઈ પ્રમાણનો વીષય નથી એટલે તેના અસ્તીત્વપણામાંજ વાંધો આવે છે તેથી ઉપર પ્રમાણે કેહેનારા લોકોના મતનો શ્રીભાષ્ય શ્રુતપ્રકાશીકાદી સદ્ ગ્રંથોમાં વીસ્તારથી નીરાસ કરેલો છે તેનું સદાચાર્યને શરણ થઈ શ્રવણ કરો એટલે તમારા મનની સઘળી શંકાઓનું નીવારણ થઈ જશે.

વળી શ્રુતપ્રકાશીકાદી ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે અને તે બહુ કઠીણ છે વ્યાકરણાદી ચાર શાસ્ત્રની કુશળતા વીનાના પુરૂષોથી સમજી શકાય તેવા નથી માટે કેટલાક આચાર્યસ્વામી લોકોએ સંસ્કૃતમાં બીજા કેટલાક તત્વત્રય સૂત્ર વ્યાખ્યા, તત્વત્રય ચુલુક, યતીન્દ્રમત દીપિકા, લઘુશત દુષણી આદી ઘણા સુગમ ગ્રંથો કરેલા છે (તેમાંની સારરૂપ તત્વજ્ઞાન સંગ્રહ નામના એક ગુજરાતી નિબંધ तत्वज्ञानसंग्रह ઉપરથી તો વેદાન્ત) શાસ્ત્ર સબંધી તમારો સઘળો દુર્વાદ તથા ભ્રમ શાંત થસેજ. મુક્ત થયા પછી પાછા સંસારમાં નથી આવતા એમ જે તમારૂં કહેવું છે તેપણ બરોબર છે પરંતુ તે કર્માધીનપણે નથી આવતા ભગવત ઇચ્છાનું ગુણ સ્વઈચ્છાથી આનંદના વીહારને માટે અથવા ભગવત સેવાને માટે તો આવે છે જેમકે

श्रुतिः	(સાયુજ્ય મુક્તિને પામેલો પુરૂષ)
स्वस्वराट्भवतिःतस्यसर्वेषुलोकेषु	પોતે સ્વતંત્ર એવો રાજા થાય છે અને
कामचारोभवति ॥	સર્વ (भुर्भूवःस्वःइत्यादि) લોકને વીશે યથેચ્છ સંચાર કરે છે.

એ રીતે શાસ્ત્ર (છાંદોગ્ય ઉપનિષદ) જ પ્રતીપાદન કરે છે એટલે સર્વથા અમારૂં બોલવું અસંભવીત નથી પણ યથાર્થજ છે.

શંકા—શઠકોપસ્વામીએ જેવી રીતે મુક્તાવસ્થામાં નાથમુનીને ઉપદેશ કર્યો. તેવીજ રીતે આ સૃષ્ટિના મંડાણથી તે આજ સુધીમાં તેવુ બીજુ કોઈ

વૃત્તાંત બણેલું વેદ પુરાણુ ઈતિહાસ જોતાં જણાતું નથી માટે તે કેમ મનાય.

સમાધાન—તમે વેદ પુરાણાદીક સારી પેઠે જોયાં કે સાંભળ્યાં નહી હોય નહીતો ઘણો આગળનો શીદને વીચાર કરો છો. અને જગત પ્રસિદ્ધ એવું વૃત્તાંત કેમ વીસારોછો. જુવો જુવો "शुकोमुक्तःवामदेवोमुक्तः એમ શ્રુતિજ વ્યાસ પુત્ર સાક્ષાત્ શુકદેવજીને મુક્ત થએલા એટલે કે સાયુજ્ય મુક્તિને પામેલા કહે છે અને વળી તમારા જેવા અદ્વૈત વેદાન્તી લોકોતો પોતે માનેલા પાંચ જ્ઞાનીઓમાં શ્રેષ્ટ એવા માને છે તેજ શુકદેવજીએ પોતાનું શરીર છોડી દઇ તેઓ સાયુજ્ય મુક્તિને પામ્યાનો પ્રકાર તથા મુક્તા વસ્થામાં ને મુક્તા વસ્થામાંજ શ્રી વેદ વ્યાસજી જે કે પોતાના પીતા તેમના સંતોષ માટે ભગવત્ આજ્ઞાથી પાછા આ સંસાર મંડળમાં આવી શ્રીમદ્ભાગવતનું અધ્યયન કરી તેનો ઉપદેશ પણ પરીક્ષત રાજાને તે વખતના સર્વ લોકોની સમક્ષ કર્યો. આ સઘળુ વૃત્તાંત શ્રી માહા ભારતના મોક્ષ ધર્મ પૈકી શુકોત્પતન નામના આખ્યાનમાં તથા શ્રી વૃહન્નારદીય પુરાણના પૂર્વાર્ધ પૈકી બીજા પાદનાં અધ્યાયમાં વીસ્તારથી વરણન કરેલું છે તે જુવો અને તે પ્રમાણોમાંની લ્યો.

શંકા—શઠકોપ સ્વામીએ મુક્ત થયા પછીજ નાથ મુનીને ઉપદેશ કર્યો છે એમ માનવામાં શું પ્રમાણ છે.

સમાધાન—જેમ તમારા શ્રી શંકરાચાર્યસ્વામી પોતાના પીતા પર લોક ગયા પછી કેટલાક વર્ષે જન્મા છે તેથી કુંડ" ગોલક પણાની શંકા થવા જેવું છતાં પણ દીવ્ય પુરૂષોના જન્મ ચરીત્ર અલૌકીક હોય છે એટલે તે પ્રમાણે તેમના જન્મ તથા તેના કારણ સંબંધી નીર્દોષપણા માટે જેવા શંકર દીગ્વીજયાદીક તમારાજ ગ્રંથો પ્રમાણમાં લેવાય છે તેવા શ્રી શઠકોપ સ્વામીના ચરીત્ર સંબંધી અમારા પ્રાચીન ગ્રંથો પ્રમાણમાં લેવાય છે. એમ તમને પ્રથમજ અમે કહી ગયા છીએ તેનું ફરી સ્મરણ કરો.

શંકા—અમારા શ્રી શંકરાચાર્ય સ્વામીના અવતાર વીશે તો મત્સ તથા ભવીષ્યત્ એ બે પુરાણોનાં વચનોનુ પ્રમાણ છે તેવું તમારા શ્રી શઠકોપ સ્વામી માટે કોઇ પુરાણાદીકનું પ્રમાણ છે? હોય તો બતાવો.

સમાધાન—હા શ્રીશઠકોપ સ્વામીના અવતાર માટે તો તે કરતાં પણ વધારે અને ઘણા પ્રબળને તે વળી ધર્મ શાસ્ત્રના પ્રાચીન ગ્રંથકાર ઓએણે પોતાના ગ્રંથમાં લીધેલાં એવાં પ્રમાણો છે એટલે કે તમે તેને આ-

ધુનીક અથવા કલ્પીત કહી સકો તેવું નથી. ઘણો વીસ્તાર ન થવા માટે તેમાંના મુખ્ય મુખ્ય અહીં બતાવીએ છીએ તે નીચે પ્રમાણે.

ब्रह्मांडपुराणमां

પુર્વાર્ધ પઈકી તામ્રતર્ણી નદીના માહાત્મ સંબંધી પ્રકરણમાં બ્રહ્માપ્રત્યે

द्वितीयेपरार्धेऽस्मिन्कल्पेवैवस्व तेन्तरे ब्रह्मन्नष्टाविंशेऽन्तिमेयुगे ॥ मद्भक्तोहंभविष्यामिनेतुंद्राविडतां श्रुतिम् ॥

હે બ્રહ્મા તારા આ બીજા પરાર્ધમાં વરાહ કલ્પના વૈવસ્ત મન્વંતરના અઠાવીશમા કલયુગમાં વેદશ્રુતિ દ્રાવીડ ભાષામાં લાવવા સારૂ હું માહારાભક્તરૂપે થઈશ.

એ રીતે ભગવાનેજ કહેલું છે એટલુંજ નહી પણ તેજ પુરાણમાં વળી આગળ મોક્ષ ધર્મ સંબંધી પ્રકરણમાં બ્રહ્માએ માર્કંડેય ઋષિ પ્રત્યે કહ્યું છે.

क्रूरेकलियुगेप्राप्तेनास्तिकैःकलुषीकृते ॥ विष्णोरंशांशसंभूतोवेदवेदार्थतत्ववित् ॥ स्तोत्रंवेदमयंकर्तुंद्राविड्यापिचभाषयाशठकोपइतिख्यातोलोकानांहितकाम्यया ॥ जनिष्यतिसतांश्रेष्टो

નાસ્તીક લોકોથી દુષીત થએલો એવો ક્રુર કલીયુગ આવશે ત્યારે વિષ્ણુના અંશાંશથી થએલા અને વેદ તથા તેના અર્થનો સાર જાણનાર એવા દ્રાવીડ ભાષામાં વેદમય એવું સ્તોત્ર [પ્રબંધ] લોકના હીત સારૂ કરવા માટે સત્ પુરૂષોમાં શ્રેષ્ઠ એવા શઠકોપ નામે અવતાર લેશે.

ઉપરના વચનની આગળ તેજ પ્રકરણમાં.

कलौपुनःपापरताभिभूते ॥ सउद्भूवाश्रितवत्सलत्वात् ॥ भक्तात्मना सर्वजनान्सुगोप्तुं ॥ विश्वाधिकोविश्वमयोहिविष्णुः ॥

પછી પાપરત એવા પુરૂષોથી પીડીત થએલા એવા કલીયુગમાં સર્વ લોકોના રક્ષણ માટે વિશ્વથી મોટા અને વીશ્વમય એવા ભગવાન વિષ્ણુએ શરણાંગતોને વીશે દયાલુપણાથી અવતાર લીધો.

એ રીતે બ્રહ્માંડ પુરાણના પુર્વાર્ધમાં તામ્રપર્ણી નદીના માહાત્મ સંબંધી પ્રકરણમાં તથા ઉતરાર્ધમાં મોક્ષ ધર્મ સંબંધી પ્રકરણમાં સ્પષ્ટ વચનો છે આ વચનો વૈકુંઠનાથી યધર્મ શાસ્ત્રના ગ્રંથ કરતાએ તા. સચ્ચરીત્ર પરીત્રાણ તા. આળવંદાર ભાષ્યમાં આચાર્યોએ બતાવેલાં છે તે પ્રમાણે અહીં દાખલ કરેલ છે તેમજ.

कलौंखलुभविष्यंतिनारायणपरायणाः ॥	કલીયુગમાં ખચીત્ કરીને નારાયણ પરાયણ એવા લોકો થશે.

અહીંથી આરંભી.

ताम्रपर्णीनदीयत्रकृतमलापयस्विनी × | × × ×	જાંહાં તામ્રપર્ણી કૃતમાલા ઈત્યાદિ નદીયો છે ત્યાંહાં.

ઈત્યાદી શ્રી મહ્ભાગવત એકાદશ સ્કંધમાંના આ વચનો પ્રથમ પણ બતાવવામાં આવેલ છે જો કે આ વચનોમાં શ્રીશઠકોપ સ્વામીનું નામ નથી તોપણ તેમાં.

ताम्रपर्णीनदीयत्र એ શબ્દે કરીને પ્રથમ તેમના જે નિર્દેશથી તેમનું અસાધારણ અવતાર સ્થળ બતાવેલું છે તેજ પ્રમાણે નારાયણ પરાયણ પણાનો જે ધર્મ તે આ કલીયુગમાં તો પ્રથમ તેમનાથીજ પ્રકાશિત થએલો છે માટેજ ताम्रपर्णीनदीयत्र; એ વાકય ,ઉપરના શ્લોકમાં પ્રથમ આવેલું છે અને કૃતમાલાદી સ્થળો તેની પછીથી ગણાવેલાં છે. અમારા સઘળા મુખ્ય આચાર્ય ઉપર પ્રમાણે શ્રી મહ્ભાગવતમાં જે જે સ્થળો ગણાવેલાં છે તે તે સ્થળો એજ થયેલા છે ને હજુ પણ તે તે સ્થળોમાં भूरिशः એ શબ્દથી જણાવેલું બહુ પણું અમારા સંપ્રદાયના લોકોનુજ છે તેથી કાંઈ પણ શંકા કરવાનો અવકાશ રેહે તેવુ નથી. વળી એ વીશેમાં શ્રી ભાર્ગવપુરાણ જે કે સ્કંદપુરાણના સૌરાષ્ટ ખંડના આરંભમાં બતાવેલી પુરાણોની વ્યવસ્થામાં ઉપ પુરાણ કરી ગણાવેલું છે તે ભાર્ગવ પુરાણમાં કલીયુગમાં થવાના યોગીશ્વરોના ભવીષ્ય ચરીત્ર સંબંધી શ્રી નરનારાયણના સંવાદ રૂપ આખ્યાનનો ચઉદમો તથા પંદરમો એ બે અધ્યાયજ આખા પ્રમાણ રૂપ છે તેમાંનાં વચનો નીચે પ્રમાણે.

ताम्रपर्णीनदीतीरेपांड्यदेशेमनोर	તામ્રપર્ણી નદીતીરે પાંડ્ય દેશમાં

मेपुडरीकेतिनगरी

અહીંથી આરંભી.

ततोभगवतादिष्टोसेनेशोभगवत्प्रियः ॥ उदरंनाथनायक्याप्रविवेशमाहाद्युतिः ॥ १ ॥

ततःसंवत्सरेपुर्णेसादरानाथनायकी॥कलेरादौद्विनवतिदिनषु॥२॥

वैशाखेमासिसुभगेविशाखायांकवेर्दिनेलग्नेपिकर्कटेश्रेष्टेसुषुवेपुत्रमुत्तमं ॥•३ ॥•

पुडरीका એ નામની નગરી છે.

તદનંતર ભગવાંને આજ્ઞા કરેલા અને ભગવત્પ્રિય એવા માહા કાંન્તિ-વાળા સેનાપતી [શ્રી વીશ્વકસેનજી] એ નાથ નાયકીના ઉદરમાં પ્રવેશ કર્યો. અને તે પછી પુરે એક વરષે માનવન્તીનાથ નાયકીએ કલીયુગની આદીના ૯૨ બાણુમા દીવસે વઈ-શાખ માસગાં વિશાખા નક્ષત્રમાં શુ-ક્રવારે કરક લગ્નમાં ઉત્તમ પુત્રને જન્મ આપ્યો.

•अच्युतांघ्रिजगंगायाप्रवाहइवपावनान्प्रबंधान्मुक्तिदांश्चक्रे ॥ सर्वचेतनपावनान् ॥ ४ ॥

• श्रीशांघ्रिकमलध्यांनसुधामग्नमनःसदा ॥ तस्थौपरांकुशमुनिस्तारयन्नखिलान्जनान् ॥

ભગવત ચરણુથી જન્મ પામે-લી એવી ગંગાના પ્રવાહની પેઠે સર્વ ચેતનોને પવિત્ર કરનારા તથા મો-ક્ષ પમાડે તેવા પવિત્ર પ્રબંધોના કરતા, શ્રી પતીના ચરણકમળના ધ્યાનરૂપી અમૃતમાં સદા નીમગ્ન રેનારા એવા તે પરાંકુશ મુની સર્વ લોકોને તારૂનારા છે.

ઈત્યાદિ વીસ્તારથી તેમના જન્મના ચરીત્રનુ વર્ણુન કરેલું છે આવી રીતનાં આર્ષ ગ્રંથોનાં પ્રમાણો છે. તેથી શ્રીશઠકોપ સ્વામી વીશે તો વ-ર્ણાન્તર પણાની શંકાનો લેશ પણ સ્વર્શ કરી શકતો નથી.

प्रश्न. १९ शक्नोतिचेतदाशास्त्रविरुद्धंनोचेत्तर्हिकुतआचार्यत्वम् ॥

બ્રાહ્મણ થકી અન્યવર્ણ આચાર્ય પણું કરે તો તે શાસ્ત્ર વિરૂદ્ધ છે ? ના કહો તો તે કેવું આચાર્યપણું ?

ઉત્તર—અમેતો ઉત્તર આપેલોજ છે કે આચાર્ય પણું નથી કરી શકતા પણ ઉલટુ પૂર્વ જન્મ સંબંધી જ્ઞાનના સ્મરણુવાળા શુદ્રના આચાર્યપણામાં શાસ્ત્રનો વિરોધ નથી ઈત્યાદી અદ્વૈત મતની પ્રક્રિયાને માનનારા અદ્વૈતીયોને આ પ્રશ્ન પુછવો જોઈએ કેમકે હીન વર્ણના પુત્ર ગૌડપાદ હરી ઈત્યાદીકોનું આચાર્યપણું તેમણે સ્વીકારેલું છે માટે એ વિશેનું તેમણેજ સમાધાન કરવું જોઈએ કારણ કે તેમનું આચાર્યપણું.

व्यासंशुकंगौडपदंमहांतं × × ×	વ્યાસ શુક અને મહાન્ત ગૌડપાદ
नमस्कुर्वेजगद्वंद्यंपाणिन्यादिमुनित्र	જગત વંદ્ય પાણીની આદી ત્રણ
यंश्रीभर्तृहरिमुख्यांश्चसिद्धान्तस्था	મુનિ અને સિદ્ધાન્ત સ્થાપન કરનારા
पकान्बुधान् ॥	ભર્તૃહરિ આદી જ્ઞાનીઓને નમસ્કાર કરૂંછું. ॥

ઈત્યાદી તે લોકનાં વચનોએ કરીને વર્ણન કરેલું છે અને તેમનું હિન વર્ણના પુત્ર પણું "શતદૂષણીમાં" શ્રી આચાર્યે (દેશીક સ્વામીશ્રી વેદાન્તાચાર્યે) સાબીત કરેલું છે.

પ્રકરણ ૪ થું.

सांप्रदायिक दीक्षा ग्रंथो तथा आचार्योनी आवश्यक्ताः

१९ प्रश्न. यज्ञोपवीतसाविव्या	જેવી રીતે યજ્ઞોપવીત અને ગાયત્રી
दिग्रहणाद्रतेद्विजाति	ગ્રહણ કર્યા વગર બ્રાહ્મણપણું નથી
त्वाभावाद्व्रात्यत्वंय	તેથી વ્રાત્ય (ભ્રષ્ટ) પણું થાય છે તે-
थातथाभवदुपदेशा	વીજ રીતે તમારા ઉપદેશવગર પણ
भावेपिकिंतथात्वेभ	થતું હોય તો તેથી સ્નાનદાનાદીક
वदुपदेशाभावाद्रात्य	વૃથા થાય પણ એવો કાંઈ શાસ્ત્રનો કે
त्वंस्नानदानादिकंत	વિદ્વાનોનો સંમત નથી ને જ્યારે તે-
थास्यात्तत्रशास्त्रसंम	મ નથી ત્યારે શામાટે વિશેષ આગ્રહ
तंविद्वत्संमतंचनोचे	જોઈએ.
त्कुतोविशेषाग्रहः ॥	

उत्तर—ગાયત્રી ઈત્યાદીના ગ્રહણ કરવાથી જેવું નરકાદિ પ્રત્ય વાય આપનારૂં વ્રાત્યપણું થાય છે તેવું વૈષ્ણવદીક્ષા સબંધી ઉપદેશ વગર અપુનરાવૃત્તિરૂપ મોક્ષના અભાવરૂપી વ્રાત્યપણું થાય છે (જન્મ મરણ નથી ટળતાં) ગાયત્રી ઈત્યાદીના ગ્રહણનુ ફળ પાપની ઉત્પત્તિનો અટકાવ અને વૈષ્ણવદીક્ષા ગ્રહણ કરવાનું ફળ મોક્ષ છે એમ તેની વ્યવસ્થા થાય છે.

पंचरात्रविदोयेतुयथाक्रमपरान्तप ॥ एकांतभावोपगतास्तेहरिंप्रविशंतिवै ॥	હે રાજન જેઓ પંચરાત્રના વેતા અને તેમાં કહ્યા પ્રમાણે એકાંત ભાવને પામેલા છે તેઓ હરિને પામે છે.

એ રીતના ભારતના વચનથી તેનું મોક્ષ રૂપી ફળ આપવાપણુ સિદ્ધ છે અને તે ફળ શ્રેષ્ટ હોવાથી સાવિત્રીના ગ્રહણ કરતાં વૈષ્ણવદીક્ષાનું ગ્રહણ કરવું ઉત્કૃષ્ટછે કેમકે તેનું ફળ મોક્ષછે. તેમાં ગાયત્રીનું ફળ પાપની અનુત્પત્તિ તે તો અંદર આવીજ જાય છે. એટલા માટે વૈષ્ણવદીક્ષા ગ્રહણ કરવા માટે વિશેષ આગ્રહ છેએથી કાંઇ એમ નહી કહી શકાય કે વૈષ્ણવ દીક્ષા થઇ એટલે ગાયત્રી આદી દીક્ષાના ગ્રહણ વિના ચાલશે કેમકે ગાયત્રી આદી ન ગ્રહણ કરવાથી.

श्रुतिःस्मृतिर्ममैवाज्ञायस्तामुलंघ्य वर्तते ॥ आज्ञाछेदीममद्रोहीमद्भक्तोपिनवैष्णवः ॥	શ્રુતિ સ્મૃતિએ મારીજ આજ્ઞા છે તેને ઉલંઘીને જે ચાલે છે તે મારો ભક્ત હોય તો પણ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી મારો દ્રોહી છે વૈષ્ણવ નથી.

ઇત્યાદી વચનોએ કરીને અવૈષ્ણવ પણુ આવે છે એટલા માટે બ્રાહ્મણોને ગાયત્રી આદી દીક્ષા ગ્રહણ કરવાનું અતિ અવસ્યપણું છે.

प्रश्नः यथावर्णाश्रमधर्मवर्णनंसर्वग्रंथेषुतत्फलवर्णनंचतथाभवत्संप्रदायवर्णनंकुतोन ॥	જેવું વર્ણાશ્રમધર્મનું ને તેના ફળનુ વર્ણન સર્વ ગ્રંથોમાં છે તેવી રીતે તમારા સંપ્રદાયનું વર્ણન કેમ નથી.

उत्तर—એ વર્ણન તે તમે વર્ણાશ્રમ ધર્મનું સમગ્ર વર્ણન કહો છો કે થોડું ઘણું? સમગ્ર વર્ણન તો કાંઇ ગ્રંથમાં જણાતું નથી ને તે બ-

ની પણ શકતું નથી કેમકે એકજ ગ્રંથમાં સર્વ ધર્મનું પ્રતિપાદન થવાથી બીજા ગ્રંથનું વ્યર્થપણું અને ગ્રંથકારોને ગ્રંથ કરવાનો અપ્રસંગ આવે છે

૨ બીજા પક્ષમાં (થોડું ઘણું) તો તમારો ધારેલો હેતુ સિદ્ધ થતો નથી કેમકે મનુસ્મૃતિ ભારતાદીમાં તો नारायण તુંજ જગત્ કારણ પણું ઈત્યાદી અમારા સંપ્રદાયના પ્રધાન અર્થોનું વર્ણન પણ છે એમ અમે પ્રથમજ દેખાડયુંછે અને "સર્વ ગ્રંથોમાં" એવું પ્રશ્નમાં કહોછો તેમાં વ્યાકરણ આદી બાહ્ય ગ્રંથમાં વર્ણાશ્રમ ધર્મના વર્ણનનો સંભવ નથી એટલે તમારે "સર્વ" એ શબ્દમાંથી તેમને બાદ કરવા જોઈએ અને તે પછીનાં તો (સર્વ શબ્દે કરીને) સ્મૃતિ ઈતિહાસ અને પુરાણ એજ કહેવાં જોઇએ એમ થાય એટલે તો પછી તેમાં તો વર્ણાશ્રમ ધર્મની પેઠેજ અમારા સંપ્રદાયના અર્થોનું પણ હારીત, શૌનક, શાંડીલ્ય, ભરદ્વાજ, આદીક સ્મૃતિઓમાં માહા ભારત રામાયણ ભાગવત પદ્મપુરાણ અને પંચરાત્રાદીક ગ્રંથોમાં પુષ્કળ પ્રતિપાદન કરેલું જણાય છે અને આ ગ્રંથમાં પણ જુદાં જુદાં પ્રકરણમાં તેના વચનો બતાવેલાં છે તે વચનોએ કરીને જાણી લેવું.

प्रश्न ० भवदाचार्येभ्यः पूर्वाचार्याव्यासादयो न्यूनाः समाना वाऽधिकाः न्यूनाश्चेत् ? सकलमार्गविप्लवः स्यादिति	તમારા આચાર્યો કરતાં પૂર્વાચાર્ય વ્યાસાદીક ન્યૂન સમાન કે અધિક છે? જો ન્યુન હોય તો બધો માર્ગ ડુબી જાય .

उत्तर—અહીં ન્યુનત્વ એ સ્વાભાવિક કહો છો કે ઔપાધિક?

૧ પહેલી બાબતમાં તો સર્વ આત્માજ્ઞાન સ્વરૂપ હોવાથી સમાન છે, એમ કહીએ છીએ.

૨ બીજી બાબતમાં પણ તે ઉપાધિ શરીર ઈંદ્રીયાદીકની કે તે સંધી કર્મની?

1. તેમાં શરીર ઈંદ્રીયાદીકનું ન્યુનપણુ કહોતો એ કાંઇ કારણ નથી અને હોય તોપણ તેવુ ન્યુનતાદીકપણું હોવું એ કાંઈ મહત્વની બાબત નથી જો કે મનના જેટલી ઝડપથી ગતી કરવી, અંતર્ધાન થવું ઘણાકાળ સુધી જગતમાં રહી શકવું ઇત્યાદી પ્રકારના અધિક પણામાં તેનું પ્રયોજન છે પણ તે કાંઇ મોક્ષ માર્ગના આચાર્યપણામાં ઉપયોગી નથી જેમકે.

नैश्वर्यानागतज्ञानादिकंमोक्षस्य साधनंतद्दतेपिहिकैवल्यंयोगभाष्यकृतेरितम् | ઐશ્વર્ય ત્રીકાળ જ્ઞાન ઈત્યાદી મોક્ષના સાધન નથી તેના વિના પણ કૈવલ્ય [મોક્ષ] પ્રાપ્ત થાય છે એ મયોગ ભાષ્યકારે કહેલું છે.

એ રીતે અદ્વૈત મતમાંના અંતરંગોએ (વાચસ્પતીમીશ્રે]જ કહેલું છે.

૨ હવે કર્મનું તો ન્યૂનત્વાદીકમાં પ્રયોજક પણુંછે તોપણ ॥ नकर्मणानप्रजया ॥ (કર્મે કરીને કે પ્રજાએ કરીને (મોક્ષ) નથી મળતો) એ શ્રુતિમાં કર્માદીકને માટે મોક્ષની હેતુતાના નિષેધે કરીને તેનો પણ કહેલા આચાર્યપણા પ્રત્યે ઉપયોગ નથી.

૩ ઉદાસીન જ્ઞાનવાળાનું આચાર્યપણું નિરૂપયોગી છે એટલે હવે માત્ર ઉપદેશને માટે ઉપયોગી " ઉપાધિએ કરીને " તત્વ જ્ઞાન બાકી રહે છે તે બાબતમાં તેઓ સમાન છે એમજ અમે કહીએ છીએ અથવા વ્યાસાદીકનું અધિકપણું પણ સ્થાપન કરવાને યોગ્ય છે.

૪ એથી એમ ન કહેવું કે તેમના ગ્રંથ છતાં ન્યૂન એવા તમારા આચાર્યના ગ્રંથ શી રીતે ગ્રહણ કરવા? સ્મૃતિકારોથી ન્યૂન એવા ધર્મશાસ્ત્ર સંબંધી ગ્રંથકારોની રીતે તેમનું પણ આપ્તપણું બને છે.

૫ તેથી એમ પણ ન કહેવું કે વ્યાસાદિકોએ નહી કહેલા અર્થ પ્રતિપાદન કરનારા તમારા આચાર્યના ગ્રંથો શી રીતે પ્રમાણ થઈ શકે છે? કેમકે પોતાના ગ્રંથોની મૂળ ભૂત સ્મૃતિઓમાં નહી કહેલા અને બીજી સ્મૃતિઓમાં કહેલા એવા અર્થો "ન કહેલું બીજેથી લેવું" "એ ન્યાય પ્રમાણે નિબંધો સહેલાઇથી સમજાય એવા કરવાને માટે જેમ લેવામાં આવેછે તેની પેઠે" હારીત, શૌનક આદી બીજી સ્મૃતિઓમાં કહેલા અર્થોનું પ્રતિપાદન (અમારા આચાર્યના ગ્રંથોમાં) કરેલું છે માટે અમારા આચાર્યના ગ્રંથો પ્રમાણ છે.

સારાંશ કે—વ્યાસાદીકે ન કહેલા એટલે કે સ્પષ્ટ ન કહેલા એવા અર્થો પણ ઉપરની રીતે અમારા આચાર્યો પ્રતિપાદન કરે છે તેમજ—

इदंमहोपनिषदं चतुर्वेदसमान्वितं ॥ सांख्ययोगकृतांतेनपंचरात्रानुशब्दितं ॥	આ મહાન્ ઉપનિષદ ચાર વેદથી મળેલું સાંખ્ય અને યોગનો નિર્ણય કરવાવડે પંચરાત્ર એવું જેનું નામ છે તે—
नारायणमुखोद्गीतंनारदोश्रावयत्पुनः ॥	નારાયણના મુખથી ગાયન થયેલું ફરીથી નારદજીયે સંભળાવ્યું—
मत्तोन्यानिचतेराजन्नुपाख्यानशतानिवै ॥ यानिश्रुतानिसर्वाणि तेषांसारोयमुद्धृतं ॥	હે રાજન્ મારાથી બીજાં સેંકડો ઉપાખ્યાન તેં જે સાંભળ્યાં. તેનો આ સાર કાઢેલો છે.
सुरासुरैर्यथाराजन्निर्मथ्यामृतमुद्धृतं ॥ एवमेतत्पुराविप्रैःकथामृतमिहोद्धृतं ॥	જેવી રીતે દેવતાઓ અને દૈત્યોએ ભેળા થઇને અમૃત કાહાડ્યું તેવી રીતે આ પૂર્વેના બ્રાહ્મણોએ કથારૂપી અમૃત કાઢેલું છે—
एवमेषमहान्धर्मआद्योराजन्सनातनः ॥	એ પ્રકારનો આ મહાન્ ધર્મ હે રાજા આદ્ય અને સનાતન છે.
दुर्विज्ञेयोदुष्करश्चसात्वतैर्धार्यतेसदा ॥ एषएकांतधर्मस्तेकाथितोनृपसत्तम ॥	તે આચરવો તથા જાણવો કઠણ છે સાત્વત લોકો (ભક્ત લોકો) સદા ધારણ કરે છે તે આ એકાન્ત ધર્મ હે નૃપ સત્તમ મેં તને કહ્યો.
यद्येकान्तिभिराकीर्णेजगत्स्यात् कुरुनंदन ॥	હે કુરૂનંદન જો કદી નિષ્કામ કર્મ કરનારા એવા એકાન્તીઓનો જગતમાં ફેલાવ થાય તો
भवेत्कृतयुगप्राप्तिराशीकर्मविवर्जिताः ॥	સતયુગનો લાભ થાય.
एवमेकंसांख्ययोगंवेदारण्यकमेवच ॥ परस्परांगान्येतानिपंचरात्रं	એ પ્રમાણે સાંખ્ય યોગ વેદ અને આરણ્યક એ પરસ્પર બધાં અંગો

चकथ्यते ॥ — મળીને એક પંચરાત્ર કહેવાય છે.

कृतंशतसहस्रंहिश्लोकानामिदमुत्तमं ॥ — આ એક લાખ ઉત્તમ શ્લોકોનું કરેલું છે.

ऋग्यजुःसामभिर्जुष्टंअथर्वांगीरसैस्तथा ॥ भविष्यातिप्रमाणंवैएतन्मदनुशासनम् ॥ — ઋગ્, યજુ સામ અને અર્થવેદથી યુક્ત એવું માહારી આજ્ઞારૂપ આ શાસ્ત્ર પ્રમાણુજ થશે.

तस्मात्प्रवक्ष्यतेधर्मान्मनुःस्वायंभुवःस्वयं ॥ — સ્વાયંભુમનુ પોતે એનાથી ધર્મો કહેશે.

एतद्धियुष्मछास्त्राणांशास्त्रमुत्तमसंज्ञितम् — તમારાં શાસ્ત્રોમાં આજ ઉત્તમ શાસ્ત્ર છે.

एतदर्थ्यंचधर्म्यंचरहस्यंचैतदुत्तमं — અર્થનું તથા ધર્મનું આપનારૂં તથા ઉત્તમ એવું રહસ્ય પણ આજ છે.

ઇત્યાદી મોટા પ્રબંધે કરીને મોક્ષ ધર્મમાં વ્યાસેજ પંચરાત્ર શાસ્ત્રનું પ્રમાણુપણુ સ્થાપન કરવાની સાથે તેનુ સર્વ શાસ્ત્રમાં શ્રેષ્ટપણું પ્રતિપાદન કરેલું છે તેમાં કહેલા અર્થોનો સાર ભારત છે. એમ પણ પ્રતિપાદન કરવામાં આવેલું છે "यन्नेहास्तिनतत्क्वचित्" જે અહીં (ભારતમાં) નથી તે કહી નથી એ વચનના અવિરોધને માટે વ્યાસનુ કહેલુંજ સ્વીકારવું જોઇએ તેમ तस्मात्प्रवक्ष्यतेधर्मान्मनुः (મનુ પણ તેનાથી ધર્મો કહેશે) એ રીતના વચને કરીને મનુસ્મૃતિનું મૂળ પણ આ પંચરાત્રનેજ કહેલું છે માટે અમારા સંપ્રદાયના અર્થોને માટે મનુનો અભીપ્રાય છે જ, એ વાત અતિ સ્પષ્ટ રીતે અમે આગળ કહેલી છે તેથી કાંઇ પણ અઘટીતપણું નથી.

प्रश्न १९ शूद्राश्चेदुपदेश्यास्तर्हि सच्छूद्राअसच्छूद्राःसाधारणावाऽसाधारणा साधारणाश्चेदधमाकुतो नोपदेश्याः उपदेश्याए — જો શૂદ્ર ઉપદેશ યોગ્ય હોય તો સત્ શૂદ્ર વા અસત્ શૂદ્ર અથવા સાધારણ વા અસાધારણુ અને સાધારણુ એમ કહો તો અધમને પણ કેમ ઉપદેશ ન કરવો? અને જો ઉપદેશ

वेतिचेत्तैःसहवैष्णवत्वे नतुल्यतान्यूनतावातुल्यत्वंचेत्तत्कृतपाकादि कथंनांगीक्रियतेअंगीक्रियतएवेतिचेत्तर्हिवैष्णवदीक्षायांसर्वेवर्णाःसमाइतिवदन्तोभवन्तोधन्याः ॥

કરવો એમ કહો તો તેની તમારી સાથે વૈષ્ણવતામાં તુલ્યતા છે કે ન્યૂનતાતા છે? જો ન્યુનતા નથી એમ કહો તો તેની કરેલી રસોઈ ઇત્યાદી કેમ અંગીકાર કરતા નથી? અંગીકાર કરીએ છીએ. એમ કહો તો તો વૈષ્ણુ દીક્ષામાં સર્વ વર્ણ સમાન છે એમ કહેનારા તમોને ધન્યછે.

ઉત્તર—આ ઠેકાણે તુલ્યતા અને ન્યૂનતા એવા બેઉ શબ્દો સાથે વાપરવાથી તેઓ અથડાય છે ખેર! તેનો ઉત્તર આપીએ છીએ.

સત્ શૂદ્રોજ ઉપદેશ કરવા યોગ્ય છે દુરથી પરિહાર કરવા જેવા અધમોને શાસ્ત્રે પ્રતિષેધ (મનાઇ) કર્યા છતાં ઉપદેશ કરવાની યોગ્યતા વળગાડનારાએ કેવળ હઠીલાપણુંજ અજવાળામાં આણ્યું છે. વૈષ્ણવદીક્ષામાં સર્વ વર્ણની સમાનતાએ કરીને તેની કરેલી રસોઇ સ્વીકારવી ઇત્યાદી બાબત વળગાડવી એ પણ નિરૂપણમાં સહી શકાય એવી નથી દીક્ષાની સમાનતા. અને રસોઇનો સ્વીકાર એ બેની વ્યાપ્તીનું ગ્રહણ કરનારૂં કોઇ પણ પ્રમાણ નથી? બ્રાહ્મણોનો ગાયત્રી ઉપદેશાદીકમાં, શૈવોને તેમની દિક્ષામાં અને અદ્વૈતીયોને ઐક્ય જ્ઞાનમાં એ રીતે સર્વે બ્રાહ્મણો શૈવ લોકો અને અદ્વૈતીયોમાં સમાનપણાએ કરીને રસોઇ સ્વીકારવાનું ઇત્યાદી કોઇ પણ માનતા નથી કેમકે નાત, કુળ, દેશ, ઇત્યાદી વ્યાવસ્થાએ કરીને તેનો અંગીકાર થાય છે તે પ્રમાણે સમજો.

प्रश्न २० सच्छूद्राइतिचेत्केसच्छूद्राइतितेषांलक्षणंवक्तव्यं ॥

સતશૂદ્ર (ઉપદેશ કરવા યોગ્ય છે) એમ કહેતા હો તો સતશૂદ્ર તે કીયા? એટલે કે તેમનું લક્ષણ કહો.

ઉત્તર—જે શૂદ્રો આસ્તિક હોય તે સત્ શૂદ્ર.

अस्तिब्रह्मेतिचेद्वेदसंतमेनंततोविदुः બ્રહ્મ છે એવુંજ જાણે છે તેને સંત કહે છે. " એ રીતનું આસ્તિકપણાનું રૂપ પ્રમાણ સિદ્ધ છે નહી તો "

नास्तिकायनवक्तव्यं "(નાસ્તિકને ન કહેવું)" એ રીતે નિષેધ કરેલા નાસ્તિકને પણ ઉપદેશ કરવાનો પ્રશંગ આવે છે.

પ્રકરણ ૫ મું.

सांप्रदायिक मंत्रोनी आवश्यकत तथा श्रेष्टता.

प्रश्न २१ उपदेशेरामकृष्णादि मंत्राःसमानाउततेषुन्यू नाधिकता ॥ समाना श्चेन्मंत्रांतरनिषेधः कथं क्रियते ॥	ઉપદેશમાં રામ કૃષ્ણાદિ મંત્રો સમાન છે કે તેમાં ન્યૂનાધિકપણું છે? સમાન કહો તો બીજા મંત્રોનો નિષેધ કેમ કરો છો?

उत्तर—સઘળા ભગવાનના મંત્રો તુલ્ય છતાં પણ—

योहवैनारायणस्याष्टाक्षरपदमध्येति (જે કોઇ નારાયણનું પ્રસિદ્ધ અષ્ટાક્ષર પદ ભણે છે) અહીથી આરંભી विंदतेप्राजापत्यं (પ્રજાપતિ એટલે બ્રહ્મા તેના પદને પામેછે) અહી સુધી નારાયણો પનિષદમાં પ્રજાપતિપણું ગોપતિપણું ઇત્યાદીની પ્રાપ્તિ પૂર્વક મોક્ષ પર્યંત ઉત્કૃષ્ટ ફળ આપવાપણું શ્રુતિએ પ્રતિપાદન કરેલું છે રામકૃષ્ણાદિ અવતાર વિશેષને પ્રતિપાદન કરનારા મંત્રો કરતાં મૂળ ભૂત ભગવત્સ્વરૂપ ગુણ વિગ્રહ વિભૂતિ અને તેના પેટામાં પ્રકૃતિ તથા પુરૂષનુ સ્વરૂપ મોક્ષ અને તેનું સાધન તથા ભગવાન સાથેનો વિશેષ સંબંધ એ રીતે અનેક અર્થને પ્રતિપાદન કરવાપણું પ્રમાણુ સિદ્ધ હોવાથી સર્વ ઉપનીષદો વડે પ્રતિપાદીત થયેલો, સર્વ મંત્રોનો પ્રતિનિધિ સર્વ અને વેદનું મૂળ જે પ્રણુવ. તે જેનો અવયવછે. એવો વ્યાપક મંત્રોનો શિરોમણી હોવાથી અષ્ટાક્ષર મંત્રનું અધિકપણું સુવ્યક્ત છે. આત્મપ્રબોધ ઉપનિષદમાં એ મૂળ મંત્ર સંભળાય છે. નારાયણના આ મૂળ મંત્રની ઉપાસના ભગવત્ લોક જે વૈકુંઠ તેને પમાડે છે. એટલા માટે અશ્વમેધીક (ગૌતમ સ્મૃતિ) એ નામના ધર્મશાસ્ત્રના ગ્રંથમાં પણ—

तस्मादष्टाक्षरंमंत्रंमद्भक्तैर्वीतकल्म षैः ॥ संध्याकालेषुजप्तव्यंसततंचा	તે માટે કલ્મષ રહિત એવા મારા ભક્તોએ અષ્ટાક્ષર મંત્ર સંધ્યાકાલે

त्मशुद्धये ॥

આત્મ શુદ્ધિને માટે નિત્ય જપવો.

એ રીતેનું વચન છે તેમજ—

अष्टाक्षरंचपुंसुक्तमवश्यंप्रत्यहंजपेत् ॥ उपस्थानेब्रह्मयज्ञेश्राद्धेचैवार्चनेहरेः ॥ ब्रह्मयज्ञेजपेन्नित्यंतस्मादष्टाक्षरंद्विजः ॥ अष्टाक्षरंविनाकर्मयत्कुर्यात्तदवैदिकं ॥ ब्रह्मयज्ञेजपेन्नित्यंमंत्रमष्टाक्षरंपरम् ॥ ऋचोयजूंषिसामानियोधीतेसकृदंजसा ॥ सकृदष्टाक्षरंजप्तासतस्यफभाग्भवेत् ॥

અષ્ટાક્ષર અને પુરૂષ સૂક્તનો પ્રતિદિવસ ઉપસ્થાનમાં બ્રહ્મયજ્ઞમાં, શ્રાદ્ધમાં ને હરિના અર્ચનમાં જપ કરવો=અષ્ટાક્ષર વિના જે કર્મ કરેછે તે અવૈદિક છે તે માટે બ્રહ્મ યજ્ઞમાં નિત્ય અષ્ટાક્ષર મંત્ર બ્રાહ્મણે જપવો. બ્રહ્મ યજ્ઞમાં પર એવો અષ્ટાક્ષર મંત્ર જે જપે છે તે એક વારે સહેલાઇથી ઋગ્ યજુ અને સામવેદ ભણે છે. એક વખત અષ્ટાક્ષર જપવાથી પણ તે ફળનો ભાગી થાય છે.

એ રીતનાં વરદરાજીયમાં વળી શૌનકનાં પણ વચનો છે અને તે વચનોને—

सर्वतीर्थमयीगंगासर्वदेवमयोहरिः ॥ सर्ववेदमयीगीतासर्वशास्त्रमयोमनुः ॥

ગંગા સર્વ તીર્થમય છે. હરિ સર્વ દેવમય છે. ગીતા સર્વ વેદમય છે, અને મનુ એટલે મંત્ર સર્વ શાસ્ત્રમય છે.

એ રીતે ભારતજ ઉપર કહેલા અર્થનું પ્રમાણ આપે છે.

प्रश्न २२ तद्दानंशिष्यायकथंन क्रियते ॥

તે (રામકૃષ્ણાદી મંત્રો)નું દાન શિષ્યોને કેમ નથી કરતા ?

ઉત્તર—તેનું દાન તે તે ભક્તોને કરીએ છીએ અને ઉપદેશ પ્રમાણે તેના જપાદીકનું અનુષ્ટાન પણ થાય છે. આશ્વમેધિક વૈષ્ણવ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે—

शृणुपांडवतत्सर्वमर्चनाक्रममात्मनः ॥ स्थंडिलेपद्मकंकृत्वाचाष्टपत्रं

હે પાંડવ સર્વ પ્રકારના મારા અર્ચનનો ક્રમ સાંભળ સ્થંડિલમાં કર્ણિ-

सकर्णिकं ॥ अष्टाक्षरविधानेनाप्य थवाद्वादशाक्षरैः ॥ वैदिकैरथवा मंत्रैर्ममसूक्तेनवापुनः ॥

કા સાથે આઠ પાંખડીવાળું કમળ કરી તેની અંદર અષ્ટાક્ષર અથવા દ્વાદશાક્ષર એવા વૈદિક મંત્રોવડે અ- થવા મારા સૂકતે કરીને (મારૂ પૂ- જન કરવું).

એ રીતનું ભગવત વચન છે.

गायत्रींविष्णुगायत्रीमष्टाक्षरमनुं ततःद्वादशार्णषडर्णचमंत्ररत्नमनुक्र मात् ॥ तद्विष्णोरितिसूक्तंचवेदा दींश्चततोजपेत् ॥

ગાયત્રી, વિષ્ણુ ગાયત્રી, અષ્ટાક્ષર, દ્વદશાક્ષર, ષડ ક્ષર, અને મંત્ર રત્ન એ રીતના અનુક્રમથી તથા तद्विष्णो એ સૂક્ત ભણીને પછીથી વેદાદિકનો જપ કરવો—

એ રીતના વરદરાજીયમાં બતાવેલા શૌનકના વચનથી ભગવન્મંત્રો નો જે તે કર્મોમાં વિનિયોગ જણાય છે આ અષ્ટાક્ષરમાં એટલું વિશેષ છે કે રામકૃષ્ણાદિ મંત્રોથી વૈષ્ણવ સંસ્કાર પુરા થતા નથી માટે તેમની અ- વસ્યકતા નથી અને અષ્ટાક્ષરાદિકથી તો વૈષ્ણવ સંસ્કાર પુરા થાય છે માટે તેમની અવસ્યકતા છે નહી તો વેદાંતાચાર્ય કૂરનારાયણ મુનિ પ્રભૃતિ અમારા આચાર્યોનું श्रीहयग्रीवसुदर्शनादि મંત્રોનું ઊપાસકપણું પ્રસિદ્ધજ છે અને એજ કારણથી મહાચાર્યે ચંડમારૂતમાં.

तुरगवदनतेजोबृंहिताश्चर्यशक्तिः कविकथकमृगेंद्रःसर्वतंत्रस्वतंत्रः ॥ जयतिगुरुरबाधांवेदचूडार्यसंज्ञा ॥ मानितरजनलभ्यांलंभितोरंगभर्त्रा ॥

શ્રી હયગ્રીવના તેજથી વૃદ્ધિ પા- મેલી આશ્ચર્યરૂપ શક્તિવાળા, સર્વ તં- ત્રને વિશે સ્વતંત્ર અને શીઘ્ર કવિ- ઓમાં સિંહ તથા જેમણે શ્રીરંગના- થથી બીજાને ન મળે એવું અને નિર્બાધ એવું વેદાંતાચાર્ય વર્ય પદ મેળ- વ્યું એવા મારા ગુરૂનો જય થાઓ.

આ પ્રમાણે કહ્યું છે.

प्रश्न २३ शैवशाक्तमंत्राणांमोक्ष

શૈવ શાક્ત મંત્રો મોક્ષ આપી

मदत्वमस्तिनवा ॥	શકે છે કે નહી?

ઉત્તર—નહીંજ કેમકે—

येप्यन्यदेवताभक्तायजंतेश्रद्धयान्विताः ॥ तेपिमामेवकौंतेययजंत्यविधिपूर्वकम् ॥	જે અન્ય દેવતાના ભક્ત હોઇને શ્રદ્ધા પૂર્વક યજન કરે છે તે પણ યજન તો મારૂંજ કરે છે પણ અ-વિધિ પૂર્વક કરે છે.
अंतवत्तुफलंतेषांतद्भवत्यल्पमेधसां ॥ देवान्देवयजोयान्तिपितृन्यांतिपितृव्रताः ॥ भूतानियान्तिभूतेज्यायान्तिमद्याजिनोपिमाम् ॥	તે અલ્પ બુદ્ધિવાળાઓનું નાશવાળુ ફળ થાય છે દેવના વ્રતવાળા દેવને પિતૃના વ્રતવાળા પિતૃને ભૂતની પૂજા કરનારા ભૂતોને અને મારૂં યજન કરનારા મને પાંમે છે.
आब्रह्मभुवनाल्लोकापुनरावर्तिनोर्जुन ॥ मामुपेत्यतुकौन्तेयपुनर्जन्मनविद्यते ॥	બ્રહ્મલોક સુધીના લોક પુનરાવૃત્તિ વાળા છે પણ હે અર્જુન મને પાંમ્યા પછી તો પુનર્જન્મ નથી થતો.

એ રીતનાં શ્રીગીતાજીનાં વચનોએ કરીને વિષ્ણું વિના બીજા દેવતાઓના યજનનું નાશવાન ફળ તથા બીજા દેવની પ્રાપ્તિને પુનરાવૃત્તિનુ કારણ પ્રતિપાદન કરવાની સાથે—

हिरण्यगर्भोभगवान्वसवोथप्रजापतिः ॥ अशुद्धास्तेसमस्तास्तुदेवाद्याःकर्मयोनयः ॥	હિરણ્ય ગર્ભ (બ્રહ્મા) વસુ પ્રજાપ-તિ અને કર્મ યોનિવાળા બીજા પણ સમસ્ત દેવાદી અશુદ્ધ છે.
आब्रह्मस्तम्बपर्यंताजगदंतर्व्यवस्थिताः ॥ प्राणिनःकर्मजानितसंसारवशवार्तिनः ॥ कर्मणांपरिपाकत्वादाविरिंचादमंगलं ॥ इतिमत्वाविरक्तस्यवासुदेवःपरागतिः ॥	જગતમાં રહેલા સ્તંબથી‡ બ્રહ્મા સુધીના પ્રાણિઓ કર્મથી થયેલા સં-સારને વશ વર્તે છે; કર્મના ભોગવડે કરીને બ્રહ્મા સુધીના સઘળા અમં-ગળ છે; એ રીતે માનીને વિરક્ત

‡ એક જાતનો અતી શુક્ષ્મ જંતુ.

થયેલાની પરગતિ વાસુદેવ છે (એમ સમજવુ).

એ રીતનાં પરાશર, શુક, અને શૌનકનાં વચનોએ કરીને તથા—

नारायणेनदृष्टस्तुप्रतिबुद्धोभवेत्पुमान् ॥ सर्वेच्चयवनधर्माणःप्रतिबुद्धस्तुमोक्षभाक् ॥	નારાયણુની દૃષ્ટિએ પડેલો પુરૂષ ગ્નાની થાય છે. તે વગરના સર્વનું પતન થાય છે અને ગ્નાની (પ્રતિબુદ્ધ) તો મોક્ષને ભાગી થાય છે.

એ રીતનાં નારાયણીયના વચને કરીને ભગવાન વિના બ્રહ્માને આદી લઇ સઘળા દેવતાઓનું અશુદ્ધપણું કર્મવશપણું અને સંસારીપણું તથા નારાયણે જોયેલા પુરૂષનુંજ મોક્ષને ઉપયોગી એવું પ્રતિબુદ્ધપણું અને તે વિના બીજાઓનું પતનપણું પ્રતીપાદન કરવાથી તેવા બીજા દેવતાઓના મંત્રોનું મોક્ષ આપનાપણું બનતું નથી.

એટલુંજ નહિ પણ—

मुक्तिंप्रार्थयमानंमांपुनराहात्रिलोचनः ॥ मुक्तिप्रदातासर्वेषांविष्णुरेवन्नसंशयः ॥	મુક્તિની પ્રાર્થના કરવાવાળો જે હું તેને ત્રિલોચન કહેવા લાગ્યા કે સર્વને મુક્તિ આપનાર એક વિષ્ણુજ છે એમાં કાંઇ સંશય નથી.

એ રીતનાં હરીવંશના વચને કરીને સર્વને વિષ્ણું એજ મોક્ષના આપનારા છે હું વિગેરે કોઇ નથી આપી શકતા એમ શિવજીએ પોતેજ કહ્યું છે વળી—

बंधकोभवपाशेनभवपाशाच्चमोचकः ॥ कैवल्यदःपरंब्रह्मविष्णुरेवसनातनः ॥	ભવપાશથી બાંધનાર, તેનાથી છોડનાર, અને કૈવલ્ય (મુક્તિ) ના આપનાર સનાતન એવા બ્રહ્મ વિષ્ણુજછે.

એ રીતે શ્રી ભાગવતની ટીકામાં તમારા શ્રીધરેજ ઉદાહરણુમાં લખેલા આ સ્કંદ પુરાણુના વચને કરીને બંધથી છોડવવાપણું (મુક્તિ દેવાપણું) ભગવાનનુંજ છે બીજાનું નથી એમ સ્પષ્ટ કહેલું છે. વળી—

पश्यत्येनंजायमानंब्रह्मारुद्रोथवा	જેના ઉપર જન્મ થતી વખત

पुनः ॥ रजसातमसाचैवमानससं मभिप्लुतं ॥	બ્રહ્માની દૃષ્ટિ પડે છે ને રજોગુણી અને રૂદ્રની દ્રષ્ટિ પડે છે તે તમોગુણી થાય છે.
कामंदेवाऋषयश्चसत्वस्थानृपसत्तम ॥ हीनाःसत्वेनसूक्ष्मेणततोवैकारिकाःस्मृताः ॥	ભલે દેવતા અથવા રૂષિઓ સત્વગુણી હો પણ તે સુક્ષ્મ સત્વથી રહિત છે માટે તેમને વૈકારિક* કહેલા છે.

એ રીતે મોક્ષ ધર્મના વચનથી બીજા દેવો સુક્ષ્મ સત્વ વગરના હોવાથી રજો ગુણાદિકવાળા હોય છે એટલે તેમણે જોએલા પુરૂષનું ચિત્ત રજોગુણ તમોગુણમાં ડુબેલું થાય છે આ રીતે કહેલું છે માટે તેમના મંત્રોનું મોક્ષપ્રદત્વપણું સંભવતું નથી પછી—

सृष्टिस्तुद्विविधाप्रोक्तादैवासुरविभेदतः ॥ हरिभक्तिरतादैवीतद्बिन्नाह्यासुरीमता ॥	સૃષ્ટિ તો દૈવી અને આસુરી એવા ભેદે કરીને બે પ્રકારની કહી છે તેમાં હરિભક્તિવાળી તે દૈવી અને તે વિનાની તે આસુરી માનેલી છે.

આ રીતનું બૃહન્નારદીય પુરાણનું વચન છે તેમજ.

द्वौभूतसर्गौविख्यातौलोकेस्मिन्मुनिसत्तमाः ॥ असुराश्चतथादेवानरासृष्टाःस्वयंभुवा ॥	હે મુનિ શ્રેષ્ટો બે પ્રકારના ભૂતોની સૃષ્ટિ આ લોકમાં પ્રસિદ્ધ છે આસુરી તથા દૈવી. એવા બે પ્રકારના નર બ્રહ્માએ સરજ્યા છે.
दैवीप्रकृतिमासाद्यपूजयंतिहरिंनराः ॥ माययाहृतविज्ञानाविष्णोर्येतुनराधमाः ॥ अप्राप्यकेशवंविप्रास्ततोयांत्यधमांगतिं ॥	દૈવી પ્રકરતિને પામેલા પુરૂષો હરિનું યજન કરે છે, અને જેઓ વિષ્ણુની માયાથી હણાઇ ગયેલા જ્ઞાનવાળા અધમ નર છે તે. હે વિપ્રો, કેશવને પ્રાપ્ત ન થતાં અધમ ગતિને પામે છે.

* રજોગુણી.

આ રીતનાં બ્રહ્મપુરાણનાં વચનોએ કરીને તથા

महात्मनस्तुमांपार्थदैवींप्रकृतिमाश्रिताः ॥ भजन्त्यनन्यमनसोज्ञात्वाभूतादिमव्ययम् ॥	હે અર્જુન દૈવી પ્રકૃતિને આશ્રયે રહેલા માહાત્મા લોકો તો ભૂતોનો આદિ અને અવ્યય એવો મને જાણીને અનન્ય ભાવથી મારૂ ભજન કરે છે (અને)
आसुरंभावमापन्नामूढाजन्मानिजन्मनि ॥ मामप्राप्यैवकौंतेयततोयांत्यधमांगतिम् ॥	અસુર ભાવને પામેલા મૂઢ લોકો, હે કૌંતેય, મને પ્રાપ્ત ન થતાં જન્મોજન્મ અધમ ગતિનેજ પામે છે.

એ પ્રમાણે શ્રીમદ્ભગવત્ ગીતાનાં વચનોએ કરીને ભગવદ્ ભક્તોનુંજ દૈવીપણું કહેલું છે તથા બીજા દેવતાના ભક્તોને સ્પષ્ટ રીતે આસુર પ્રકૃતિવાળા કહેલા છે. વળી.

सात्विकेष्वथकल्पेषुमाहात्म्यमधिकंहरेः ॥ तामसेषुशिवस्यैवराजसेषुप्रजापतेः ॥	સાત્વિક કલ્પમાં હરિનું માહાત્મ્ય અધિક છે તામસમાં શિવનુ અને સજસને વિષે બ્રહ્માનુ.
योयंप्रवर्ततेकल्पोवाराहःसात्विकोमतः ॥	જે આ વારાહ કલ્પ ચાલે છે તે સાત્વિક છે.

એ પ્રમાણે કુર્મ પુરાણના વચનથી આ ચાલનો કલ્પ સાત્વિક હોવાથી તથા રાજસ તામસ કલ્પના દેવતાઓના મંત્ર રાજસ તામસ હોવાથી તેમજ વળી—

सत्वेनमुच्यतेजंतुःसत्वंनारायणात्मकं ॥ रजसासत्वयुक्तेनभवेत्सृष्टीरजोधिका	સત્વ ગુણ વડે જીવની મુક્તિ થાય છે. સત્વ ગુણ નારાયણાત્મકછે. રજોગુણ અને સત્વ ગુણ મળીને અધિક રજોગુણવાળી સૃષ્ટિ થાય છે ત્યારે.
तच्चपैतामहंवृत्तंसर्वशास्त्रेषुपठ्यते॥ यद्वेदबाह्यंकर्मस्यान्मामुद्दिश्यो	તે બ્રહ્મા સંબંધી વૃત્ત સર્વ શાસ્ત્રોમાં કહેલુંછે અને વેદ બાહ્ય જે કર્મ

पसेव्यते ॥	હોય તે મારા ઉદ્દેશથી કરવામાં આવે છે.
तद्रौद्रमितिविख्यातंकनिष्टगतिदंनृणाम् ॥	તે રૌદ્ર કર્મ કનિષ્ટ ગતિનું આપનાર છે એ પ્રસિદ્ધ છે
यद्वापिरजसाकर्मकेवलंतामसंतु वा ॥ तद्दुर्गतिप्रदंनृणामिहलोकेपरत्रच ॥	વળી રજોગુણથી અથવા કેવળ તમો ગુણથી કરેલું કર્મ આ લોક અને પરલોકમાં લોકોને દુગતિને આપનાર છે.

એ રીતનાં વારાહ પુરાણમાંનાં માહાદેવજીનાં વચનોએ કરીને સાત્વિક કર્મો નારાયણાત્મક હોવાથી તેનું મુક્તિ આપવાપણું અને રાજસ તામસ કર્મો બ્રહ્મ રૂદ્રાત્મક હોવાથી તેનું કનિષ્ટ ગતિ આપવાપણું પ્રતિપાદન કરેલું છે વળી—

त्वंचरुद्रमहाबाहोमोहशास्त्राणि कारय ॥ अल्पायासंदर्शयित्वामोहयाशुमहेश्वर ॥	હે માહા બાહુ રૂદ્ર, તું મોહશાસ્ત્ર કર અને તેમાં શ્રમ થોડા બતાવીને લોકોને, હે મહેશ્વર, જલદીથી મોહિત કર.
एवमुक्त्वातदातेनदेवेनपरमेष्ठिना आत्मातुगोपितःसद्यःप्रकाशोहंकृतस्तदा ॥	એ પ્રમાણે કહીને તે પરમેષ્ઠિ દેવ (વિષ્ણુ) સદ્ય ગુપ્ત થઈ ગયા અને હું પ્રગટ થયો.
तस्मादारभ्यकालात्तुमत्प्रणीतेषु सत्तमे ॥ येवेदमार्गनिर्मुक्तास्तेषांमोहार्थमेवच ॥	ત્યારથી લઈને, હે સત્તમે જે લોકો વેદ માર્ગથી બાહાર હતા તેમને મોહ કરવા માટે
नयसिद्धांतसंज्ञाभिर्मायाशास्त्रंतु दर्शितम् ॥	ન્યાય અને સિદ્ધાંત એવી સંજ્ઞાએ કરીને મેં માયાશાસ્ત્ર દેખાડયું છે.

એ રીતે વારાહ પુરાણનાં વચનોએ કરીને રૂદ્રનું મોહ શાસ્ત્ર કરવાપણું અને તેવાં મોહ શાસ્ત્રોનું રૂદ્રથી પ્રસિદ્ધ થવાપણું તથા તેનું વેદથી

વિરુદ્ધપણું કહેલું છે માટે શૈવ શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા તેવા મંત્રો મોહ થવા માટે છે તેથી કરીને તેમનામાં મોક્ષ આપવાપણું નથી.

પ્રશ્ન. ૨૪ आस्तिचेन्निंदाकथंक्रियते ॥ (શૈવ શાક્તમંત્રોનું) જો મોક્ષ આપવાપણું છે તો નિંદા કેમ કરોછો ?

उत्तर—મોક્ષ આપવાપણું નથી એમ પ્રથમજ કહેલું છે. તોપણ અમે તેની નિંદાનથી કરતા. એ નાશવાન ફળવાળાં છે એવા પ્રકારની નિંદાતો તમે એક પગે કરેલી છે છતાં નિંદા નથી કરતા એમ કેમ કહેવાય ? આ પુછવુંજ ઘટતું નથી કારણ હરકોઈ વસ્તુનું યથાર્થપણું કહેવું તે કંઈ તેની નિંદા નથી—

પ્રશ્ન. ૨૫ नास्तिचेत्तत्प्रतिपादकशास्त्रस्यकागतिः ॥ (શૈવ શાક્તમંત્રોનું) જો મોક્ષ આપવાપણું નથી તો તેને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રની શી ગતિ ?

उत्तर—પ્રશંસા માટે તે તે ફળમાં મોક્ષને ઉપચારિક કહેવા માટે સાક્ષાત્ મોક્ષ નહી પણ તેની શાખા-મોક્ષ-છુટવું જેમકે તિર્યગ્ યોનિમાંથી છુટવું વિગેરે તેવા કોઈ પ્રકારના વિરોધથી મોક્ષ થવા માટે અથવાં તામસ વ્યામોહન (તામસ શાસ્ત્ર પર શ્રદ્ધા આવે એવો મોહ કરવાના હેતુ) માટે કહેલાં છે. એ પ્રમાણે તેની ગતિ છે એમ જાણવું. આમ ન કહીએ અને તેનું તાતપર્ય તેના પોતાના અર્થમાંજ છે એટલે કે સાક્ષાત્ મોક્ષને આપે છે એમ કહીએ તો अंतवत्तुफलंतेषां(તેમનું ફળ અંતવાળું છે) ઈત્યાદી સર્વ માંન્ય શ્રીગીતાજીનાં પ્રબળ વચનથી વિરોધ આવે છે તેમજ બીજાં ઉપર કહ્યાં અનેક વચનોનો વિરોધ આવે છે માટે બીજી રીતે કહેવું બનતુંજ નથી.

પ્રશ્ન. ૨૬ पत्नीग्रहणरहितस्य दीक्षादानेऽधिकारोस्तिवानवा ॥ પત્ની રહિત પુરૂષોને દીક્ષા આપવાનો અધિકાર છે કે નહિ ?

उत्तर—

अष्टवर्षंब्राह्मणमुपनयीततमध्यापयेत् ॥ स्वाध्यायोऽध्येतव्यः ॥ આઠ વર્ષના બ્રાહ્મણને ઉપવીત આપવું જોઇએ ને તેને ભણાવવો જોઈએ.

એ રીતે બ્રહ્મ સૂત્રમાં કહ્યા પ્રમાણે મંત્રરૂપ વેદના ભણવા તથા ભણાવવામાં "अंतराचापितुतद्दृष्टेः" એ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઉર્ધ્વરેતા (બ્રહ્મચારી) વિધુર (રાંડેલા) ઈત્યાદી એ કરવાની ઉપાસના તથા ઉપદેશાદિકમાં જેમ પત્ની ગ્રહણ વગર પણ અધિકાર છે તેમ આ પ્રકરણમાં પણ અધિકાર છે.

પ્રકરણ ૬ ઠું.

सांप्रदायिक अवश्यक धर्म, गायत्री, संध्या, विष्णु तथा तेमना नैवद्यनी श्रेष्टता.

प्रश्न. २७ भवतामत्यावश्यको धर्मःकः ॥ તમારે અતિ આવશ્યક ધર્મ કયો છે?

उत्तर—ભગવાનનું આરાધન એજ અતિ આવશ્યક ધર્મ છે.

આ ઉપરથી તે આરાધનથી ભિન્ન જે વર્ણાશ્રમના આચાર અને વૈષ્ણવ દીક્ષા તેમનું અનાવશ્યકપણું થાય છે એમ નહી કહેવાય; કેમકે વર્ણાશ્રમના આચાર દીક્ષા ઈત્યાદી સર્વે પણ ભગવાનના આરાધન રૂપજ છે. તે એવી રીતે કે—

श्रुतिः इष्टापूर्तंबहुधाजातंजायमानंविश्वंबिभर्तिभुवनस्यनाभिः॥ तदेवाग्निस्तद्वायुस्तत्सूर्यस्तदुचंद्रमाः॥ मनुस्मृति

બહુ પ્રકારે થયેલા અને થતા એવા વિશ્વના ઈષ્ટ પૂર્ત સર્વ કર્મ ને સર્વાધાર જગતના નાભિસ્થાન રૂપ (ભગવાન) ધારણ કરે છે. એજ અગ્નિ છે એજ વાયુ છે એજ સૂર્ય છે અને ચંદ્રમા પણ તેજ છે.

एतमेकेवदंत्यग्निमनुमन्येप्रजापतिं ॥ इंद्रमेकेपरेप्राणमपरेब्रह्मशाश्वतम् ॥

આને કોઈ અગ્નિ, કોઈ મનુ, કોઈ પ્રજાપતિ, કોઈ ઈંદ્ર, કોઈ પ્રાણ અને કોઈ શાશ્વત એવો બ્રહ્મ કહે છે.

એ રીતની ઉપરની શ્રુતિના અર્થને બતાવનારા મનુસ્મૃતિના વચનથી તેમજ.

यतःप्रवृत्तिर्भूतानांयेनसर्वमिदंततं ॥ स्वकर्मणातमभ्यर्च्यसिद्धिंविंदंतिमानवाः ॥

જેનાથી આ સર્વ ભૂતોની પ્રવૃત્તિ થાય છે અને જેનાવડે આ સર્વ વ્યાપ્ત થયેલું છે તેનું સ્વકર્મવડે આરાધન કરવાથી મનુષ્યો સિદ્ધિને પામે છે.

अहंहिसर्वयज्ञानांभोक्ताचप्रभुरेवच ॥

વળી હું સર્વ યજ્ઞનો ભોક્તા અને પ્રભુ (ફળદાતા) છું.

એવાં શ્રી ગીતાજીનાં વચનોએ કરીને—

त्वांयोगिनश्चिंतयंतित्वांयजंतिचयज्विनः ॥ हव्यकव्यभुगेकस्त्वंपितृदेवस्यरूपधृक् ॥

યોગીઓ તમારૂ (ચિંતવન) ધ્યાન કરે છે અને યજન કરનારા તમારૂ યજન કરે છે. પિતૃ અને દેવનું સ્વરૂપ ધારણ કરનારા અને હવ્ય કવ્યના ભોક્તા એક તમેજ છો.

यज्ञेश्वरोहव्यसमस्तकव्यभोक्ता॥

સમસ્ત હવ્ય કવ્યના ભોક્તા યજ્ઞના ઈશ્વર (એવા ભગવાંન વિષ્ણુ છે.)

એ રીતનાં વિષ્ણુ પુરાણનાં વચનોએ કરીને તેમજ.

येयजंतिपितॄन्देवान्ब्राह्मणान्सहुताशनान् ॥ सर्वभूतांतरात्मानंविष्णुमेवयजंतिते ॥

જેઓ અગ્નિ સહીત પિતૃ અને દેવનું તથા બ્રાહ્મણોનું યજન કરે છે તેઓ સર્વ ભૂતના અંતર આત્મા વિષ્ણુનુંજ યજન કરે છે. (વિષ્ણુ પુરાણ)

धर्मस्यप्रभुरच्युतः ॥ त्रीह्लोकान्व्याप्यभूतात्माभुंक्तेविश्वभुगव्ययः

ધર્મના પ્રભુ એટલે ફળના આપનારા ભવવાન અચ્યુત છે. અવ્યય અને ભૂતના આત્મા એવા વિશ્વના ભોક્તા ત્રણે લોકમાં વ્યાપ્ત થઈને સર્વને ભોગવે છે.

એવાં મહાભારતમાં શ્રી વિષ્ણુ સહસ્ર નામનાં વચનોએ કરીને તે-મજ વળી—

येकेचित्सर्वलोकेषुदैवंपैत्र्यंचकुर्व ते ॥ दानानिचप्रयच्छंतितप्यंतेच तपोमहत् ॥	જે કોઈ સર્વ લોકને વિશે દેવ સંબંધી અને પિતૃ સંબંધી કર્મ કરેછે. દાંન આપેછે. તથા મહાન તપ કરેછે
सर्वेषामाश्रयोविष्णुरैश्वरंविधिमा स्थितः ॥	તે સર્વેનો આશ્રય ઈશ્વરપણાથી રહેલા એવા વિષ્ણુજ છે.

એ પ્રકારના મહાભારતના મોક્ષ ધર્મનાં વચનોએ કરીને પણ તે બધાંનું ભગવદારાધન રૂપ પણુંજ જણાય છે.

प्रश्न. २८ तत्रहरिध्यानादिकमावश्यकंयद्युच्यतेतदासंध्यागायत्रीमध्येभवताअनावश्यकत्वमितितर्हिवर्णाश्रमगणनाभवन्मतेसंमतानवेति ॥	તેમાં હરિ ધ્યાનાદિક આવશ્યક છે એમ કહો ત્યારે સંધ્યા ગાયત્રીની તમારે આવશ્યકતા નથી એમ કહેવું જોઈએ. ને તો પછી વરણાશ્રમ ધર્મની તમારા મતમાં ગણના છે કે નહી?

उत्तर—આ પ્રમાણુની રચનાની સુંદરતાતો શ્રી ગદ્દરંગાચાર્ય સ્વામીએજ વખાણેલી છે એટલે તે વિષેનો બોજો અમારા ઉપર રહેલો નથી. પણ પ્રશ્નનો ઉત્તર આપીએ છીએ કે—

વર્ણાશ્રમ ધર્મનું ભગવત્ આરાધન રૂપે અતિ આવશ્યકપણું હોવાથી તેવી રીતની ગણના અમારા મતમાં સંમત છે. અવું અમે ઠામઠામ પ્રતિપાદન કરેલું છે કેવળ સંધ્યા ગાયત્રી મધ્યેજ એમ નહી પણ તેના પહેલાં અને પછી પણ હરિધ્યાન તો અતિ અવશ્યનુંજ છે.

અશ્વમેધીક (ગોતમ સ્મૃતિમાં.)

तन्मंडलस्थंमांध्यायेत्तेजोमूर्त्तिचतुर्भुजं ॥ उदुत्यंचजपेन्मंत्रंचित्रंतच्चक्षुरित्यपि ॥ गायत्रींचयथाशक्तिजप्त्वासूक्तंचमामकम् ॥	તેના (સૂર્યના) મંડળમાં રહેલા ચાર ભુજાવાળા અને તેજોમય એવા મારા રૂપનું ધ્યાન કરવું અને उदुत्यं તથા तच्चक्षु એ બે મંત્રનોને યથા

શક્તિ ગાયત્રી તથા મારા (પુરૂષ) સૂક્તનો જપ કરવો.

યોગી યાજ્ઞવલ્ક સ્મૃતિમાં—

संध्ययोरुभयोर्मध्येध्यात्वाविष्णुं सनातनं ॥ निमर्लात्मार्कसंदर्शेगायत्रीमारभेत्ततः ॥

બંન્ને સંધ્યામાં નિર્મલ એવા સૂર્યના પ્રતિબિંબમાં સનાતન એવા વિષ્ણુનું ધ્યાન કરીને પછી ગાયત્રીનો આરંભ કરવો (સવાર અને સાંઝ)

અને હારીત સ્મૃતિમાં.

ध्यायन्नेवजपेद्भक्तयागायत्रींवैष्णवींशुभां ॥ तथैवाभ्यर्च्यगोविंदंनमस्कृत्यविसर्जयेत् ॥ एवमभ्यर्च्चयेद्देवंत्रिसंध्यासुरवौहरिम् ॥

ધ્યાન કરીનેજ વૈષ્ણવી અને શુભ ગાયત્રીનો ભક્તિ પૂર્વક જપ કરવો અને તેજ પ્રમાણે ગોવિંદનું અર્ચન અને નમસ્કાર કરીને તેનું વિસર્જન કરવું એ પ્રકારે ત્રણે સંધ્યામાં રવિને વિશે હરિનું અર્ચન કરવું એમ કહ્યું છે

પારાશર સ્મૃતિમાં—

ध्यायेन्नारायणंदेवंस्नानादिषुचकर्मसु ॥

यद्ध्यानंमनसाविष्णोर्मानसंकथ्यतेबुधैः ॥

સ્નાનાદીક સઘળાં કર્મોમાં નારાયણ દેવનું ધ્યાન કરવું,

મને કરીને જે વિષ્ણુનું ધ્યાન કરવું તેને પંડીત લોકો માનસીક સ્નાન કહે છે.

અહીથી આરંભીને—

स्नानानांमानसंस्नानंमन्वाद्यैःपरमंस्मृतम् ॥ कृतेनयेनमुच्यंतेगृहस्थाअपिसाद्विजाः ॥ गायत्रीवारिसंस्नातःप्रणवैर्निर्मलीकृतःविष्णुस्मरणसंशुद्धोयोग्यःसर्वेषुकर्मसु ॥

મન્વાદીકોએ સઘળાં સ્નાનોમાં માનસિક સ્નાન ઉત્તમ કહેલું છે કે જેના કરવાથી ગ્રહસ્થ હોય તો પણ દ્વીજો મુક્ત થાય છે ગાયત્રી રૂપી જળે એક રીતે સ્નાન કરનારો અને પ્રણવે કરીને નિર્મળ થએલો તથા વિષ્ણુના

સ્મરણથી સંશુદ્ધ થએલો એવો પુરુષ સર્વ કર્મમાં યોગ્ય છે.

શૌનક સ્મૃતિ.

हरिमेवस्मरेन्नित्यंकर्मपूर्वापरेषुच — કર્મના પ્રારંભમાં અને અંતમાં નિત્ય હરિનું સ્મરણ કરવું.

આ રીતે સંધ્યા ગાયત્રી અને જપના આરંભ મધ્ય અને અંતકાળમાં હરિનુંજ ધ્યાન કહેલું છે તેમાં—

संध्यातृत्वेनसर्वेषांसंध्येतिपरिकीर्तिता ॥ — સર્વને ધ્યાન કરાવવા વડે કરીને તે સંધ્યા કહેવાય છે.

એ રીતે સંધ્યા અને ગાયત્રીના અર્થનું રૂપ એજ હરિ ધ્યાન છે અને તે યોગ્ય છે.

શંકા—સવિતા દેવનું વરેણ્ય તેજ આપવા વડે કરીને અગ્રણીય એવા જે શિવ તેનું ધ્યાન કરીએ છીએ જે ભર્ગ (શિવ) અમારી બુદ્ધિને પ્રેરણા કરો. એવા પ્રકારના અર્થવાળી हर, स्मर, हरो, भर्ग "એ પ્રકારના કોશે કરીને અકારન્ત એવો "ભર્ગ" શબ્દ શિવ પરત્વ છે તેથી ગાયત્રી શિવ પરત્વ છે છતાં તે વિષ્ણુ પરત્વ શી રીતે લગાડો છો?

સમાધાન—भर्गः શબ્દ જો પ્રથમાન્ત હોય તો "धीमही". એ શબ્દને કર્મની આકાંક્ષા રહે છે તેની શાન્તી થઈ શકતી નથી. "तत्" શબ્દને કર્મતા બનતી નથી. કારણ તે નાન્યતર જાતિ છે એટલે પછવાડેનો "यत्" શબ્દ તેનો પ્રતિ સંબંધી થઈ શકતો નથી. વળી भर्ग શબ્દનો "प्रचोदयात् આદી અન્વય કહેવાથી વ્યવહિત* અન્વયનો દોશ આવે છે અને તેને નાન્યતર જાતિ કહેનારાં પ્રમાણોનો વિરોધ આવે છે એવા બે દોશ છે વળી.

हिरण्मयेनपात्रेणसत्यस्यापिहितंमुखंसत्वंपूषन्नपांवृणुसत्यधर्माय विष्णवे ॥ — હીરણ્ય મય પાત્રથી (વખાણવા લાયક વિષય માત્રથી) મોક્ષનું દ્વાર ઢંકાઈ ગયું છે. હે સૂર્ય તેને આપ ઉઘાડો મોક્ષરૂપ સ્થિર ફળની પ્રાપ્તી-

---

* છેટે પડે છે. આટલે કે નજીકમાં અન્વય થતો નથી.

योसावादित्येपुरुषःसोसावि॥त्य नंतरं॥यदादित्यमध्येक्षिण्यग्नौचैत द्ब्रह्मैतदमृतमेतद्भर्गएततत्सत्यधर्मः ॥	ते माटे. जे आदीत्यमां पुरुषछे.ते-ज आ छे अने.आदीत्यमां नेत्रमां ने अग्निमां छे एज ब्रह्म एज अमृत एज भर्ग अने एज सत्य धर्म छे.

એ મૈત્રાયણી શ્રુતિએ કરીને તમજ

योदेवःसवितास्माकंधियोधर्मादि गोचराःप्रेरयेत्तस्ययद्भर्गस्तद्वरेण्यमु पास्महे ॥	જે સવિતા દેવ ધર્માદિ વિશયીક અમારી બુદ્ધિને પ્રેરણા કરે છે તેનું જે વરેણ્ય તેજ છે તેની અમે ઉપાસના કરીએ છીએ (આંહી ભર્ગ: શબ્દ કર્મને ઠેકાણેજ છે.)

એ પ્રકારનાં અગસ્તીનાં વચને કરીને.

देवस्यसवितुस्तस्यधियोयोनःप्र चोदयात्भर्गोवरेण्यंतद्ब्रह्मधीमही त्यर्थउच्यते ॥	તે સવિતા દેવનું વરેણ્યં ભર્ગ અમારી બુદ્ધિને પ્રેરણા કરો જે બ્રહ્મનું અમે ધ્યાન કરીએ છીએ એમ તેનો અર્થ કહ્યો છે.

એવું વિશ્વામિત્ર સ્મૃતિએ કરીને—

એ રીતે સૂર્યમંડલમાં રહેલા પુરૂષનું વિષ્ણુંપણું અને તે વિષ્ણુંનુંજ બ્રહ્મપણું અને તેનું તેજ વાચક નાન્યતર જાતિયભર્ગ શબ્દાર્થપણું એ રીતે અન્વય તથા અર્થના ક્રમે કરીને પ્રતિપાદન થાય છે.

૩ ભર્ગ શબ્દ તેજપર છે અને તે स् કારાન્ત છે. તેનો વૈજયંતિનિઘંટુમાં रतेतजे અને आ लोक એવો અર્થ પ્રસિદ્ધ છે. તેમજ भ्रज ધાતુ असुन्नत्व હોવાથી ભર્ગ શબ્દ તેજ વાચક છે.

એ રીતે કૌમુદીકાર કહે છે—માટે તેને શિવ પરત્વ અને અકારાન્ત કહીયે તો ઉપર કહેલી શ્રુતિ સ્મૃતિ આદીકનો વિરોધ આવે છે તેનો વીચાર કરવો જોઈએ.

आदित्यमंडलेदेवंध्यात्वाविष्णुम	સુર્યના મંડળમાં અનામય એવા

नामयंप्रयातिब्रह्मणः स्थानंनात्रका र्याविचारणा ॥ — દેવ જે વિષ્ણુ તેનું ધ્યાન કરવાથી બ્રહ્મના સ્થાનમાં જાય છે એમાં સંદેહ ન કરવો.

ध्येयोदिनेशपरिमंडलमध्यवर्ती नारायणःसरसिजासनसन्निविष्टः॥ केयूरवान्मकरकुंडलवान्किरिटी हारीहिरण्मयवपुर्धृतशंखचक्रः ॥ — સૂર્ય મંડલના મધ્યમાં રહેલા કમળના આસન ઉપર બીરાજમાંન કેયુર મકરકુંડલ–હાર–કીરીટ ઇત્યાદી આભુષણ યુક્ત અને હીરણ્ય મય શરીરવાળા તથા શંખ ચક્ર ધારી એવા નારાયણનું ધ્યાન કરવું.

એ રીતે (બ્રહ્મન્દ) પરાશર સ્મૃતિમાં કહેલું હોવાથી સૂર્યમંડલના અંતરમાં રહેલા તો ભગવાન્ વિષ્ણુંજ જણાય છે. એ રીતે.

यएषोन्तरादित्येहिरण्मयःपुरुषोदृश्यतेतस्यकप्यासंपुडरीकमेवमक्षिणी ॥ — જે આ આદીત્યના અંતરમાં સુવર્ણમય પુરૂષ જણાય છે અહીંથી આરંભીને તેની "કપ્યાસ" એવા પુડરીક જેવી આંખ્યો છે.

એ રીતે છાંદોગ્યમાં આદિત્યમાં રહેલા પુરૂષનું પુડરીકાક્ષપણું કહેવાથી તે વિષ્ણુજછે એમ જણાય છે કેમકે તે વીના બીજા કોઈનું પુડરીકાક્ષપણું નથી એ પ્રસિદ્ધ છે. માટે ઉપરનાં સઘળાં પ્રબળ પ્રમાણોથી ગાયત્રી તો વિષ્ણુ પરત્વજ છે એમ સિદ્ધ થાય છે.

प्रश्न. २९ संध्याविहीनस्याब्राह्मण्यंभवत्संमतंनवा॥ — સંધ્યા વિહીનનું અબ્રાહ્મણપણું તમારે સંમત છે કે નહિ?

ઉત્તર—આ રીતે પ્રશ્ન કરનાર પ્રત્યે અમે કહીએ છીએ કે આ ઠેકાણે બ્રાહ્મણની જાતિના ગુણ રૂપ ધર્મનો અભાવ વા તેના કર્મનો અભાવ એ બેમાંથી તમે શેને અબ્રાહ્મણપણું કહો છે?

જાતિ રૂપ જે ધર્મ છે તેનો અભાવ તે અબ્રાહ્મણપણું એમ કહો તો તે સંધ્યાના અભાવની સાથે સંબંધ નથી ધરાવતું કેમકે જાતિ તો યોનીની સાથેજ હોવાથી કરીને તે યાવત શરીર રહેવાનીછે ને કોઈ બીજા

પ્રકારના ધર્મનો અભાવ તે અબ્રાહ્મણપણું એમ કહો તો તેમ કહેવામાં પણ તેવા ધર્મોનું યાવત શરીર હોવાપણું અવશ્ય કહેવું જોઇએ. જો એમ ન કહીએ તો આ બ્રાહ્મણ પતિત થયો એમ વેહેવાર ન બને. ભીલના સંસર્ગથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણે કરીને ગરૂડજીના ગળામાં દાહ થવાપણું ભારતના આખ્યાનમાં પ્રસિદ્ધછે તે પણ ન બને માટે તે તો તેની જાતિ રૂપજ છે એમ તુરત અંગીકાર કરવું યોગ્ય છે એમ ઉત્તર આપ્યો.

૨ કર્મના અભાવરૂપ અબ્રહ્મણપણું કહો તો બ્રહ્મ કર્મના અભાવનું કારણ સંધ્યાવંદનાદીકનો આભાવ છે એમ કહેવું પડે ને બ્રાહ્મણ કર્મનો અભાવ એજ સંધ્યાવંદનાદીકના અભાવરૂપ હોય તો પોતે પોતાનું કારણ બની શકે નહીં તેથી કાર્ય કારણ ભાવ બનતો નથી.

* બીજાં કર્મના અભાવરૂપ અબ્રાહ્મણપણું કહો તો તેના પ્રત્યે સંધ્યાવંદનાદીકના અભાવનું કારણપણું અમને કબુલ છે કેમકે.

संध्याहीनोऽशुचिर्नित्यमनर्हःसर्वकर्मसु ॥

સંધ્યા હીન એવો પુરૂષ નિત્ય અપવિત્ર છે ને સર્વ કર્મમાં અયોગ્ય છે ઈત્યાદી શાસ્ત્રનું તેમાં પ્રમાણ છે.

સંધ્યાવંદનાદિકનો અભાવ કેવળ બીજાં કર્મ કરવાની અયોગ્યતા આણે છે એટલુંજ નહી પણ પ્રત્યવાય (દોષીતપણું). પણ આણે છે ને તેમ થવાથી પ્રભુ કૃપાથી ભ્રષ્ટ કરે છે કેમકે.

अहरहःसंध्यामुपासीत ॥ विहितत्वाच्चाश्रमकर्मापि ॥

પ્રતિ દીવસ સંધ્યાની ઉપાસના કરવી વિહીત હોવાથી આશ્રમનો કર્મ પણ આવસ્યક છે.

એ રીતે શ્રુતિથી તથા સૂત્રથી તેમજ.

श्रुतिप्रामाण्यतोविद्वान्स्वधर्मेनिविशेतवै ॥ श्रुतिस्मृत्युदितंधर्ममनुतिष्टन्हिमानवः ॥ इहकीर्तिमवा

શ્રુતિની પ્રમાણતાથી વિદ્વાન લોકો સ્વધર્મને વિશે પ્રવેશ કરે છે ને શ્રુતિમાં કહેલા ધર્મનું અનુષ્ઠાન કરી

---

* ૧ વેદનુ અધ્યયન કરવું ૨ અધ્યયન કરાવવું ૩ યજન (યજ્ઞ કરવો) ૪ યાજન (યજ્ઞ કરાવવો) ૫ પ્રતિગ્રહ (દાન લેવું) ૬ દાન આપવું ઈત્યાદી.

प्रोतिप्रेत्यचानुत्तमंसुखम् ॥ — મનુષ્ય લોકમાં કીર્તિ તથા મુવા પછી ઉત્તમ સુખ પામે છે.

वेदोदितंस्वकंकर्मनित्यंकुर्यादतंद्रितः ॥ तद्धिकुर्वन्यथाशक्तिप्राप्नोतिपरमांगतिम् ॥ — વેદમાં કહેલું પોતાનું કર્મ આલસ રહીત કરવું. યથા શક્તિ કરેજવાથી પરમગતિને પામે છે.

अकुर्वन्विहितंकर्मनिंदितंचसमाचरन्प्रसज्जश्चेंद्रियार्थेशुनरःपतनमृछति ॥ — કરવાનું કર્મ ન કરીને તથા નિંદિત કર્મનું આચરણ કરીને વિષયને વિષે આશક્ત થનારો નર પતિત થાય છે.

सायंप्रातस्तुयेसंध्यांसम्यङ्नित्यमुपासते ॥ नावंवेदमयिंकृत्वातरंतेतारयंतिच ॥ — સાંઝ સવાર રૂડી પ્રકારે જે સંધ્યાની ઉપાસના કરે છે તેનો વેદમય એવું નાવ કરીને તરે છે ને તારે પણ છે.

આ રીતનાં આશ્વમેધિક તથા મનુનાં વચનોએ કરીને તથા

प्रियायममविष्णोश्चदेवदेवस्यशार्ङ्गिणः ॥ मनिषीवैदिकाचारंमनसापिनलंघयेत् ॥ — દેવનો દેવ શાર્ઙ્ગ ધનુષવાળો હું જે વિષ્ણું તેની પ્રીતિને માટે બુદ્ધિમાન પુરૂષે મનથી પણ વૈદિક આચારનું ઉલંઘન ન કરવું.

एवंविलंघयन्मर्त्योमर्यादांवेदनिर्मिताम् ॥ प्रियोपिनप्रियोसौमेमदाज्ञाव्यतिवर्त्तनात् ॥ — એમ છતાં વેદે નિર્માણ કરેલી મર્યાદા જે માણસ ઉલંઘન કરે છે તે પ્રિય થકો પણ મારી આજ્ઞાથી ઉલટો ચાલવાને લીધે મને પ્રિય નથી (અપ્રીય છે)

એ રીતનાં લક્ષ્મીતંત્રનાં વચનોવડે વળી—

संध्यामुपासतेयेतुसततंसंशितव्रताः ॥ विधूतपापास्तेयान्तिब्रह्मलो — જે શ્રેષ્ઠ વૃત્તવાળા લોકો નિરંતર સંધ્યાની ઉપાસના કરે છે તેઓનાં

कंसनातनं ॥ — પાપ ધોવાઈ સનાતન એવા બ્રહ્મ લોકમાં તેઓ જાય છે.

એ રીતના વચને કરીને તથા—

ज्ञानिनोऽज्ञानिवोवापियावद्देहस्यधारणं ॥ तावर्द्धणाश्रमप्रोक्तंकर्तव्यंकर्ममुक्तये ॥ — જ્ઞાની હો વા અજ્ઞાની હો પણ તેણે શરીર ધારણ પર્યંત વર્ણાશ્રમનાં કહેલાં કર્મ મોક્ષને માટે કરવાં—

એ રીતનાં વસિષ્ટનાં વચને કરીને

येसुधर्मस्थितावर्णाविप्राद्याः कुरुनंदन ॥ विकर्मसुनवर्ततेप्रीतिमांस्तेषुकेशवः ॥ — જે રૂડા ધર્મને વિષે રહેલા બ્રાહ્મણાદિક વર્ણો, હે કુરુનંદન, ખોટાં કર્મને વિષે નથી વર્તતા તેમના ઉપર કેશવની પ્રીતી થાય છે.

श्रुतिःस्मृतिर्ममैवाज्ञायस्तामुल्लंघ्यवर्तते ॥ आज्ञाछेदीममद्रोहीमद्भक्तोपिनवैष्णवः ॥ — શ્રુતિ સ્મૃતિ એ મારીજ આજ્ઞા છે તેનું ઉલ્લંઘન કરી જે કોઈ વર્તે છે તે મારો ભકત હોય તોપણ મારી આજ્ઞાનો ભંગ કરનાર હોવાથી મારો દ્રોહી છે વૈષ્ણ નથી.

એ પ્રકારનાં માહાભારતનાં વચનોએ કરીને—

मर्यादांचकृतांतेनयोंभिनत्तिसमानवः ॥ नविष्णुभक्तोमंतव्यःसाधुकर्मार्चनोहरिः ॥ — તેણે કરેલી મર્યાદા જે મનુષ્ય તોડે છે તેને વિષ્ણુ ભકત નહી માનવો કેમકે રૂડાં કર્મથી જ હરિનું અર્ચન થાય છે.

એ રીતનાં શૌનકનાં વચનોએ કરીને ઉપર કહ્યું તે સિદ્ધ થાય છે તેમજ વળી—

आचारहीनंनपुनंतिवेदायद्यप्यधीताःसहषड्भिरंगैः ॥ — છએ અંગ સાથેના વેદના ભણવાથી પણ આચાર હીન છે તે પવિત્ર થતો નથી.

એ રીતે સ્મૃતિમાં કહે છે કે મહા પાતકીઓને શુદ્ધ કરનારા વેદવડે પણ સંધ્યાહીન શુદ્ધ થતો નથી.

આહી હવે ઉપરનાં વચનોનો સાર કહીએ છીએ सहकारित्वेन (સહકારીપણાવડે) એવું સૂત્ર છે માટે ઉપાસકોએ બ્રહ્મ વિદ્યાના અનુગ્રહ માટે સહકારી રૂપે કરીને પણ તેનું અનુષ્ઠાન કરવું અને પ્રપન્નોએ તો

यस्तुभोगतयाविष्णोःसत्कृत्यंकुरुतेसदा ॥ सभवेत्परमैकांतीमहाभागवतोत्तमः ॥	ભગવાનના ભોગરૂપે કરીને જે સદા સત્કર્મ કરે છે તે મહા ભાગવતોત્તમ પરમ એકાંતિ થાય છે.

એ રીતનાં વશિષ્ટ સંહિતામાં કહેલા વચન પ્રમાણે કૈંકર્ય રૂપેકરીને (સંધ્યા વંદનાદિકેનું) અનુષ્ઠાન કરવું.

અને બીજા બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય એઓએતો જ્ઞાની વા અજ્ઞાની ઇત્યાદીક વશિષ્ટના વચન પ્રમાણે પ્રત્યવાય ન થવા માટે તે કરવું જોઇયે.

प्रश्न. ३०. संध्यावंदनाद्यकरणप्रत्युक्तपापनाशाय प्रायश्चित्तंभवत्संमतं नवा ॥	સંધ્યા વંદનાદી ન કર્યાનું પાપ નાશ થવા માટેનું પ્રાયશ્ચિત તમને સંમત છે કે નહીં ?

ઉત્તર—સંમત છે કારણ કે—

त्रिभ्यएवेतुवेदेभ्यःपादंपादमदूदुहत् ॥ तदित्यचोस्याःसावित्र्याः परमेष्ठीप्रजापतिः ॥ एतदक्षरमेतांचजपन्व्याहृतिपूर्वकं ॥ संध्ययोर्वेदविद्विप्रोवेदपुण्येनयुज्यते ॥१॥	ત્રણે વેદમાંથી એકેક પાદનું દોહન કરીને બ્રહ્માએ સાવીત્રીની ત્રણ રૂચાઓ તેમાંથી કાઢી છે તેટલા અક્ષરવાળી તે સાવિત્રિ વ્યાહ્રત પૂર્વક વેદ ભણનારા બ્રાહ્મણ બે સંધ્યામાં જપે છે તે વેદ ભણ્યા જેટલા પુણ્યે કરીને યુક્ત થાય છે ॥ ૧ ॥
एतदृचाविसंयुक्तःकालेचक्रियया स्वयाब्रह्मक्षत्रियविड्योनिर्गर्हणंया	પોતે વખતે વખત કરવાની જે આ રચા જે નથી કરતો તે બ્રાહ્મણ

तिसाधुषु ॥२॥

ક્ષત્રીપવા વૈશ્ય સાધુ પુરૂષમાં નિંદાને પાત્ર થાય છે. । ૨ ॥

नतिष्टतितुयःपूर्वांनोपास्तेयस्तुपश्चिमांसशूद्रवद्बहिष्कार्यः सर्वस्माद्विजकर्मणः ॥ ३ ॥

જે પૂર્વ અથવા પશ્ચિમની સંધ્યા નથી કરતો તેને બ્રાહ્મણના સર્વ કર્મ થી શુદ્રની પેઠે બહાહાર કાઢવો ॥ ૩ ॥

वेदोदितानांनित्यानांकर्मणांसमतिक्रमेस्नातकव्रतलोपेचप्रायाश्चित्तमभोजनम् ॥ ४ ॥

વેદમાં કહેલા નીત્ય કર્મનું ઉલંઘન થાય તો અથવા સંકલ્પ કરેલા વ્રતનો લોપ થાય તો ન જમવું એ તેનું પ્રાયશ્ચિત છે.

ઈત્યાદી મનુસ્મૃતિનાં વચનોએ કરીને તેમજ.

संध्यायेननविज्ञातासंध्यायेनानुपासिताजीवन्नेवभवेच्छूद्रोमृतः श्वाचाभिजायते ॥१॥

જેણે સંધ્યા ભણી નહી તેમજ જેણે તેની ઉપાસના કરી નહી તે જીવતો થકો શુદ્ર છે ને મુવા પછી કુતરો થાય.છે.

तस्मान्नलंघयेत्संध्यांसायंप्रातःसमाहितः॥उल्लंघयतियोमोहात्सयातिनरकंध्रुवं ॥ २ ॥

તે માટે સાંઝસવાર સાવધાન થઈને સંધ્યાનું ઉલ્લંઘન ન કરવું ને જે મોહથી ઉલંઘન કરેછે તે નિશ્ચય કરીને નરકમાં જાયછે એટલુંજ નહી પણ

सहंतिसूर्यंसंध्यायांनोपास्तिंकुरुतेतुयःयेहिंसंतिसदासूर्यंमोक्षद्वारमनुत्तमं ॥ कथंमोक्षस्यसंप्राप्तिर्भवेत्तेषां द्विजन्मनां ॥

જે સંધ્યોપાસના નથી કરતો તે સૂર્યને હણે છે ને જે સદા મોક્ષનું દ્વાર જે સૂર્ય તેને હણે છે તે બ્રાહ્મણને મોક્ષની પ્રાપ્તિ શેની થાય?

प्रश्न. ३१ गृहस्थानांपंचदेवपूजनमावश्यकंनवा ॥

ગ્રહસ્થોને પંચદેવનું પૂજન આવશ્યક છે કે નથી ?

ઉત્તર—આવશ્યક નથી કારણે કે તે વિશે શ્રુતિમાં. કંઈ દેખાતું ન-

થી એટલુંજ નહી પણ—

नविष्णवाराधनात्पुण्यंविद्यतेकर्मवैदिकम् ॥ — વિષ્ણુના આરાધન વીના માંગલીક એવું બીજું વૈદીક કર્મ નથી.

એ રીતની વ્યાસ સ્મૃતિએ કરીને વિષ્ણુના આરાધનનુંજ વૈદીકપણું જણાય છે.

૨ સ્માર્તપણું છતાં પણ પંચદેવનું પૂજન મોક્ષ ફળવાળું ન હોવાવડે કરીને મુમુક્ષુઓએ ગ્રહણ કરવા જેવું નથી એટલે સર્વેનો અધિકાર તેમાં સિદ્ધ થતો નથી.

૩ વળી પાંચેની પૂજાને સમાન બુદ્ધિથી કરવી? કે ન્યુનાધીક બુદ્ધિથી? પેહેલી બાબત નથી બનતી કેમકે ભગવાનની સાથે બીજા દેવતાની સમાનતા જે માને છે.

તે અધમછે "अन्यदेवसमंयस्तुमन्यतेपान्तुसोऽधमः" એમ પંચરાત્રની રક્ષામાં કહેલા વારાહ પુરાણના વચન આદી બહુતર પ્રમાણોનો તેમાં વીરોધ આવે છે અને અનેકનું ઈશ્વરપણું તેમાં આવી પડે છે માટે કોઇએ તેવી રીતે અંગીકાર પણ કર્યું નથી એટલુંજ નહી પણ.

विष्णर्चायांशिलाधीगुरुषुनरमतिर्वैष्णवेजातिबुद्धिर्विष्णोर्वावैष्णवानांकलिमलमथनेपादतीर्थेम्बुबुद्धिः ॥ विष्णोस्तन्नाम्निमंत्रेस ल कलुषहेशब्दसामान्यबुद्धिःविष्णोः सर्वेश्वरेशेतदितरसमधीर्यस्यवानारकीसः ॥ २ ॥ — વિષ્ણુની અર્ચાને વિશે શીલાબુદ્ધિ, ગુરૂને વિશે મનુષ્ય બુદ્ધિ, વૈષ્ણવોમાં જાતિ બુદ્ધિ વિષ્ણું અથવા વૈષ્ણવોના કળીકાળના દોષને મથન કરનારા પાદ તીર્થમાં જલ બુદ્ધિ, સર્વ પાપનો નાશ કરનાર વિષ્ણુના નામ અને તેમના મંત્રોમાં સામાન્ય શબ્દ જેવી બુદ્ધિ, અને સર્વ ઇશ્વરના પણ ઈશ્વર એવા વિષ્ણુ ને વિશે બીજાથી સમાનપણાની જેની બુદ્ધિ છે તે નારકી છે. એ રીતે (સ્માર્ત લોકોના મહાન પ્રસિદ્ધ ધર્મ શાસ્ત્રી) શુદ્ર કમળાકર ભટ્ટે ઉદાહરણમાં બતાવેલાં વચને કરીને ભગવાનને વિશે બીજા દેવતાઓથી સમાનપણાની બુદ્ધિ નર્કને આપનારી (શાસ્ત્રમાં) સંભળાયછે વળી.—

मत्वत्समोस्त्यऽभ्यधिकःकुतोन्यो लोकत्रयेप्यप्रतिमप्रभावः ॥ — હે અપ્રતિમ પ્રભાવ તમારા સમાન બીજો કોઈ લોકત્રયને વિશે નથી તો અધિક તે ક્યાંથી હોય.

એ રીતનાં શ્રીમત્ ગીતાજીનાં વચને કરીને તથા.

नास्तिनारायणसमोनभूतोनभविष्यति ॥ — નારાયણના સમાન કોઈ છે નહિ. થયો નથી. ને થશે નહીં.

એ પ્રકારે મહાભારતનાં વચને કરીને તેમજ.

नास्तिविष्णुसमोदेवोनास्तिसत्यंगुरोःपरं ॥ — વિષ્ણુ સમાન દેવ નથી અને ગુરૂથી પર બીજુ સત્ય નથી.

એ રીતે બૃહદ નારદ પુરાણના વચને કરીને ભગવાનના સમાનપણાનો નિષેધ કરેલો છે બીજી બાબતમાં પણ ૧ વિષ્ણુ કરતાં બીજા બધામાં અધિક બુદ્ધિ કે ૨. તેમાંના એકમાં તેથી અધિક બુદ્ધિ? પેહેલું તો."

"एतद्ब्रह्मसआत्माअंगान्यन्यादेवता ॥ — આ બ્રહ્મ તે આત્મા છે અને અન્ય દેવતા તેનાં અંગ છે.

એ રીતની શ્રુતીએ કરીને તથા

॥ देवार्चनंप्रवक्ष्यामि ॥ — દેવનું અર્ચન કહું છું.

विष्णुरादिरयंदेवःसर्वामरगणार्चितःतदर्चनंप्रवक्ष्यामिविष्णोरमितेतेजसः ॥ — આંહીથી આરંભીને—:સર્વ દેવતાઓએ પુજેલા એવા વિષ્ણુ એ આદી દેવ છે. તે અમીત તેજવાળા વિષ્ણુનું અર્ચન હું કહું છું.

दद्यात्पुरुषसूक्तेनआपःपुष्पाणिचैवहि-अर्चितंस्यादिदंतेनविश्वंभुवनसप्तकम् ॥ — પુરૂષ સુક્તે કરીને જળ અને પુષ્પ અર્પણ કરવાં તે વડે કરીને આ સાત ભુવનવાળું વિશ્વ તે પણ પુજીત સાય છે.

એ રીતે પરાશર સ્મૃતિથી તેજ પ્રકારે सर्वार्हणमच्युतेज्या ॥ અચ્યુતની પુજા તે સર્વની પુજા છે ઈત્યાદી શ્રીમત્ ભાગવતનાં વચનોએ

करीने तेमनां आराधमां बधानुं आराधन आवी जायछे बीजा प्रमाणोना बळे करीने बीजा देवताओनुं पण आराधन करवुं एम नही केहेवुं जोइए केमके

गृहस्थोब्रह्मचारीवावानप्रस्थोऽथभिक्षुकः यइछेत्सिद्धिमास्थातुंदेवतांकांयजेतसः ॥

गृहस्थ वा ब्रह्मचारी वा वानप्रस्थ अथवा संन्यासी जेने मोक्षनी ईच्छा होय तेणे कया देवनुं यजन करवुं.

ए रीतना युधिष्ठिरे करेला प्रश्नना उत्तरमां

राजोपरिचरोनाम

उपरीचर नामनो राजा (आ संबंधी ईतिहासनुं प्रकरण.

अहींथी लगावीने

सात्वतंविधिमास्थायप्राक्सूर्यमुखनिसृतंपूजयामासदेवेशंतच्छेषेणपितामहान् ॥

सात्वत (पंचरात्रमां कहेली) विधिमां रहीने सुर्यनी कलतांज देवताना ईश (विष्णु) नुं पूजन पेहेलुं कर्युं अने तेमना प्रसादथी पीतृओनुं कर्युं.

चतुर्विधाममजनाभक्ताएवहितेश्रुताःतेषामेकांतिनःश्रेष्ठायेचैवानन्यदेवताः ॥

मारा भक्तजनो चार प्रकारना छे तेमां अनन्य देवतावाळा एकांती छे ते श्रेष्ट छे.

अहमेवगतिस्तेषांनिराशीःकर्मकारिणांएवमेषमहाधर्मआद्योराजन्सनातनः दुर्विज्ञेयोदुष्करश्चसात्वतैर्धार्यतेसदा ॥

ते आशा वगरनां कर्म करनाराओनी हुंज गती छुं. हे राजन्, ए प्रकारनो आ माहाधर्म आद्य अने सनातन छे ते जाणवो तथा आदरवो कठीण छे पण तेने सात्वत लोको सदा धारण करे छे.

एषएकांतधर्मस्तेकीर्तितोनृपसत्त

आ एकांत धर्म हे नृप सत्तम-

म ॥ यद्येकांतिभिराकीर्णंजगत्स्या त्कुरुनंदन ॥ भवेत्कृतयुगप्राप्ति राशीकर्मविवर्जितैः ॥

તમને કહ્યો. જ્યારે, હે કુરૂનંદન, એકાંતીઓનો જગતમાં ફેલાવ થાય છે ત્યારે કામના રહીત એવા લોકો થવાથી સતયુગ વરતે છે.

એ રીતે વૈશંપાયને જન્મેજય રાજાને ભીષ્મ યુધિષ્ટિરના સંવાદરૂપ કહેલો ઇતિહાસ તથા

एवंबहुविधंधर्मंप्रतिबुद्धैर्निषेवितं नकुर्वंतिकथंविप्राअन्येनानाव्रतोस्थिताः ॥ तिस्त्रःप्रकृतयोराजन्देहबंधेषुनिर्मिताःसात्विकीराजसीचैवतामसीचैवभारत ॥

એવો બહુ પ્રકારનો ધર્મ જ્ઞાનીઓએ સેવન કરેલો નાના પ્રકારના વ્રતમાં રહેલા એવા બીજા વિપ્રો કેમ આચરતા નથી, એ રીતે જન્મેજયે કરેલા પ્રશ્નના જવાબમાં કહે છે કે, હે રાજન, દેહના બંધારણમાં ત્રણ પ્રકારની પ્રકૃતિ નીરમાણ થાય છે, હે ભારત તે સાત્વકી રાજસી અને તામસી.

नारायणेनदृष्टस्तुप्रतिबुद्धोभवेत् पुमान्एवमात्मेच्छयाराजन्॥ प्रतिबुद्धोनजायते ॥ सर्वेच्यवनधर्माणः प्रतिबुद्धस्तुमोक्षभाक् ॥

નારાયણે જોએલો એવો પુરૂષ એકાંતિ થાય છે. એ રીતે પોતાની ઇચ્છાથી એકાંતી નથી થતા; સર્વે ચ્યવન (પાછા પડે તેવા) ધર્મવાળા છે અને એકાંતી તો મોક્ષના ભાગી છે.

એ રીતનાં નારાયણીનાં વચનોએ કરીને સર્વે આશ્રમવાળાઓને પુજ્ય દેવતા સંબંધી પ્રશ્નના ઉત્તરમાં પંચરાત્રમાં કહેલું વિષ્ણુના આરાધનનું કર્તવ્યપણું તથા એમના પ્રસાદથીજ પીતૃ અને બીજા દેવતાઓનું પૂજન કરવું. દેવતાંતરના સંબંધ રહીત એવા એકાંતી લોકોનું શ્રેષ્ટપણું અને તેમની ભગવાંનજ ગતી છે. એવા અનાદી અને દુષ્કર ધર્મ સતયુગનોજ ધર્મ હોવાથી તેનું શ્રેષ્ટપણુંછે. વળી એકાંતીઓએ સેવન કરેલા એવા પંચરાત્ર

ધર્મનું સાધારણ સર્વ લોક અનુષ્ઠાન કેમ નથી કરતા એવા પ્રશ્નના ઉત્તરમાં પ્રકૃતિઓમાં સાત્વિક આદી વીભાગ હોવાથી સાત્વિક લોકોનીજ તેમાં રૂચી થવાપણું અને તેમને પણ ભગવત કૃપાથીજ તેની પ્રાપ્તિ થવાપણું પ્રતિપાદન કરવાવડે અને વળી--

त्रैकाल्यमर्चनंविष्णोर्दीवतानांतदात्मनांनमस्कारार्चनादीनिकुर्यान्नान्यस्यकस्यचित् ॥

ત્રણે કાળમાં વિષ્ણુ અને તેમના અંગભુત દેવતાઓ (પાર્ષદો) નુજ અર્ચન નમસ્કાર ઈત્યાદી કરવું બીજા કોઇનું ન કરવું.

એ પ્રકારનાં અત્રી સ્મૃતિનાં વચનોએ કરીને--

ध्येयंनजप्यंनैवपूजनीयंयस्मान्न देवाद्वरणीयमन्यत् ॥ दुस्तारसंसारपयोधिमग्नोत्तारायविष्णुःपरमःसपूज्यः ॥

ધ્યાન પૂજન અને જપ કરવામાં જે થકી બીજો કોઈ વરવા યોગ્ય નથી એવા જે વિષ્ણુ તે દુસ્તર એવા સંસાર સાગરમા ડુબેલાના ઉદ્ધાર માટે પરમ પૂજ્ય છે.

એ પ્રકારનાં પારાશર સ્મૃતિનાં વચને કરીને બીજા દેવતાઓને નમસ્કાર તથા તેમનું અર્ચન ઈત્યાદિ ન કરવાનું તથા તે સાથે વિષ્ણુનુંજ ત્રણે કાળમાં અર્ચન પૂજન કરવાનું તથા બીજા દેવતાઓનું ધ્યાન પૂજન કે તેમની પાસેથી માગવાની પણ મનાઈ કરવાની સાથે મોક્ષને માટે તો વિષ્ણુનુંજ પૂજન કરવું કહેલું છે. તેમજ—:

अन्यदेवस्ययेभक्तामूढावैपापचेतसः ममसायाविमूढास्तुनप्रपद्यंति ॥ मांधरे ॥ मांतुयेवैप्रप्रपद्यंतेमोक्षकामावसुंधरे ॥ तानहंमावसंशुद्धान्बुद्ध्यासंविभजामिवै ॥

બીજા દેવના જે ભક્ત છે તે મૂર્ખ અને પાપી છે; તે મારી માયાથી મૂઢ થએલા છે તેથી હે પૃથ્વી મને શરણ નથી થતા, અને હે વસુધરે, મને તો જેઓ મોક્ષ કામનાવાળા શરણ થાય છે, તેઓ શુદ્ધ ભાવવાળાને હું તેમની બુદ્ધિએ કરીનેજ જુદા પાડું છું.

એ પ્રકારનાં વરાહ પુરાણનાં વચનોએ કરીને દેવતાંન્તરોના ભક્તોનું ભગવાનની માયાથી મોહીતપણું અને ભગવત ભક્તોને ભગવાનેજ તેમનાથી જૂદા પાડેલા છે એવું પ્રતિપાદન કરેલું છે માટે બીજા દેવતાનું આરાધન અનુપાદેય છે.

તત્વ તો આ છે કે—ન કરવાથી પાપ લાગે એવા વર્ણાશ્રમ ધર્મભૂત પંચ મહાયજ્ઞાદીકને વિશે બીજા દેવતાઓના વાચક શબ્દોથી પણ "यस्यादित्यःशरीरम्" (જેનું આદીત્ય શરીર છે) ઈત્યાદી શ્રુતિએ કરીને તે તે દેવતારૂપ શરીરવાળા અથવા સાક્ષાત પરમાત્મા પ્રતિપાદીત છે. એટલા માટે તે ભગવત આરાધનરૂપ હોવાથી બીજા દેવતાના આરાધનનો પ્રસંગ આવતો નથી. વળી આ બાબતમાં શીવાદી બીજા દેવતાઓના અર્ચનનો નીષેધ કેમ કરો છો એ પ્રશ્નના ઉત્તર સંબંધી ગ્રંથમાં વિશેષ વર્ણન કરીશું (જુઓ પૃ૯).

૪ બીજું આ વીશેમાં એમ છે કે

एकोहवैनारायणआसीन्नब्रह्मानेशानः अथपुनरेवनारायणः सोन्यंकामंमनसाध्यायीततस्यध्यानांतस्थस्यललाटाञ्यक्षःशूलपाणिःपुरुषोजायत ॥

એક નારાયણ તો હતાજ બ્રહ્મા નોહોતા શંકર નોહોતા અને પછી તેણે પોતાની ખુસીથી બીજાનો વિચાર કર્યો (એટલે બ્રહ્મા થયા) તે (પ્રભુ) ના ધ્યાનમાં સ્થિત થએલાના લલાટમાંથી ત્રણ આંખને હાથમાં ત્રિશુળવાળો પુરૂષ જન્મ્યો.

એ રીતે મહોપનિષદમાં કહેલું છે વળી

नारायणाद्ब्रह्माजायतेनारायणाद्रुद्रोजायते ॥ भूतानांपतिःसंवत्सरउषसिरेतोसिंचत्तत्संवत्सरेकुमारोजायतसोरोदीत्तंप्रजापतिरब्रवीत्कुमारकिंरोदिषि × × × × × ×

નારાયણથી બ્રહ્મા થયા છે નારાયણથી રૂદ્ર થયા છે (એ રીતે નારાયણ ઉપનિષદમાં તેમજ) ભુતના પતીએ સંવત્સર રૂપી યોની (કાળ)ને વિશે રેતનું સીંચન કર્યું તેથી કુમાર જન્મ્યો તે રોવા લાગ્યો તેને પ્રજાપતિએ કહ્યું હે કુમાર કેમ રૂવે છે.

અહીંથી આરંભીને.

सोब्रवीदनपहतपाप्मावाअहमस्मिनाममेधेहीपाप्मनोपहत्यइतितंप्रजापतिरब्रवीत्भवोसीतिशर्वोसीतिईशानोसीतिपशुपतिरसीतिउग्रोसीतिभीमोसीतिमहादेवोसीति।१।

તે કહેવા લાગ્યો હું પાપ છું માટે નથી પાપ ટળવાની સાથે મારૂ નામ પાડો તેને પ્રજાપતિ કહેવા લાગ્યા (તુ) રૂદ્ર છે પછી પ્રજાપતિએ કહ્યુ (તુ) ભવ છે શર્વ છે. ઈશાન છે પશુપતિ છે ઉગ્ર છે ભીમ છે અને મહાદેવ છે.

એ રીતે વળી બીજી શ્રુતિઓમાં પણ કહેલું છે તેમજ

भ्रकुटीकुटिलातस्यललाटात्क्रोधदीपितात् ॥ समुत्पन्नस्तथारुद्रोमध्यान्हार्कसमप्रभः ॥

ક્રોધથી વાંકી "થયેલી" ભૃકુટીવડે દીપતા લલાટમાંથી મધ્યાનના સૂર્ય જેવી ક્રાન્તિવાળો એવી રીતે રૂદ્ર ઉત્પન્ન થયો.

कल्पादावात्मनस्तुल्यंसुतंप्रध्यायतस्ततः ॥ प्रादुरासीप्रभोरंकेकुमारोनीललोहितः ॥ रुदन्वैसुस्वरंसोथद्रवंश्चद्विजसत्तम ॥ किंरोदिषीतितंब्रह्मारुदंतंप्रत्यभाषत ॥ नामधेहीतितंसोथप्रत्युवाचप्रजापतिः ॥ रुद्रस्त्वंदेवनाम्नासिमारोदीर्धैर्यमावह ॥ ततोन्यानिददौतस्मिंसप्तनामानिसप्रभुः ॥ भवंशर्वमहेशानंतथापशुपतिंद्विज ॥ भीममुग्रंमहादेवमुवाचसपितामहः ॥ चक्रेनामान्यथैतानिस्थानान्यथचकारस ॥

કલ્પના આરંભમાં પોતાની બરોબરીના દીકરાનું ધ્યાન કરતે થકે નિલ લોહીત (લાખ વારંગનો) કુમાર પીતાના ખોળામાં પ્રાદુરભાવ થયો અને હે દ્વીજ સત્તમ! તે સુસ્વરે કરીને રોવા લાગ્યો પછી તે રોનારને કેમ રૂવે છે એમ બ્રહ્માએ કહ્યું તે કહેવા લાગ્યો કે મારૂ નામ પાડો ત્યારે પ્રજાપતિએ તેને કહ્યુ કે રૂદ્ર એ નામવાળો દેવ તું છે રોઈશ નહી ધૈર્ય રાખ્ય તે પછી તે પ્રભુ (બ્રહ્મા) એ બીજાં સાત નામ તેને આપ્યાં.

ભવ, શર્વ મહા ઈશાન, પશુપતિ, ભીમ, ઉગ્ર, અને મહાદેવ, એ રીતે તેનાં નામ પાડીને પછી તેનાં સ્થાન કર્યાં.

એ પ્રમાણે વિષ્ણુ પુરાણમાં ઉપરની શ્રુતિના અર્થ બતાવેલાછે તેમજ

सोग्रेभूतानांमृत्युमसृजत्त्र्यक्षंत्रिशिरस्कंत्रिपादंखंडपरशुम् ॥

તે બ્રહ્માએ સૃષ્ટીના આરંભમાં પ્રાણીઓનું મૃત્યુ સરજ્યું ત્રણ આંખ ત્રણ મુસ્તક અને ત્રણ પગ તથા ભાગેલા પરશુવાળું.

એ પ્રમાણે સુબાલોપ નિષદમાં છે વળી—

अग्निरवमोदेवतानांविष्णुःपरमः॥

દેવતાઓમાં અગ્નિ કનિષ્ટ છે, અને વિષ્ણુ શ્રેષ્ટ છે (એટલે કે તેના થી પર બીજો કોઈ નથી.

એ રીતે તૈતરીય સંહિતામાં કહેલું છે

अग्निर्देवानांमवमोविष्णुःपरमस्तदंतरेणसर्वाअन्याःदेवताः × ×

દેવતાઓમાં અગ્નિ છેલ્લોછે, અને વિષ્ણુ પ્રથમછે, અને તેના વચમાં બીજા દેવતાઓ છે.

એ રીતે ઋગવેદની સંહિતામાં કહેલું છે.

सोब्रवीद्वरंब्रूहिअहमेवपशुनामधिपतिरवासीतितस्माद्रुद्रःपशूनामधिपतिः ॥

તેણે કહ્યું વર માગ (ત્યારે માગ્યું કે) હુંજ પશુઓનો અધિપતિ હઉ. તેટલા માટે રૂદ્ર પશુઓનો અધીપતીછે.

એ રીતે યજુર્વેદમાં કહેલું છે.

साहायंवःकरिष्यामिहनिष्यामिचवोरिपून् ॥ दीयतांचबलांर्द्धमेसवैरपिपृथक्पृथक् ॥ पशुत्वंचामरालोकाःसर्वेकल्पंतुपीडिताः ॥ पशूनांतुपतित्वंमेभवत्वद्यदिवौकसः ॥ एवंनपापंप्राप्स्यामिपशून्हत्वासुर

હું તમારી સાહેતા કરીશને તમારા રિપુઓને હણીશ પણ સર્વે પ્રથક પ્રથક મને અર્દ્ધું (પોતાનું) બળ આપો. પીડા પામેલા સર્વ લોકો પશુ પણું કલ્પો અને પશુઓનું પતિપણું તો મને હે દેવતાઓ આજથી હો

द्विषः ॥ એમ થવાથી હે અસુરોના દ્વેષી મને પશુઓને મારવાનું પાપ નહીં લાગે.

એ રીતનાં કર્ણપર્વમાંના (શ્રુતિના અર્થ બતાવનારાં) ઉપબ્રંહણ વચનોએ કરીને તથા

अस्यदेवस्यमीढुषोवयाविष्णोरेतस्यप्रभृतेहविर्भिः ॥ विदेहिरुद्रोरुद्रियंमहीत्वम् ॥ આ શ્રુતિમાં દીપ્તીમાન અને વખાણવા જોગ તરૂને ઠેકાણે વિષ્ણુંને શાખા સ્થાપન રૂદ્રને ગણીને તે રૂદ્ર યજ્ઞને વિશે હવિએ કરીને રૂદ્ર સંબંધી મહિમાને પ્રાપ્ત થયા.

આવી રીતનો અર્થ બતાવ્યો છે.

महादेवोविश्वमेधेमहात्माहुत्वात्मानंदेवदेवोबभूव ॥ મહાત્મા એવા મહાદેવ વિષ્ણુ મેધ યજ્ઞમાં પોતે હોમાઈને દેવનાદેવ થયા છે.

विष्णुरात्माभगवतोभवस्यामिततेजसः तस्माद्धनुर्ज्यासंस्पर्शंसविषेहेमहेश्वरतत्रब्रह्माश्चरुद्रश्चशक्रश्चापिसुरेश्वरः समेत्यविविधैर्यज्ञैर्यजंतेभूरिदक्षिणैः ॥ અમિત તેજવાળા મહાદેવના ભગવાન વિષ્ણુ આત્માછે તેથી ધનુષની દોરીનો સ્પર્શ મહેશ્વર સહન કરી શકયા ત્યાંહાં બ્રહ્મા રૂદ્ર અને દેવતાઓના ઇશ્વર એવા ઈંદ્ર એ સઘળા એકઠા થઇને ઘણી દક્ષણાવાળા નાના પ્રકારના યજ્ઞ વડે યજન કર્યું.

આ રીતે ભારતમાંના ઉપબ્રંહીત વચનોએ કરીને શીવનું કાર્યપણું, કર્મવશ્યપણું, બ્રહ્મા પુત્રપણું, વિષ્ણુનાં ઘણાં ભારે વરદાનથી મળેલું પશુપતિપણું અને વિષ્ણુના આરાધનથી રૂદ્રપણાનો અધિકાર મળવાપણું જણાવેલું છે. વળી ત્યાંજ

अक्षयश्चाप्रमेयश्चसर्वगश्चनिरुच्यते ॥ नसशक्यस्त्वयाद्रष्टुंमयान्यैर्वापिसत्तम ॥ ममांतरात्मानव અક્ષય અપ્રમેય અને સર્વ વ્યાપક જેને કહે છે તે તારાથી કે મારાથી હે સત્તમ દેખી શકાય એવો

चयेचान्येदेहिसंज्ञिताः ॥ सर्वेषां साक्षिभूतोसौनग्राह्यःकेनचित्कचित् ॥ तत्रयःपरमात्माहिसनित्यंनिर्गुणऽस्मृतः ॥ सहिनारायणोज्ञेयः सर्वात्मापुरुषोहिसः ॥ नलिप्यते फलैश्चापिपद्मपत्रमिवांभसा ॥ कर्मात्मात्वपरोयोसौमोक्षबंधैःप्रयुज्यते ॥ अहंब्रह्माआद्यईशः प्रजानां तस्माज्जातस्त्वंचमत्तःप्रसूतः ॥

નથી મારો તારો ને બીજા સર્વ દેહધારીનો તે સાક્ષિભૂત છે તે કોઈ પણ પ્રકારે કોઈથી પણ ગ્રાહ્ય થઈ શકે તેવો નથી તેમાં જે પરમાત્મા છે તે નિત્ય અને નિર્ગુણ કહેવાય છે તેનેજ નારાયણ જાણવો સર્વનો આત્મા તથા પુરૂષ પણ તેજ છે જળે કરીને જેમ કમળનું પત્ર નથી લેવાતુ તેમ તે કર્મનાં ફળથી નથી લેવાતો બીજો આ કર્માત્મા છે તે બંધ તથા મોક્ષે કરીને જોડાય છે હું પ્રજાના પ્રજનનો આદી ઈશ છું અને તેનાથી થએલો છું.

मत्तोजगज्जंगमंस्थावरंचसर्वेवेदाः सरहस्याहिपुत्र ॥

ને તું મારાથી થએલો છે હે પુત્ર રહસ્ય સાથે સર્વે વેદ અને આ સ્થાવર જંગમ જગત પણ મારાથી ઉત્પન્ન થયું છે.

એ રીતનાં નારાયણીમાં રૂદ્ર પ્રત્યે બ્રહ્માનાં વચને કરીને અપ્રમેય એવા ભગવાનનું બ્રહ્મરૂદ્રાદિકને પણ દુર્દર્શત્વ અને બ્રહ્મારૂદ્રાદી સકળ જીવ વર્ગના અંતરયામી સાક્ષી સર્વ પ્રકારનાં પ્રમાણોની પણ પકડમાં નથી આવતા એ વાતે પરમાત્માનું ત્રણ ગુણથી રહીતપણું અને તેનુંજ સકળ જગત કારણપણું તથા જે માન વાદી શાસ્ત્ર પ્રસિદ્ધ એવા નારાયણ શબ્દથી ઓળખાય છે તેને કર્મ વશ્યપણું બીલકુલ નથી, અને તેના શિવાયના બીજા સર્વેનું કર્મ બંધનને લીધે બંધ મોક્ષપણું છે. સર્વ જગતમાં મુખ્ય એવા ચતુર મુખ બ્રહ્માનું તેનાથી ઉત્પન્ન થવાપણું છે, અને શિવનું વળી તે ચતુર્મુખથી ઉત્પન્ન થવાપણુંછે, અને તેજ બ્રહ્માથી સર્વ લોકો વેદાદીની પણ ઉત્પતિ થાય છે, એ રીતે પ્રતિપાદન કરેલુંછે. તેવીજ રીતે વળી તેજ પ્રકરણના પ્રથમ ભાગમાં—

ब्रह्मणात्वेवमुक्तस्तुरुद्रःक्रोधाग्निमुत्सृजन् ॥ प्रसादयामासततोदेवं नारायणंप्रभुं ॥ परमात्मेतियंप्राहुः सांख्ययोगविदोजनाः महापुरुषसंज्ञांसलभतेस्वेनकर्मणा ॥ योसौव्यक्तत्वमापन्नोनिर्ममेचपितामहं ॥ रुद्रोरोपात्मकोजातोदशान्यान्सोसृजत्स्वयम् ॥

બ્રહ્માએ એવું કહ્યું તેથી રૂદ્રે ક્રોધ છોડયો અને પછી પ્રભુ અને દેવ એવા નારાયણને તેમ હો પ્રસન્ન કર્યા. જેને સાંખ્ય અને યોગના વેત્તા જનો પરમાત્મા એમ કહે છે અને જે પોતાનાં ચરિત્રે કરીને મહા પુરૂષ એવી સંજ્ઞાને પામ્યા છે તેણે આ પ્રકાશમાં આવેલા બ્રહ્માને નિર્માણ કરેલાછે અને તેમનાથી ક્રોધાત્મક એવા રૂદ્ર થએલા છે. તે રૂદ્રે બીજા દશ (રૂદ્ર) પોતે સરજ્યા.

सर्वलोकगुरुर्ब्रह्माजगदादिकरः प्रभुः ॥ मयानुशिष्टोभवितासर्वभूतवरप्रदः ॥ तस्यचैवात्मजोरुद्रोललाटाद्यःसमुद्यतः ॥ ब्रह्मानुशिष्टो भवितासर्वभूतधरःप्रभुः ॥ ललाटाच्चैवमेरुद्रोदेवःक्रोधाद्विनिःसृतः ॥ मयासृष्टःपुराब्रह्मामायज्ञमयजत्स्वयं ॥ ततस्तस्मैवरान्प्रीतोदत्तवानस्म्यनुत्तमान् ॥ त्वंचैववरदोब्रह्मन्वरेप्सूनांभविष्यसि ॥

સર્વ લોકનો ગુરૂ જગતનો આદી કર્તા. પ્રભુ એવો બ્રહ્મા તે મારો આજ્ઞાકારી થશે અને સર્વ લોકોને વરદાન આપનાર તે બ્રહ્માનો આત્મજ રૂદ્ર જે કે (તેના) લલાટથી નીકળ્યો છે તે બ્રહ્માનો અજ્ઞાકારી થશે અને સર્વ ભૂતને ધારણ કરનારો એવો તે સમર્થ થશે મારા (મહાત્મક બ્રહ્માના) લલાટમાંથી રૂદ્ર ક્રોધથી નીકળ્યો તે પૂર્વે સૃજેલા બ્રહ્માએ યજ્ઞ રૂપ જે હું તેનું પોતે યજન કર્યું તેથી પ્રસન થઇને તેને મેં ઉત્તમ વરદાન આપેલાં છે કે હે બ્રહ્મા તું વરદાનની ઇચ્છાવાળાઓને વરદાન આપનારો થઇશ.

ઈત્યાદી વચનોએ કહીને રૂદ્રે તમો ગુણનું કાર્ય જે ક્રોધ તેનું બ્રહ્મા ના વાક્યે કરીને છોડવું નારાયણને પ્રસન્ન કરવા તથા તેમને શરણે આવેલા એવા બ્રહ્મા અને રૂદ્રાદિકનું ભગવાનથી ઉત્પન્ન થવાપણું, અને તેમણે (બ્રહ્મરૂદ્રાદીકે) ભગવાનની આજ્ઞામાં રેહેવા પણું છે તેમજ ભગવાનનું પુજ્યપણું તથા વરદાન આપવાપણું છે. અને ભગવાનથી વરદાન મેળવીને બ્રહ્મરૂદ્રાદી. એઓ બીજા લોકોને વરદાન આપવાને શક્તિમાન થયા છે. એ રીતે સ્પૃષ્ટપ્રતિપાદન કરેલું છે.

नारायणःपरब्रह्मतत्त्वंनारायणःपरः॥अंतर्बहिश्चतत्सर्वंव्याप्यनारायणःस्थितः ॥ विश्वतःपरमंनित्यंसोक्षरः ॥ परमस्वराड् ॥	નારાયણ પરબ્રહ્મ છે. નારાયણ પરતત્વ છે બાહારને માંહે નારાયણજ વ્યાપ્ત થઇને રહેલા છે વિશ્વથી નિત્ય શ્રેષ્ટ છે. તે પરમ સ્વતંત્ર છે. અક્ષર રૂપ છે.

એ રીતે નારાયણાનુવાકમાં.

नारायणःपरब्रह्म ॥	ઈત્યાદી મહોપનિષદમાં
एषसर्वभूतान्ततरात्माऽपहतपाप्माद्दिव्योदेवएकोनारायणः ॥	આ સર્વ ભૂતનો અંતર આત્મા પાપ થકી રહિત દીવ્ય દેવ એવો એક નારાયણ છે

એ રીતે સુબાલોપનિષદમાં.

विष्णुःपरम ઇત્યાદી પ્રથમ કહેલી શ્રુતિમાં.

सोऽध्वनःपारमाप्नोतितद्विष्णोः परमंपदम्	તે આ સંસારના માર્ગ થકી પાર એવા વિષ્ણુંના પરમપદને પામે છે.

એ રીતે કઠવલ્લીમાં.

ध्रुवंविष्णुसंज्ञंसर्वाधारंधाम	નિશ્ચળ અને સર્વના આધારવાળું વિષ્ણુંએ નામનું ધામ છે.

એ રીતે મૈત્રાયણી ઉપનિષદમાં તેમજ સામવેદના પ્રવર્ગ્યમાં.

तद्विष्णुःप्रथमःप्रापदेवानाम्श्रेष्टो भवत् ॥	વિષ્ણું પ્રથમ છે માટે દેવતાઓમાં શ્રેષ્ટ થએલો છે એ રીતે તથા

सविष्णुर्यज्ञः — તે વિષ્ણુ યજ્ઞ છે.

એ રીતે બીજી શ્રુતિઓમાં પણ છે તેમજ સ્મૃતીઓમાં પણ.

आपोनाराइतिप्रोक्ताआपोवैनरसूनवः ॥ तायदस्यायनंपूर्वंतेननारायणःस्मृतः ॥१॥ यत्तत्कारणमव्यक्तंनित्यंसदसदात्मकं ॥ तद्विसृष्टःसपुरुषोलोकेब्रह्मेतिकीर्त्यते ॥२॥

અપ (જળ) સકળ જગતની બીજ ભૂત વસ્તુ તે ને નારા કહે છે તે નરનો પુત્ર છે (એટલે કે નરથી ઉત્પન્ન થએલ છે તે (નર તથા જળ એક બીજાનો) આધાર આધેય છે માટે તેને નારાયણ કહેછે. ૧ જે સદસદાત્મક (ચેતના ચેતનાત્મક) છે ને અવ્યક્ત છે તે કારણ છે અને તેનો સરજેલો પુરૂષ લોકમાં બ્રહ્મા કેહેવાય છે.

એ રીતે મનુસ્મૃતિમાં કહેલું છે.

नित्यंहिनास्तिजगतिभूतंस्थावरजंगमं ॥ ऋतेतमेकंपुरुषंवासुदेवंसनातनं ॥१॥ तत्वंजिज्ञासमानानांहेतुभिःसर्वतोमुखैःतत्वमेकोमहायोगीहरिर्नारायणःप्रभुः ॥२॥

સનાતન પુરૂષ એવા એક વાસુદેવ વિના સ્થાવર જંગમ એવા જગતમાં નિત્ય એવું કાંઈ નથી. જ્ઞાનની ઈચ્છા વાળાઓને (સર્વતો મુખ) અનેક પ્રકારના હેતુએ કરીને મહાયોગી. પ્રભુ. અને હરિ એવા નારાયણ એજ એક તત્વ છે.

એ રીતે નારાયણીયમાં કહેલું છે अधिकंमेनिरेविष्णुम् વિષ્ણુને અધીક માનતા હવા. એ રીતે વાલ્મીકી રામાયણમાં કહ્યું છે માટે સર્વ પ્રકારે परब्रह्म એ શબ્દથી વાચ્ય સર્વોત્તમ, સ્વતંત્ર, સર્વના અંતરાત્મા, પાપ રહીત, પરમ પ્રાપ્ય, સર્વના આધાર, તેજસ્વી, સર્વનું કારણ જેના સમાન કોઇ નથી એવા ગુણોવાળા, એવા એક નારાયણનુંજ અધિકપણું પ્રતિપાદિત થવાથી પાંચ દેવમાંહેના તેમના શિવાયના બીજા ચારમાંથી એકેનું પણ તેમના કરતાં અધિક કે સમાનપણું નથી એ રીતે સિદ્ધ થાય છે. તેમજ.

नारायणंनमस्कृत्यनरंचैवनरोत्तमं ॥ देवींसरस्वतींचैवततोजयमुदीरयेत् ॥१॥	નારાયણ તથા નરને વીષે ઉત્તમ એવા નરને તથા સરસ્વતી દેવીને નમસ્કાર કરી પછી જય એમ કેહેવું?
आद्यंपुरुषमीशानंपुरुहूतंहुतंपुरुष्टुतं॥ऋतमेकाक्षरंब्रह्मव्यक्ताव्यक्तंसनातनं ॥२॥	આદ્યા પુરૂષ ઈશાન પુરૂહુત પુરૂષ્ટુત સત્ય એકાક્ષર (પ્રણવરૂપ) બ્રહ્મ વ્યક્ત અને અવ્યક્ત સનાતન.
असच्चसदसच्चैवयद्विश्वंसदसत्परं ॥ परावराणांस्रष्टारंपुराणंपरमव्ययं ॥३॥	અસત્ સત્ અસત્ (કાર્ય કારણ) એવા જે વિશ્વરૂપ તથા સત્ અસત (ચેતન અચેતન)થી પર (બ્રહ્માદીક) અને અવર (ઈન્દ્રાદીક) તેમના સ્રષ્ટા પુરાણ અને પરમ અવ્યય
मांगल्यंमंगलंविष्णुंवरेण्यमनघंशुचिं ॥ नमस्कृत्यहृषीकेशंचराचरगुरुंहरिं ॥४॥	માંગલિક અને મંગલ સ્વરૂપ તથા સર્વ કરતાં શ્રેષ્ટ, નિર્દોષ,અને પવીત્ર એવા સર્વ ઈન્દ્રિયોના સ્વામી તથા ચરા ચરના ગુરૂ હરિને નમસ્કાર કરીને.—
महर्षेःपूजितस्येहसर्वलोकैर्महात्मनः ॥ प्रवक्ष्यामिमतंपुण्यंव्यासस्याद्भुतकर्मणः ॥५॥	સર્વ લોકમાં પૂજીત એવા મહર્ષિ અદભૂત કર્મવાળા મહાત્મા વ્યાસજીનાપુણ્યમતરૂપી આ નારાયણની
यस्यप्रसादाद्वक्ष्यामिनारायणकथामिमां ॥ नास्तिनारायणसमंनभूतंनभविष्यति ॥६॥	કથા તેમના પ્રસાદથી હું કહુ છું નારાયણ સમાન કોઈ છે નહી થયો નથી ને થશે નહી,

આ પ્રકારે માહાભારતમાં પ્રથમજ આરંભમાં કરીને (ઉપસંહાર) સમાપ્તિમાં પણ.

भारतंसर्वशास्त्राणामुत्तमंभरतर्ष	હે ભરતર્ષભ સર્વ, શાસ્ત્રને વિશે

म ॥ भारतात्प्राप्यतेमोक्षस्तत्वमेत
द्ब्रवीमिते ॥ वेदेरामायणेपुण्येभार
तेभरतर्षभआदावंतेचमध्येचहरिः
सर्वत्रगीयतेयत्रविष्णुकथादिव्या
श्रुतयश्चसनातनाःतच्छ्रोतव्यंमनु
ष्येणपरंपदमिहेछता॥७॥

ભારત એ ઉત્તમ છે. ભારતથી મો-
ક્ષ પ્રાપ્ત થાયછે. તે ખરેખરૂ હુ તને
કહુ છું. પુણ્યરૂપ એવા વેદ, રામાયણ
અને ભારતમાં આદી અંત અને મ-
ધ્યમાં સર્વ ઠેકાણે હરિનુજ ગાયન
થાય છે. જે ઠેકાણે વિષ્ણુની દીવ્ય
કથા છે તથા સનાતન એવી શ્રુતિ-
ઓછે તેજ આ લોકમાં પરમપદની
ઇચ્છાવાળાએ સાંભળવાં.

ઈત્યાદિ સમાપ્તીમાં ઉપસંહાર કરનારા ભગવાન બાદ નારાયણ એમણે નારાયણ વિષયીક મંગળાચરણ પૂર્વક નારાયણની સાથે બીજાનું અસમાનપણું. અને સર્વ શાસ્ત્રમાં ભારતનું ઉત્તમપણું, મોક્ષ આપવાપણું, શાપથ પૂર્વક (આને લગતાજ શ્લોકોમાં ત્યાંજ) કહીને છેલ્લે વેદમાં રામાયણમાં એ શ્લોક કરીને સર્વ પ્રમાણમાં શિરોમણી વેદ અને ઈતિહાસ એ. સઘળાં સમગ્રપણે ભગવાનનેજ પરતત્વપણે પ્રતિપાદન કરે છે. એ રીતે મોટા સાદથી પુકારીને પ્રતિપાદન કરી તથા આ મહાભારતનું પ્રકરણ નારાયણનીજ કથા રૂપ છે. એમ વર્ણન કરવાની સાથે ભગવાનનુંજ સર્વોત્તમપણું સ્પષ્ટ કહેલું છે. તેજ પ્રમાણે પુરાણોમાં પણ જેમકે કુર્મ પુરાણમાં—

एषसर्वसृजत्यादौपातिहंतिचके
शवः ॥ भूतांतरात्माभगवान्नारा
यणइतिश्रुति ॥

કેશવ એવા ભૂતના અંતર આ-
ત્મા આ ભગવાન નારાયણ આરં-
ભમાં આ જગતને સરજે છે પાલ-
ન કરે છે ને અંતે સહાર કરે છે
એ રીતે શ્રુતિ કહે છે.

एकांशेनजगत्सर्वंवाप्यनारायणः
स्थितः ॥ दृष्ट्वामांकूर्मसंस्थानंश्रु
त्वापौराणिकींस्वयं ॥ संहितांमन्मु

નારાયણ આ જગતમાં પોતાના
એક અંશે કરીને વ્યાપ્ત થઈને રહે-
લા છે. તેમજ મને કુર્મરૂપ જોઈને

खाद्विप्राःपुरुस्कृत्यमुनिश्वरान् ॥ ब्राह्मणंचमहादेवंदेवाश्चान्यान्स्वशक्तितःमच्छक्तौसंस्थितान्बुध्वामामेव शरणंगताः ॥

અને મુનીશ્વરોને આગળ કરીને મારા મૂખથી મારી પોતાની પૌરાણીકી (કુર્મ) સંહિતા સાંભળીને બ્રહ્મા મહાદેવ અને બીજા દેવતાઓ મારી શક્તિમાં રહેલા છે એમ પોત પોતાના મનથી જાણીને મારેજ શરણે આવ્યા છે.

એજ પુરાણમાં વળી—

अहंनारायणोदेवःपूर्वमासन्नमेपरम् ॥ उपास्यविपुलांनिद्रांभोगिशय्यांसमाश्रितः ॥ चिंतयामिपुनःसृष्टिनिशांतेप्रतिबुध्यतु ॥ ततोमेसहसोत्पन्नःप्रसादान्मुनिपुंगवः ॥ चतुर्मुखस्ततोजातोब्रह्मालोकपितामहःतदंतरेभवत्क्रोधःकस्माच्चित्कारणात्तदा ॥ आत्मनामुनिशार्दूल तत्रदेवोमहेश्वरः॥रुद्रःक्रोधात्मकोजज्ञेशूलपाणिस्त्रिलोचनः ॥

હું એક નારાયણ દેવજ આગળ હતો મારાથી પર કોઈ નહોતું શેષ શય્યામાં વિરામ પામેલો એવો હું પુષ્કળ નિદ્રા લીધા પછી રાત્રીને અંતે જાગૃત થઈને ફરીને સૃષ્ટીનો વીચાર કરૂ છું, એટલામાંતો, હે મુની પુગવ, મારી કૃપાથી સહસા ચતુર્મુખ લોકનો પીતામહ બ્રહ્મા ઉત્પન્ન થયો. તે પછી કોઈ કારણથી તેને ક્રોધ થયો ત્યારે બ્રહ્માથી, હે મુની શાર્દુલ, તે ઠેકાણે મહેશ્વર રૂદ્ર ક્રોધાત્મક શુલપાણિ અને ત્રિલોચન એવો દેવ ઉત્પન્ન થયો.

એ રીતે ભગવાન સૃષ્ટીનુ આદી કારણ તથા સર્વના અંતરાત્મા છે, એવું શ્રુતિ પ્રતિપાદન કરે છે. એક અંશે કરીને સર્વ જગત ભગવાને વ્યાપેલું છે. બ્રહ્મ રૂદ્રાદીક પણ ભગવત શક્તિને આધારે રહેલાછે. અને તેટલા મટે તે સર્વે તેના શરણાગત છે એવું તથા તેનાથી બ્રહ્મ રૂદ્રાદીક ઉત્પન્ન થયેલા છે એવું પણ કહેલું છે.—

બ્રહ્મ પુરાણમાં પણ.

सहरिःपुरुषोवीरःकृष्णोजिष्णुः प्रजापतिः॥पर्जन्यस्तपनोनंतस्तस्य सर्वमिदंजगत् ॥ नारायणःपरोदेवो

તે હરિ જેને પુરૂષ, વીર, કૃષ્ણ, જીષ્ણુ, પ્રજાપતિ, પરજન્ય, તપન અને અનંત કહેછે તેનું આ સર્વ જગત છે દેવો બધા નારાયણ પરાયણ છે. અહીંથી લઈને આ વીશે ઘણું શુ કહીએ! બ્રહ્માથી આરંભીને

किंचात्रबहुनोक्तेनजगदेतच्चराचरं ॥ ब्रह्मादिस्तंबपर्यंतंसर्वंनारायणात्मकं ॥ नारायणात्परंकिंचिन्नेहपश्यामिभोद्विजाः ॥ तत्रभूतानि सर्वाणिदग्धान्यादित्यरस्मिभिः ॥ ब्रह्माणमग्रतःकृत्वासहादित्यगणैर्विभो ॥१॥

કીટ પર્યંત ચરાચર એવું આ સર્વ જગત નારાયણાત્મકછે. હે બ્રાહ્મણો, નારાયણથીપર બીજુ હું કાંઇ પણ જોતો નથી. સૂર્યની કીરણોથી દગ્ધ થઈ ગયેલા સર્વ ભૂત આદીત્યગણ સાથે બ્રહ્માને આગળ કરીને.

प्रविशंतिसुरश्रेष्टंहरिंनारायणंप्रभुंसस्त्रष्टासर्वभूतानांकल्पांतेचपुनऽपुनः ॥

સુરશ્રેષ્ટ હરિ અને પ્રભુ એવા નારાયણમાં પ્રવેશ કરે છે, ને કલ્પના અંતમાં સર્વ ભૂતનો વારંવાર તેજ સૃષ્ટા થાય છે.

अव्यक्तःशाश्वतोदेवस्तस्यसर्वमिदंजगत् ॥ तद्ब्रह्मतत्परंधामसदसत्तत्परंपदं ॥ यस्यसर्वमिदंवश्यं जगदेतच्चराचरम् ॥

અવ્યક્ત અને શાશ્વત એવો જે દેવ છે. તેનું આ જગતછે. તે પરબ્રહ્મ અને પરમ તેજરૂપ વિષ્ણુથીજ આ સર્વ જગત થયુંછે ને પરમ પદ પણ તેજ છે કે જેના વશમાં આચરાચર જગત રહેલું છે.

એ રીતે બ્રહ્મથી સ્તંભ પર્યંત એવા જગતના નારાયણ અંતરયામી છે નારાયણુજ સર્વથી ઉત્કૃષ્ટ છે માટે તેના કરતાં બીજો કોઈ ઉત્કૃષ્ટ નથી બ્રહ્માદિકનો પણ પ્રલયકાળમાં જેનામાં પ્રવેશ થાય છે તેજ સૃષ્ટી અને સંહાર કરનારો સર્વ જગતનો સ્વામી છે. પરબ્રહ્મ, પરમતેજ, પરમપદ, અને

ચરાચરનો નિયંતા છે. એવું કહેલું છે.

વારાહ પુરાણમાં.

अद्यापिमांनजानंतिरुद्रेंद्राःसपितामहाः ॥ ममायांविशालाक्षि किंपुनस्त्वंवसुंधरेः ॥ नारायणश्च भगवान्विश्वरुपीविभाव्यते ॥ कृतेनारायणः शुद्धःसूक्ष्मरूपउपास्यते ॥ त्रेतायांयज्ञरुपेणपंचरात्रेण द्वापरे ॥ नतस्मात्परमोदेवोभविता नभविष्यति ॥

હે પૃથ્વી બ્રહ્માસહવર્તમાન રૂદ્ર ઇંદ્ર આદીક અદ્યાપી મન્હેકે મારી માયાને નથી જાણુતા તો પછી તું તે ક્યાંથી જાણે? (એ રીતે ભગવાનનાં વચને કરીને તથા) વિશ્વરૂપ એવા ભગવાન નારાયણુની ઉપાસના કરવામાં આવે છે (તેમાં કૃતયુગમાં શુદ્ધ અને સૂક્ષ્મ રૂપિની ત્રેતામાં યજ્ઞ રૂપે કરીને અને દ્વાપરમાં પંચરાત્રે કરીને ત્યાંથી લઇને એથી-પર બીજો દેવ થયો પણ નથી ને થશે પણ નહીં.

અહીં સુધીનાં વચનોએ કરીને તથા.

एवमेषहरिर्देवःसर्वगःसर्वभावनः ॥ वरदोभूत्पुरामह्यंतेनाहंदैवतैर्वरः ॥ नारायणात्परोदेवोनभूतोनभाविष्यति ॥

એ પ્રકારે દેવ એવા આ હરિ સર્વવ્યાપક સર્વના રક્ષકછે. તેમણે પૂર્વે મને વરદાન આપ્યું તેણે કરીને હું દેવતાઓમાં શ્રેષ્ટ છું નારાયણુથીપર બીજો દેવ થયો પણ નથી ને થશે પણ નહિ.

એ પ્રકારે રૂદ્રનાં વચનોએ કરીને ભગવાનની માયા બ્રહ્મ રૂદ્રાદિકના પણ જાણુવામાં આવે એવી નથી ભગવાંન વિશ્વરૂપ છે તેમની તત્તત સમયોચિત ઉપાસના કરવામાં આવે છે ભગવાંન એજ સર્વથી ઉત્કૃષ્ટ છે માટે તેના કરતાં બીજો કોઇ ઉત્કૃષ્ટ નથી એવી રીતે પ્રતિપાદન કરેલ છે તેજ પ્રકારે વળી.

कृष्णएवहिलोकानांमुत्पत्तिःप्रल

કૃષ્ણ એજ લોકની ઉત્પતિ તથા

यस्तथा ॥ कृष्णस्यहिकृतेविश्वमिदंभूतंचराचरं॥ एषाप्रकृतिरव्यक्ताकर्ताचैवसनातनः ॥ परश्चसर्वभूतेभ्यस्तस्मात्पूज्यतमोच्युतः ॥ बुद्धिर्मनोमहद्वायुस्तेजोंभःखंमहीचया ॥

પ્રલયના કર્તા છે કૃષ્ણને અર્થેજ આ ચરાચર ભૂત એવું વિશ્વ છે આ અવ્યક્ત એવી પ્રકૃતિ અને તેના કર્તા પણ તે સનાતનજ છે. તે સર્વ ભૂતથી પરછે તેટલા માટે પુજ્યતમ એવા અચ્યુત છે બુદ્ધિ મન મહતત્વ વાયુ તેજ જલ આકાશ પૃથ્વી

चतुर्विधंचयद्भूतंसर्वंकृष्णेप्रतिष्टितं ॥ आदित्यश्चंद्रमाश्चैवनक्षत्राणिग्रहाश्चये ॥ दिशश्चविदिशश्चैवसर्वंकृष्णेप्रतिष्टितम् ॥

અને ચાર પ્રકારના ભૂત પ્રાણી એ સર્વ કૃષ્ણને વિશે રહેલું છે આદીત્ય ચંદ્રમા નક્ષત્ર ગ્રહો દીશાઓ વિદીશાઓ સર્વે શ્રી કૃષ્ણમાંજ રહેલું છે.

આ પ્રકારના મહા ભારતસભા પર્વનાં વચને કરીને ભગવાનજ જગતનું કારણ છે અને જગત ભગવાનનુંજ શેષ છે તથા ભગવાન સર્વથી પર માટે પુજ્ય તમ છે સર્વના આધાર છે એ રીતે પ્રતિપાદન કરેલું છે વળી.

प्रवक्ष्यामिहरेर्ध्यानम् ॥

હરિનું ધ્યાન કહું છું આંહીથી આરંભીને.

कुंदगोक्षीरधवलोहरिर्ध्येयोमुमुक्षुभिः ॥ चक्रेणचान्वितःशांतोगदाहस्तशुभाननः ॥ श्रीवत्सकास्तुभयुतोलक्ष्मीवांल्लक्षणान्वितः ॥ ब्रह्मादिस्तम्बपर्यंतभूतजातहृदिस्थितः॥

કુંદ પુષ્પ તથા ગાયના દુધ જેવા શ્વેત ચતુર્ભુજ અને ગદા જેના હાથમાં શાન્તરૂપ શુભ મુખારવિંદવાળા શ્રી વત્સ અને કૌસ્તુભ યુક્ત અને બ્રહ્મદીકથી તે સ્તબ પર્યંતનાં ભૂત માત્ર જેના હૃદયમાં રહેલાં છે (એવીજ રીતના.)

आदित्वमंडलेसंस्थोह्यग्निस्थोवारिसास्थितः ॥ वासुदेवोजगद्धाताध्येयोविष्णुर्मुमुक्षुभिः ॥ तस्मात्त

સૂર્યના મંડળમાં અગ્નિમા અને જળમાં રહેલા એવા જગતના ધાતા વાસુદેવ ભગવાન વિષ્ણુ મુમુક્ષુઓ

मपिदेवेशंविष्णुंचिंतयशंकर ॥

એ ધ્યાન કરવા યોગ્ય છે તેટલા માટે હે શંકર તમે પણ એવા દેવેશ વિષ્ણુનું ચિંતન કરો.

અહી સુધીનાં ગરૂડપુરાણનાં વચનોએ કરીને બ્રહ્માદી સર્વ જગતના અંતરયામી અને મુમુક્ષુઓને ધ્યાન કરવા યોગ્ય એવા એ ભગવાન છે એ પ્રકારે પ્રતિપાદન કરવાની સાથે શંકરને પણ તેનુજ ધ્યાન કરવાને ઉપદેશ કરેલો છે વળી—

क्रोधःक्षांतिमयोसित्वंप्रदीपयासि वर्षसि ॥ त्वंहास्यसिननिर्यासिनिर्वापयसिजागृसि ॥ निःशेषयसि भूतानिंबालोभूत्वायुगक्षये ॥ शेषमात्मानमालोक्यविशेषयसितंपुनः युगांताग्न्यवलीढेषुसर्वभूतेषुकिंचन ॥ यातेषुशेषोभवसितस्माच्छेषोसि संततं ॥ च्यवनोत्पतियुक्तेषुब्रह्मेंद्रवरुणादिषु॥ यस्मान्नच्यवसेस्थानात्तस्मादच्युतउच्यसे॥ ब्रह्माणं इद्रंरुद्रंचयमंवरुणमेकच ॥ निगृह्य हरसेयस्मातस्माद्धरिरिहोच्यसे ॥

ક્રોધ અને ક્ષમામય તમે છો દીપાવોછો તમે. વરસો છો તમે. આનંદમય પણ તમેછો. ઉદાસીન છો. નિદ્રાવાન અને જાગૃત છો. પ્રલયકાળમાં બાળક થઈને બધાં ભૂતને નિઃશેષ કરી નાંખોછો. ફરી પોતે પોતાનેજ શેષ રહેલા જોઇને તમેજ વિશેષ થાઓછો. પ્રલય કાળના અગ્નિવડે ગળી લીધેલાં સર્વ ભૂતો કીંચીત્ થઇ ગયાં હોય છે ત્યારે શેષ તમેજ રહો છો માટે નિરંતર શેષ એવાછો બ્રહ્મા ઈંદ્ર વરૂણાદીક જેમ ઉત્પતી નાશવાળા છે તેમ તમે તમારા સ્થાનથી નથી ખસતા માટે તમને અચ્યુત કહે છે બ્રહ્મા ઈંદ્ર યમ વરૂણ એ સઘળાનુ કોપથી હરણ કરો છો એટલા માટે તમને હરિ કહે છે.

આ રીતનાં મત્સ્ય પુરાણનાં વચનોએ કરીને ભગવાનજ પ્રલય કાળમાં શેષ (બાકી) રહે છે માટે શેષ કહેવાય છે ને બ્રહ્માદીક ઉત્પતિ નાશવાળા હોઈને ભગવાન ઉત્પતિ નાશથી રહીત છે. બ્રહ્મ રૂદ્રાદીક આકૃ-

પાનું પાત્રને ભગવાન આપ્યા કરનારા છે એ રીતે પ્રતિપાદન કરેલ છે તે-જ રીતે ફરી વરાહ પુરાણમાં--

त्रिषुदेवेषुकःश्रेष्टः

ત્રણ દેવમાં કયો શ્રેષ્ઠછે? એ રીતે અગસ્તી રૂષિએ કરેલા પ્રશ્નના ઉ-ત્તરમાં.

विष्णुरेवपरंब्रह्मात्रिभेदमिहपठ्यते ॥ वेदसिद्धांतमार्गेषुतंनजानंति मोहिताः ॥

ત્રણ ભેદવાળા એવા વિષ્ણુ એ-જપર બ્રહ્મ વેદના સિદ્ધન્ત માર્ગોમાં પઠન થાય છે. (ભણાય છે) તેને મોહીત થએલા પુરૂષો નથી જાણતા.

એ પ્રકારની રૂદ્રનાં વાકયોએ કરીને તેમજ તે ઠેકાણે રૂદ્ર ગીતમાં.

ब्रह्मणाहंनियुक्तस्तुप्रजाःसृजइति प्रभोतत्रज्ञानंप्रयछस्वत्रिविधंभूतभावन ॥

सर्वज्ञस्त्वंनसंदेहोज्ञानराशिःसनातनःदेवानांचपरंपुज्यःसर्वथात्वं भविष्यसि ॥ एवमुक्तःपुनरवाक्यमुवाचोमापतिस्तदाअन्यंहेहीवरंदेवप्रासिद्धंसर्वजंतुषु ॥

બ્રહ્માએ મને કહ્યું કે 'હે પ્રભુ' પ્રજા ઉત્પન્ન કર. ત્યારે મે કહ્યું કે હે ભૂત ભાવન તે વીશેનું ત્રણે કાળનું જ્ઞાન આપો. (આવુ રૂદ્રે માગવાથી તેના ઉત્તરમાં ભગવાન કેશવે કહ્યું કે) તું સનાતન, સર્વજ્ઞ, જ્ઞાનનો, રાશી, અને દેવતાઓાંમાં સર્વ પ્રકારે પરમ પુજ્ય એવો થઈશ.

मूर्त्तोभूत्वाभवानेवमामाराधयकेशव ॥ देवकार्यावतारेषुमानुषत्वमुपागतः ॥ त्वामेवाराधयिष्यामि त्वंचमेवरदोभवेत् ॥

એવું કહેવાથી (ભગવાનને) ફ-રીથી ઉમાપતી કહેવા લાગ્યા કે સ-ર્વે જંતુમાં પ્રસિદ્ધ એવું બીજું હે કેશવ, મને વરદાન આપો કે તમે મુર્ત્તિમાંન થઇને મારૂ આરા-ધન કરો (તેના જવાબમાં) દેવતા-ઓના કામ વાસ્તે હુ મનુષ્યપણું લ-ઈશ ત્યારે તારૂજ આરાધન કરીશ

અને તુ મને વરદાન આપનારો એવો થજે.

એ રીતનાં ભગવાનનાં વચનોએ કરીને તેમજ.

एवमेषहरिर्देवःसर्वगःसर्वभावनः ॥ वरदोभूत्पुरामह्यंतेनाहंदैवतैर्वरः ॥ नारायणात्परोदेवोनभूतोनभविष्यति ॥

આ પ્રકારે સર્વ વ્યાપક અને સર્વના રક્ષક એવા દેવ આ શ્રીહરિ એમણે પૂર્વે મને વરદાંન આપ્યાં તેથી હુ દેવતાઓમાં શ્રેષ્ટ છું નારાયણથી પર બીજો દેવ થયો નથી ને થશે પણ નહીં.

एतद्रहस्यंवेदानांपुराणानांचसतमाः॥मयावःकीर्त्तितंसर्वयथाविष्णुरिहेज्यते ॥

હે સત્તમો, વેદનું અને પુરાણોનું એજ રહસ્ય છે. જે પ્રકારે વિષ્ણુ અહીં પૂજ્ય છે એ સર્વે મેં તમને કહ્યું છે.

એ પ્રકારનાં શિવનાં વચનોએ કરીને તથા તે ઠેકાણે બીજાં પણ વચનો છે કે.

परमात्माशिवःपुण्यइतिकेचिद्भवंविदुः ॥ अपरेहरिमीशानमितिकेचिच्चतुर्मुखं ॥ एतेषांकतमोदेवःपरःकोवाथवापरः ॥ एतदेवममाचक्ष्यपरंकौतूहलंहिमे ॥१॥

કેટલાક ભવ જેશંકર તે મને શિવ અને પુણ્યરૂપ એવા પરમાત્મા જાણે છે. કેટલાક વળી હરિજ ઈશ્વર છે અને કેટલાક ચતુર્મુખછે એમ જાણે છે. એ ત્રણેમાં કીયો દેવપર છે ને કીયો અપર છે એ બાબતનું મને બહુજ કૌતુહલ છે માટે (ખુલાસો) કહો.

આ રીતના પૃથ્વીના પ્રશ્નના ઉત્તરમાં.

परोनारायणोदेवोजातस्तस्माच्चतुर्मुखःतस्माद्रुद्रोभवद्देवोसचसर्वज्ञतांगतः ॥

પર (તો) નારાયણ દેવ છે (અને) બ્રહ્મા તેનાથી ઉત્પન્ન થયા છે ને હે દેવી રૂદ્ર તેનાથી (બ્રહ્માથી) ઉત્પન્ન

થયા છે ને તે પણ સર્વજ્ઞતાને પામેલ છે.

એ રીતનાં ભગવાનનાં વચને કરીને ત્રણ મુર્તિમાં શ્રેષ્ટ કોણ છે એ- સંબંધી પ્રશ્નના ઉત્તરમાં વિષ્ણું એજ પરબ્રહ્મ છે, વેદ સિદ્ધન્તનો અર્થ એ- મજ છે એ રીતે પ્રતિપાદન કરેલું છે તેથી રૂદ્રને ભગવાનના વરદાનથી સર્વજ્ઞપણું અને દેવોને વિશે શ્રેષ્ટપણું પ્રાપ્ત થએલું છે ને નારાયણ એજ સર્વથાપર તથા તેમના સમાન કે અધિક કોઇ નથી એવા છે એ રીતે પ્રતિપાદન કરીને વેદનુ રહસ્ય પણ એજ છે ને વળી શિવ વિષ્ણુંને બ્રહ્મા- માં કોણ ઉત્કૃષ્ટ છે. એવા પ્રષ્ણના ઉત્તરમાં પણ નારાયણનુંજ પરતત્વપણું સિદ્ધ કરેલું છે માટે ભગવાનનું સર્વોત્તમપણું સ્પૃષ્ટતરજ છે.

પ્રશ્ન. ૩૨ पार्थिवपुजनमंतरागृहस्थानांभोजनमुचितंनवा ॥ પાર્થિવ પૂજન કર્યા વગર ગ્રહસ્થોને ભોજન કરવું ઉચીત છે કે નહી?

ઉત્તર—ઉચીત છે. ખાસ ભોજનની તો કાંઈ વિધિ નથી પણ તેને લગતી જે કાંઈ બીજી વિધિ છે તેના નિયમો સર્વને માંન્યછે. જેમકે સ્નાન કરીને ભોજન કરવું પૂર્વાભીમુખે બેસીને જમવું. તેવી રીતે આ બાબતનો કાંઈ એવો નિયમ જણાતો નથી છતાં ક્યાંહીક તેવો નીયમ દેખાય તો પણ તેથી તેના વગર કોઈથી ભોજન ન થાય એવું સિદ્ધ થઇ શકે નહી. કારણ કે તેવો સાર્વજનિક નિયમ નથીજ નહી તો તે શાક્તાદિકોની કરેલી દેવતાની પુજા ઈત્યાદીક વાસ્તે પણ ભોજનનો એવો નિયમ કરવો પડે. (દેવીનીજ પૂજા કરીને જમવું વગેરે). તેમ એમ પણ કહેવાની કાંઈ જરૂર નથી કે તેમને એવી વીધી નથી? કારણ તેમના મતમાં પણ તેવી વિધિ હોવાનો સંભવ છે અને તેમ છતાં પણ કદાપી જો તમારો એવો આગ્રહ હોય કે અમારી તો અપૂર્વ વિધિ છે ને તેમ હોય તોપણ તે ગ્રહસ્થ માત્રના અધિકારપર થઈ શકતી નથી પરંતું માત્ર શૈવ ગ્રહસ્થને માટે જ વિશેષ કરીને હોઇ શકે છે કેમકે સામાન્ય રીતે પ્રાપ્ત થએલી તે તે દેવતાઓની પૂજન વિધિમાં પણ.

ईश्वरोभगवान्विष्णुःपरमात्मामहानजः ॥ शास्ताचराचरस्यैकोय — મહાન અને અજ એવા ભગવાન વિષ્ણું ઈશ્વર પરમાત્મા અને જે

तीनांपरमागतिः ॥ ध्यायतेऽर्चय तेयोऽन्यंविष्णुलिंगमुपाश्रितः॥ कल्पकोटिशतैश्चापिगतिस्तस्यनविद्यते ॥२॥

કે ચરાચરનો શારતા છે માટે વિષ્ણુનું ચિન્હ ધારણુ કરનારો એવો કોઇ (વૈષ્ણુવ) બીજાનું ધ્યાન કે અર્ચન કરે તો શત કોટી કલ્પ સુધી પણ તેની ગતી નથી થતી.

એ રીતના ઋતુના વચને કરીને જેવી રીતે યજ્ઞાદીક (અગ્નિ સંબંધી કર્મમાં) સંન્યાસીનો સંકોચ કરવામાં આવે છે તેમજ.

त्रैकाल्यंमर्चनंविष्णोर्देवतानांतदात्मनां ॥ नमस्कारार्चनादीनिकुर्यान्नान्यस्यकस्यचित् ॥

ત્રણે કાળમાં સપરીવાર એવા વિષ્ણુનુંજ અર્ચન કરવું તે વિના બીજા કોઈ પણ દેવતાને નમસ્કાર કે અર્ચનાદી કરવું નહી.

એ પ્રકારે અત્રી સ્મૃતિએ કરીને તથા.

सत्वव्यूहैश्चतद्भेदैःसहमुच्यंतरैः सदा॥प्रादुर्भावैर्द्विजश्रेष्टप्रादुर्भावांतरैर्विना॥यदन्यद्दैवताकारंतदाधारंसलांछनं ॥ निषिद्धंवैष्णवानांचसामान्यानांसदार्चनं ॥

(ભગવાનના) સાત્વિક વ્યુહ અને તેમના ભેદે કરીને અવતારની મૂર્તિઓ શિવાય બીજા (રજ તમાદી) અવતારની મુરતીઓ તથા જે બીજા દેવતાઓ અને તેમની મુર્તિઓ વ તેમના આધારનાં ચિન્હો અને એવા સામાન્યનું અર્ચન એ સદા વૈષ્ણુવોને નિષિદ્ધ છે.

એ રીતે પંચરાત્રની પુષ્કર સંહિતાનાં વચને કરીને પણ વૈષ્ણુવોને બીજા દેવતાઓના અર્ચનનો નિષેધ કરેલો છે માટે એકાન્તી (શ્રીવૈષ્ણુવ) ગ્રહસ્થોને માટે તો પાર્થિવ પૂજાનો સંકોચ અવશ્ય છે.

प्रश्न. ३३ भगवन्निवेदितवस्तूनां ग्रहणेविधिनिषेधयोः कागतिः ?

ભગવાનને નિવેદન કરેલી વસ્તુઓ ગ્રહણ કરવામાં વિધિ નિષેધ (નાં વચનો)ની શી ગતિ? એટલે એ બેઉ

પ્રકારનાં (વિધિ તથા નિષેધનાં) વ-
ચનો છે તેનું સમાધાન શી રીતે
થાય ?

ઉત્તર—विष्णुनात्तमश्नंती (વિષ્ણુના પ્રસાદનું જે ભોજન કરે છે તે) આંહીથી આરંભીને तस्माद्विश्वंपहृतंमक्षयेयुः (તે માટે વિષ્ણુને અર્પણ કરીને ભક્ષણ કરવું) આંહી શુદ્ધીના મહોપનિષદનાં પ્રમાણોએ કરીને સિદ્ધાન્તીએ ઉત્તર આપેલોજ છે તેની પુષ્ટીમાં ઈશ્વર સંહિતાનાં વચન પણ છે તે એવી રીતે કે.

त्वयानिषेधआख्यातोमंत्रदत्तस्य वस्तुनः ॥ सर्वत्रपत्रपुष्पान्नवस्त्रस्यपरमेश्वर ॥ तस्येदानिंप्रदानंच प्राशानंचप्रशंससि ॥

હે પરમેશ્વર તમે મંત્રે કરીને નિવેદન કરેલી એવી પત્ર, પુષ્પ, વસ્ત્ર, અન્ન ઈત્યાદીક વસ્તુના દાંન તથા પ્રાશનનો સર્વત્ર નિષેધ કહ્યો અને હવે પાછી પ્રસંસા કેમ કરો છો તેના ઉત્તરમાં.

प्रदानंप्राशनंपुत्रउपभोज्यत्वमेव च ॥ शैवपाशुपतैर्दृष्टमचिरादेवपापकृत् ॥ तत्पुनर्वैष्णवेमार्गेवर्त्तेतव्यत्ययेनतु ॥ अनंतफलदंदानात्प्राशनात्कोटिशुद्धिकृत् ॥१॥

હે પુત્ર શૈવ અને પાશુપતની દૃષ્ટીએ પડેલી ભોગ્ય વસ્તુનું દાંન અને પ્રાશન શીઘ્ર દુષીત થાય છે; પણ તે જો વૈષ્ણવ માર્ગને વિશે વરતનારને આપેલું વા પ્રાશન કરાવેલું હોય તો તે અનંત ફળનું આપનારૂ અને કરોડ ગણી શુદ્ધિ કરનારૂ થાય છે.

શંકા—અમારા પ્રશ્નમાં વિશેષપણે ભગવાનને નિવેદન કરેલી વસ્તુના ગ્રહણમાં વિધિ નિષેધની ગતિ પુછેલી છે અને તમારા સિદ્ધાંતીએ તો સામાન્યે કરી નિર્માલ્યના નિષેધનાં વચનો બતાવીને તે બીજા દેવતાઓના નિર્માલ્ય ઉપર એ નિષેધનાં વચનો છે એવી વ્યવસ્થા બતાવી છે તે શી રીતે બને છે.

સમાધાન—અહીં ભગવત્ શબ્દનો અર્થ

उत्पत्तिंप्रलयंचैवभूतानामगतिंगतिम्॥वेत्तिविद्यामविद्यांचसवाच्यो भगवानिति ॥

ઉત્પત્તિ, પ્રલય, અને પ્રાણીઓને બંધ તથા મોક્ષ જેનાથી થાય છે તથા જે વિધા તથા અવિધાને જાણે છે તે ભગવાન છે એમ કહેવું

એ રીતે શ્રીવિષ્ણું પુરાણમાં જણાવેલો છે તે અર્થ જો ગૌણ (ઉપચારીક વખાણ કરવા માત્ર) છે તો એટલે કે જે કેહેવાનાજ માત્ર (ઈતર દેવતા) ભગવાન છે તેવા ભગવાનને નીવેદન કરેલી વસ્તૂ ગ્રહણ કરવામાં તો વિધિ છે એમ અમને નથી લાગતું એટલુંજ નહી પણ નીષેધજ જણાય છે. કદાપી કાંઈક તેવી પ્રકારની વિધિ જણાય તોપણ તેનું તે તે દેવતાઓના ભકતોના અધિકાર પરત્વે કેહેવુંજ ઉચિત છે અને આ પ્રકારના અભિપ્રાયનોજ સિદ્ધાન્તિનો પણ ગ્રંથછે અને જ્યારે જ્ઞાન, શકિત, બળ, ઐશ્વર્ય, વિર્ય અને તેજ એ સઘળો ભગવત શબ્દનો અર્થછે એ પ્રકારના વિષ્ણુ પુરાણના વચનમાં જણાવેલાં મુખ્યાર્થને કહેનારો એ શબ્દ છે (જે માત્ર વિષ્ણુનેજ લાગુ પડે છે) તો તેને નીવેદન કરેલી વસ્તુ ગ્રહણ કરવામાં ક્યાંહી નિષેધ પણ અમે નથી જોતા. કેમકે સત્ પુરૂષોના આચારમાં રહેલી એવી વિધિજ જોઈએ છીએ. જો કદાપી એમ માનતા હોકે ભગવાનને નિવેદન કરેલી વસ્તુ ગ્રહણ કરવામાં પણ ક્યાંક નિષેધ જણાય છે, તો તે નિષેધ ભગવાનને નિવેદન કરેલી વસ્તુના મહીમાને નહી જાણનારા એવા અભક્તને લાગુ પડે છે એ મત મારે જાણવું જોઈએ.

यदिकारिणंनासादयेत्तुस्वयमन्ने॥नकुर्वीत॥यदिपश्चाद्भुक्तस्यगुणाःप्रादुष्प्युःयैर्नैष्टंस्यात्अभ्युद्यताअप्राप्तामनसासमिक्षिताभवंति ॥

ભગવાનને ભોગ ન લાગ્યો હોય હેતું અન્ન મળે તો પોતાની થાળીમાં આવેલું અન્ન પણ ભોગ લગાવવું. જમવા માંડ્યા પછી કેઈ બહુજ સ્વાદીષ્ટ વસ્તુ લાગે અથવા નવી આવે તો તેનો માનસીક ભોગ લગાવવો.

એ રીતે રહસ્યામ્નાયમાં કહ્યું છે વળી.

विष्णुदेहपरामृष्टांनिमाल्यंपापहं

વિષ્ણુના દેહને લાગેલુ નિર્માલ્ય

शुभं ॥ योनरःशिरसाधत्तेसयाति परमांगतिं ॥

પાપનું નાશ કરનારૂ અને શુભ છે. જે નર તે માથે ચડાવે છે તે પરમ ગતિને પામે છે.

એ રીતે પદ્મ પુરાણના વચને કરીને તથા.

विष्णुभुक्तोज्झितंदद्यात्पितॄणांच दिवौकसां॥तदेवजुहुयादग्नौभुंजीतापिस्वयंनरः ॥

વિષ્ણુને નિવેદીત થયેલુ દેવતા અને પિતૃઓને આપવું, અગ્નિમાં પણ તેજ હોમવું ને પુરૂષે પોતે પણ તેજ જમવુ.

એ પ્રકારના સાત્વત સંહિતાના વચને કરીને તથા.

दत्तंभागवतंश्रेष्टैर्विष्णवेप्रभविष्णवे ॥ तत्पवित्रंपवित्राणांपावनानांचपावनं ॥ दातव्यचाद्विजातीनांभक्तानांपावनायच ॥

ઉત્તમ ભાગવતોએ ભગવાનને અરપણ કરેલી વસ્તુ પવીત્રમાં પણ પવીત્ર અને પાવન કરનારને પણ પાવન કરે તેવી છે માટે તે બ્રાહ્મણોને તથા બીજા પણ ભક્તોને પાવન થવા માટે આપવી.

ब्राह्मणैःक्षत्रियैःवैश्यैःवैष्णवैर्भक्तिसंयुतैःभोज्यंनिवेदितंयत्तत् ॥

બ્રાહ્મણ ક્ષત્રી, અને વૈશ્ય એવા ભક્તિવાળા વૈષ્ણવો ભગવાનને જે નિવેદીત કરેલુ હોય તે જમવા યોગ્ય છે અંહીંથી લગાવીને.

स्वयंचापितदश्नीयात्सर्वपापविशुद्धये ॥ तस्यसंस्पर्शनात्पानाद्भोजनाद्धारणात्सदा ॥ शुचिर्भवति विप्रेंद्रःसर्वकर्मस्वसंशयं ॥

પોતે પણ પાપવાથી શુદ્ધ થવા માટે તે જમવું. તેનો સ્પર્શ, તેનુ પાન, તેનું ભોજન અથવા ધારણ કરવાથી સર્વ કર્મમાં નીશ્ચે કરીને બ્રાહ્મણ શુદ્ધ થાય છે.

એ પ્રકારના પરમેશ્વર સંહિતાનાં વચને કરીને તથા.

विष्णोर्दातव्यमुच्छिष्टंनाभक्ताय

ભગવાનનું ઉચ્છિષ્ટ અભક્તને ક

कदाचन ॥ दाताप्रतिगृहीताचाप्युभौनरकपातिनौ ॥ दी પણ ન આપવું કેમકે તેથી આપનાર તથા લેનાર બેઉ નર્કમાં પડેછે.

એ પ્રકારના વારાહ પુરાણનાં વચને કરીને તથા.

इदंविष्णुर्विचक्रमइत्येतयाचरुंपाश्नंतीत्यनंतरंअहंवैष्णवोस्मीतियःप्रतिब्रूयातस्मैशेषंददात्यैतैरेवमंत्रैःप्राश्नाती ॥ ઇદં વિષ્ણુ વિંચક્રમે ! એ ઋચાએ કરીને વૈષ્ણવો ચરૂનુ પ્રાશન કરે છે અને તે પછી હું વૈષ્ણવ છું એમ જવાબ દેનારને વધેલું આપે છે અને એજ મંત્રાએ કરીને (તેને) ભોજન કરાવે છે.

એ પ્રકારના બોધીયનકલ્પના વચને કરીને તથા.

भगवद्भक्तिहीनस्यनैवेद्यंविषमुच्यते ॥ भगवत्भक्तियुक्तस्यतदेवत्वमृतंभवेत् ॥ नास्तिकःपतितोमुर्खोनस्पृशेन्नचभक्षयेत् ॥ भक्षणादेवनश्यंतिकुलपुत्रग्रहादयः ॥ ભગવત ભક્તિરહીત છે તેને નૈવેદ્ય વિષરૂપ કહ્યું છે અને ભગવત ભક્તિ યુક્ત છે તેને તેજ અમૃત રૂપ થાય છે. નાસ્તિક, પાપી, મુર્ખ એણે તેને સ્પર્શ પણ ન કરવો ને ભક્ષણ કરે તો તેથી કુળ, પુત્રને ગ્રહાદીકનો નાશ થાય છે.

એ રીતે પદ્મ સંહિતાના વચને કરીને પણ ભગવાનની નિવેદીત વસ્તુ ભક્તોને ભોજય અને બીજાને અભોજય સિદ્ધ થાય છે अपिदीपावलोकमेनोपयुंज्यान्निवेदितं દીપ દરશણ પણ બીજાને નિવેદીત કરેલું એવું મને નિવેદન નહી કરવું.

એ રીતે ભાગવતના શ્લોકની (એ રીતે પૂર્વાચાર સંબંધી તમે કરેલા પ્રશ્નમાં જેને તમે પોતાના આચાર્ય કબુલ કરેલા છે તે) શ્રીધર સ્વામીએ (ભારત અને ભાગવતની ટીકાકારે) કરેલી વ્યાખ્યામાં.

षड्भिर्मासोपवासैस्तुयत्फलंपरिकीर्तितं ॥ विष्णोर्नैवेद्यसिक्थेनपुण्यं છ માસના અપવાસનુ જે ફળ કહેલુ છે તે વિષ્ણુના નૈવેધનો એક

तद्भुंजतांकलौ ॥ — આસ ભક્ષણ કરનારને તે પુન્ય થાય છે.

हृदिरुपंमुखेनामनैवेद्यमुदरेहरेः॥ पादोदकंचनिर्माल्यंमस्तकेयस्यसोच्युतः ॥ — જેના હૃદયને વિશે હરિની મુર્તિ, મુખમાં હરિનું નામ, ઉદરમાં હરિનુ નૈવેદ્ય અને મસ્તકને વિશે ચરણાંમૃત અને નિર્માલ્ય છે તે અચ્યુત છે (કોઈ દિવસ પડનારો નથી.)

આ વચનોએ કરીને કેવળ વિશ્નુના નિર્માલ્યનુંજ ભક્ષણ કહેલું છે એટલુંજ નહી પણ તે વડે બીજા દેવતાઓનું પણ યજન કરવું એવું પણ શ્રીધરે બતાવ્યું છે જેમકે.

विष्णोर्निवेदितान्नेनयष्टव्यंदेवतांतरं ॥ पितृभ्यश्चैवतद्देयंतदानंत्यायकल्पते ॥ — વિષ્ણુને નિવેદન કરેલા અન્ને કરીને બીજા દેવતાઓનું યજન કરવુ અને પિતૃઓને પણ તેજ આપવું તેથી તે અનંત ફળનુ આપનારૂ થાય છે.

એ રીતે અનેક પ્રમાણો તથા સર્વ સાધારણ સદાચારથી ભગવાનને નિવેદન કરેલી વસ્તુંજ ગ્રહણ કરવી. એ રીતે વિધિ વાક્યોની ગતિછે અને ઈતર દેવને નિવેદન કરેલી વસ્તુ કદાપી ગ્રહણ ન કરવી એ રીતે નિષેધનાં વાક્યોની ગતિ છે એમ સિદ્ધ થાય છે.

प्रश्न. २४ देवतान्तरनिवेदितंवस्तुग्राह्यंनवा? ॥ — બીજા દેવતાઓને નીવેદન કરેલી વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય છે કે નહી?

ઉત્તર—ગ્રહણ કરવા યોગ્ય નથી કેમકે.

त्वयानिषेधआख्यातोमंत्रदत्तस्यवस्तुनः ॥ शैवपाशुपतैर्द्दष्टमचिरादेवपापकृत् ॥ — મંત્રવડે નિવેદન કરેલી વસ્તુનો તમે નીષેધ કહ્યો. અહીંથી આરંભીને શૈવ પાશુપતોએ જોએલી વસ્તુ તતકાળ દુષીત થાય છે.

અંહી સુધીનાં પ્રથમ કહેલાં ઇશ્વર સંહીતાનાં વચનોએ કરીને દેવતાન્તરને નીવેદન કરેલી વસ્તુનુ અગ્રાહ્યપણું જણાય છે.

પ્રકરણ સાતમું.

सांप्रदायिक तिलकतेनुद्रव्य तेनी आवश्यकता तथा श्रेष्टता.

प्रश्न. ३९ भवन्मार्गेतिलकंकीद्र शंकेनद्रव्येणकर्तव्यम्? તમારા માર્ગમાં તીલક કેવું અને કયા દ્રવ્યથી કરવું?

ઉતર—હરીના પાદની આકૃતીવાળું અને તે શ્વેત મૃતિકાથી કરવું જેમ કે.

धृतोर्द्धपुंड्रःपरमोशितारंनारायणं सांख्ययोगाधिगम्यं ॥ध्यात्वाविमुच्यतनरः समस्तैसंसारपाशैरिहचेति विष्णुम् ॥

ઉર્ધ્વપુંડ્ર ધારણ કરીને સાંખ્ય અને યોગશાસ્ત્રથી જાણવામાં આવે એવા પરમેશ્વર નારાયણનું ધ્યાન કરીને આ જન્મમાં મનુષ્ય, સંસાર પાસથી મુક્ત થાય છે અને વિશ્નુંને પામે છે.

એ રીતનાં મહોપનિષદનાં વચનોએ કરીને તથા.

यःकरोत्युर्द्धपुंड्रतुसंध्यावाहनकर्मसु॥तेनाहंसुलभोब्रह्मन्नेकस्मिन्नेव जन्मनि॥

જે સંધ્યા આવાહનાદિક કર્મમાં ઉર્ધ્વપુંડ્ર ધારણ કરે છે તેને હું, હે બ્રહ્મન્—એક જન્મમાં સુલભ થાઉં છું.

यावज्जीवमिदंपुण्यमूर्ध्वपुंड्रंदधातियः ॥ जन्मन्यनंतरेमुक्तिंसद्यःप्राप्नोतिदुर्लभाम् ॥

જે કોઈ જીવતાં સુધી ઉર્ધ્વપુંડ્ર ધારણ કરે છે તે જન્મની પછિ (બીજા જન્મમાં) દુર્લભ એવી મુક્તિને સદ્ય પામે છે.

એ રીતનાં બ્રહ્માંડ પુરાણનાં વચનોએ કરીને.

धृतोर्द्धपुंड्रः कृतचक्रधारीविष्णुंप

ઉર્ધ્વપુંડ્ર અને તપ્ત ચક્રને ધારણ

रंध्यायतियोमहात्मा॥स्वरणमंत्रेण सदाह्वदिस्थितंपरत्परंयन्महतोमहांतम् ॥	કરનારા પ્રણવની સાથે મંત્ર પૂર્વક હૃદયમાં સ્થિત થએલાપર થકી પણ પર અને મોટાથી પણ મોટા એવા સર્વોત્કૃષ્ટ વિષ્ણુનું જે ધ્યાન કરે છે તે મહાત્મા છે.

એ રીતનાં કઠ શાખાના વચને કરીને—

अर्चनांगंब्रवीत्यन्याऊर्द्धपुंड्रतथा श्रुति ॥	બીજી કેટલીક શ્રુતિ ઉર્ધ્વપુંડ્ર એ અર્ચનનું અંગ છે એમ કહે છે.

એવા નારદ સંહિતાના વચને કરીને

अर्चनादौयज्ञमूर्त्तेऊर्द्धपुंड्रमीत्यारम्य ॥ कुलंतारयतेसप्तसगच्छेद्वैष्णवंपदम् ॥	અર્ચનાદિકમાં યજ્ઞ મુર્તિનું ઉર્ધ્વપુંડ્ર (જે ધારણ કરે છે) આંહીથી આરંભ કરીને તે સાત કુલને તારીને વિષ્ણુના પદમાં જાય છે.
अन्यदेवस्ययेभक्ताजपहोमपरायणःऊर्द्धपुंड्रधारयंतः ॥	(એમ કહીને) જપ અને હોમ કરનારા બીજા દેવતાઓના ભક્ત પણ ઉર્ધ્વપુંડ્ર ધારણ કરે છે.

એ પ્રકારે બાહ્વલ શાખાના વચને કરીને.

हरेपादाकृतिमात्मनोहितायमध्ये छिद्रम्ऊर्द्धपुंड्रयोधारयतिसपरस्य प्रियोभवति ॥	હરિપાદના આકાર યુક્ત વચમાં છિદ્રવાળું ઉર્ધ્વપુંડ્ર પોતાના હિતને માટે જે ધારણ કરે છે તે ભગવાંનને પ્રીય થાય છે.

એ પ્રકારનાં અથર્વણ વેદના વચને કરીને પણ આકાર વિશેષવાળું ઉર્ધ્વપુંડ્ર અવશ્ય કરવું જોઇએ એમ જણાય છે.

ध्यानहोमजपाश्चैवसर्वापुण्याःक्रियास्तथा ॥ विफलिष्यंतिविप्राणामूर्द्धपुंड्रविनाकृताः ॥	ધ્યાંન, હોમ. જપ આદી સર્વ પુણ્યરૂપ એવી ક્રીયાઓ ઉર્ધ્વ પુંડ્ર વગરની બ્રાહ્મણુને નીષ્ફળ થાય છે.

सर्वैःश्वेतमृदाकार्यमूर्ध्वपुंड्रयथा विधिः ॥ रुजूनिसांतरालानिअंगे षुद्वादशेस्वपिउध्धृतासीतिमंत्रेणवै ष्णवेनाविशेषतः ॥

સર્વેએ શ્વેત્ત મૃતિકાથી સીધાં અને વચમાં જગ્યાવાળાં બારે અંગમાં ઉર્ધ્વ પુંડ્ર વીધિ પ્રમાણે કરવાં "उध्धृतासि" એ મંત્રે કરીને વૈષ્ણવોએ તો વિશેષે કરીને ઉર્ધ્વપુંડ્ર કરવાં.

એવાં પારમેષ્ટી સંહિતાના વચને તથા.

उपवीतंशिखाबंधमूर्द्धपुंड्रविनाकृतं ॥ अपवित्रकरंकर्मविप्रस्यविफलंभवेत् ॥

ઉપવીત. શીખાબંધન અને ઉર્ધ્વપુંડ્ર વગરનુ બ્રાહ્મણે કરેલું કર્મ અપવીત્ર કરનારૂ અને શુભ ફ્ળ રહીત થાય છે.

એ રીતે વિષ્ણુ સ્મૃતિમાં તથા.

स्नात्वाललाटेतिलकंमृदाकुर्यादतंद्रितः ॥ पाषंडपतितादीनांदर्शनस्यापनुत्तये ॥

પાખંડી અને પાપીઓના દર્શનજ નિત્ય પ્રત્યવાયનું નિવારણ થવા માટે સ્નાન કરીને લલાટમાં મૃતિકાવડે પ્રમાદવગર તિલક કરવું.

એ રીતે દક્ષ સ્મૃતિના વચને તથા.

यज्ञोदानंजपोहोमोभोजनंपितृतर्पणं॥सर्वेभवंतिविफलाऊर्ध्वपुंड्रविनाकृता ॥

યજ્ઞ, દાન, જપ, હોમ, ભોજન અને પીતૃઓનુ તર્પણ એ સર્વ ઉર્ધ્વપુંડ્ર કર્યા વગરનું નિષ્ફળ થાયછે.

એ પ્રકારનાં ભાર્ગવ પુરાણના વચને કરીને તથા.

ऊर्द्धपुंड्रांकितोमर्त्त्योयःकुर्यात्कर्मवैदिकं ॥ तत्सर्वंसफलंतस्यभवत्येवनसंशय ॥

ઉર્ધ્વપુંડ્રના ચિન્હવાળો મનુષ્ય જે વૈદિક કર્મ કરે છે તે સફળજ થાય છે તેમાં સંદેહ નથી.

એવા નારદ પુરાણના વચને કરીને તથા.

असंख्याताश्चसंख्यातःसहस्त्रगुण

સંખ્યા વગરના જપ કરતાં સં-

उच्यते ॥ सांख्यातादपिसाहस्रः सोर्ध्वपुंड्रतनोर्जपः ॥

ખ્યાવાળા જપનું હજારગણું ફળ છે અને તે કરતાં પણ ઉર્ધ્વપુંડ્ર ધારણ કરેલા શરીરવાળાનો જપ હજારગણા ફળનો આપનારો છે.

એ રીતે નારદ સંહિતામાંની અષ્ટાક્ષર બ્રહ્મ વિદ્યાના વચને કરીને.

૧ આ રીતે મહોપનિષદની શ્રુતિથી લઈ ઉપરનાં સઘળાં વચનોથી ઉર્ધ્વપુંડ્ર, તેનો મંત્ર, તેનો આકાર ને તેના દ્રવ્ય વિશેષનું વિધાન કરેલું છે અને તેના વિના સર્વ કર્મ નિષ્ફળ થાય છે એમ બતાવેલું છે.

૨ શાસ્ત્ર કેવળ ઉર્ધ્વપુંડ્રનું પ્રતિપાદન કરે છે એમજ નથી પણ બીજાં પુંડ્રોનો (તિલકોનો) નિષેધ પણ કરે છે.

त्रिपुंड्रंब्राह्मणोविद्वान्लीलयापिन धारयेत् ॥ धारयेत्प्रयतःसम्यगूर्ध्वं पुंड्रंप्रयत्नतः ॥

વિદ્વાન, બ્રાહ્મણે -રમતમાં પણ ત્રીપુંડ્ર ધારણ ન કરવું પણ સાવધાન થઈને પ્રયત્ન પૂર્વક રૂડી રીતે ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું.

એ રીતે અગ્નિ વેશ્યના ગ્રહ્ય સૂત્રથી તથા.

नत्रिपुंड्रंद्वीजःकुर्यान्नतत्पूजांतथैवच ॥

બ્રાહ્મણે ત્રીપુંડ્ર કે તે સબંધી પૂજા પણ ન કરવી.

એ રીતે મત્સપુરાંણના વચનથી જણાય છે વળી.

૩ આ વિષે સ્મૃતિ રત્નાકરમાં વૈદીક સાર્વભૌમે વિસ્તારીને કહેલું છે તે એવી રીતે કે મહોપનિષદનું વાક્ય.

धृतोर्ध्वपुंड्रःपरमेशितारंनारायणं सांख्ययोगोधिगम्यं॥ज्ञात्वाविमुच्येतनरःसमस्तैसंसारपाशैरिहचेतिविष्णुम् ॥

ઉર્ધ્વપુંડ્ર ધારણ કરીને સાંખ્ય અને યોગ શાસ્ત્રથી જાણવામાં આવે એવા પરમેશ્વર નારાયણનું ધ્યાન કરીને આ જન્મમાં મનુષ્ય સંસાર પાશથી મુક્ત થાય છે અને વિષ્ણુને પામે છે.

धृतोऊर्द्ध्वपुंड्रकृतचक्रधारी××× ઉર્ધ્વપુંડ્ર અને તપ્ત ચક્રનો ધા-

રણ કરનારો ઈત્યાદી ઉપર બતાવેલું કઠ શાખાનું વાક્ય

धृतोऊर्द्ध्वपुंड्रोधृतचक्रलांछनोनारायणंपूजयतिस्मभक्त्याअर्घ्यादिभिःपौरुषसूक्तमंत्रैःसंप्राप्नुयाद्विष्णुपदंमहात्मा ॥

ઉર્ધ્વપુંડ્ર અને ચક્રનું ચિન્હ ધારણ કરનારો અર્ઘ્યાદીકવડે પુરૂષ સૂક્તના મંત્રોએ કરીને ભક્તિ પૂર્વક જે મહાત્મા નારાયણનું પૂજન કરે છે તે રૂડી રીતે વિષ્ણુના પદને પામે છે.

हरेःपादाकृतिमात्मनोहितायमध्येछिद्रमुर्ध्वपुंड्रंयोधारयतिसपरस्यप्रियोभवतिसपुण्यभाक्भवति ॥

હરિના પાદ જેવા આકારનું ઉર્ધ્વપુંડ્ર પોતાના હીતને વાસ્તે વચમાં છિદ્રવાળું જે ધારણ કરે છે તે ભગવાનનો પ્રિય થાય છે; તે પુણ્ય ભાગી એવો થાય છે.

એ પ્રકારની શ્રુતિઓવડે આકાર વિશેષનું પ્રતિપાદન કરવાથી તથા તે ધ્યાનાદીક કર્મનું અંગ હોવાથી બીજા આકારવાળાં તિલકોનો નિષેધ કરી સર્વ કર્મમાં સર્વેજણે વેદ વિહિત એવું ઉર્ધ્વપુંડ્રજ ધારણ કરવું એમ કહેલુ છે. કેમકે **એ એકજ વૈદીક તિલક** છે બીજા આકારનાં તિલકો તો તંત્રમાંજ માત્ર પ્રતિપાદન કરેલાં હોવાથી તાંત્રીક છે એટલા માટે વૈદીકોએ તો વૈદિકજ તિલક (ઉર્ધ્વપુંડ્ર) ધારણ કરવું.

૪ આ વાત શ્રુતિના અર્થ જણવનારાં બીજા પણ સેંકડો પ્રમાણોથી સિદ્ધ છે અને તેજ વાત સ્મૃતિ ચંદ્રીકામાં બતાવી તેના પ્રમાણમાં બ્રહ્માંડ પુરાણમાં બ્રહ્માપ્રત્યે ભગવાને કહેલું છે આહીથી આરંભીને જે વચનો બતાવેલાં છે તે લખીએ છીએ.

ब्रह्माणंप्रतिभगवानाह

બ્રહ્મા પ્રત્યે ભગવાન કહે છે કે.

ऊर्द्ध्वपुंड्रप्रमाणानिद्रव्याण्यंगुलिभेदतः ॥ वर्णानिमंत्रदेशांश्चप्रवक्ष्यामिफलानिच ॥ पर्वताग्रेनदीतीरेपुण्यक्षेत्रेविशेषतः ॥ सिंधुतीरेथव

ઉર્ધ્વપુંડ્રના પ્રમાણ, તેનું દ્રવ્ય, આંગલીના ભેદ, તેના વર્ણ, મંત્ર, દેશ અને ફળ કહું છું પર્વતના શિખર ઉપરની (નદી તીરની) વિશેષે

ल्मीकेतुलसीमूलमाश्रिते ॥ मृदए तास्तुसंग्राह्यावर्जयेदन्यमृत्तिका:॥ श्यामंशांतिकरंप्रोक्तंरक्तंवश्यकरंत था ॥ श्रीकरंपीतमित्याहु:श्वेतंवै ष्णवमुच्यते ॥ अंगुष्ट:पुष्टिद:प्रो क्तोमध्यमायु:करीभवेत् ॥ अनामि कान्नदानित्यंमुक्तिदाचप्रदेशिनी॥ एतैरंगुलिभेदैस्तुकारयेन्ननखै:स्पृशे त् ॥ दशांगुलप्रमाणंतुउत्तमोत्तम उच्यते॥ नवांगुलंमध्यमस्यादष्टां गुलमत:परं ॥ सप्तषट्पंचभि:पुंड्रं मध्यमंत्रिविधंभवेत् ॥ ललाटेकेश वंविद्यान्नारायणमथोदरे ॥ माधवं हृदिविन्यस्यगोविंदंकंठकूबरे॥ उ दरेदक्षिणेपार्श्वेविश्नुरित्यभिधीयते ॥ तत्पार्श्वेबाहुमध्येतुसंस्मरेन्मधुसू दनं ॥

करीने पुण्यक्षेत्रनी समुद्र तिरनी, तुलसीना कयारानी एटला प्रकारनी मृतिका लेवी ने ते शीवायनीनो त्याग करवो. काळो रंग शान्तिकारक, रातो वश करनार, पीळो लक्ष्मी देनार, अने श्वेत विष्णुनी प्रीती करावनार एवुं कहेलुं छे. अंगुठो पुष्टी आपनार, वचली आंगळी आयुष देनार, अनामिकानित्य अन्ननी देनारी ने तर्जनी मुक्ति देनारी छे. ए प्रकारे अंगुलीना भेदे तिलक करवुं. नखथी स्पर्श करवो नहीं. दश आगळनुं प्रमाण उत्तमोत्तम कहेलु छे. नव आंगळनुं मध्यम ने तेथीपर आठ आंगळ, कनिष्ट, सात, छ, पांच आंगळना प्रमाणवाळुं एवुं त्रण प्रकारनुं पुंड्र मध्यम छे. ललाटमां केशव. उदरे नारायण, हृदयमां माधव, कंठनी नळीने विशे गोविंद, उदरना दक्षिण भागतरफ विष्णुं ने ते तरफना जमणा बाहुमां

त्रिविक्रमंकंठदेशेवामकुक्षौतुवा मनंश्रीधरंबाहुकेवामेहृषिकेशंतुकं ठके ॥ पृष्टेनपद्मनाभंतुत्रिकेदामो दरंन्यसेत् ॥ द्वादशैतानिनामानि

मधुसुदन. जमणा स्कंध उपर त्रिविक्रम, डाबा पार्श्वमां वामन, कुख उपर, डाबा बाहु उपर श्रीधर, डाबा स्कंध उपर हृषिकेश, पछवाडे वां-

वासुदेवेतिमूर्द्धनि ॥

સામાં પદ્મ નામ અને ગળાની પછવાડે દામોદર અને મસ્તક ઉપર વાસુદેવ એ રીતે.

पूजाकालेचहोमेचसायंप्रातःसमाहितः॥नामान्युच्चार्यविधिनाधारयेदुर्ध्वपुंड्रकं॥शुचिरेवभवेन्नित्यमूर्ध्वपुंड्रांकितोनरः ॥ ऊर्ध्वपुंड्रधरोमर्त्योम्रियतेयत्रकुत्रचित् ॥ श्वपाकोपिविमानस्थोममलोकेमहीपते ॥

પુજાકાળે, હોમ વખત, સાયંપ્રાતર સંધ્યા સમયે સાવધાન થઇને વિધિ પ્રમાણે નામોચ્ચારણથી ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવાં. અપવીત્ર અનાચારી ને માનસીક પાપ કરનાર પણ ઉર્ધ્વપુંડ્રના ચિન્હવાળો નર નિત્ય શુચીજછે. ઉર્ધ્વપુંડ્ર ધારણ કરનારો માણુસ ગમે ત્યાં મરણ પામે અને તે અંત્યજ હોય તોપણ વિમાનમાં બેશીને મારા લોકને પામે છે.

એ રીતે સ્મૃતિ ચંદ્રીકામાં વચનો લખેલાં છે તેમજ વળી.

સત્યવ્રત પણ કહે છે કે.

ऊर्ध्वपुंड्रंमृदाशुभ्रंललाटेयस्यदृश्यते ॥ चांडालोपिविशुद्धात्मापूज्यएवनसंशयः ॥ जाह्नवीतीरसंभूतांमृदंमूर्द्धाविभर्तियः ॥ बिभर्तिरूपंसोर्कस्यतमोनाशायकेवलम् ॥

શ્વેત ઉર્ધ્વપુંડ્ર જેના લલાટમાં જણાય છે તે ચંડાળ છે તોપણ તેનો આત્માપવિત્ર અને પુજ્ય છે એમાં સંશય નથી. ગંગાના તીરમાંની મૃતિકા જે મસ્તકે ધારણ કરે છે તે સુર્યનુ રૂપ ધારણ કરીને કેવળ અંધકારનો નાશ કરનાર થાય છે.

એ રીતે આ ઠેકાણે મૃતિકાએ એકજ દ્રવ્ય લેવાનું કહેલું હોવાથી બીજા દ્રવ્યનો નિષેધ જણાય છે કેમકે બીજા દ્રવ્ય (ભસ્માદીક)ને માટે પર્વતાદી દેશ વિશેષ (મૃતિકાનાં ઠેકાણાં) તથા તેના શ્વાગ ત્વાદી વર્ણ કહેલા છે તે સંભવતા નથી તેમજ કેશવાદીનું સ્મરણ પણ આચારના અભાવે કરીને સંભવતું નથી તેમ લલાટ આદી દ્વાદશ સ્થાનમાં બીજા દ્રવ્યો

કરીને બીજા આકારનું તિલક બ્રાહ્મણ અથવા બીજા કોઈ પણ ધારણ કરે છે એમ ક્યાંહી જણાતું પણ નથી. તેમજ નિર્દોષ એવા શિષ્ટ લોકોનો આચાર પણ તેવો નથી. વળી એ પ્રકારે બીજા આકારનું તિલક " ચંદ્રિકાદી' સર્વને માંન્ય એવા ગ્રંથોમાં કે આન્હિકોમાં વીહીત છે એવું કહેલું પણ જણાતું નથી. પરંતુ પુજાકાળમાં, હોમમાં ઈત્યાદિ વચનોએ કરીને કર્મનું અંગ એવું ઉર્ધ્વપુંડ્ર્જ સ્પષ્ટ કહેલું છે અને શ્વેત એ વિષ્ણુંની પ્રીતિ કરે છે એ વચનોથી તો શ્વેત મૃતિકાનુંજ સાત્વિકપણું સારી રીતે કહેલું છે તેમ વીષ્ણું પણ શુદ્ધ સત્વ રૂપજ છે એ માટે હમેશાં ઉર્ધ્વપુંડ્ર્જ ધારણ કરવું અને જો તેમ ન કરેતો પાપ લાગે છે તેમ છતાં કદાપી ક્યાંહી કોઈ બીજાં દ્રવ્ય જણાય તો તે કાગના વિષય સમજવાનાં છે. એ કારણથી સાત્વિકોએ તો વૈદિક અને સાત્વિક એવું ઉર્ધ્વ પુંડ્ર્જ ધારણ કરવું પણ તામસ અને તાંત્રીક એવું બીજા પ્રકારનું પુંડ્ર ધારણ કરવું નહીં એજ વાત સર્વ પ્રકારે સિદ્ધ થાય છે કેમકે વિષ્ણુ ધર્મોત્તરમાં પણ કહેલું છે કે.

सात्विकस्तूत्तमोधर्मोराजसोमध्य मःस्मृतः ॥ तामसस्त्वधमोज्ञेयस्त स्मात्सात्विकमाचरेत् ॥	સાત્વિક એ ઉત્તમ, રાજસ મધ્યમ અને તામસને તો અધમ ધર્મ કહેલો છે એટલા માટે સાત્વિક ધર્મનું આચરણ કરવું.

માટે તામસ તંત્રાદીકમાં કહેલું પુંડ્ર ત્યાગ કરવું જોઈએ તેમજ. સ્મૃતિ ચંદ્રિકામાં.

एतेभ्योपियदन्यत्स्यात्किंचिद्ध र्माभिधायकं ॥ तद्दूरतरतोविद्धि मोहस्तत्रश्रयोमतः ॥ एतेभ्योधर्म स्थानेभ्यःमोहोविपरीतज्ञानम् ॥	એ કહેલા ધર્મો કરતાં બીજું કાંઈ ક ધર્મ એવા નામવાળું હોય તોપણ તેમાં મોહનો આશ્રય છે માટે તેનાથી દુર રહેવું. એ સઘળાં ધર્મોનાં સ્થાનોમાં મોહ એ વિપરીત જ્ઞાન
मनुपणकेहेछेके	
यावेदबाह्यास्स्मृतयोयाश्चकाश्च कुदृष्टयः॥सर्वास्तानिष्फलाप्रोक्ता स्तमोनिष्टाहिताःस्मृताः ॥	છે. જે વેદ બાહ્ય તથા જે કોઈ કુદ્રષ્ટીવાળી સ્મૃતિઓ છે તે સઘળી નિષ્ફળ કહેલી છે અને તેણું

એોને તમોગુણની નિષ્ટાવાળી મા-
નેલી છે.

આ ઠેકાણે તમોગુણની નીષ્ટાવાળી હોવાથીજ તે નિષ્ફળ કહેલી છે માટે તામસ તંત્ર વેદ વિરૂદ્ધ હોવાથી તેનો ત્યાગ કરવો જોઇએ એમ સિદ્ધ થાય છે आम्नायैरविरुद्धंप्रमाणम् વેદથી અવિરૂદ્ધ છે તે પ્રમાણ છે એવી સ્મૃતિ પણ છે અને વેદમાં તો ઉર્ધ્વપુંડ્રજ વિહિત કહેલું છે ને ત્રિપુંડ્રાદીકતો તામસ તંત્રમાંજ કહેલું છે એટલે તેનો વિરોધ ઉઘાડો છે એજ કારણથી શ્રીવારાહ પુરાણમાં તામસ તંત્રની રૂદ્ર પોતેજ નિંદા કરે છે કેમ કે.

यद्वेदबाह्यंकर्मस्यान्मामुद्दिश्योप सेव्यते ॥ तद्रौद्रमितिविख्यातंक निष्टगतिदंनृणां ॥ यद्धीनतपसायु क्तंकेवलंतामसंचयत् ॥ तदुर्गतिप्र दंनृणामिहलोकेपरत्रच ॥

જે કર્મ મારા ઉદ્દેશથી સેવન કરે છે તે વેદ બાહ્ય થાય છે અને તે મનુષ્યોને કનિષ્ટ ગતિ આપનારૂ એવું રૌદ્ર કહેવાય છે. જે હીન (તામસ) તપે કરીને યુક્ત છે ને જે કેવળ તામસ છે તે મનુષ્યોને આ લોક તથા પરલોકમાં દુર્ગતિ આપનારૂ થાય છે.

ઈત્યાદી. તેથી સર્વ ઠેકાણે ઉર્ધ્વપૂંડ્રજ કહેલુ છે વળી બ્રહ્માંડ પુરાણમાં પણ.

मदाराधनकालेचसदायज्ञादिक र्मणि॥अवश्यंधारयेदेतदुर्ध्वपुंद्रंद्वि जोत्तम ॥

મારા આરાધન કાળમાં તથા યજ્ઞ કર્મને વિશે—હે બ્રાહ્મણો—સદા ઉર્ધ્વપુંડ્રજ અવશ્ય ધારણ કરવું.

મરીચી સ્મૃતિમાં.

चतुरंगुलमूर्द्धाग्रंध्र्वंगुलंविस्तृतंमृ दा॥द्विजः पुंद्रमृजुंसौम्यंसांतरालंतु धारयेत् ॥

ચાર આંગળ લાંબુ અને બે આંગળ પહોળુ, સિધુ, વચમાં માર્ગવાળુ એવું ઉર્ધ્વપુંડ્ર મૃતિકાવડે કરીને બ્રાહ્મણે ધારણ કરવું.

બોધાયન સ્મૃતિમાં.

होमपूजादिसमयेसायंप्रातःसमाहितः ॥ ऊर्ध्वपुंड्रधरोमर्त्योभवेच्छुद्धोनचान्यथा ॥

હોમ અને પુજાના સમયમાં સાયંકાળ પ્રાતસ્કાળ સાવધાન થઈને ઉર્ધ્વપુંડ્ર ધારણ કરનારો શુદ્ધ થાય છે બીજા પ્રકારે નહી.

અગ્નિ વૈસ્ય સૂત્રમાં.

त्रिपुंड्रंब्राह्मणोविद्वांल्लीलयापिनधारयेत्॥धारयेत्प्रयतःसम्यगूर्ध्वपुंड्रंतुनित्यशः ॥

વિદ્વાન બ્રાહ્મણે રમતમાં પણ ત્રિપુંડ્ર ધારણ ન કરવું અને પ્રયત્ન પૂર્વક નિત્યે રૂડી રીતે ઉર્ધ્વપુંડ્ર તો ધારણ કરવુંજ.

આંહી (ઉપરના શ્લોકમાં) જે **तु** શબ્દ છે. તે કોઇ બીજા કારણુસર પણ બીજા આકારનુંપુંડ્ર ધારણ ન કરવાનું સૂચવે છે અને નિત્ય શબ્દ બીજો આશ્રમ ગ્રહણ કરવામાં આવેતો પણ ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું એમ સૂચવે છે જેમ કે તે વિશે બ્રહ્માંડ પુરાણમાં.

"ग्रहस्थोब्रह्मचारीचवानप्रस्थस्तथायतिः ॥ अवश्यधारयेत्पुंड्रंपुण्यमूर्ध्वंसुशोभनं ॥ ऊर्ध्वपुंड्रंमृदाधार्यंविप्रेणब्रह्मवादिना ॥ उद्धृतासीतिमंत्रेणवैष्णवेनविशेषतः ॥

ગ્રહસ્થ વા બ્રહ્મચારી વા વાન પ્રસ્થ વા સંન્યાસીએ તો શુભ અને સુંદર એવું ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું. બ્રહ્મવાદી એવા બ્રાહ્મણ અને વિશેષે કરીને વૈષ્ણવે ઉધૃતાસી એ મંત્રે મૃતિકાવડે ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું.

નારદ પુરાણમાં વળી એ કરતાં વધારે સ્પષ્ટ કહેલું છે કે.

ऊर्ध्वंगत्यांतुयस्येच्छातस्योर्ध्वपुंड्रमुच्यते॥ऊर्ध्वंगत्वातुदेवत्वंसंप्राप्नोतिनसंशयः ॥ऊर्ध्वंनयतियत्पुंड्रंप्राणिनःपापकारिणःतस्याख्याह्यूर्ध्वपुंड्रेतितस्मात्तद्धारयेद्द्विजः ॥ ऊर्ध्व

જેને ઉપર જવાની ઈચ્છા છે તેને માટે ઉર્ધ્વપુંડ્ર કહેલું છે કેમકે ઉર્ધ્વ જઈને દેવપણાને પામે છે એમાં સંશય નથી પાપકારી એવા પ્રાણીઓને પણ ઉપર લઈ જાય તે-

पुंड्रंमृदाशुभ्रंयोधत्तेनित्यमात्मवान् ॥ तस्यप्रसादंकुरुतेविष्णुर्लोकनमस्कृतः ॥

નું નામ ઉર્ધ્વપુંડ્ર છે એટલા માટે બ્રાહ્મણોએ તે ધારણ કરવું. મૃતિકાવડે કરીને શ્વેત ઉર્ધ્વપુંડ્ર જે બુદ્ધિમાન નિત્ય ધારણ કરે છે તેના ઉપર લોકોને વિશે પુજ્ય એવા વિષ્ણુ કૃપા કરે છે.

વૃદ્ધ મનુસ્મૃતિમાં કહે છે કે.

ऊर्ध्वपुंड्रंमृदाधार्ययतीनांचविशेषतः ॥ भस्मचंदनगंधादीन्वर्जयेद्यावदायुषं ॥

મૃતિકાવડે કરીને ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું; તેમાં સંન્યાસીઓએ તો વિશેષે કરીને ભસ્મ ચંદન અને ગંધાદીકનો જીવતાં સુધી ત્યાગ કરવો.

પારમેશ્વર સંહિતામાં એની વ્યવસ્થા કહેલી છે તે એવી રીતે કે,

चंदनागरुभिश्चैवकर्त्तव्यंक्षत्रियैर्बुधैः ॥ वैश्यैस्तुबिल्वमूलेन्शूद्रैर्भूत्यासतोयया ॥ विप्रैःश्वेतमृदाकार्यमूर्ध्वपुंड्रंयथाविधि ॥

ચંદન તથા અગર એ વડે કરીને ક્ષત્રિઓએ, બીલીના મૂળે કરીને વૈશ્યોએ અને જળ યુક્ત ભભૂતીએ કરીને શૂદ્રોયે અને શ્વેત મૃતિકાવડે બ્રાહ્મણોએ આ રીતે વિધિ પ્રમાણે ઉર્ધ્વપુંડ્ર કરવું.

એટલે તેનો ભાવાર્થ એવો રહેલો છે કે મૃત્તિકા વગરનાં બીજાં દ્રવ્ય સાત્વિક નથી માટે તે બ્રાહ્મણે ન ધારણ કરવા. તેવિજ રીતે બ્રહ્મરાત્ર સંહિતામાં પણ.

चंदनंप्राणिगंधंचश्रीपत्रमगरुस्तथा ॥ राजसंद्रव्यमेवैतत्वदंतिब्रह्मवादिनः ॥ पंचगव्यंचबिल्वंचश्रीपत्रंभस्मतोयकं ॥ तामसंद्रव्यमेवैतत्सात्विक्यःपंचमृत्तिकाः ॥

ચંદન કસ્તુરી બીલીપત્ર અને અગર એ દ્રવ્ય રાજસ છે એવું બ્રહ્મવાદી લોકો કહે છે પંચગવ્ય લીલી શ્રી પત્ર ભસ્મ અને જળ એ દ્રવ્ય તામસ છે અને પાંચ પ્રકારની

मृत्तीकाओ सात्विक द्रव्य छे.

चंदनंप्राणिगंधंचश्रीपत्रमगरुस्तथा ॥शुद्रेणैवसदाधार्यंभस्मतोयंक्रमेणत्तं ॥

तेमां चंदन, कस्तुरी, बीलीपत्र, अगर अने भस्म तथा जळ एवा क्रमे करीने शुद्रोए ते सदा धारण करवां.

आवी रीते कहेल छे पण सर्ववर्णवाळा वैष्णवोए तो प्रतिदिवस ऊर्ध्वपुंड्र धारण करवुं ते विशे ब्रह्मांड पुराणमां भगवाने कहेलुं छे के.

सर्ववर्णेषुमद्भक्ताःकुर्वीरन्नूर्ध्वपुंड्रकं॥ब्राह्मणाश्चविशेषेणजपहोमपरायणाः ॥

सर्व वर्णन विशे रहेला एवा मारा भक्तोए अने जप होम परायण एवा ब्राह्मणोए विशेषे करीने ऊर्ध्वपुंड्र धारण करवुं.

एटला माटे सात्विकोए सात्विक एवी पांच प्रकारनी मृतिकाज धारण करवी. आ बाबत पारमेश्वर संहितामां कह्युं छे के.

श्वेतमृतिकयावापिश्यामयापीतयापिवा ॥ ऊर्ध्वपुंड्रंद्विजैर्धार्यंवैष्णवैश्चविशेषतः ॥

श्वेत श्याम, वा पीत (पीळी) मृतिकाए करीने द्विजोए अने तेमां वैष्णवोए तो विशेषे करीने ऊर्ध्वपुंड्र धारण करवुं.

आ ठेकाणे श्वेत न होय तो तेने माटे श्याम तथा पीतनी विधि कहेली छे ते विशे ब्रह्मांड पुराणमां एवुं वचन छे के—

सिंधुतीरेऽथवल्मीकेतुलस्यादृचेजलाशये ॥ पर्वताग्रेनदीतीरेममक्षेत्रेविशेषतः ॥ अन्येष्वपिचतीर्थेषुनलिनीमूलकेषुच ॥ स्थानेष्वेतेषुगृह्णियात्कुर्यान्नान्यत्रमानवः ॥

सिंधु तीरनी, तुलसीना क्यारानी, जलाशयनी, पर्वतना शीखर उपरनी अने नदी तीरमांनी तथा विशेषे करीने मारा क्षेत्रमांनी बीजा पण तर्थोमांनी तथा कमळनां मूळमांनी एटलां स्थाननी मृतिका ग्रहण करवी. मनुष्ये बीजी मृतिका न लेवी.

એ રીતે સામાન્યે કરીને તે ન મળે તો બીજા પ્રદેશ બતાવીને તે-માં મુખ્ય તો પાંચ મૃતિકાઓજ એજ પુરાણમાં ભગવાને બતાવેલી છે—

पर्वताग्रेनदीतीरेममक्षेत्रेविशेषतः ॥ सिंधुतीरेऽथवल्मीकेतुलसीमूलमाश्रिते ॥ मृदएतास्तुसंग्राह्या वर्ज्याश्चान्यस्थमृतिकाः ॥	પર્વતના શિખરમાંની, સમુદ્ર તીરમાંની, નદીના તીરમાંની, તુલસીના મૂળમાની અને વિશેષે કરીને મારા ક્ષેત્રમાંની મૃતિકા લેવી; બીજેથી ન લેવી.

આ પાંચમાં પણ મારા ક્ષેત્રમાંની, એ વીશે નારદ પુરાણમાં કહેલું છે કે—

मृद्रव्यंप्रमथंश्रेष्टंतत्रकारणमुच्यते ॥ मृत्तिकायाःप्रधानत्वंवक्तित्रयतःश्रुतिः ॥ तस्मात्तुमृत्तिकाग्राह्यासर्वद्रव्येषुनित्यशः ॥	દ્રવ્યમાં મૃતિકાએ પ્રથમ શ્રેષ્ટ છે તેનું કારણે કહીએ છીએ. મૃતિકાનું પ્રધાનપણું શ્રુતિ કહે છે; એટલા માટે સર્વ દ્રવ્યમાંથી મુખ્ય મૃતિકા ગ્રહણ કરવી.

એ રીતે કહી ત્યાંજ उध्रतासिवराहेण (હે ભૂમિ) વરાહે તારો ઉદ્ધાર કરેલો છે, ઈત્યાદિ શ્રુતિ બતાવેલી છે. વળી:—

अथद्रव्यंप्रवक्षेहमूर्ध्वपुंड्रस्यपद्मज ॥ मृच्चंदनजलान्याहुस्तथाभस्माग्निहोत्रजम् ॥	હે બ્રહ્મા—હવે હું ઉર્ધ્વપુંડ્રનું દ્રવ્ય કહું છું. મૃતિકા, ચંદન, જળ અને અગ્નિ હોત્રની ભસ્મ એટલાં દ્રવ્ય તે માટે છે.
ब्राह्मणानांतुमृत्प्रोक्ताक्षत्रियाणांचचंदनं ॥ वैश्यानांबिल्वमूलंचशुद्राणांभस्मचोच्यते ॥	બ્રાહ્મણોને તો મૃત્તિકા કહેલી છે. ક્ષત્રીયોને ચંદન વૈશ્યોને બીલીનુ મુળ અને શૂદ્રોને ભસ્મ કહેલ છે.

આવી પ્રકારનાં બ્રહ્માંડ પુરાણમાં ઉપર કહેલા અધિકારીઓની વ્યવસ્થા વિષેના આ વચનો છે અને મૃતિકા ન મળે તો એકના અભાવે બીજું દ્રવ્ય એમ પણ સમજવાનું છે તે સર્વ વિષયીક કિંવા કર્મના અં-

ગે (સંધ્યા પુજા ઈત્યાદી) પ્રથક પ્રથક એમ તો નથીજ કેમકે કલ્પસૂત્રકાર ઈત્યાદીકોએ અગ્નિહોત્ર અને ગાહોદીકની વિધિ બતાવનારાં સૂત્રોમાં અગ્નિહોત્ર સબંધી ભસ્મ ધારણ કરવાની વિધિ બતાવેલી નથી અને વળી જે અથર્વ શીરોપનિષદમાં ॥अग्नि रितिभस्य त्रिसृज्यांगानिस्पृशेत्॥ એ વડે કરીને ભસ્મ ગ્રહણ કહેલ છે તે તો "व्रतमेतमाश्रुतं" એ રીતે આ-પાશુપત વ્રતની કહેલી વિધિના અંગનું છે એમ એ પ્રકરણ જોતાંજ સ્પષ્ટ સમજાય છે અને તે પણ સૂત્રામણી યજ્ઞમાં સુરા ગ્રહણ કરવાની પેઠે તે નિયમિત (એકજ) વ્રત વિષઈક જ ધારણ કરવાની બાબતમાંછે અને તેનું પણ કારણ એવું છે કે તે વ્રતમાં જટા રાખવાનું કહેલું છે તે જટાવાળાથી માથે સ્નાન ન થાય તેટલા માટે અથવા શરીરથી સ્નાન કરી ન શકાય તેવી તેની પ્રકૃતિ હોય ત્યારે ગૌણસ્નાનને માટે કહેલ છે એથી કરીને હમેશે અને તે સહુને માટે લાગુ પડે એવું નથી. વળી કાંસાદી પાત્ર ની શુદ્ધિ કરનારી ભસ્મ છે એટલા માટે તે કાંઈ ત્રાંબાદીકની શુદ્ધિનું કારણ બની શકતી નથી તેજ રીતે બીજાને તો તેનો સ્પર્શ થએ સ્નાન કરવું પડે માટેજ શંખ સ્મૃતિમાં કહેલું છે કે.

दीपाग्निर्दीपतैलंचभस्मचास्थिरजस्वलां॥एतानिब्रह्मणःस्पृष्ट्वासवासा जलमाविशेत् ॥	દીવાનો અગ્નિ, તેનું તેલ, ભસ્મ, અસ્થિર અને રજસ્વલા સ્ત્રી એટલાંનો સ્પર્શ થાય તો બ્રાહ્મણે વસ્ત્ર સુધાં જળમાં પેસવું.

એ બાબતમાં વરજીત કરવાની વસ્તુઓ યાજ્ઞવલ્ક સ્મૃતિમાં પણ કહેલ છે.

केशभस्मतुषांगारकपालेषुचेत्संस्थितम् ॥	કેશ ભસ્મ, ડાંગરનાં ફોતરાંના કોયલા અને માથાની ખોપરી એમાં પડેલી વસ્તુનો ત્યાગ કરવો.

એ કારણથીજ તત્ સ્પૃષ્ટી ન્યાયે કરીને તેનો સ્પર્શ થવાથી સ્નાન કરવું કહેલું છે અને તેની ટીકા વિજ્ઞાનેશ્વર (મીતાક્ષરાવાળા) આદીએ કરી છે તેમાં લખ્યું છે કે.

शैवान्पाशुपतान्स्पृष्ट्वालोकायाति	શૈવ પાશુપત લોકાયત એવા ના-

कनास्तिकान् ॥ विकर्मस्थान्द्विजा न्शूद्रान्सवासाजलमाविशेत् ॥

स्तिक अने कर्म रहीत द्वीज तथा शूद्र एटलानो स्पर्श थाय तो लुगडां बोळीने न्हावुं.

આદીત્ય પુરાણમાં ગૌતમનું શાપરૂપ વચન છે કે–

त्रिपुंड्रधारिणोनित्यंभस्मोध्धूलन तत्पराः ॥ भविष्यथत्रयीबाह्यामि थ्याज्ञानप्रलापिनः ॥

(તમો લોકો) નિત્ય ત્રિપુંડ્ર ધારણ કરનાર, ભસ્મ ચોળવામાં તત્પર અને મીથ્યા જ્ઞાનને બકવા કરનારા વેદ બાહ્ય થશો.

શ્રી વરાહપુરાણમાં.

गोवध्याकारणंमह्यंयावत्पश्यति योगवित्॥रुषिणामाज्ञयासर्वमिति संचिंत्यतत्रवै ॥ शशापतान्

રૂષિ લોકોના કહેવાથી મારાથી ગોવધનું કારણ બન્યું એ રીતે જ્યાર સુધી યોગ ત્યાર સુધીમાં સજળ ચાર કહી પછી તે ઠેકાણે તે લોકોને (ઉપર પ્રમાણે) શાપ આપ્યો.

એ રીતે શાપ પણ થએલો છે.
જો કે શાતા તપ સ્મૃતિમાં

मद्यंपीत्वागुरुदारांश्चगत्वास्तेयंकृ त्वाब्रह्महत्यांचकृत्वा॥भस्मच्छन्नो भस्मशय्यांशयानोरुद्राध्यायीमुच्य तेसर्वपापै ॥

મધપાન, ગુરૂ પત્ની સાથે ગમન અને ચોરી કરનાર ભસ્મલેપ કરીને ભસ્મની શૈયામાં શયન કરતો થકો રૂદ્રાધ્યાયનો પાઠ કરી તે પોતાનાં સર્વ પાપથી મુક્ત થાય છે.

એ રીતે કહેલું છે તો પણ બ્રહ્મ હત્યાદી પાપ કરનારને એ પ્રકારના પ્રાયશ્ચિતની વિધિપર એ વાકય હોવાથી સર્વત્ર લાગુ પડતું નથી. કેમકે અવકીર્ણિય પ્રાયશ્ચિતની (બ્રહ્મચારીને ધાતુનું સ્ખલન થાય તો તેણે ગધેડાનું પુછડું પકડવું વગેરે) વિધિમાં કહેલ ગર્દભ સ્પર્શ ઘણોજ નિંદીત બીજાને લાગુ પડતો નથી એટલુજ નહી પણ બીજે પ્રસંગે તો ઉલટું ગર્દભ સ્પર્શનું પ્રાયશ્ચિત કહેલું છે તેવી રીતે ભસ્મ ધારણ પણ પ્રા-

પશ્ચિતના અંગનું બીજે લાગુ થઈ શકતું નથી.

૬ એ બધાં કારણોથી મૃતિકાથીજ ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું એમ સિદ્ધ થાય છે ને તે ધારણ ન કરે તો પ્રત્યવાય લાગે છે એમ પણ કહેલું છે. જેમકે.

श्रौतस्मार्तक्रियाःसर्वाऊर्ध्वपुंड्रम कुर्वतः ॥ जायंतेविफलाब्रह्मन्बाधिताश्चभवंतिता ॥

હે બ્રહ્મન? શ્રૌત સ્માર્ત્ત કર્મની સર્વ ક્રીયાઓ ઉર્ધ્વપુંડ્ર કર્યા વગરની નિષ્ફળ અને બાધીત થાય છે.

બ્રહ્મરાત્રમાં.

उपवीतशिखाबंधमूर्ध्वपुंड्रंविनाकृतं॥योगोदानंजपोहोमःस्वाध्यायपितृतर्पणं॥ भस्मीभवतितत्सर्वमूर्ध्वपुंड्रंविनाकृतं ॥

ઉપવિતં, શિખા બંધન અને ઉર્ધ્વપુંડ્ર કર્યા વગર યોગ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય ને પીતૃ તર્પણ એ સર્વ બળી જાય છે.

यच्छरीरंमनुष्याणामूर्ध्वपुंड्रंविना भवेत् ॥ तद्द्रष्टागगनेसूर्योनिरीक्ष्यः साधुभिःसदा ॥

જે મનુષ્યનું શરીર ઉર્ધ્વપુંડ્ર વગરનું છે તેને જોઈને સાધુ લોકોએ આકાશમાં રહેલા સૂર્યનું સદા દર્શન કરવું.

શૌનક કહે છે કે—

सर्वेभवंतिविफलाऊर्ध्वपुंड्रंविनाकृताः ॥ द्रष्टव्यंतस्यतत्कायंस्मशानसदृशंस्मृतं ॥

સર્વ ઉર્ધ્વપુંડ્ર કર્યા વગરનું નિષ્ફળ થાય છે અને તેની કાયા સ્મશાન જેવી જોવી કહેલી છે.

દેવલ કહે છે કે

ऊर्ध्वपुंड्रंविनायस्तुवर्ततेपुरुषाधमः॥ वेदांतविच्चापिसवैपुरुषतस्करः॥

જે અધમ પુરૂષ ઉર્ધ્વપુંડ્ર વગરનો રહે છે તે વેદ અને વેદાન્તનો જાણનારો છેતોપણ તે પુરૂષ ચોરછે.

વશિષ્ટ કહે છે કે

रुद्रार्चनंत्रिपुंड्रंचयत्पुराणेषुगीय ॥ क्षत्रविट्शूद्रजातिनांनेतरेषांत

રૂદ્રનું અર્ચન અને ત્રિપુંડ્ર ધારણ કરવાનું જે પુરાણને વિશે કહેલું

दुच्यते ॥ ऊर्ध्वपुंड्रंविनायस्यशरी रंभवतिद्विज,तंदृष्ट्वागगनेसूर्योनिरी क्ष्यसाधुभिःसदा ॥

છે તે ક્ષત્રીય, વૈશ્ય ને શૂદ્રજાતિ માટે છે બીજા માટે નહીં હે બ્રાહ્મણ? ઉર્ધ્વપુંડ્ર વગરનું જેનું શરીર છે તેને જોઇને સાધુ લોકોએ. સદા ગગનમાં સૂર્યનું દર્શન કરવું.

આ રીતે સ્મશાન અને ચોર સમાન ઉર્ધ્વપુંડ્ર વગરનો માણુસ હોવાથી તેનું દર્શન થએ સૂર્યદર્શન રૂપ પ્રાયશ્ચિત કરવું એવો અર્થ આ સ્મૃતિઓમાં જણાવેલો છે.

कांस्यपात्रेहविर्दृष्ट्वाकंठेदृष्ट्वाच मालीकां ॥ ललाटेतिलकंदृष्ट्वानि राशाःपितरोगताः

કાંસાના વાસણમાં ઘી. ગળામાં માળા ને લલાટમાં તીલક જોઇને પીતૃઓ નિરાસ થઈ પાછા જાય છે.

શંકા—આ રીતે તિલકનો નિષેધ કરેલો છે છતાં તે શ્રાદ્ધમાં ધારણ કરવાનું શી રીતે બને છે?

સમાધાન—એવું બાલક જેવું ન બોલો કેમકે એ વાક્ય વૈશ્ય સબંધી છે ને તેવુંજ અગ્નિ વેશ્ય સૂત્રમાં કહેલું પણ છે જેમકે—

ब्राह्मणस्योर्ध्वपुंड्रस्यात्क्षत्रिय स्यार्द्धचंद्रकं ॥ वैशस्यवर्त्तुलाकारं शूद्रस्यैवत्रिपुंड्रकं ॥

બ્રાહ્મણો ઉર્ધ્વપુંડ્ર, ક્ષત્રિઓએ અર્ધચંદ્રાકાર, વૈશ્યોએ વર્તુલાકારને શૂદ્રજાતિએ ત્રિપુંડ્ર કરવું.

તેમજ પારમેશ્વર સંહિતામાં—

बालेंदुवत्क्षत्रियाणांवैश्यानांवर्तु लाकृति त्रिपुंड्रंशूद्रजातिनांविधि रेषसनातनः ॥

બીજના ચંદ્રના જેવું ક્ષત્રિઓએ, વર્તુલાકાર વૈશ્યોએ અને શૂદ્ર જાતિને ત્રિપુંડ્ર કરવું એવી આ સનાતન વિધિછે.

દક્ષ કહે છે કે—

विप्राणामूर्ध्वपुंड्रंस्यातदेवचमही भृतां ॥ वैश्यानांतिलकंधार्यंशूद्रा णांवैत्रिपुंड्रकं ॥

વિપ્રોએ ઉર્ધ્વપુંડ્ર તેજ રાજાઓને પણ જોઈએ. વૈશ્યોએ "तिलक" કરવું ને શૂદ્રોએ ત્રિપુંડ્ર કરવું.

આ રીતે કહેલું છે તેથી (ललाटमां तिलक) એ શંકામાં બતાવેલાં સ્મૃતિ સંગ્રહના વચનમાં જ્યાં એ વચન છે તેના પૂર્વનું આ વચન તમે નથી વિચાર્યું કેમકે.

ત્યાંજ બતાવ્યું છે કે.

वर्जयेतिलकंभालेश्राद्धकर्मणिसर्वदा ॥ तिर्यग्वाउर्ध्वपुंड्रंवाधारयेच्छ्राद्धकर્मणि ॥

શ્રાદ્ધ કર્મમાં સદા ભાગને વિશે "तिलक" ન રાખવું. શ્રાદ્ધમાં તિર્યકપુંડ્ર અથવા ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું.

આ પ્રમાણે "तिलक" એટલે ગોળ ચાંલ્લાવાળા એટલે કે વૈશ્યે પણ તે વખત તિલક ન રાખવું એવી રીતેનો અર્થ છે અને શ્રાદ્ધમાં ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવાને તો "સ્મૃત્યર્થસાર" નામના ગ્રંથમાં સ્પષ્ટ ઉપદેશ કરેલ છે.

श्वोभूतेनित्यकर्माणिनद्यादौविमलेजले ॥ कृत्वाश्राद्धेमृदाशुभ्राण्युर्ध्वपुंड्राणिधारयेत् ॥

પ્રાતઃકાળમાં નદી આદીકના નિર્મલ જલમાં નિત્ય કર્મ કરીને શ્રાદ્ધ સમયે શ્વેત મૃતિકાથી ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવું.

અને તેમ ન કરે તો બ્રાહ્મણને તે નિષ્ફળ જાય "તે બધુ બળી જાય" ને વિફળ થાય ઈત્યાદી ઉપર કહેલાં વચનોમાં લખેલો પ્રત્યવાય દુરવાર (નિવારણ ન થઇ શકે એવો) થઈ પડે છે. બ્રહ્મરાત્રમાં–

नाचरेत्वामहस्तेननखैरपिनकारयेत् ॥ आत्मनैवात्मनोंगेषुनेतरेषांकदाचन ॥

ડાબા હાથે, વા નખવડે ઉર્ધ્વપુંડ્ર ન કરવું. પોતેજ પોતાના અંગમાં કરવું બીજા પાસે ન કરાવવું.

સ્કંદ પુરાણમાં

ऊर्ध्वपुंड्रंद्विजःकुर्यादंडाकारंसुशोभनं ॥ मध्येछिद्रंवैष्णवस्तुनमोन्तैःकेशवादिभिः ॥

દ્વીજેએ ઉર્ધ્વપુંડ્ર દંડાકાર એવું શોભીતું વચમાં જગ્યાવાળું એવું કરવું અને વૈષ્ણવોએ તો છેલ્લો નમઃ શબ્દ આવે છે એવાં કેશવાદી નામે કરીને કરવું આ વચને કરીને બ્રા-